સિન્ધુ-હિન્દુ અને સિન્ધુ સભ્યતા.

એક અલગ દૃષ્ટિકોણ.......

(સાંખ્ય અને યોગનો ઇતિહાસ.)

સંકલન અને રચના.....ભવસુખ શિલુ.

|| ॐ ||

तमसो मा ज्योतिर्गमय ।

Lead, Kindly Light

સિન્ધુ સભ્યતાની મૃણ્મય મુદ્રાની આ આકૃતિ પશુપતિનાથ-શિવજી છે. શિવજી યોગના અધિષ્ઠાતા છે. વાઘ સ્પષ્ટ રીતે હિસક પશુ છે. જ્યારે હરણ-ભેંસ-હાથી વગેરે વાઘના ભક્ષ્ય અહિસક પશુઓ છે. પરંતુ યોગ બળે ઉભયપક્ષો નિશ્ચિન્ત થયેલા છે. તેવું આ યોગનું પ્રતિક છે.

अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः॥२-३५॥ पातञ्जल योगसूत्र॥

અહિસાની પ્રતિષ્ઠા કરનાર યોગી પુરુષની નજીક વેરભાવ છુટી જાય છે.

સાંખ્ય દર્શન

જગત-વિશ્વ

જડ - પ્રકૃતિ		ચેતન-પુરુષ
અવ્યક્ત-આઠ	વ્યક્ત(વિકૃતિ)-સોળ	(ત્રણ સ્વરૂપે) (આત્મા,ઈશ્વર,પરમાત્મા.)
૧.મૂળપ્રકૃતિ (ત્રિગુણી) સત્વ,રજસ,તમસ	**પંચમહાભૂત** આકાશ,વાયુ, અગ્નિ, જળ,પૃથ્વી.	
૨.મહત્તત્વ-બુદ્ધિ ૩.અહંકાર	**પાંચ કર્મેન્દ્રિય** હસ્ત,પાદ,વાણી,ગુદા,ઉપસ્થ.	
પાંચ તન્માત્રા ૪.શબ્દ ૫.સ્પર્શ ૬.રુપ ૭.રસ ૮.ગંધ	**પાંચ જ્ઞાનેન્દ્રિય** કાન,ત્વચા,આંખ,જીભ,નાક. **મન**	

આમ આખુંય વિશ્વ પચ્ચીસ તત્વોમાં સમાઈ જાય છે. કાળ અને દિશા આકાશમાંથી ઉત્પન્ન થતાં હોઈ જુદા તત્વો માન્યા નથી.

પુરુષ તત્વ - ચેતન તત્વ, શાસ્ત્રોમાં જેના પર્યાયો, આત્મા, પરમાત્મા, ઈશ્વર, પરમેશ્વર, બ્રહ્મ થઈ શકે છે.

પુરુષ શબ્દ પ્રુષ્ ધાતુ પરથી બન્યો છે. પ્રુષ્ (પ્રુષ્નોતિ) To sprinkle = scatter in small drops or particles. છંટકાવ કરવો, સજીવ સૃષ્ટિમાં જેમ નર-પુરુષ વીર્યનો છંટકાવ કરી નવો જીવ સ્થાપિત કરે છે તેમ ચેતનતત્વ પ્રકૃતિના ચોક્કસ જથ્થા પર ચેતનનો છંટકાવ કરી સજીવ સૃષ્ટિ સર્જે છે. ચેતન તત્ત્વ એક જ છે. વિવિધ ચેતન સૃષ્ટિને આત્માની બહુલતા માનવામાં ભૂલ છે. સૂર્યના અનેક પ્રતિબિમ્બ સૂર્યની બહુલતા નથી સિદ્ધ કરતાં. સૂક્ષ્મશરીરની કલ્પના ભ્રામક છે. આથી જ પુરુષનું પ્રતિક લિંગ છે. પ્રકૃતિ વિકારી-પરિવર્તનશીલ અને પરિણામી-ફળદાયી હોઈ, સ્ત્રીના શરીરમાં જેમ સ્તન-ગર્ભાશય પાછળથી વિકસે છે અને સંતાન રૂપે પરિણામ આપે છે, આથી પરિણામી પ્રકૃતિને યોનિનું પ્રતિક અપાયું છે; આમ શિવલિંગ અને યોનિ પુરુષ-પ્રકૃતિના પ્રતિક છે.

પ્રકૃતિના ત્રણ ગુણો સત્ત્વ-રજસ-તમસ ના પ્રભાવ નીચે સઘળું વિશ્વ બનેલું છે.

સત્ત્વ	પ્રકાશ- તરંગ-ઉષ્મા	પીળો	પિત્ત	પ્રકાશ
રજસ	તરંગ-ઉષ્મા.	લાલ	વાત	ક્રિયા
તમસ	ગતિ-ગુરુત્વાકર્ષણ.	વાદળી	કફ	સ્થિતિ

પ્રકૃતિના ગુણોનું સ્થૂળ પ્રદર્શન પીળો-લાલ-વાદળી રંગોના મિશ્રણથી થતાં વિવિધ કલરશેડ સ્વરૂપે થાય છે; ઉપરાંત સજીવસૃષ્ટિના સ્વભાવ નક્કી થાય છે. પીળા રંગની બહુલતા, લાલ રંગની બહુલતા, વાદળી રંગની બહુલતા અનુક્રમે સત્ત્વ-રજસ -તમસની બહુલતા દર્શાવે છે. મનુષ્યનું શરીર પંચમહાભૂતનું બનેલું છે જેમાં આકાશ અને પૃથ્વી સ્થિર છે વાયુ-અગ્નિ-જળ તત્ત્વને આયુર્વેદ વાત-પિત્ત-કફ કહ્યા છે જે સત્ત્વ-રજસ-તમસના પર્યાય છે. જે મનુષ્યના શરીરનું બંધારણ અને સ્વભાવ નક્કી કરે છે.

પંચમહાભૂત

સૂક્ષ્મતા-પ્રલય > > > સ્થૂળતા-સૃષ્ટિ

આકાશ	વાયુ	અગ્નિ	જળ	પૃથ્વી
શબ્દ-ગુણ	શબ્દ-ગુણ	શબ્દ -ગુણ	શબ્દ -ગુણ	શબ્દ -ગુણ
	સ્પર્શ -ગુણ	સ્પર્શ -ગુણ	સ્પર્શ -ગુણ	સ્પર્શ -ગુણ
		રૂપ -ગુણ	રૂપ -ગુણ	રૂપ -ગુણ
			રસ -ગુણ	રસ -ગુણ
				ગંધ -ગુણ

સૂક્ષ્મતા-પ્રલય <<< સ્થૂળતા-સૃષ્ટિ

સ્થૂળતાથી સૂક્ષ્મતા > પ્રલય. **સંચર: પ્રતિસંચર:।** સૂક્ષ્મતાથી સ્થૂળતા > સૃષ્ટિ

અર્પણ.



Bertrand Russell
Born: 18/5/1872. Expired: 2/2/1970

Three passions, simple but overwhelmingly strong, have governed my life: the longing for love, the search for knowledge, and unbearable pity for the suffering of mankind. These passions, like great winds, have blown me hither and thither, in a wayward course, over a great ocean of anguish, reaching to the very verge of despair.

-Bertrand Russell.

પ્રેમની ઝંખના, જ્ઞાનની શોધ અને માનવીય દુ:ખો માટે અમાપ કરુણા..... આ ત્રણ સરળ છતાં અતિપ્રબળ અને સિદ્ધ કરવી કઠિન લાગણીઓએ મારા જીવનનું નિયંત્રણ કર્યું છે, અને મને શારીરિક અને માનસિક શ્રમરૂપી સમુદ્રના અણધાર્યા ઝંઝાવાતમાં અહીં તહીં ફેંકી, નિરાશાની અંતિમ સીમાએ પહોંચાડયો છે. – બર્ટ્રાન્ડ રસેલ.

શાસન, સમાજ અને ધર્મના સ્થાપિત હિતોની શેહમાં જરાય તણાયા વગર, માનવીય સત્યોની તરફેણમાં કારાવાસ ભોગવનાર અને નોબલ પ્રાઈઝ પણ મેળવનાર, તટસ્થ તત્વચિંતક. શ્રી બર્ટ્રાન્ડ રસેલ ને અર્પણ. –ભવસુખ શિલુ.

લેખક પરિચય.

"હું"

નામઃ ભવસુખ દેવશંકર શિલુ.
જ્ઞાતિઃ રાજગોર બ્રાહ્મણ - કાઠીગોર
જન્મતારીખઃ ૨૩-૮-૧૯૫૦
જન્મસ્થળઃ પાળિયાદ, જિ. ભાવનગર. (હાલ જિલ્લોઃ બોટાદ)
અભ્યાસ :ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ (૧૯૬૮)
વ્યવસાયઃ ગુજરાત રાજ્યના મોટર વાહન ખાતામાં મોટર વાહન નિરીક્ષક (૧૯૭૨ થી ૧૯૯૮)
ટ્રાન્સપોર્ટ કમિશન એજન્ટ - શ્રી લાભ રોડલાઈન્સ. (૨૦૦૧ થી ૨૦૦૮) સ્વૈરવિહાર (૨૦૦૯થી).
વિજ્ઞાન - ભાષા – સાહિત્ય - પ્રવાસ - સંગીત અને વાંચનનો શોખ ખરો.
પત્નીઃ સવિતા, પુત્રઃ ઓમદેવ, પુત્રીઃ પૂજા કેતન જોષી. દોહિત્રઃ ધૈર્ય.
સરનામુઃ ૬૩-બી, પંચવટી સોસાયટી, 'સવિતા' બેડેશ્વર રોડ, જામનગરઃ PIN-361 002
Cell: +91 9426257296 E-mail: bdshilu@gmail.com

પ્રથમ પ્રકાશન :'પરમ તેજે.....' (૨૦૦૫) પ્રકાશકઃ નવભારત પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૧.
FREE DOWNLOAD FROM: http://www.archive.org/details/ParamTeje (Views 770 As on 20-07-2022)
& http://aksharnaad.com/downloads/ (9594 hits As on 20-07-2022)
દ્વિતિય પ્રકાશન(૨૦૧૪): 'સિન્ધુ- હિન્દુ અને સિન્ધુ સભ્યતા.એક અલગ દષ્ટિકોણ......' પ્રકાશકઃ સાહિત્ય સંગમ.ગોપીપુરા સુરત.
(ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષક વર્ષ-૨૦૧૪માં... સંશોધન-ભાષા-વ્યાકરણ વિભાગમાં પ્રથમ સ્થાને પુરસ્કૃત કરવામાં આવ્યું.)

અનુક્રમણિકા

સાંખ્ય દર્શન..૨
અર્પણ...૩
પરિચય...૩
પુરોવચન..૪
પ્રકરણ ૧લું. ઉપક્રમઅને કાળનિર્ણય..૭
પ્રકરણ ૨ જું. ભારતીય ઉપખંડમાં માનવ સભ્યતાનો ઇતિહાસ...૧૧
પ્રકરણ ૩ જું. માનવ સભ્યતા અને ધર્મ...૧૭
પ્રકરણ ૪ થું. સિન્ધુ સભ્યતા અને સાંખ્ય-યોગ...૨૦
પ્રકરણ ૫ મું. આર્ય અનાર્ય..૨૬
પ્રકરણ ૬ ઠ્ઠું. સંસ્કૃત ભાષા..૩૯
પ્રકરણ ૭ મું. વેદ...૫૨
પ્રકરણ ૮ મું. મહાભારત...૫૭
પ્રકરણ ૯ મું. રામાયણ...૬૫
પ્રકરણ ૧૦મું. શ્રમણ-બ્રાહ્મણ...૭૦
ઉપસંહાર..૮૧
પરિશિષ્ટ ૧ લું. સિન્ધુ સભ્યતા-સમકાલીન સભ્યતાઓ અને ઘટનાક્રમ..૮૬
પરિશિષ્ટ ૨ જું. સંસ્કૃત વર્ણમાળા...૯૬
પરિશિષ્ટ ૩ જું. સંદર્ભ સાહિત્ય ૧૦૮
પરિશિષ્ટ ૪ થું. નકશાઓ અને ચિત્રો...૧૦૯
પરિશિષ્ટ ૫ મું. અનુસંધાન...૧૧૪ થી ૧૩૪

પુરોવચન.

વિદ્વાન વાચક મિત્રો, નમસ્કાર, ૨૦૦૫ના અંતમાં મારૂં એક પુસ્તક પ્રકાશિત થયેલું.''પરમ તેજે..'' જેમાં સાંખ્યદર્શનના આધારે મૂળભૂત પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયત્ન કરેલો અને ઇશ્વર અને વર્ણાશ્રમવ્યવસ્થાની તરફેણ કરેલી. આ દરમ્યાન આર્યસમાજી પંડિત આચાર્ય ઉદયવીર શાસ્ત્રીના "સાંખ્ય'' ઉપર જ ચાર ગ્રન્થો જોવા મળ્યા. "સાંખ્યદર્શન ભાષ્ય'', "સાંખ્યદર્શન કા ઇતિહાસ", "સાંખ્ય સિદ્ધાંત'' અને "પ્રાચીન સાંખ્ય સંદર્ભ". આચાર્યશ્રીએ ખૂબ જ જહેમત લઈ સાંખ્યના પ્રાચીન સંદર્ભો બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ ધર્મના ગ્રંથોમાંથી શોધી કાઢ્યા છે. પરંતુ ઋગ્વેદમાંથી સાંખ્ય કે યોગના તત્વો શોધી શક્યા નથી. વળી સાંખ્યદર્શન નિરીશ્વરવાદી દર્શન નથી અને સર્વથા વેદાનુકુળ જ છે તેવું સિદ્ધ કરવાનો પ્રબળ વ્યાયામ કર્યો છે. પણ આથી તો સાંખ્ય નિરીશ્વરવાદી જ હોય તેવો ભાસ થાય છે. કપિલમુનિને સાંખ્યના આદિવિદ્વાન માનવામાં આવે છે તેમનો ગ્રન્થ "ષષ્ટિતન્ત્ર'' અપ્રાપ્ય છે. "સાંખ્ય પ્રવચનસૂત્ર'' નામે એક ગ્રન્થ છે તેમાં કેટલાક આધુનિક ઉલ્લેખો હોવાથી તેની પ્રાચીનતા સિદ્ધ થઈ શકતી નથી. ઈશ્વરકૃષ્ણ રચિત "સાંખ્યકારિકા'' હાલમાં પ્રાપ્ય પ્રાચીન સાંખ્ય ગ્રન્થ તરીકે સર્વમાન્ય છે. આ રચનાકારનું નામ "ઈશ્વરકૃષ્ણ " અને ''આર્યા'' છન્દમાં રચના સૂચક છે જે સાંખ્યને ઈશ્વરવાદમાં અને વેદાનુકુળ આર્યો સાથે જોડી દીધું હોવાનો સંકેત કરે છે. ઇશ્વરવાદ એટલે ભ્રાંત તત્ત્વો—ઇશ્વર-પરલોક-પુનર્જન્મ-અવતાર-મોક્ષ-માંથી કોઇ પણનો સ્વીકાર. આત્માની બહુલતા અને સૂક્ષ્મશરીર સાંખ્યની વિવાદાસ્પદ બાબતો છે.

સાંખ્ય અને યોગનો આધાર જૈન અને બૌદ્ધ ધર્મે પણ લીધો છે. બંને ધર્મ નિરીશ્વરવાદી છે. સાંખ્ય અને યોગનો ઉલ્લેખ ઋગ્વેદમાં નથી તો શું સાંખ્ય વેદો પહેલાં અસ્તિત્વમાં હોઈ શકે ? તો "હા'' કહેવામાં જરાય વાંધો

નથી. સિન્ધુ સભ્યતાના અવશેષોમાં ક્યાંય પૂજાગૃહ કે દેવમંદિરના ચિન્હો મળ્યા નથી. પરંતુ લિંગ-યોનિના પ્રતિકો મળ્યા છે. જે સાંખ્યની વિકારી અને પરિણામી પ્રકૃતિ (સ્ત્રીના શરીરમાં થતા ફેરફાર-વિકાર, સ્તન, ગર્ભાશય અને સંતાન પ્રાપ્તિ પ્રકૃતિની જેમ વિકારી અને પરિણામી છે.)ના પ્રતિક રૂપે યોનિ અને અવિકારી અને અપરિણામી ચેતનતત્વ પુરુષના પ્રતિક રૂપે પુરુષલિંગ છે. પશુપતિનાથના ચિત્રણવાળી એક મૃણ્મુદ્રામાં હિંસક માંસાહારી પશુઓ સાથે તેમના ભક્ષ્ય શાકાહારી પશુઓ પણ યોગીની આસપાસ દર્શાવ્યા છે જે યોગનો સંકેત આપે છે.

શ્યામવર્ણના દેવો શિવજી અને કૃષ્ણનો વેદવિરોધ જાણીતો છે. શિવજીએ દક્ષના યજ્ઞનો વિરોધ કર્યો હોવાની વાત પુરાણ-પ્રસિદ્ધ છે. કૃષ્ણે વરસાદના પ્રતિક દેવ ઇન્દ્રનો વિરોધ ગોવર્ધન પર્વત ઉપાડી કર્યો છે. શિવજીના ડમરૂના નાદમાંથી માહેશ્વરસૂત્રો પ્રગટ થયા છે. જેના વડે પાણિનિ પોતાનો વ્યાકરણ ગ્રન્થ સંક્ષિપ્તમાં લખી શક્યા છે. નટરાજ સ્વરૂપે શિવજી નૃત્ય--સંગીતના દેવ છે. ગીતા અધ્યાય ૨-૪૬માં વેદોને ખાબોચિયા જેવાં કહે છે. મહાભારત ઠેકઠેકાણે Polyandry દ્રૌપદીપ્રથાને સમર્થન આપે છે. શિવજી અને કૃષ્ણ શાસ્ત્રોમાં યોગેશ્વર તરીકે જાણીતા છે. વૈદિકોએ લિંગપુજકોનો વિરોધ કરેલો પરંતુ પાછળથી શિવજીને વેદના દેવ રૂદ્રનું સ્થાન આપ્યું છે. લિંગપૂજા ય સ્વીકારી લીધી છે. કૃષ્ણને વેદના દેવ વિષ્ણુના અવતાર ગણી લીધા છે.

હવે સાંખ્ય અને યોગનો ઇતિહાસ આર્ય-અનાર્યનો ઇતિહાસ બની જાય છે અને આર્ય-અનાર્યનો ઇતિહાસ એટલે, ઇશ્વરવાદ વિરુદ્ધ નિરીશ્વરવાદ, સામ્રાજ્યવાદ વિરુદ્ધ ગણતંત્ર, સીતાપ્રથા Monogamy વિરુદ્ધ દ્રૌપદીપ્રથા Polyandry, ગૌર વિરુદ્ધ શ્યામવર્ણની સંઘર્ષકથા બની જાય છે. જેની પ્રતિક્રિયા આ પુસ્તકમાં નોંધી છે. કેટલીક જગ્યાએ વેદના વિરોધ જેવું લાગે પણ અહીં જૈનોએ-બૌદ્ધોએ કે આંબેડકરે કર્યો હોય તેવો વિરોધ નથી. જિતાયેલી અનાર્ય પ્રજાનો સામુહિક નાશ કરવાની તરફેણ કરનાર વસિષ્ઠનો વિરોધ કર્યો છે. વિશ્વામિત્ર વસિષ્ઠ સામે દાશરાજ્ઞ યુદ્ધ હારી ગયા પણ જિતાયેલી અનાર્યપ્રજાને ગાયત્રીમંત્ર વડે શુદ્ધ કરી આર્ય બનાવ્યા. સામુહિક મૃત્યુદંડને બદલે ગૌર-શ્યામનો ભેદ રાખ્યા વિના સંપૂર્ણ માનવતાવાદી પગલું લીધું તે કોઈપણ સંજોગોમાં અવગણી શકાય એવું નથી. વિશ્વના મિત્ર બની વિશ્વામિત્ર નામ સાર્થક કર્યું.પણ રૂઢિવાદીઓના હાથમાં શાસનધૂરા હતી. તેના વળતા પ્રહારો વધુ જોખમી હતા. સ્ત્રીઓ અને શૂદ્રો તરફ ભેદભાવભર્યું વલણ લગભગ ૩૨૦૦ વર્ષ સુધી ચાલુ રહ્યું. આજે પણ એનાથી ભારતીય સમાજ સંપૂર્ણ મુક્ત થઈ શક્યો નથી!

સાંખ્ય શા માટે નિરીશ્વરવાદી હોવું જોઈએ તેના કારણો સ્પષ્ટ છે. સાંખ્યના નિર્ધારીત પચ્ચીસ તત્ત્વોમાં એકેય તત્વ આઘુંપાછું કરી શકાય તેવું છે જ નહીં. સામે પક્ષે વિશ્વના દરેક ધર્મોએ ભ્રાન્ત તત્વોનો એક યા બીજી રીતે સ્વીકાર કર્યો છે. જૈનો અને બૌદ્ધોએ ઈશ્વર નથી સ્વીકાર્યો પણ પરલોક-પુનર્જન્મ અવતાર મોક્ષ સ્વીકારી લોકને મૂરખ બનાવવા તેમજ નિયંત્રણ મેળવવા અને રાજ્યાશ્રય મેળવવામાં સફળ થયા છે. મૂડીવાદ પણ ભ્રાન્ત તત્વોના આશ્રયે લોકોને મૂરખ બનાવવા તત્પર છે. એટલે તો કેટલાક દેશો પોતાની કરન્સી નોટ પર We Trust in God છાપે છે. <u>જ્યારે સાંખ્ય સંપૂર્ણ માનવતાવાદ છે.</u> સામ્યવાદ કરતાં ય શ્રેષ્ઠ, સામ્યવાદના કેન્દ્રમાં મૂડી અને શ્રમ છે. સામ્યવાદ અને મૂડીવાદે જ્યારે ઔદ્યોગિક સભ્યતા અપનાવી છે ત્યારે રાષ્ટ્રીય કે બહુરાષ્ટ્રીય <u>ઔદ્યોગિક ગૃહોનું કેન્દ્ર, માનવતા, ઇકોલોજી અને પર્યાવરણના ભોગે માત્ર નફો જ રહ્યું છે.</u> વધુમાં માલિકી હક્કનું વિસ્તરણ કર્યું છે. સામાન્ય પ્રજાજન પરોક્ષ રીતે ઔદ્યોગિક ગૃહો અને શાસકોનો ગુલામ બની રહ્યો છે. કારણકે, શાસકો અને કંપનીઓ સાથે મળી પ્રજાનો છેદ ઉડાડે છે. મીડિયા વાહ વાહ કરે છે અને પ્રજાનો સમય જાતિય ઉશ્કેરણીવાળા મનોરંજનમાં કે, ક્રિકેટ જેવી સટ્ટાખોરીવાળી નિર્માલ્ય રમતોમાં રોકી રાખે છે. છતાંય નિરાશ થવાની જરૂર નથી. અબ્રાહમ લિંકન એવું માનતા કે, You can fool all the people some of the time, and some of the people all the time, <u>but you cannot fool all the people all the time.</u> -Abraham Lincoln 'તમે બધાય લોકોને થોડા સમય સુધી મૂરખ બનાવી શકો, કેટલાક લોકોને ઘણા સમય સુધી મૂરખ બનાવી શકો પણ <u>બધાં લોકોને હંમેશ માટે મૂરખ ન બનાવી શકો'</u>. Information Technology નો ફાયદો લઈ ઘણા લોકો શાસકો અને કંપનીઓની મેલી મુરાદો તરફ જાગ્રત થયા છે તે સાંપ્રતયુગનું જમા પાસું છે. વળી Information Technology દરેક ધર્મની ઇશ્વર-પરલોક-પુનર્જન્મ-અવતાર-મોક્ષની ભ્રાંત-ધારણાઓ ફગાવી દઇ, परोपकाराय पुण्य। જ ધર્મનું તત્ત્વ છે તે સાબિત કરી શકશે.

આજથી આશરે ૨૬૦૦ વર્ષ પહેલાં બુદ્ધ આલાર કાલામ નામના બ્રાહ્મણ પાસેથી સાંખ્ય શીખેલા. એ સમયે અનેક આચાર્યો અને તીર્થંકરો વિશ્વના મૂળમાં કયું તત્ત્વ છે અને કેવું છે. આત્મા, ઈશ્વર, પરલોક, મોક્ષ, નિર્વાણનું કથન જાણે પ્રત્યક્ષ જોયું હોય તે રીતે કરતા. તે વખતે બુદ્ધે કદી વાદવિવાદ શમે નહીં એવી ગૂઢ, અસ્પષ્ટ અને અગમ્ય બાબતો વિષે કહી દીધું કે, "હું આવા પ્રશ્નોનું વ્યાકરણ કરતો નથી, આવી અગમ્ય અને ગૂઢ બાબતો પર ચિંતન-મન્થન કરવાથી તમારા સંયમિત અને પરોપકારી જીવન પર કોઈ ફરક પડવાનો નથી. હું એવા જ પ્રશ્નોની છણાવટ કરૂં છું કે જે લોકોના અનુભવમાં આવી શકે તેવા હોય અને વ્યક્તિગત કે સામાજિક જીવનની શુદ્ધિ અને શાંતિ અને શાંતિમાં નિર્વિવાદપણે ઉપયોગી થઈ શકે તેવા હોય."

જો કે, બુદ્ધના વારસોએ આ વાતનો પુરેપુરો અમલ ન કર્યો, જનસમાજ પર નિયંત્રણ રાખવા અને રાજ્યાશ્રય મેળવવાની સ્પર્ધામાં, પરલોક-અવતારવાદ જેવા ભ્રાન્ત તત્ત્વો સ્વીકારી લીધા હતા. વળી શૂન્યવાદ, ક્ષણિકવાદ, ન્યાય, તર્ક, દ્વૈત, અદ્વૈત વગેરે તત્વદર્શનનું જંગલ ઊભું કરી શ્રમણ-બ્રાહ્મણ નો વિતંડાવાદ ચાલુ રાખેલો.

આથી સ્પષ્ટપણે કહી શકાય છે કે, ઈશ્વર, પરલોક, પુનર્જન્મ, અવતાર, મોક્ષ, બધા ભ્રાન્ત તત્વો જ છે, કાલ્પનિક છે. જે છોડી દેવાથી કાંઈ ગુમાવવાનું નથી. શ્રીમંતોનું ધન અને દરિદ્રોનો શ્રમ પડાવવાનો ઉદ્યોગ છે જે મૂડીવાદ, સામ્રાજ્યવાદ, રાજાશાહીને ખૂબ જ અનુકૂળ છે. સામાન્ય પ્રજાને અસ્પષ્ટ, સંદિગ્ધ, રહસ્યમય, છલયુક્ત અને વિસ્તૃત શાસ્ત્રો-ઉપદેશોમાં ભરમાવી, સ્વર્ગની લાલચ અને નરકના ભયથી પરપીડન અટકાવવાના ઓઠાં નીચે, નિયંત્રણમાં રાખવાનો મનોવૈજ્ઞાનિક પ્રયોગ જગતના બધા ધર્મોએ સ્વીકારેલો છે. Monogamy અને Polygamy પુરુષના સ્ત્રી ઉપરના માલિકી હક્કનું વિસ્તરણ છે. Polyandry-દ્રૌપદીપ્રથા સ્ત્રી-પુરુષ સમાનતા પર રચાયેલું છે. સમલિંગી સંબંધોને માન્યતા આપવા કરતાં Monogamy ના નિયંત્રણો દૂર કરવા વિશ્વના કહેવાતા વિકસિત દેશોએ પ્રયત્ન કરવો જોઈએ.

ધાર્મિક નેતાઓ પોતાના શાસ્ત્રોનું અધ્યયન તો કરે જ ઉપરાંત આધુનિક શાસ્ત્રોથી ય પરિચિત રહે. (તો જ મોન્સેન્ટો કંપનીના અમાનવીય કરતૂતો જાણી શકે.) અને માનવહિતમાં કંપનીઓ દ્વારા પ્રદુષણ, ભ્રષ્ટાચાર, શોષણ, ભેળસેળ અટકાવવા શાસકો અને ઉદ્યોગો વચ્ચે મધ્યસ્થી બની માનવતાની તરફેણ કરે. લોકોના સ્વાસ્થ્ય અને શિક્ષણની જવાબદારી સ્વીકારે. ગરીબ, રોગી અને ગુન્હાહિત માનસ ધરાવનારાઓની પ્રજનન ક્ષમતા સ્થગિત કરાવવા શાસનને સહાયરૂપ થાય.

સૌથી અઘરી વાત ઔદ્યોગિક ગૃહો પર નિયંત્રણોની છે. પ્રથમ બૌદ્ધિક સંપદાના નામે ચાલતો પેટન્ટનો કાયદો વિશ્વભરમાંથી નાબુદ કરવો જોઈએ. વિશ્વમાં દરેક જગ્યાએ રાષ્ટ્રિય કે બહુરાષ્ટ્રિય કંપનીના મૂડી રોકાણ અને નફાના ચાર ભાગ પાડવા જોઈએ. એક ભાગ સરકારનો જે કંપનીની કરચોરી, શોષણ અને પ્રદુષણ અટકાવવામાં મદદરૂપ થશે, એક ભાગ જે લોકોની ઉપજાઉ જમીન પર કંપનીની વસાહત ઊભી કરવામાં આવી હોય તે લોકોનો રાખવો જોઈએ, એક ભાગ સ્થાનિક દેશવાસીઓનો અને એક ભાગ કંપનીના મુડીપતિઓનો રાખવાથી નાણાંની અવૈધ હેરફેર અટકશે અને પ્રદુષણ-શોષણ પર નિયંત્રણ રાખી શકાશે. વળી કરવેરાની ચોક્સાઈથી રાષ્ટ્રીય હિત સચવાશે. રોજેરોજ ચાલતા શેરબજારો વરસમાં બે જ દિવસ ચાલશે. શેરનો ભાવવધારો કંપનીએ કરેલા ઉત્પાદન અને ભરેલા કરવેરાના અનુસંધાને કરી શકાશે. પછી ભ્રષ્ટાચાર હટાવવાના આંદોલનોની જરૂર નહીં રહે!

મૃત્યુ ઉપર સાંખ્યદૃષ્ટિનો વિચાર નોંધી લઈએ. ઈશ્વર-પરલોક-પુનર્જન્મના આધારે મૃત્યુ વિષે લખવું બહુ જટિલ છે. મૃત્યુનો હાઉ ઉભો કર્યા પછી!.... મૃત્યુ પછી શું? તેની ગંભીર મથામણ થયેલી છે. સાંખ્ય મૃત્યુને સહજ ગણે છે. સાંખ્યદૃષ્ટાઓ સ્વેચ્છામૃત્યુ સ્વીકારે છે. વિનોબાજીએ સ્વેચ્છા મૃત્યુ સ્વીકારેલું. કેટલાક જૈન સાધુઓ સ્વેચ્છામૃત્યુ (સંથારો) સ્વીકારે છે. આ મૃત્યુનો આનન્દમય સ્વીકાર છે. જીવનની મોટી સફળતા છે.

શાસન સ્વેચ્છામૃત્યુને કોઈકાળે કાયદેસર નહીં કરે, કારણકે, મોટી હોસ્પીટલો મૃત્યુના આરે ઊભેલા શરીરોમાં વિવિધ નળીઓ ચડાવી ટકાવી રાખે છે. જેમાં જીવતા માણસની સારવાર કરતાં વધુ કમાણી અને વધુ સરળતા હોય છે. ઉપરાંત કુટુંબીજનોનું Sentimental BlackMailing કરવાનું વધુ અનુકૂળ પડે છે. શાસન તો કંપનીઓના વેપાર માટે લાલ જાજમ બિછાવતું જ હોય છે!

મૃત્યુની તરફેણમાં શરીર વ્યાધિગ્રસ્ત થાય ત્યારે અચૂક સ્વેચ્છામૃત્યુ સ્વીકારી લેવું જોઈએ. અને તે પહેલાં પૂર્વ તૈયારી માટે સ્વસ્થ વૃદ્ધાવસ્થા દરમ્યાન મૃત્યુનો અણગમો દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. રોજ રાત્રે સુતાં પહેલાં આવતી કાલે સવારે ૧૦ વાગ્યે મૃત્યુ આવવાનું છે તો કયા કયા કામકરવા પડશે તે કરી લેવા, જે કાંઈ વારસો, સંપત્તિ કે લેણાં-દેણાંની વ્યવસ્થા કુટુંબ કે સમાજના હિત માટે કરવાની ઈચ્છા હોય તે સવારે દસ વાગતાં પહેલાં ગોઠવી લેવું. પછી કદાચ મૃત્યુ ન આવે તો બોનસમાં જીવતા હો તે રીતે જીવવું.બસ આ બોનસમાં જીવવું એ જ સાચો મોક્ષ છે. બ્રહ્મનિર્વાણ છે. **मृत्युं तीर्त्वा अमृतमश्नुते ।** ઈશ ઉપનિષદ્:૧૧ મૃત્યુ તરીને અમૃત મેળવો. ફરી રાત્રે સુતી વખતે, આવતી કાલે સવારે દસ વાગ્યે મૃત્યુ નિશ્ચિત સમજી હિસાબ-કિતાબ કરી લેવા.(એટલે મૃત્યુ તરી ગયા) અને સવારે મૃત્યુ ન આવે તો ફરી Bonous-Life (અમૃતમય)મુક્ત જીવન.... મૃત્યુ પછી શરીર પંચ મહાભૂતમાં ભળી જવાનું છે અને આત્મારૂપી કળશ પરમાત્મારૂપી સમુદ્રમાં ઢોળાઈ જાય છે. લીલા રંગના સમુદ્રમાં ઢોળેલું એક કળશ ગુલાબી પાણી પણ લીલું થઈ જાય છે. બીજી વાર સમુદ્રમાંથી એજ ગુલાબી પાણીનો કળશ ભરી શકાતો નથી. એટલે કે પુનર્જન્મની ચિંતા ન કરવાનું સુચિત છે.

મને પ્રોત્સાહિત કરનાર સર્વે ગુરુજનો અને મિત્રોનો આભાર માનું છું.

इति श्रेयम् भूयात् । ભવસુખ શિલુ.

જામનગર.

તા. ૧૫-૧૨-૨૦૧૧

નોંધ: કેટલાક ઉમેરા-કાપકૂપ કરી ૧૫-૪-૨૦૨૦ના રોજ દ્વિતિય આવૃત્તિનું પુનર્ગઠન કર્યું.

પ્રકરણ-૧ લું.   ઉપક્રમઃ કાળનિર્ણય

સૌ પ્રથમ આપણે પૃથ્વીની ઉત્પત્તિ અને માનવજીવનની શરૂઆતનો ઇતિહાસ આધુનિક વિજ્ઞાનના સંશોધનો અને અનુમાનોના અનુસંધાને કરીશું.

મહત્ત્વના કેટલાક જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો છે. આ પૃથ્વીની ઉત્પત્તિ ક્યારે અને કેવી રીતે થઈ? સાથોસાથ વિશ્વની ઉત્પત્તિ થઈ કે પાછળથી? પૃથ્વીની ઉત્પત્તિ થયા પછી જીવસૃષ્ટિ પ્રથમવાર ક્યારે અને કેવી રીતે થઈ? જીવસૃષ્ટિમાં અગત્યના જીવ માનવનું ક્યારે અસ્તિત્વ દેખાયું?

આ બધા પ્રશ્નોના ઉત્તર માટે વિજ્ઞાને ખાસ શાસ્ત્રો વિકસાવ્યા છે. Geology, Biology, Botany, Anthropology વગેરે, શાસ્ત્રોનો અભ્યાસ પૂરા વિશ્વમાં વિશ્વવિદ્યાલયોની કક્ષાએ થાય છે પરંતુ અહીં આપણે પ્રાથમિક પરિચય મેળવીએ.

પૃથ્વી વિશ્વમાં અને સૂર્યમાળામાં એવો ગ્રહ છે. જ્યાં જીવનને અનુકૂળ પ્રાણવાયુ, ગરમી, પ્રકાશ, રેડિયેશનથી સુરક્ષિત વાતાવરણ, અનુકૂળ તાપમાન, પાણીની ત્રણ સ્થિતિ ઘન, પ્રવાહી, વાયુ, વિવિધ પદાર્થોની રાસાયણિક પ્રક્રિયાઓ, જીવસૃષ્ટિ પાંગરી શકે તે માટે અનુકૂળ પરિબળો છે. ટૂંકમાં સૂર્યમાળાનો ગ્રહ બુધ જે સૂર્યની નજીક છે તે ખૂબ જ ગરમછે. શુક્ર હંમેશા વાદળોથી ઘેરાયેલો રહે છે અને સૂર્યથી દૂર રહેલા મંગળ-ગુરુ-શનિ વગેરે ગ્રહો ખૂબ જ ઠંડા છે. માણસજાત વિચારતી થઈ ત્યારથી પૃથ્વીની ઉત્પત્તિ વિષેવિચારવાનું શરૂ કરી દીધેલું. કેટલીય દિવ્ય અને ઈશ્વરીય કલ્પનાઓ કરી જોઈ.

આખરી સત્ય તરીકે પૃથ્વી ગોળ છે - પોતાની ધરી પર સતત ફર્યા કરે છે અને દિવસ-રાત થાય છે, તે દૈનિક ચક્રગતિ (Rotation) અને બીજી સૂર્યની આસપાસ ફરતાં થતી ઋતુ-ચક્રની વાર્ષિક ગતિ.... પ્રદક્ષિણા(Revolution). આવી વૈજ્ઞાનિક ધારણાઓથી બધીય પ્રચલિત ધાર્મિક માન્યતાઓ અને અંધશ્રદ્ધામય કલ્પનાઓ હચમચી ગઈ ''પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ ફરે છે.'' એવું સંશોધન પ્રગટ થતાં ધાર્મિક વડાઓ અને શાસકોનો રોષ વૈજ્ઞાનિકોને સહન કરવો પડેલો! કારણ કે તે બાબત પૃથ્વી વિષે ધર્મશાસ્ત્રોમાં ગોઠવી રાખેલી કલ્પનાઓ વિરૂદ્ધ

હોવાથી અધર્મ થતો હતો! ક્યાંક હર્ક્યુલિસના થાંભલા કે શેષનાગના માથા પર ટકી રહેલી પૃથ્વીની કલ્પના કડડભૂસ થતી લાગી, સૂર્ય-ચન્દ્ર ઈશ્વરના પહેરગીર બની નિયમિત સપાટ પૃથ્વીની પરિક્રમા કરતા તે વાત શૂન્ય થઈ ગઈ! ગોળ પૃથ્વી અન્ય આકાશી પદાર્થોની માફક કોઈ પણ આધાર વિના ટકી રહી હોવાથી, સ્વર્ગલોક, ચંદ્રલોક, પાતાળ, રસાતાળ, જન્નત, જહનમ, હેવન, હેલ, સ્વર્ગ-નર્ક બધું ગાયબ! કાલ્પનિક ધર્મ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાથી સત્યનું મોઢું સૂવર્ણપાત્રથી ઢંકાઈ જતું.તેનું આ સરસ ઉદાહરણ છે. ઈશ્વરે પૃથ્વી બનાવી શેષનાગના માથા પર મુકી દીધી હોય પછી તમારે વધારે આગળ વિચારવાની શી જરૂર! પૃથ્વીની ઉત્પતિ અને માનવ ઉત્ક્રાન્તિ વિષે છેલ્લા ૧૫૦ વર્ષથી ચોક્કસ સંશોધન થયા છે જે જિજ્ઞાસુઓએ મેળવી અભ્યાસ કરવો જોઈએ. આપણે અહીં પૃથ્વીની ઉત્પત્તિ અને તેની ખાસિયતોની આધુનિક વિજ્ઞાનની કેટલીક માન્યતાઓની સારણી નોંધીશું. ત્યાર બાદ માનવ-ઉત્ક્રાન્તિની સમય સારણીનો વિચાર કરીશું જે આપણને સાંખ્યદર્શનની પ્રકૃતિ-પુરુષની માન્યતા માટે ઊપયોગી થાય.

પૃથ્વીની ઉત્પતિ ધૂળ અને વાયુના વાદળોના અતિ સંઘર્ષમય પરિભ્રમણ અને ઉંચા ઉષ્ણતામાન સાથે આશરે ૪.૫ અબજ (બિલિયન*=એકડા પર નવ મીંડા) વર્ષ પહેલાં થયેલી છે. અને પછી ૭૦૦૦ કરોડ વર્ષ વાદળો ને ઠરતાં અને ઘનીકરણ થતા લાગ્યા છે.આ આંકડાઓના આધારે Geology અને Evolution ની વિચારધારા આગળ ચાલે છે. ઘણા બધા વૈજ્ઞાનિક ઉપકરણો અને પદ્ધતિઓ અને પ્રયોગો પછીના તર્ક અને અનુભવના સંમિશ્રણથી થયેલો આ નિષ્કર્ષ આધારભૂત માનવામાં આવે છે.

અગાઉ પૃથ્વી પોતાની ધરી પર ઝડપથી ફરતી, અત્યારે જેમ ૨૪ કલાકના દિવસ રાત્રિ છે તેમ તે વખતે પંદર કલાકના

દિવસ રાત્રિ હતા. એવું એક વૈજ્ઞાનિક અનુમાન છે. આજે આપણો સમય ગણનાનો મુખ્ય આધાર પૃથ્વીને પોતાની ધરી પર એક ચક્ર લગાવતા એટલે કે એક દિવસ અને એક રાત, જેના ૨૪ ભાગ પાડી ૧ કલાક- Hour -હોરા ગણવામાં આવે છે. અનુકૂળતા માટે આગળ વિભાજન થયા છે. પરંતુ બપોરનો સૂર્ય માથા પર આવે કે આકાશમાં વચ્ચે આવે તે સમયથી ફરી આકાશમાં બીજે દિવસે એ જ જગ્યાએ સૂર્ય માથા પર આવે ત્યારે ૨૪ કલાક થયા હોવાનું માનવામાં આવે છે. હવે પૃથ્વી પોતાની ચક્રગતિ તો ૨૪ કલાકમાં પુરી કરે છે પરંતુ સૂર્ય ફરતે ભ્રમણગતિ એક વર્ષે પુરી થાય છે. જેથી ઋતુચક્ર શિયાળો-ઉનાળો વસંત ઋતુ વરસ દરમ્યાન દિવસ-રાત્રિના સમયમાં અને ગરમીની વધઘટ ચાલુ હોય છે તેનું કારણ પૃથ્વી પોતાની ધરી ઉત્તર દિશામાં નમતી રાખી સૂર્યની આસપાસ ફરે છે. પૃથ્વી ધરીને કક્ષાની સપાટી સાથે ૬૬.૫ અંશને ખૂણે એક જ દિશામાં નમતી રાખી સૂર્યની આસપાસ ફરે છે.

વિષુવવૃત પાસે પૃથ્વીનો પરિઘ = ૪૦૧૩૦ કી.મી.(૨૫૦૮૧માઈલ) જેટલો છે. પૃથ્વી પોતાની કક્ષામાં ૧૦૭૦૦ કી.મી. પ્રતિ કલાક (૬૭૦૦૦ માઈલ પ્રતિ કલાક) ની ગતિથી ખસે છે. અર્થાત્ આપણે સેકંડે ૩૦ કી.મી. આપણા ઘર પૃથ્વી સાથે અવકાશમાં ખસેડાઈ જઈએ છીએ!

પૃથ્વીને પોતાનું ગુરુત્વાકર્ષણ બળ છે જે કોઈ પણ પદાર્થને ૩૨ ફુટ પ્રતિ સેકંડે (૯.૮-મીટર)ની ગતિથી આકર્ષે છે, જેમાં વજન સાથે લેવા દેવા નથી એક પીંછું અને વજનદાર પથ્થરને નિયત ઉંચાઈએથી ફેંકવામાં આવે તો એકી સમયે પૃથ્વી પર પડે છે પણ પીંછાને હવાનું ઘર્ષણ ઉપર ધકેલતું હોવાથી પથ્થર કરતા વધારે વાર લાગે છે. ગુરુત્વાકર્ષણ અને તેના પરિબળોનું અનોખું શાસ્ત્ર છે. આઈનસ્ટાઈને ગુરુત્વાકર્ષણ ઉપર ઘણું સંશોધન કરેલું છે.

---

* ઘણીવાર Billion બ્રિટિશ પ્રણાલિ પ્રમાણે દસના બાર ઘાત અર્થાત્ એકડા પાસે ૧૨ મીંડા જેટલો હોય છે પરંતું અમેરિકન પ્રણાલિ -દસના નવ ઘાત એટલે કે. Thausand Million =૧૦૦૦૦૦૦૦૦૦ના અર્થમાં ગણે છે, રોમન પધ્ધતિ ના કેટલાક સૂત્રો આમછે :

Ten-Ten is = Hundred = દસ વખત દસ એટલે સો =૧૦૦.

Ten Hundred is Thausand = ૧૦૦૦.

Thausand Thausand is Million = 1000000

હવે અમેરિકનો અહીં Thausand Million is Billion = દસના નવ ઘાત.

જ્યારે બ્રિટિશ કે રોમન પધ્ધતિ Million-Million is Billion = દસના બાર ઘાત. અમેરિકનો આને Trillion કહે છે. અને રોમન માટે Million Billion is Trillion = દસના અઢાર ઘાત.

ભારતીય ભાષાઓ Billion માટે અબજ શબ્દ સ્વીકારે છે અત્યારે સામાન્ય રીતે અમેરિકન પ્રણાલિનો ઉપયોગ સર્વ માન્ય છે. છતાં ઘાતાંક પધ્ધતિ ખૂબ સ્પષ્ટ છે.

પૃથ્વીની કક્ષા વર્તુળને બદલે અંડાકાર છે. વરસ દરમ્યાન બે વખત સૂર્યની નજીક અને બે વખત દૂર હોય છે. સૂર્યથી વધુમાં વધુ દૂર પૃથ્વીનું અંતર ૧૫૨૦૦૦૦૦૦. કી.મી. થઈ જાય છે જ્યારે સૂર્યથી નજીકમાં નજીક ૧૪૭૦૦૦૦૦૦.કી.મી. ના અંતરે રહે છે. પૃથ્વી સંપૂર્ણ ગોળો નથી પણ ઉત્તર-દક્ષિણ ધ્રુવો પાસે થોડી દબાયેલી છે એટલે મોસંબી જેવી આકૃતિ બને છે.

પૃથ્વીને એક ચન્દ્ર છે. તે પણ અંડાકાર કક્ષામાં પૃથ્વી ફરતો ફરે છે અને ૨૭ દિવસ - ૭ કલાક - ૪૩ મનિટ ૧૧.૫ સેકંડમાં એક પરિભ્રમણ પુરું કરે છે આ ચાન્દ્ર માસ ગણાય છે.

વિજ્ઞાન હવે એ પણ જાણે છે. કે આપણા સમયનો એકમ બદલાતો જાય છે. સમય લાંબો થતો જાય છે. એટલે કે પૃથ્વીની ગતિ ધીમી પડી રહી છે. કહે છે કે દર સો વર્ષે ૦.૦૦૧ કે ૦.૦૦૨ સેકંડ જેટલો દિવસ લંબાય છે. ચાર અબજ વર્ષ પહેલાં એટલે કે પૃથ્વીના જન્મની શરૂઆતમાં દિવસ-રાત ૧૫ કલાક જેટલા ટુંકા હતા અને સામાન્ય ઉષ્ણતામાન પણ ૪૯ સે. થઈ જતું. હવામાં ઓક્સિજન નહીંવત્ હતો. પૃથ્વી પોતાની ધરી પર ખૂબ ઝડપથી ફરી રહી હતી. પણ સમુદ્રો બન્યા પછી સૂર્ય-ચન્દ્રના કારણે થતી ભરતી-ઓટના ઘર્ષણથી પૃથ્વીની ગતિ ધીમી પડી હોવાનું માનવામાં આવે છે. સામાન્ય રીતે એક દિવસના ૨૪ ભાગ પાડી ૨૪ કલાક નો દિવસ આપણે ગણીએ છીએ પરંતુ વર્ષ દરમ્યાન પૃથ્વી પર પ્રકાશિત દિવસોના કલાકો સરખા હોતા નથી. આનું કારણ પૃથ્વી પોતાની ધરી પર ઉત્તર તરફ ૬૬.૫ અંશનો ખૂણો બનાવી ફરે છે. આથી ઘણીવાર દિવસ-રાત્રિ ૨૪ કલાકના હોતા નથી. જુદી જુદી ઋતુમાં કહેવાતા ૨૪ કલાકના દિવસમાં ૧૬ મિનિટની વધઘટ દેખાય છે. જે ૧૭ મી સદીની અત્યન્ત ચોકસાઈ ભરેલી ઘડિયાળો દ્વારા જાણી શકાયું છે. આ તફાવત મામુલી તો ન જ કહેવાય તેથી આ સમસ્યા હલ કરવા વૈજ્ઞાનિકોએ Mean solar Time શોધી કાઢ્યો છે. આપણું તારણ માત્ર એટલું છે કે વિશ્વ-પૃથ્વી-સમય બધું સતત પરિવર્તનશીલ છે, ગતિશીલ છે. જેમાં એક પળનો પણ વિરામ નથી!

હવે આપણે પૃથ્વી પોતાની ઉત્તર-દક્ષિણ ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. એક દિવસ-રાતના ૨૪ કલાકના થતા એક દિવસને વધુ સૂક્ષ્મગણતરી સાથે સાંકળી લઈ વિજ્ઞાનના આધારે થોડું વર્ણન આગળ ચલાવીશું. હવે આ પૃથ્વીનું ભ્રમણ ૨૩ કલાક ૫૬ મિનિટ ૪.૧ સેકંડમાં પુરું થાય છે અને પૃથ્વીને સૂર્ય ફરતે પ્રદક્ષિણા પુરી કરતાં ૩૬૫.૨૪૨૨ દિવસો અથવા ૩૬૫ દિવસ ૫ કલાક-૪૬ સેકંડ થાય છે. અને એક સૌર વર્ષનું ઋતુચક્ર પુરું થાય છે.

પૃથ્વી પર ૭૮% નાઈટ્રોજન, ૨૧% ઓક્સિજન અને ૧% અન્ય વાયુઓ છે. ભૂગર્ભમાં પૃથ્વીના કેન્દ્ર પાસે ૪૦૦૦ સે. ઉષ્ણતામાન છે. પૃથ્વી પર પ્રશાન્ત મહાસાગરમાં મારિયાના દ્વીપો નજીક ઊંડામાં ઊંડું સમુદ્રનું તળિયું ૧૧. કીમી (૩૬૧૯૮ ફુટ = ૭ માઈલ.) દરિયાની સપાટી નીચે છે. તેવી જ રીતે પૃથ્વી પર સૌથી વધારે ઊંચાઈ વાળી જગ્યા એવરેસ્ટ (હિમાલય) ૨૯૦૩૫ ફુટ એટલે કે ૮૮૫૦ મીટર ઊંચું છે.

પૃથ્વીનો પોપડો-Crust ૧૫ થી ૭૫ કી.મી. (૯ થી ૪૭ માઈલ.) જાડો છે. જે પૃથ્વીના વ્યાસની સરખામણીમાં ૦.૬% જેટલો છે. જે ગરમ દૂધ ભરેલા કપ ઉપર તર વળી હોય તેવું કહી શકાય!

પૃથ્વીના પેટાળમાં રહેલી પ્રવાહી લોખંડની Core પૃથ્વી ફરતું ચુંબકીય ક્ષેત્રે પેદા કરે છે જે નુકશાનકારક અવકાશી કિરણો અને સૌર પવનોથી પૃથ્વીને રક્ષણાત્મક કવચ પુરું પાડે છે. ભૌગોલિક ધ્રુવ અને ચુંબકીય ધ્રુવ વચ્ચે ૧૦૦૦ થી ૨૫૦૦ કી.મી. જેટલું અંતર હોય છે. ચુંબકીય ધ્રુવોની Polarity પણ બદલાતી રહે છે. એટલે કે ઉત્તર ચુંબકીય ધ્રુવની ખાસિયતો દક્ષિણ ચુંબકીય ધ્રુવમાં પરિવર્તન પામે છે. (અને દક્ષિણમાં ઉત્તરની) આ પરિવર્તન ૧૦૦૦ કરોડ વર્ષોમાં ૧૭૦ વખત થયું છે! લગભગ બે લાખ વર્ષે પરિવર્તન થાય છે. આ પરિવર્તન ધીમું હોય છે. હજારો વર્ષે સ્થિર થાય છે.

આપણે પૃથ્વીની ઉત્પત્તિ તેની ખાસિયતો અને ખાસ કરી કાળ-ગણના, વર્ષ અને ઋતુઓનાં ફેરફારોનો પરિચય મેળવ્યો, જેનો આધાર તદ્દન વૈજ્ઞાનિક છે. ધાર્મિક અને શાસ્ત્રીય દૃષ્ટિકોણની ચર્ચા આપણે કરીશું જેમાં તમામ ધર્મોએ કલ્પનાનો આધાર લીધો છે. અહીં વિજ્ઞાન અને ધર્મ વચ્ચે ઊંડી ખીણ પડી જાય છે.

આ પૃથ્વી પર સૂર્યમાળાના કોઈ પણ ગ્રહ કરતાં જીવન પાંગરવાની શ્રેષ્ઠ અનુકૂળતાઓ છે. જો કે, વિજ્ઞાન સૂર્યમાળાના અન્ય ગ્રહો પર કે વિશ્વમાં અન્ય કોઈ સ્થળે જીવન છે કે નહીં તેનો તાગ મેળવવા અથાગ પ્રયત્નો કરી રહ્યું છે. પરંતુ હજી સફળ થયા નથી ખગોળશાસ્ત્રીઓ વિશ્વના અન્ય કોઈ તારાની સૂર્ય જેવી ગ્રહમાળા કે ગ્રહ પણ શોધી શક્યા નથી.

જીવન માટે વિજ્ઞાન બે ગુણોનો આધાર લે છે. Metabolism અને Reproduction (ચયાપચય અને પ્રજનન) ઉર્જા માટે શક્તિસંગ્રહ અને રાસાયણિક પ્રક્રિયાઓ વડે તેનો જીવન ટકાવી રાખવા માટે ઉપયોગ એ Metabolism, પોતાની જાતનું પુનઃઉત્પાદન કે પ્રજનન જીવનનું મુખ્ય લક્ષણ છે. પ્રજનન શાસ્ત્રનો વિજ્ઞાને જટિલ અને સૂક્ષ્મઅભ્યાસ છેલ્લી સદીમાં કર્યો છે.

પ્રજનન માટે બે Molecules DeOxyribonucleic Acid (DNA) અને Ribonucleic Acid (RNA) છે. જેની દરેક જીવનમાં વિશાળ સંખ્યામાં અને ગુંચવાડાભરી રચનાઓ છે. Genetics ના શાસ્ત્રો આનો વિગતવાર અભ્યાસ કરે છે.

સાંખ્ય દર્શન જીવન પ્રકૃતિ-પુરુષના સહયોગથી ઉત્પન્ન થતું માને છે. પંચમહાભૂતના બનેલા દેહમાં ચેતનતત્વ ની હાજરીથી જીવન પાંગરે છે. આ ચેતનતત્વ, કે પુરુષ તત્વ, અદ્દશ્ય, અવ્યક્ત, સૂક્ષ્માતિસૂક્ષ્મ, અપરિણામી અને અવિકારી હોવાનું સાંખ્ય-દર્શન માને છે. જીવનના લક્ષણો, જન્મ, વૃદ્ધિ, પ્રજનન,જરા અને મૃત્યુ વડે પ્રદર્શિત થાય છે. જે Metabolism અને Reproduction ની વૈજ્ઞાનિક વ્યાખ્યાની વધુ નજીક છે.

આપણે વર્ષ કોને કહેવું તે સમયગાળાનો પરિચય મેળવ્યો છે. આવા ૪૫૦૦૦૦૦૦૦૦ વર્ષ પહેલાં પૃથ્વીની ઉત્પત્તિ થઈ હોવાનું માન્યું. સૂર્યમાળાની ઉત્પતિ ૪૬૦૦૦૦૦૦૦૦ વર્ષ પહેલાં માનવામાં આવે છે. અબજો વર્ષોના સમયગાળાવાળા EON કહેવાતા એકમોના ભાગ વૈજ્ઞાનિકોએ પાડેલા છે. EON નું વળી Era = મહાયુગ, Period = ગુરુયુગ, Epoch = લઘુયુગ, તરીકે ઓળખાતા સમયગાળામાં વિભાજન થયું છે.

આ સમયગાળા જુદા-જુદા સમયે પૃથ્વી પર જીવસૃષ્ટિની ઉત્પત્તિના સંકેતો આપે છે. અહીં આપણે વૈજ્ઞાનિક સંદર્ભોના આધારે સીધે સીધા વર્ષોની ગણતરી સાથે પૃથ્વી પર જીવન પાંગરવાના તારણોની સમય-સારણી આપી છે.

૨.૫ અબજ વર્ષ પહેલાં એક કોષી જીવ ઉત્પન્ન થયો.
૪૯ કરોડ વર્ષ પહેલાં, માછલી,કરચલા જેવા જીવ ઉત્પન્ન થયા.
૪૧.૭ કરોડ વર્ષ પહેલાં ઉભયજીવી અને કીટકો ઉત્પન્ન થયા.
૩૨.૩ કરોડ વર્ષ પહેલા સરિસૃપ-Reptiles જીવોનું અસ્તિત્વ ઓળખાયું.
૨૪.૮ કરોડ વર્ષ પહેલા ડીનોસોર અને સ્તનધારી જીવો.
૨૦.૬ કરોડ વર્ષ પહેલા પક્ષીઓ-Birds દેખાયા.
૧૪.૪ કરોડ વર્ષ પહેલા Primates અને ફુલઝાડો ઉત્પન્ન થયા.
૫.૪૮ કરોડ વર્ષ થી ૫૩લાખ વર્ષો પહેલાંના સમય દરમ્યાન ઘાસ ચરતા અને માંસાહારી સ્તનધારી-Mammals વિચરતા થયા.
૧૮લાખ વર્ષોથી ૧૦ હજાર વર્ષો પહેલાંના સમય દરમ્યાન માનવ સમાન અવયવો વાળા પ્રાણીઓનું અસ્તિત્વ નોંધાયુ.

આજથી ૧૦ હજાર થી ૮ હજાર વર્ષો પહેલાં હાલના માનવ જેવા માનવ-સ્વરૂપ બુદ્ધિશાળી જીવો પથ્થરના હથિયારો અને અગ્નિનો ઉપયોગ કરતા શીખી ગયા છે અને ટોળામાં રહેતા હોવાના સંકેતો મળ્યા છે. અત્યાર સુધી અસ્તિત્વમાં આવેલ મનુષ્ય જાતિ પાસે વિચારવહન અને વિચારસંગ્રહ કરવાની શક્તિ વિકસી નહોતી, ભાષા લિપિની શોધ અરસપરસ વિચારોની આપલે તેમજ ભાવિ પેઢી માટે અને અન્ય દૂરના સ્થળે પણ વિચાર-જ્ઞાન પ્રસરાવવામાં માનવજાતને ખૂબ ઉપયોગી નીવડી. સ્થાપત્ય,કલા,જ્યોતિષ,શાસનપ્રણાલિ અને સામાજિક વિકાસ, વડે માનવજાત પૃથ્વી પરની તમામ સજીવ પ્રજાતિઓમાં અગ્રેસર બની કુદરતના શ્રેષ્ઠ સર્જન તરીકે ઉપસી આવી.

ભારતીય ઉપખંડમાં ઈ.સ.૫ હજાર વર્ષ પૂર્વે સિંધુ નદીની આસપાસના પ્રદેશમાં અત્યન્ત બુદ્ધિશાળી માનવ સમાજ દ્વારા નગર સંસ્કૃતિનો વિકાસ થઈ ચૂક્યો હતો. અને ઈસ. પૂર્વે ૩૫૦૦ ના અરસામાં તો આ સમયના લોકોએ ભાષા-લિપિ-સમાજરચના-નગર રચના, પશુપાલન-આકાશી પદાર્થોનું જ્ઞાન-ધર્મ-તત્ત્વજ્ઞાનનો અદ્ભૂત વિકાસ સાધ્યો હતો. આ સમયગાળા દરમ્યાન વિશ્વમાં અન્ય સ્થળોએ પણ ભાષા-લિપિ જાણનાર આધુનિક માનવ પ્રજાતિઓ દ્વારા સમાંતર વિકાસ થયો હતો એમ કહી શકાય. આપણે માત્ર ભારતીય ઉપખંડની સિંધુસભ્યતા વિષે વધુ વિચાર કરીશું.

પ્રકરણ - ૨ જું.   ભારતીય ઉપખંડમાં માનવ સભ્યતાનો વિકાસ.

આપણે પૃથ્વીની ઉત્પત્તિના વૈજ્ઞાનિક અવલોકનો અને ધાર્મિક માન્યતાઓ વિષે થોડો વિચાર કર્યો. ઈ. સ. પૂર્વે ૮૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર એવી માનવ પ્રજાતિનો ઉદ્ભવ થયો જે અગાઉની તમામ આદિમાનવો ની જાતિ કરતાં કેટલાંક વિશેષ ગુણો ધરાવતી હતી. તે ખાસ કરીને વાણી-ભાષા અને લિપિનું જ્ઞાન, ભાષા વડે વિચારોની આપ લે થતી અને લિપિ વડે વિચારોનો સંગ્રહ કરી શકાતો. જેથી સ્થાનિક વસવાટ અને દુરના સ્થળે વિચારોની સહેલાઈથી આપ લે થઈ શકતી વળી પેઢી દર પેઢીને ભૂતકાળના સુન્દર, વિજ્ઞાનમય વિચાર સંગ્રહનો લાભ મળતો. ભાષા અને લિપિની આવડતથી સ્થાપત્ય, જ્યોતિષ, ગણિત ના વિચાર સંગ્રહો સમાજ પર છવાઈ ગયા, માપકરણ, તોલમાપ અને યુદ્ધકળાના વિકાસથી દૂરદેશ સુધી શાસન પ્રણાલિ, સમાજવ્યવસ્થા અને આંતરરાજ્ય વેપાર પર કાબુ મળ્યો. એટલે આજના જેવો બે પગે ચાલતો માનવ જેને Homo-sapian કહીએ છીએ તે ભલે ૪૦ હજાર વર્ષ પૂર્વે પૃથ્વી પર ફરતા હોય પરંતું જ્યારથી માનવ જાતને ભાષા-લિપિની આવડતનો વિશેષ ગુણ મળ્યો ત્યારથી જ જેને આપણે સંસ્કૃતિ- Civilisation કહીએ છીએ તે પ્રકારના યુગમાં પ્રવેશ્યો.

ભાષા-લિપિ ઉપરાંત ગણિત-ભૂમિતિ પણ, ખાસ કરી Horizontal લેવલ અને Vertical ઓળીંભો કાટકોણ, વજન-લંબાઈના એકમની આવડત સિવાય સ્થાપત્યની રચના અશક્ય છે આ આવડત પશુઓમાં નથી. તેમજ સાંપ્રત આદિવાસી માનવજાતિઓમાં નથી.

તે પહેલાંની માનવ પ્રજાતિ પશુવત્ વર્તતી. હવે આ પ્રકારની પ્રેરણાવાળા માનવની સમયાન્તરે પૃથ્વી પર ઘણા સ્થળોએ વસાહત થઈ, અને તે સમય નિશ્ચિતપણે ઈ.સ.પૂર્વે ૮૦૦૦ ની આસપાસનો માનવામાં આધુનિક વિદ્વાનોને વાંધાસરખું નથી. આમ આજથી દસહજાર વર્ષ પહેલાં જ માનવસભ્યતાનો ઉદ્ભવ થયો.

આધુનિક સંશોધનોએ ભારતીય ઉપખંડ માં ભારતમાં વસવાટ કરતા મનુષ્યોની જાદી જાદી પ્રજાતિ Race નું નિર્ધારણ કરવા માટે વર્તમાન નિવાસીઓની શારીરિક વિશેષતાઓને ધ્યાનમાં લઈ પ્રાચીનકાળની છ જાતિઓના અનુમાન કર્યા છે. થોડાઘણા મતભેદ હોવા છતાં સામાન્ય રીતે પ્રમાણિક માન્યતા ગણવામાં આવે છે.

ભારતના નિવાસીઓમાં ૬ જાતિ-તત્ત્વો મળી આવે છે જેમાં (૧) નેગ્રીટો=હબસી (૨) પ્રોટો ઓસ્ટ્રોલોઈડ = આદ્ય આગ્નેય કે નિષાદ (૩) મેડીટરેનિયન=ભૂમધ્ય સાગરીય દ્રવિડ (૪) મોંગોલોઈડ=કિરાત (૫) વેસ્ટર્ન - બ્રેકિસેફેલિક =પશ્ચિમના પહોળા કપાળવાળા (૬) નોર્ડિક આર્યો.

<u>નેગ્રીટો-હબસીઃ</u> આ લોકોને ભારતના સૌથી પ્રાચીન નિવાસીઓ ગણ્યા છે. આ લોકો દસથી બાર હજાર વર્ષ પહેલાં આફ્રિકામાંથી અરબસ્તાન, ઈરાન, બલૂચિસ્તાન, સિંધ થઈ ભારતમાં આવેલા. આ લોકો શ્યામ, ગુંચળાવાળા વાળ વાળા, જાડા હોઠવાળા હતા. આ લોકો પાછળથી આવનારી બીજી જાતિઓમાં કેટલાક ભળી ગયા કેટલાક આંદામાન ટાપુઓ, મલેશિયા, ઈન્ડોનેશિયા તરફ ચાલ્યા ગયા.ભારતીય સભ્યતાના વિકાસમાં આ જાતિનો ફાળો નહિવત્ છે.

<u>પ્રોટો ઓસ્ટ્રોલોઈડ (આદિ આગ્નેય-નિષાદ જાતિ):</u> ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાંથી છ થી આઠ હજાર વર્ષ પહેલાં ભારતમાં આવ્યા હતા. ઘેરા ભૂરા રંગના, લાંબા માથાવાળા, પહોળા અને ચપટા નાકવાળા, ગુંચળીયા વાળવાળા અને વળેલા હોઠવાળા આ લોકો કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ અને દક્ષિણભારતમાં ફેલાયેલા હતા. પાછળથી આવેલાં આર્યો આ લોકોને “ નિષાદ” કહેતા. તેઓ સમય જતાં નેગ્રીટો-હબસી અને મોંગોલોઈડ-કિરાત જાતિ સાથે ભળી ગયા. હાલની કોલ, મુણ્ડા, સાંથાલ, શબર, કોરૂઆ, ખડિયા, ફુરક વગેરે જાતિઓમાં આ લોકોના વિશેષ તત્વો મળી આવે છે. તેમજ ભારતની અનેક પ્રજાઓમાં પણ એમનાં શારીરિક તત્વોની સમાનતા દેખાય છે

ભારતીય સભ્યતાના વિકાસમાં આદિ નિષાદ લોકોએ, માટીના વાસણ બનાવવા, ચોખા, નાળિયેર,કપાસ, કેળાં, શેરડી, નાગરવેલના પાનની ખેતી, સુતરાઉ કાપડનું વણાટ, કોડી=૨૦ નું એકમ,ધાર્મિક વિધિઓમાં સિંદુરનો ઉપયોગ,વૃક્ષપૂજા, નાગપૂજા, લિંગપૂજા વગેરે ફાળો આપેલ છે.

તેમની કોલ કે મુણ્ડા ભાષાઓમાંથી કેટલાક શબ્દો આર્યભાષાઓમાં આવેલા છે. જેમકે, શાલ્મલિ(શીમળો), બાલ (માથાના વાળ), કમ્બળ (કામળો), કદલી (કેળ), કર્પાસ (કપાસ), તાંબુલ (નાગર-વેલના પાન), ચાવલ (ચોખા), લકુટ (લાકડી), લિંગ, બાણ, કૂડી (કોડી), માતંગ, ગજ (હાથી), મરક્ (મરઘો), વગેરે.

પ્રોટો ઓસ્ટ્રેલોઈડ-આદિ આગ્નેય-નિષાદ લોકો પછી, ઈ.સ.પૂર્વે ૬ થી ૪ હજાર વર્ષો દરમ્યાન ભૂમધ્ય સમુદ્ર તરફથી દ્રવિડી ભાષા અને સભ્યતા ધરાવતા લોકો સિંધુ નદીની આસપાસ વસાહત સ્થાપી, જે લોકો આજના હિન્દુ દ્રવિડોના પૂર્વજો હોવાનું ભાષાશાસ્ત્રીઓ માને છે. આ જાતિનું પ્રાચીન નામ ઘણું કરી, દ્રમિલ-દ્રમિજ હતું મધ્ય એશિયાના લીસિયાના લોકો "તૃમ્મિલિ" લખતા, ગ્રીસ-ઈતિહાસકાર હેરોડોટસ "તેરમિલાઈ"થી ઓળખતો. સંસ્કૃત ભાષામાં રૂપાન્તર થતા..... દ્રમિલ-દ્રમિજ-દ્રમિડ-દ્રવિડ થયું. સિંહાલી ભાષામાં પાછળથી 'દમિલ' થયું અને લગભગ ચોથી સદીમાં તમિળ થયું.

ઈતિહાસકારોનું અનુમાન છે કે આ લોકો, ભારતમાં ત્રણ શાખાઓમાં આવેલા, હાલ તેમના જેવી આનુવંશિક સામ્યતા કન્નડ, તેળુગુ, મળયાળમ અને તમિળભાષી પ્રદેશોમાં જાવા મળે છે. આ લોકોએ તેમની પહેલાં આવેલી નિષાદ જાતિને દક્ષિણ ભારતમાં તેમજ જંગલોમાં ખસેડી મુકી, ત્યાંથી તે નિષાદો અગ્નિ એશિયાના ટાપુઓ અને ઓસ્ટ્રેલિયામાં જઈ વસ્યા. તે વખતે ત્યાં વસતા નેગ્રીટો-હબસી લોકો સાથે ભળી ગયા.

આદિ ભૂમધ્ય સમુદ્ર પછી મુખ્ય-ભૂમધ્ય સમુદ્ર તરફની શાખાના દ્રવિડો પહેલી શાખાના લોકો કરતા રંગમાં અધિક ઉઘડતા, મોટા કદના, લાંબા માથાવાળા, શરીરે ગીચ, રૂંવાટીવાળા, મોટી આંખો વાળા હતા, હાલ સિંધ-પંજાબ-ઉત્તર પ્રદેશમાં આવા લક્ષણો ધરાવતી પ્રજા મળી આવે છે. સિન્ધુ સભ્યતાના નિર્માણ કાર્યમાં સૌથી વિશેષ ફાળો આ લોકોનો હોવાનું ઈતિહાસકારો ચોક્કસ પણે નોંધે છે.

ભારતમાં ૨૦% લોકો દ્રવિડ કૂળની ભાષા બોલે છે મધ્યભારતના ઘણા વિસ્તારમાં ગોંડી ભાષા દ્રવિડ કૂળની છે. વળી બલુચિસ્તાનમાં ઈરાની-આર્યભાષી બલૂચો, પઠાણો અને સિંધીઓની વચ્ચે હજી પણ બ્રાહુઈ નામની જાતિ દ્રવિડ કૂળની "બ્રાહુઈ" ભાષા બોલે છે. આ સંકેતો પ્રાચીન દ્રવિડોનો તે સ્થળે વસવાટ હતો. તેમ સૂચવે છે. જ્યાંથી સિંધુસભ્યતાના અવશેષો મળ્યા છે.

આમ ભારતીય ઉપખંડમાં ઈ.સ.પૂર્વે ૬૦૦૦ વર્ષ થી ૩૫૦૦ વર્ષ દરમ્યાન સિન્ધુ સભ્યતાનો વિકાસ થયો. આ નગર-સભ્યતાના લોકોથી સુમેરિયન સભ્યતાના લોકો સુપેરે પરિચિત હતા તેમજ વેપાર-વાણિજ્યની નિકટતા પણ અનુમાની શકાય છે. અને આ સભ્યતાનો વિનાશ પણ ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન થયો. આ સભ્યતાનો પ્રસાર પ્રસ્તુત નકશા પરથી કહીએ તો પાકિસ્તાનના મોટાભાગના પ્રદેશ ઉપરાન્ત ભારતના પંજાબ-રાજસ્થાન-ગુજરાતના પ્રદેશોમાં મળી આવેલા પ્રાચીન વસાહતોના અવશેષો પરથી જાણી શકાય છે. આ સરળ આજીવિકાવાળા પર્યાવરણમાં માનવજાતની પ્રથમ સંસ્કૃત સભ્યતાએ જે છળરહિત જીવન શૈલી વિકસાવી પરંતુ યુદ્ધ વિષે વિચારવાની જરૂર ન પડી એટલે કઠોર આજીવિકાવાળા પ્રદેશોમાં ભટકતી પ્રજાઓના આક્રમણ સામે, નિષ્ફળ જતાં ઈ.સ. ૧૭૦૦ વર્ષ પૂર્વે આ સભ્યતાનો સંપૂર્ણ વિનાશ થયો. પ્રજા વેરવિખેર થઈ ગઈ મોટાભાગના લોકો દક્ષિણ ભારત અને હિમાલયના પહાડો તરફ ખસી ગયા, કેટલાકે વિજેતાઓ સાથે સમન્વય સાધી લીધો, સમન્વય સાધવા જતાં વિજેતાઓનું દાસત્વ સ્વીકારવું પડ્યું. પોતાની જીવનશૈલી ધરમૂળથી બદલવી પડી. પ્રથમમુખ્ય ઘટનાઓનો કાળ ક્રમ નોંધી આગળના ઐતિહાસિક અવલોકનો નોંધીશુ.

૪.૫ બિલીયન વર્ષ પહેલા ધગધગતા ગોળા સ્વરૂપે પૃથ્વીનો જન્મથયો.
સાત હજાર-કરોડ વર્ષ વાદળાઓને ઠરતાં અને પૃથ્વીનું ઘનીકરણ થતા લાગ્યા.
૨.૫ અબજ વર્ષ પહેલાં એક કોષી જીવ પેદા થયો.
૫.૪૮ કરોડ વર્ષ પહેલાં થી ૫૩ લાખ વર્ષો પહેલાના સમય દરમ્યાન શાકાહારી અને માંસાહારી સ્તન્યધારી Mammals પ્રકારના જીવો વિચરતા થયા. તે અગાઉ માછલી-કરચલા-ઉભય જીવી-કીટકો-Insects-સરિસૃપ-પક્ષીઓ- Birds & Reptiles-વનસ્પતિ અને ફુલઝાડોનો વિકાસ થઈ ચુકેલો તે આગળ નોંધ્યું છે. ૧૮ લાખ વર્ષો પહેલાંના સમયથી માનવસમાન અવયવો વાળા બે પગે ચાલનારા પ્રાણીઓ દેખાયા અને આજથી ૧૦ હજાર થી ૮૦૦૦ વર્ષ પહેલાં હાલના માનવ જેવા બુદ્ધિશાળી મનુષ્યોનો ઉદ્ભવ થયો. આ મનુષ્ય જાતિની બુદ્ધિની ખાસિયત, ભાષા-લિપિ-વાણી-સ્થાપત્ય-ગણિત-સમાજવ્યવસ્થા ના વિચારોનો સંગ્રહ અને આપ-લે સહેલાયથી કરી શક્તી હોવાનું માની શકાય. આ પહેલાના સમયના માનવસ્વરૂપોની ભાષા-લિપિ-વાણી ની બુદ્ધિશક્તિના અભાવે પશુવત્ જીવનશૈલી હતી. જેનું વર્ણન Anthropology ના શાસ્ત્રોમાં મળી શકે.

સિન્ધુ સભ્યતાનો વિકાસઃ

ઈ.સ.પૂર્વે ૬૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૩૫૦૦ વર્ષ દરમ્યાન સિંધુ સભ્યતાનો વિકાસ થયો. આ સમય દરમ્યાન વિશ્વમાં અન્ય સ્થળોએ પણ માનવોએ પોતાની રીતે કુદરતી પ્રેરણાથી, ભાષા-લિપિનો આવિષ્કાર કરેલો અને પોતાના વિચાર-વિદ્યા નો સંગ્રહ એક સ્થળેથી બીજા સ્થળે તેમજ એક પેઢીથી આગળની પેઢીઓ સુધી પ્રસરાવી શક્યા હતા. અર્થાત્ આ ઐતિહાસિક ક્ષણે માનવ-પશુનો ભેદ શરૂ થયો. આજે પણ માનવ જેટલા બુદ્ધિશાળી વાનરો કે ડોલ્ફિનોને સઘન તાલીમ આપવા છતાં ભાષા-લિપિ શીખવી શકાતા નથી. વળી માનવજાતિની કેટલીક જાતિ ખાસ કરી આફ્રિકા-ઓસ્ટ્રેલિયાની આદિવાસી જાતિઓ ભાષાનો કે લિપિનો જાઈએ તેવો વિકાસ હજી સુધી સાધી શકી નથી.

સિન્ધુ સભ્યતાના લોકો વિશ્વમાં અન્ય સ્થળે માનવ સભ્યતા વિકસી એનાથી પરિચિત હતા તે હાલના ઈરાકની યુફ્રેટિસ અને તૈગ્રિસ નામની બે નદી વચ્ચેના પ્રદેશમાંની સુમેર સભ્યતા હતી. તે ઉપરાન્ત ઉત્તર ધ્રૂવ નજીકના પ્રદેશો થી લઈ ઈજીપ્ત અને આફ્રિકામાં પણ માનવ સભ્યતાનો વિકાસ શરૂ થઈ ગયેલ, ગમે તે કારણોસર આફ્રિકાના વસાહતીઓ ભાષા-લિપિનો વિકાસ કરી શક્યા નથી માત્ર બોલીનો વિકાસ થયો દેખાય છે. આથી નોંધવુ જાઈએ કે. માત્ર ભાષા-બોલી લિપિના વિકાસ ઉપરાન્ત ગણિત-માપ કરણ વજન- Horizontal-Vertical Level સમતળ-ઓળીંભોની જાણકારી હોય તોજ સ્થાપત્ય કલા વિકસી શકે. એટલે આદિવાસીઓ આજે પણ ઝુંપડા બાંધી રહે છે. સ્થાપત્ય વિકસાવી શક્યા નથી. જે વાત ઓસ્ટ્રેલિયાના આદિવાસીમાં પણ મળી આવે છે.

ઈ.સ ૩૫૦૦ વર્ષ પૂર્વે માનવસભ્યતાનો ચરમવિકાસ સાધી શહેર સભ્યતા વિકસાવી, સિંધુસભ્યતા વિકાસના શિખરે હતી, ઈ.સ ૧૭૦૦ દરમ્યાન આર્યોનું આગમન થતાં આ સભ્યતાનો વિનાશ થયો, યુદ્ધ અને કુદરતી પ્રકોપ સામે આ લોકો ટકી શક્યા નહીં.

ઈ.સ પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ પૂર્વે ૧૨૦૦ દરમ્યાન (૫૦૦ વર્ષ) ચાલેલા આર્ય-અનાર્ય ના સંઘર્ષ પછી સમન્વય યુગ આવ્યો, આર્યોની યુદ્ધની કુશળતા સામે દ્રવિડો ઝુકી ગયા અને દ્રવિડોના જ્ઞાન અને વિદ્યા સામે આર્યો ઝુકી ગયા આમ પરસ્પર સમન્વય સાધવાની યોગ્ય ભૂમિકા તૈયાર થઈ અને સમન્વયના પ્રથમ ચરણમાં સંસ્કૃત ભાષાનું નિર્માણ થયું અને આર્યોએ પોતાની ભાષાઓનું શંબ્દભડોળ અને દ્રવિડ ભાષાઓનું શબ્દભંડોળ અપનાવી Well processed એટલે કે સંસ્કૃત ભાષાની રચના કરવામાં આવી અને આર્યોએ પોતાના વતનની કવિતાઓ અને પોતાના નેતાઓની શુરવીરતાના કાવ્યોનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું. જે વેદ તરીકે આજે પણ ઓળખાય છે. દુનિયાના સૌથી પ્રાચીન પુસ્તક તરીકે ઋગ્વેદને વિશ્વના દરેક વિદ્વાનોએ સ્વીકારી લીધું છે.

વેદોની રચના પછી રચાયેલા શાસ્ત્રોઅને સમાજ શૈલીનો ઉપક્રમ ઈતિહાસકારોથી પરિચિત છે. જેની સંક્ષિપ્ત નોંધ અહીં કરી છે પરંતુ આર્ય-અનાર્ય કે આર્ય-દ્રવિડ પ્રજા વચ્ચે કઈ બાબતોમાં સંઘર્ષ હતો જે આજે પણ છે. સમન્વય બંને પક્ષે સ્વીકારવામાં આવ્યો પણ તે સ્વાર્થ પુરતો જ રહ્યો. વિજેતાઓ પોતાનો અહમ્ ક્યારેય છોડી શક્તા નથી અને પરાજિતોની સાચી વાત પણ કોઈ સ્વીકારવા તૈયાર હોતું નથી! પરસ્પર Brain washing ના અસંખ્ય પ્રયોગો થયા છે. જેમાં શાસ્ત્રોઅને પુસ્તકોનો ઉપયોગ ખૂબ સહાયરૂપ નીવડે છે. અહીં થયેલી ચર્ચા ઈતિહાસકારોએ ઉવેખી હોય તેવી છે. છતાં ઐતિહાસિક ભૂમિકા અને શાસ્ત્રોના ઉલ્લેખો કેટલાક વિરોધી પરિબળો, અને તત્વજ્ઞાનની શૈલીઓ આપણને ઘણું કહી જાય છે.

હડપ્પાઃ

ઈ.સ પૂર્વે ૮૦૦૦ થી ૩૫૦૦ સુધીમાં સિન્ધુ ની આસપાસના પ્રદેશોમાં દુનિયાની સૌ પ્રથમમાનવ-સભ્યતા નો વિકાસ ચરમસીમાએ હતો. નગર-રચના સ્થાપત્ય, લિપિ, ધાતુ-પથ્થર-માટીની મુદ્રાઓ, મૂર્તિઓ, વાસણો, ઘરેણાં અને રમકડાં નો આશ્ચર્યજનક વિકાસ થયેલો. સૌ પ્રથમ (પાકિસ્તાન) પંજાબના મોણ્ટગોમેરી જીલ્લાના હડપ્પા ગામે પ્રાચીન નગર રચનાના અવશેષોની જાણ થઈ. ઈ.સ ૧૮૫૬ માં થઈ. લાહોર-મુલતાનની રેલ્વેલાઈન પાથરવા પથ્થરોની જરૂર પડી ત્યારે હડપ્પાના ભગ્નાવશેષોની ઈંટોના રોડા સહજ પ્રાપ્ય બન્યા અને લગભગ ૧૫૦ કિલોમીટરની રેલ્વે લાઈન નીચે આ પ્રાચીન ઈંટોના રોડા નાખવામાં આવેલા છે. તે અગાઉ આસપાસના

વસાહતીઓ પ્રાચીન ઈંટો ખોદી પોતાના મકાન બનાવ્યા તેનો હિસાબ નથી. આ રેલ્વે લાઈનનો કોન્ટ્રાકટ, જ્હોન બ્રણ્ટન અને વલિયમ બ્રણ્ટન નામના ઠેકેદારોએ રાખેલો.

હડપ્પાના ટીંબાનો પ્રથમ ઉલ્લેખ ચાર્લ્સ મૈશને ઈ.સ.૧૮૨૬ માં કર્યો. ત્યાર બાદ જનરલ કનિંઘમે ઈ.સ. ૧૮૫૩ અને ૧૮૭૩ માં આ ટીંબાનું સર્વેક્ષણ કર્યું.૧૮૭૫ માં કેટલીક મુદ્રાઓ સાથે આર્કિયોલોજીકલ સર્વે માં રીપોર્ટ છપાવ્યો. ૧૯૨૧ માં જ્યારે સર જ્હોન માર્શલ પુરાવત્વ વિભાગના મહાનિર્દેશક હતા ત્યારે રાયબહાદૂર સાહનીએ આનું ફરી સંશોધન કર્યું ૧૯૨૩-૨૫ દરમ્યાન ખોદકામથયું. ૧૯૨૬-૧૯૩૪ માં અહીં માધોસરૂપ વત્સના માર્ગદર્શનમાં ઉત્ખનન થયું અને મહત્ત્વના તથ્યોની જાણકારી ઉપલબ્ધ થઈ આ પ્રાચીન નગર ૫ કીમી. ના વિસ્તારમાં હતું એમ માની શકાય છે.

મુંએ જો દરો - મોહન જો ડેરોઃ

મુંએ જો દરો સિન્ધુ નદીના પૂર્વ કિનારા પર છે. સિંધુ નદીના પુરોથી ઘણીવાર ક્ષતિગ્રસ્ત આજે ય થાય છે. આ ટેકરો દક્ષિણમાં લગભગ ૬ મીટર અને ઉત્તરમાં ૧૨ મીટર જેટલો ઉંચો છે. સિન્ધી-કચ્છી ભાષામાં મુંએ=મરેલા, જો=નો અને ડરો=ઢોરો-નાનો ટેકરો એટલે કે ‘‘મરેલાનો ટીંબો’’ એવો સ્પષ્ટ અર્થ થાય છે. અને આ સ્થળ પ્રાચીન છે ઘણાં માણસો અહીં મરેલાં દબાઈ ગયા છે. એવી જાણ આસપાસના લોકોને પ્રથમથી હતી પરંતું પુરાતત્ત્વની દૃષ્ટિએ ૧૯૨૨માં પ્રથમ પરિચય આપનાર રાખાલદાસ બેનરજી હતા. અને અત્યાર સુધી થયેલા ખોદકામોમાં આ સ્થળે સિંધુ સભ્યતાનું સૌથી મહત્ત્વપૂર્ણ નગર છે. આ ટેકરા પર એક કુષાણ-કાલનો બૌદ્ધ સ્તૂપ હતો જેનું ઉત્ખનન બેનરજી કરાવી રહેલા તો તેમને સ્તૂપ નીચેથી હડપ્પામાં મળેલી મુદ્રાઓ જેવી વિશિષ્ટ મૃણમુદ્રાઓ મળી આવી. આ ખોદકામ પછી સર જોન માર્શલના માર્ગદર્શન નીચે ૧૯૨૨-૧૯૩૦ સુધી ચાલ્યુ અને ‘‘સિંધુ સભ્યતા’’ ના ઈતિહાસનું એક નવું પ્રકરણ ઉમેરાયું.

સિંધુ સભ્યતાનો વ્યાપ નકશા પરથી જાણી શકાશે છતાં ય જે મહત્ત્વના સ્થળોએ ઉત્ખનન દરમ્યાન એક સમાન અવશેષો પ્રાપ્ત થયા છે અને તેથી જે એક સમાન સભ્યતાનો વિકાસ-વ્યાપ થયો હોવાનું માની શકાય છે.

હાલ સિન્ધુ નદી પાકિસ્તાનના પ્રદેશોમાંથી વહે છે. એટલે રાજકીય ભૂગોળ પ્રમાણે પાકિસ્તાનના બલૂચિસ્તાન, સિંધ, પંજાબના કેટલાક સ્થળોએ સિંધુસભ્યતાના અવશેષો મળ્યા છે. તેમજ ૧૯૪૭ પછીના સ્વતંત્ર ભારતના કેટલાક રાજ્યોમાં આ સભ્યતાના અવશેષ પ્રાપ્ત થયા છે જેમાં ખાસ કરી રાજસ્થાન, પંજાબ, ગુજરાત, હરિયાણા, ઉત્તર પ્રદેશના રાજ્યો આવી જાય છે. રંગનનાથ રાવ આ સભ્યતાનો વિસ્તાર લગભગ પૂર્વથી પશ્ચિમ ૧૬૦૦ કિલોમીટર અને ઉત્તર થી દક્ષિણ ૧૧૦૦ કિલોમીટર નો વિસ્તાર માને છે. આ વિસ્તાર દુનિયાની અન્ય પ્રાચીન સભ્યતા સુમેર- મેસોપોટેમિયા (બેબિલોન-ઈરાકમાં) ઈજિપ્ત-મિસર અને પર્શિયાના ક્ષેત્રો કરતાં અનેક ગણો વિસ્તાર સિન્ધુ સભ્યતાનો છે.

સિંધુ સભ્યતાના આ લોકોએ વિજ્ઞાન, ટેકનોલોજી, ભાષા, લિપિ, નો અદ્‌ભૂત વિકાસ સાધ્યો હતો. નગર રચના અદ્‌ભૂત હતી, મકાનો મોટા ઓરડાવાળા ઉપરાંત બહુમાળી રચના પણ હતી રસ્તાઓ એક બીજાને કાટખૂણે કાપતા, ઘરમાં વપરાયેલા પાણીના નિકાલની વ્યવસ્થા હતી. ઘરેણાંઓનો ઉપયોગ થતો તેમાં સોનુ, અકીક, ચાંદી, સીસું, પથ્થર, મણકા, શંખ-છીપ વપરાતાં, સૂતરાઉ કાપડ, રમકડાં પણ ખૂબીથી બનાવવામાં આવતા. તોલમાપની વ્યવસ્થા ગોઠવાયેલી જેમાં વજનના ચોક્કસ પરિમાણો દરેક જગ્યાએ મળી આવ્યા છે ઈંટો બનાવવાના માપની ચોકસાઈ ઘણી છે. વિદેશો સાથે વ્યાપાર અને વહાણવટું થતું હોવાના પુરાવા મળ્યા છે. ગાય, ભેંસ, બકરી જેવા પ્રાણીઓ પાળવામાં આવતા, ગાય-વૃષભનું ખાસ મહત્ત્વ હતું જે મૃણમુદ્રાઓ પર અંકિત છે. અશ્વ ના ઉપયોગ કે અસ્તિત્વ વિષે કાંઈ જાણવાજોગ પુરાવાઓ સાંપટયા નથી તે ઉલ્લેખનીય છે. ખગોળના જ્ઞાનથી પણ આ સભ્યતાના લોકો પરિચિત હતા. સૌથી ચર્ચાસ્પદ બાબત સિંધુલિપિ છે. આ લિપિ હજી સુધી ઉકેલી શકાઈ નથી. વિદેશી વિદ્વાનો પણ આ લિપિ ઉકેલવામાં ખાસ અધ્યયન કરી રહ્યા છે. જેમાં ફિનલેન્ડના પારપોલા, અમેરિકાના ફેયરસર્વિસ જાનિયર અને વિત્ઝેલ અગ્રતા ક્રમે છે. રશિયન તથા ફિનલેન્ડના વિદ્વાનોનું માનવું છે કે સિંધુલિપિ આદ્ય-દ્રવિડિયન ભાષાનું સ્વરૂપ છે. વિદ્વાનોને કુલ ૨૮૮ થી વધુ સંજ્ઞાઓ મળી છે છતાં આજે પણ સિંધુલિપિનો ભેદ વણઉકલ્યો જ રહ્યો છે. અહીં આર્યો-આજ પ્રદેશના હતા. અહીંથી શિક્ષિત થઈ ઈરાન-

યુરોપ તરફ ગયા એવું માનનારો એક વર્ગ છે.બીજા વર્ગ આર્યો ઉત્તરધ્રુવના પ્રદેશો તરફથી અહીં આવ્યા છે એવું માને છે. સિંધુસભ્યતામાં ક્યાંય અશ્વનું સ્થાન નથી. આર્યો અને અશ્વો એક સિક્કાની બે બાજા જેવા છે. આ ચર્ચા આપણે યોગ્ય સ્થળે કરવાની છે. અત્યારે માત્ર એટલું કહી શકાય કે, સિંધુલિપિ અણઉકેલ રહી છે. છતાં તેના પર આદ્ય-દ્રવિડ ભાષાની છાંટ હોવાનું માનવું સત્યની વધારે નજીક જણાય છે. આપણા માટે સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે, સિંધુસભ્યતાના લોકો ક્યો ધર્મ પાળતા, ક્યા દેવોને પૂજતા, ઉત્ખનન દરમ્યાન મંદિરો કે પૂજા-ગૃહો મળ્યા છે કે નહીં ? તો એક વાત અત્યંત ધ્યાનમાં રાખવા જેવી કે સિન્ધુ સભ્યતાના અવશેષોની પૂર્ણ ચકાસણી કર્યા બાદ કોઈ ભવન એવું નથી મળ્યું જેને સર્વમાન્ય સ્વરૂપની મન્દિરની સંજ્ઞા આપી શકાય, જ્યારે સમકાલીન મેસોપોટેમિયાના ઉત્ખનનોમાં મંદિરના મહત્વપૂર્ણ અવશેષો અનેક સ્થળે મળ્યા છે જ્યારે સિન્ધુ સભ્યતામાં સ્ત્રીની અલંકૃત મૂર્તિઓ અને ક્યાંક બાળક સાથે સ્ત્રીની મૂર્તિઓ મળી આવી છે. જેને કેટલાક વિદ્વાનો માતૃપુજાના અવશેષો માને છે. (આજે પણ સમાજમાં કુળદેવીનું સ્થાન આ પ્રાચીન માતૃપૂજાનું મૂળ હોઈ શકે છે.) કેટલાક મૃણ્મય મુદ્રાઓ પર એક શીંગી પશુ અને વૃષભ ના ચિન્હો અંકિત થયા છે. વળી લિંગ અને યોનિના પ્રતિકો સંખ્યાબંધ સ્વરૂપે દરેક જગ્યાએ ઉત્ખનન દરમ્યાન મળી આવ્યા છે. જે શિવલિંગ સાથે અચૂક પણે સંકળાયેલા છે. આ પ્રતિકો જાતિયતાના પ્રતિકો હોવા છતાં નીરીશ્વરવાદી સાંખ્યના પ્રકૃતિ-પુરુષના પ્રતિકો છે. પ્રકૃતિ વિકારી અને પરિણામી છે. જેવી રીતે સ્ત્રીનું શરીર યુવાવયે સ્તન અને સગર્ભવસ્થા-પ્રસુતિ દ્વારા બાળક ને જન્મ આપે છે. તે વિકારી-પરિવર્તનશીલ અને પરિણામી ગુણો પ્રદર્શિત કરવા આદર્શ પ્રતિક છે જ્યારે પુરુષલિંગ અવિકારી અને અપરિણામી ચેતનતત્વનું પ્રદર્શન કરવા એકદમ વાસ્તવિક પ્રતિક છે. દુર્ભાગ્યે કેટલાક લોકોએ પ્રખર જાતિયતા, સ્વેચ્છાચાર, વ્યભિચારના તત્વો ઉમેરી અણગમો વ્યક્ત કર્યો છે, જે નરી મુર્ખતા છે. જાતિયતાની રીતે માનો તો પણ દરેક જીવને જાતિયતા માણતી વખતે પરમ આનન્દ પ્રાપ્ત થાય છે.

એક પ્રચલિત મુદ્રા પર પદ્માસનવાળીને બેઠેલી ત્રિમુખી-શીંગડાવાળી પુરુષ-આકૃતિ છે. કાંડાથી બાહુ સુધીની ભૂજા પર ચુડલીઓ લાગી છે. છાતી પર કવચ હોવાનો ભાસ થાય છે.જેની જમણી બાજા હાથી અને વાઘ, ડાબી બાજા ગેંડો અને ભેંસ છે જ્યારે આસન નીચે બે હરણ દેખાય છે. તથા અહીં પુરાલિપિમાં લખાણ છે જે ઉકેલી શકાયું નથી. આ ઉપરથી કેટલાકો આ આકૃતિને પશુપતિનાથ - શિવજી માને છે(જુઓ આકૃતિ-૧૧). એ સ્પષ્ટ છે કે શિવજી યોગના અધિષ્ઠાતા છે. વળી યોગ વડે હિંસક પશુઓને વશમાં રાખી શકાય અને અહિંસક પશુઓનો ભય દૂર કરી શકાય. તે યોગિક પરિણામ હિંસક અને અહિંસક પશુઓને યોગી પુરુષની આસપાસ બેસાડી દર્શાવવામાં આવ્યું છે. વાઘ સ્પષ્ટ રીતે હિંસક પશુ છે. જ્યારે હરણ-ભેંસ-હાથી વગેરે વાઘના ભક્ષ્ય અહિંસક પશુઓ છે. પરંતુ યોગ બળે ઉભયપક્ષો નિશ્ચિંત થયેલા છે. સંક્ષિપ્તમાં આ યોગનું પ્રતિક છે. અહીં એ કહેવું અસ્થાને નથી કે ઋગ્વેદમાં ક્યાંય સાંખ્યદર્શન અને યોગદર્શન ના તત્વો મળી આવતા નથી. વળી સાંખ્ય અને યોગનો આધાર કોઈ પણ સ્થળે ઈશ્વર નથી અર્થાત્ બંને દર્શનો મૂળમાં નિરીશ્વરવાદી છે અને સિન્ધુ સભ્યતા સાથે જાડાયેલા છે. તેમ નિર્વિવાદ પણે કહી શકાય.

એક મુદ્રા પર પીપળાની ડાળી અને અન્ય મુદ્રા પર "સ્વસ્તિક" 卐 નું ચિન્હ મળી આવ્યું છે.

એક મુદ્રા સાથે વેદની એક ઋચા જાડી દેવામાં આવે છે. પરંતુ તે અર્થહીન છે. મુદ્રા અને ઋચા ના ચિત્ર અને અર્થ અહીં આપ્યા છે. પરંતુ ઋચા પ્રમાણે આ બંને ચિત્રો પક્ષીઓના નથી. ચિત્રમાં સ્પષ્ટ રીતે શીંગડા અને કાન દેખાય છે. જે પક્ષીઓમાં હોતા નથી. કહે છે કે, આ ચિત્રમાં ઋગ્વેદના એક પ્રસિદ્ધ મંત્રનો સ્પષ્ટ સંકેત જોવા મળે છે.

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परि षस्वजाते ।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति ॥ઋગ્વેદ - ૧-૧૬૪-૨૦

એક (પ્રકૃતિ રૂપી) વૃક્ષ પર લગભગ એક જેવાં બે પક્ષીઓ જીવાત્મા અને પરમાત્મા બેઠાં છે. તેમાનું એક પક્ષી આ વૃક્ષના ફળોનો ભોગ કરી રહ્યું છે જ્યારે બીજાં તેનો ભોગ નહિ કરી કેવળ નિરીક્ષણ કરી રહ્યું છે. (હવે અહીં પક્ષી જ નથી! પછી બધી કલ્પનાના છેદ ઉડી જાય છે! જુઓ ચિત્ર-૧૨)

આટલું એમ કહેવા માટે પુરતું છે. સિન્ધુ સભ્યતા કોઈ નીરીશ્વરવાદી પ્રાકૃતિક તત્વજ્ઞાનથી પરિચિત હતી. અને યોગ વિષે તત્વતઃ જાણકારી હતી. સામે પક્ષે સાંખ્ય અને યોગ વિષે ઋગ્વેદમાં ક્યાંય ઉલ્લેખ માત્ર નથી.

સાંખ્ય દર્શન અને યોગદર્શન એક સમાન ભૂમિકા પર આગળ વધે છે. સાંખ્ય મનુષ્ય જાતિ સૃષ્ટિ (Universe) માં ક્યા તત્વોનું નિરીક્ષણ-અવલોકન પોતાના શરીરની ઈન્દ્રિયોના અનુસન્ધાને કરી શકે છે. તે તત્વોનું વર્ણન કરે છે. જેમકે, अष्टौ प्रकृतयः। षोडशः विकाराः। पुरुषः। આઠ પ્રકારની સૂક્ષ્મ અવ્યક્ત પ્રકૃતિ છે. સોળ પ્રકારની સ્થૂળ-વ્યક્ત પ્રકૃતિ છે. જે પ્રકૃતિના વિકાર છે. અને પુરુષ અર્થાત્ ચેતન તત્વ છે. ઈશ્વરવાદીઓએ પાછળથી પુરુષના ત્રણ અર્થો કર્યા છે. જીવ-ઈશ્વર-પરમેશ્વર, શાસ્ત્રોમાં જે તે અર્થ યોગ્ય જગ્યાએ! લગાડવાનો છે. જીવ-વૃક્ષરૂપ છે. ઈશ્વર-વનરૂપ છે અને વ્યષ્ટિ-સમષ્ટિ કહે છે અને પરમેશ્વર સૌનો નિયંતા છે. આ વાત સંદિગ્ધ છે. અસલમાં એક જ ચેતન તત્વ છે. જે અપરિણામી-અવિકારી-અવ્યકત છે.

યોગ સાંખ્યના તત્વોમાંથી માનવ-શરીર બન્યું છે. પ્રકૃતિના ત્રણ ગુણો સત્વ-રજસ-તમસ ના મળેલા જથ્થા અનુસાર જીવ-(દેહધારી-આત્માવાળું-ચેતનતત્વસાથે જોડાયેલું-શરીર) વર્તે છે અને સુખી-દુઃખી થાય છે. કોઈપણ જીવને દુઃખ ગમતું નથી આથી સુખ-મેળવવા માટે, દુઃખ દૂર કરવાના પ્રયત્નો અને વળી સુખ કાયમ જળવાય રહે તે માટેના પ્રયત્નો યોગ કહેવાય છે. આવી દુઃખમુક્ત સુખી અવસ્થામાં થયેલા ચિન્તનના પરિણામો સચોટ અને વાસ્તવિક હોય છે.

આટલી બધી વાત કરવાનો એક માત્ર ઈરાદો છે કે, સિન્ધુસભ્યતાના લોકો નિરીશ્વરવાદી-સાંખ્ય અને યોગના સંપૂર્ણ જ્ઞાતા હતા. આ વાતના સમર્થનમાં એટલું કહી શકાય કે, આજ સુધીના સિન્ધુ સભ્યતાના ઉત્ખનનો દરમ્યાન ક્યાંય મંદિર કે પૂજા-અર્ચનાનું સ્થળ મળી આવ્યું નથી. લિંગ અને યોનિ ના પ્રતિકો ઘણી મોટી સંખ્યામાં મળ્યા છે. આ પ્રતિકોને જાતિયતાને કે કામુકતાને બદલે અવિકારી-અપરિણામીપણાના પ્રતિક રૂપે નરલિંગ અને વિકારી-પરિણામીપણાના સૂચક તરીકે માદા-લિંગ કે યોનિ સાંખ્યના પ્રકૃતિ-પુરુષના પ્રતિક છેઃ જે વાત અગાઉ કહેવાઈ ગઈ છે.

ઉપરાંત સરળ આજીવિકા પ્રાપ્ત થાય તેવું પર્યાવરણ હોય ત્યાંના વસાહતી માનવોનું વલણ પરસ્પર પરોપકારી, સમાનતા, જ્ઞાનસંપાદન વૃત્તિવાળું, અને શાંતિપ્રિય-યુદ્ધવરોધી હોય છે. સામે પક્ષે જે ભૌગોલિક પ્રદેશોમાં કઠિન આજીવિકાવાળું પર્યાવરણ હોય તો, મનુષ્ય સ્વભાવ,સ્વાર્થીપણું, કુટિલતા, છેતરપિંડી, માલિકીહક્ક, ઉચ્ચ-નીચપણું, દાસત્વ, યુદ્ધ, સામ્રાજ્યવાદ વગેરે પરિબળોને સમર્થન આપે છે. જે આપણને સિંધુસભ્યતાના વિનાશના કારણોમાંથી સ્પષ્ટરૂપે જાણવા મળશે. હવે આપણે સિન્ધુસભ્યતાના વિનાશ માટેના પરિબળોનું અવલોકન કરીશું.

આવી વિકસિત, બુદ્ધિશાળી સભ્યતાનો અંત કેવી રીતે આવ્યો અને આટલા મોટા ભૌગોલિક પ્રદેશ પર કઈ એવી કુદરતી કે અકુદરતી ઘટના બની જેના કારણે આ સભ્યતાનો નાશ થયો અથવા છિન્ન-ભિન્ન થઈ નષ્ટપ્રાયઃ બની. ચોક્કસ પુરાવાઓના અભાવને કારણે, આપણે વિદ્વાનો દ્વારા થયેલા વિવિધ અનુમાનોનો આશરો લેવો પડે છે. અને આમાં સાચું કોણ? તેનું નિર્ધારણ જટિલ બની જાય છે.

ફેર સર્વિસ નામનો વિદ્વાન કહે છે કે, શહેરી સમાજ ની વ્યવસ્થા જટિલ હોય છે. પરિસ્થિતિઓમાં પરિવર્તન વધારે સમસ્યા ઉભી કરે છે. આથી શાસકીય સમતોલન શિથિલ થાય છે. અને સભ્યતાનો હ્રાસ શરુ થઈ જાય છે.

કેટલાક વિદ્વાનો વસવાટ અને જીવન સ્તર નીચે જતું હોવાનું નોંધે છે. આ વાત ઉત્ખનન-અવશેષો અને સ્થાપત્ય રચનાના શિથિલ અંગો પરથી નક્કી કરે છે. સિંધુસભ્યતા અને મેસોપોટેમિયા-સૂમેર સભ્યતા વચ્ચે થતા વિદેશ-વ્યાપાર માં છેલ્લે છેલ્લે એકદમઓટ આવી ગયેલી હોવાનું નોંધે છે અને સિંધુસભ્યતા કુશળ નેતૃત્વવિહોણી થઈ ગઈ હોવાનું માને છે.

કેટલાક વિદ્વાનો નૈતિક મુલ્યોનો હ્રાસ અને ચારિત્ર્યના પતનને કારણભૂત ગણે છે. વળી
કેટલાક કુદરતી પ્રકોપ ભારે વરસાદ-પુર-ભૂકંપ જેવી બાબતો ગણે છે. (આ જલદી માની શકાય તેમ નથી કારણ કે જે વિસ્તારમાં સિન્ધુ સભ્યતાનો વ્યાપ છે તે બધા સ્થળોએ એક સાથે આમ ન બની શકે.)

તેમ છતાં ગળે ઉતરે એવો એક વિકલ્પ એ છે કે, આ સિંધુ સભ્યતાના વિદ્વાન અને સુખી લોકોએ લડાઈ-ઝઘડા જાયા નહીં હોય. એટલે બાહ્ય આક્રમણકારીઓ સાથે સતત ઝઝૂમવામાં શક્તિહીન થઈ સ્થળાંતર કરી ગયા હોય. વળી આ વાત આર્યોના આગમનના સમય સાથે બરાબર બંધબેસતી આવે છે. ઈ.સ.પૂર્વે ૧૭૦૦ માં હાલ જે પ્રદેશોમાં ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન કૂળની ભાષાઓ બોલાય છે તે પ્રદેશોમાંથી ધસી આવી સિન્ધુસભ્યતાનો નાશ કર્યો, વસાહતો છિન્નભિન્ન થઈ ગઈ. કેટલાકો હિમાલયના* પહાડોમાં ચાલ્યા ગયા કેટલાક દક્ષિણભારત તરફ ખસી ગયા. બાકીનાઓએ આર્યો સાથે સમન્વયનો રાહ અપનાવ્યો. આ પ્રક્રિયા લગભગ પાંચસો વર્ષ સુધી ચાલી. છેવટે અનાર્યોની વિદ્વતા અને આર્યોની શક્તિ સાથે સમન્વય સધાયો જેના પ્રથમ પરિપાક રૂપે સંસ્કૃતભાષાની રચના થઈ જેમાં ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડ કૂળની ભાષાઓના શબ્દભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો અને વૈજ્ઞાનિક રીતે અથવા શાસ્ત્રીય રીતે ભાષાને *Well processed*-સંસ્કૃત કરવામાં આવી. અને આર્યોએ પોતાના દેવો, યોદ્ધાઓ અને વતનના ગીતોનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું જે ઋગ્વેદ તરીકે આજે પણ ઓળખાય છે. આ સમય ઈ.સ.પૂર્વે ૧૨૦૦નો છે.

આમ એક શિષ્ટ, બુદ્ધિશાળી પ્રજાએ રચેલી સભ્યતાનો અંત આવ્યો અને એક નવો સમન્વય યુગ શરૂ થયો.

વિદ્વાનો સિન્ધુસભ્યતા અને વૈદિક સંસ્કૃતિ વચ્ચે કેટલાક તફાવતો નોંધે છે:

૧. વૈદિક સંસ્કૃતિ ગ્રામીણ સંસ્કૃતિ લાગે છે જ્યારે સિન્ધુ સભ્યતાના લોકો સુનિયોજીત નાગરિક જીવનથી સારી રીતે પરિચિત હતા.

૨. આર્યો ધાતુઓમાં સોનું, ચાંદી અને લોહથી પરિચિત હતા પરંતુ સિંધુ સભ્યતાના લોકો સોના-ચાંદીનો તેમજ તાંબુ અને કાંસાનો ઉપયોગ કરતા. લોખંડથી પરિચિત નહોતા.

૩. સિંધુ સભ્યતામાં વૃષભનું સ્થાન હતું અશ્વનું જરાપણ નહીં. આર્યોને અશ્વોનું મહત્ત્વ હતું.

૪. વેદોમાં વાઘનો ઉલ્લેખ નથી. હાથીનો ઉલ્લેખ અલ્પ માત્રામાં છે જ્યારે સિંધુ સભ્યતામાં વાઘ-હાથીની મુદ્રાઓ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થઈ છે.

૫. આર્યો અસ્ત્રો-શસ્ત્રોનું નિર્માણ કરતા, રક્ષાના ઉપાયો માટે કવચ બનાવતા પણ સિન્ધુસભ્યતાના કોઈ પણ ઉત્ખનનમાં આવી વસ્તુઓ મળી નથી.

૬. સિન્ધુ સભ્યતાના સ્થળોએ સ્ત્રી-મૂર્તિઓ ઘણી સંખ્યામાં પ્રાપ્ત થઈ છે જે કદાચ માતૃપૂજાની પ્રણાલિ હોય, આર્યો પુરુષ દેવતાને વધારે મહત્ત્વ આપે છે.

૭. સિન્ધુ સભ્યતાના અવશેષોમાં યજ્ઞ-કુંડ કે યજ્ઞવેદીની રચના મળી નથી જેથી આ લોકો યજ્ઞથી અપરિચિત હશે.

૮. સિન્ધુ સભ્યતાના લોકો લિપિથી પરિચિત હતા, આર્યો લખવાનું જાણતા નહોતા.

૯. ઋગ્વેદમાં અનાર્યોના પુરો-નગરો-દુર્ગ તોડનાર ઈન્દ્રને પુરંદર કહ્યો છે.

૧૦. અનાર્યોના નાક ચપટાં હોવાનો ઉલ્લેખ છે કેટલીક મૂર્તિઓ પણ ચપટા નાકવાળી છે જ્યારે આર્યોના નાક ઉપસેલા-પ્રખર કહી શકાય. આ સિવાય ઘણા નોંધપાત્ર તફાવતો છે જે યોગ્ય સ્થળે તપાસીશું.

---

* હિમાલયના તિબેટ, નેપાળ, આસામ નાગાલેન્ડની પહાડીઓ સુધી આ અનાર્ય કિરાત જાતિ ખસી ગઇ.

પ્રકરણ - ૩ જું. માનવ સભ્યતા અને ધર્મ

આપણે હાલના બુદ્ધિશાળી માનવનું અસ્તિત્વ ઈ.સ.પૂર્વે છ હજાર થી આઠ હજાર વર્ષો દરમ્યાન થયું. તેવી તજજ્ઞોની વાત સ્વીકારી આગળ વધ્યા છીએ. અને જ્યારે માનવ, ભાષા-ભૂમિતિ-ગણિત અને લિપિ શીખ્યો ત્યારે વિચાર સંગ્રહની આપ-લે અને ભવિષ્યની પેઢી માટે ઉચ્ચ વિચારોના સંગ્રહનું કામ શક્ય બન્યું.

દુનિયામાં દરેક સ્થળે દરેક જીવજંતુ સુખ ઈચ્છે છે. આ પ્રાથમિક કુદરતી લાગણી છે. મનુષ્ય પણ સુખી જીવન ઈચ્છે છે. દુનિયાની મોટાભાગની સજીવ સૃષ્ટિની જીવનશૈલી સમૂહમાં રહેવાની છે. મનુષ્ય પણ સામાજિક

પ્રાણી છે. હવે સમાજમાં સુખેથી રહેવું હોય તો પરસ્પર પરોપકારી વલણ અનિવાર્ય છે સાથે સાથે પરપીડન પણ અટકાવવું પડે.

આ બાબતો આજીવિકાના સાધનો અને સંજાગો પર નિર્ભર છે. કુદરતી પ્રેરણા નથી. પરંતુ સમાજના સભ્યોએ સ્વીકારેલી પરસ્પર સમજાતિ સમાન છે. આ સમજાતિ એટલે જ ધર્મ. પરોપકાર કરવો અને પરપીડન અટકાવવું. એટલે ધર્મની લાંબી લચક વાખ્યાઓમાં ન પડતાં..... **परोपकार: पुण्याय पापाय परपीडनम्।** એટલું સ્વીકારી લઈએ તો પુરતું છે. આ માનવ-માનવ વચ્ચેની સમજાતિ થઈ પરંતુ અન્ય સજીવ-નિર્જીવ સૃષ્ટિ માટે એક બીજાં સૂત્ર સ્વીકારવું પડશે.... **सर्वेभूतहितरता:। गीता-५-२५। १२-४।** પૃથ્વી પર મનુષ્ય બધા પ્રાણીઓ કરતા બુદ્ધિશાળી અને શક્તિશાળી હોવાથી સર્વે ભૂતો એટલે કે બધી સજીવ-નિર્જીવ સૃષ્ટિની જવાબદારી મનુષ્યને સાંપી છે. જેથી પર્યાવરણ (જળ-વાયુ-પૃથ્વી) નું પ્રદુષણ અટકે અને Ecology ને ખલેલ ન પહોંચે. મનુષ્ય જે સમાજમાં રહે છે તે સમાજ પણ ગરીબ-અમીર, સુખી-દુઃખી, બળવાન-નિર્બળ, એવા દ્વન્દોમાં વહેંચાયેલો છે. આથી ચિત્તની શાંતિ રહેતી નથી અને દુઃખી થવાય છે. આ વખતે પણ પાતંજલ યોગસૂત્રનું એક સૂત્ર યાદ રાખવા જેવું છે. જેથી ચિત્તની શાંતિ થાય છે. સુખી થવામાં મદદરૂપ બને છેઃ

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ॥१-३३॥पातञ्जल योगसूत्र॥

સુખી માણસોની મૈત્રી કરવી, દુઃખી મનુષ્યો પ્રત્યે કરૂણા દાખવવી, પુણ્યશાળી મનુષ્યો જોઈ આનન્દ પામવો અને પાપીઓની ઉપેક્ષા કરવાથી ચિત્તની પ્રસન્નતા રહે છે.

આ જ સૂત્ર બુદ્ધે ચાર સ્કન્ધ તરીકે સ્વીકાર્યું છે. જે સામુહિક સુખની શોધમાં ઉત્તમવિચાર છે. (આપણે પુણ્યશાળીનો અર્થ પરોપકારી અને પાપીનો અર્થ પરપીડનકર્તા ગણવાનો છે.)

<u>પૃથ્વી પર માનવોની આજીવિકાના સાધનો અને સંજાગો દરેક સ્થળે સરખા નથી. આજીવિકાની વિષમ પરિસ્થિતિ રણમાં ઉગતી કાંટાવાળી વનસ્પતિની જેમ માનવસ્વભાવમાં કુટિલતા-સંગ્રહવૃત્તિ માલિકી હક્ક, ગુપ્તતા અને યુદ્ધખોર માનસ ઉભું કરે છે. આ કુદરતી પ્રક્રિયા છે. વળી આવા માનવ-જુથો સરળ આજીવિકાની શોધમાં સ્થળાંતર કર્યા કરે છે. આવે વખતે કુટિલતા અને લડાયકવૃત્તિનો વિકાસ વધુ થાય છે. વળી અન્ય માનવકૂળો સાથે સંકરતા થવાથી સારા-નરસા ગુણોના મિશ્રણવાળી પ્રજા વધતી જાય છે. આની અસર ધર્મ પર પડે છે. માનવસમાજના જુથોએ માની લીધેલા પરોપકાર અને પરપીડનના વલણો સંકુચિત થતા જાય છે. ક્યારેક તેમના જુથ પુરતા કુંઠિત થઈ જાય છે. આ સ્થિતિ વિવિધ પ્રકારના ધાર્મિક સંપ્રદાયો માટે ખૂબ અનુકૂળ થાય છે.</u>

હવે આપણે દરેક જીવ સુખ ઈચ્છે છે. મનુષ્ય પણ. આથી પરસ્પર પરોપકાર પ્રસરાવે અને પરપીડન અટકાવે તો ઘણી સરળતા થાય. પણ આમ નથી થતું, મનુષ્ય જાતિ આ સજીવ સૃષ્ટિમાં સૌથી વધુ બુદ્ધિશાળી છે અને દુઃખી પણ સૌથી વધુ છે. કઠોર કે સરળ આજીવિકાની બંને સ્થિતિમાં કેટલાક પ્રશ્નોના ઉત્તરો મેળવવા દુઃખી-દુઃખી થઈ જાય છે! આ વિશ્વ કોણે બનાવ્યુ? સજીવ સૃષ્ટિનું કારણ શું? આત્મા-મૃત્યુ-મૃત્યુ પછીની સ્થિતિ બધા અગમ્ય પ્રશ્નોના ઉત્તરો મેળવવા પ્રયત્ન કરે છે. આને આપણે ધર્મનો આધ્યાત્મિક વિભાગ કહીશું. (જો કે બુદ્ધ આવા પ્રશ્નોને વ્યાકૃત કહે છે. જેના ગમે તે જવાબ હોય! તમારા સંયમિત જીવન પર શું અસર પાડવાના છે!) આવા પ્રશ્નના ઉત્તરો એટલા સહેલા નથી, પણ કહેવાતા ધાર્મિક વડાઓ, તત્વજ્ઞાનીઓ પોતાનું સ્થાન ખોવા માંગતા નથી. એટલે કલ્પના અને તર્કના આશ્રયે આખું માળખું રચે છે. પછી તો પાપ-પુણ્ય-સ્વર્ગ-નર્ક-મોક્ષ-પૂનર્જન્મ-ઈશ્વર-ઈશ્વરના અવતારો-સંત મહંત-મસીહા-પયગંબર ની એક શૃંખલા રચવામાં આવે છે. પછી તેનું અસ્પષ્ટ, સંદિગ્ધ, રહસ્યમય, છલયુક્ત અને વિસ્તૃત સાહિત્ય ઘડી કાઢવામાં આવે છે. જે લોકો પર નિયંત્રણ રાખવા અને ધાર્મિકવડાઓની દિવ્યતા પ્રગટાવવા, ચમત્કારો સર્જવા, સ્વર્ગની લાલચ અને નર્કનો ભય દેખાડવા ખૂબ ઉપયોગી થાય છે. વળી પૂર્વજન્મ-પુનર્જન્મ અને ઈશ્વરના અવતારો તો ખરા જ! આ કેમ ચલાવી લેવાય છે, તેની ભૂમિકામાં કેટલાક પ્રશ્નો છે. તેના પર એક નજર નાખીએ.

સમાજમાં ઘણીવાર પરોપકારી અને પરપીડન ન કરતા હોય તેવા દુઃખી મનુષ્યો જાવામાં આવે છે. તેવી જ રીતે પરપીડન કરનારા મનુષ્યો સુખી સમૃદ્ધ જાવા મળે છે. આના ઉત્તર રૂપે આ કર્મફળના સિદ્ધાન્તની શૃંખલા

બને છે.

લોકો પૂછે છે, આ સૃષ્ટિ કોણે બનાવી?

ગુરુઃ ઈશ્વરે બનાવી છે! (ઈશ્વર કોણે બનાવ્યો છે એવું પૂછી શકાતું નથી!).

લોકોઃ ઈશ્વર કેટલાક પરપીડનમાં રાચતા લોકોને સુખી, અને કેટલાક પરોપકારી સજ્જનોને દુઃખી-ગરીબ શા માટે રાખે છે?

ગુરુઃ સુખી અને શ્રીમંત લોકો ગયા જન્મના સુકૃત્યો-પુણ્યનું ફળ ભોગવતા હોયો છે. અને જેઓએ ગયા જન્મે પરપીડન કર્યું હોય તેઓ આ જન્મે પરોપકારી હોવા છતાં દુઃખી-ગરીબ રહે છે.

લોકોઃ એટલે પરોપકારી રહેવા છતાં ય દરિદ્ર અને દુઃખી અને પરપીડન કરવા છતાંય સુખી અને શ્રીમંત!

ગુરુઃ જુઓ ઈશ્વર ન્યાયકારી અને કરૂણાનિધાન છે. આવતા જન્મમાં પરોપકારી દુઃખી લોકોને શ્રીમંતના ઘરે અવતાર મળશે. તે પહેલાં સ્વર્ગના સુખો પણ ભોગવશે, જ્યારે પરપીડન કરતાં સુખી-શ્રીમંત લોકો નર્કની યાતનાઓ ભોગવશે અને બીજા જન્મે ગધેડાનો અવતાર પામશે.

લોકોઃ ગધેડાની વસ્તી વધી ગઈ છતાં પાપ ઓછું ન થયું!

ગુરુઃ પૃથ્વી પર પાપ ઓછું કરવા અને સજ્જનોને ઉગારવા ઈશ્વર અવતાર લેશે. અથવા ઈશ્વરના અંશવાળા દૂત-સંત-મહંત અવતાર લઈ લોકોને પાપમુક્ત કરશે.....

આમ પાપ-પુણ્ય-સ્વર્ગ-નરક-મોક્ષ-પુનર્જન્મ-પૂર્વજન્મ ઈશ્વરના અવતારો-મસીહા-પયગંબર-સંત મહન્ત-ગુરુ-આચાર્યની એક શૃંખલા લોકોને મુરખ બનાવવા માટે અને ધાર્મિક નેતાઓ પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે કરશે. વળી શ્રીમંતો પાસેથી દાન મેળવી સ્વર્ગમાં પંચતારક સુવિધાઓ સાથેનો મોક્ષ અપાવી શકશે, જ્યારે ગરીબો પાસેથી શ્રમદાન મેળવશે અને અન્નદાનનો લાભ અપાવી વધુ ગરીબ કરી મુકશે!

આ કર્મફળના સિદ્ધાન્તની આશ્વર્યજનક શૃંખલાની એક કડી પણ લોકોને મુરખ બનાવવા અને ગુરુઓની દિવ્યતા સાબિત કરવા પુરતી હશે એના કેટલાક સ્પષ્ટ ઉદાહરણો ઈતિહાસના પાને છે.

<u>જૈન અને બૌદ્ધ ધર્મ નીરીશ્વરવાદી ગણાય છે.</u> બંને ધર્મોનો આધાર નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગના સિદ્ધાન્તો જ છે. જૈનો સિન્ધુસભ્યતાની પ્રજા હોવાનું નકારી શકાય નહીં. જ્યારે બુદ્ધનો સાંખ્ય અને યોગ આર્યો સાથે જાડાયેલો છે. <u>જૈનો અને બૌદ્ધો ઈશ્વર અને વેદને માનતા નથી, બહુ સારી વાત છે. પણ સ્વર્ગ-મોક્ષ અને પુનર્જન્મમાં માને છે. અહીં સાંખ્ય અને યોગનો દ્રોહ થયો અને ધાર્મિક વડાઓને દિવ્યતા પ્રાપ્ત કરવાનો અને રાજા-પ્રજાને મુરખ બનાવવાનો કીમિયો મળી ગયો.</u>

આ રીતે જગતના બધા મહાન મુખ્ય ધર્મો જ્યુડોઈઝમ, ખ્રિસ્ત અને ઈસ્લામ ઈશ્વરને માને છે અને સ્વર્ગ-પરલોક પુનર્જન્મને પણ આંશિક રીતે માને છે. એટલે આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, ખરેખર ધર્મ તો परोपकारः पुण्याय पापाय परपीडनम् । એટલો જ છે પરંતુ કાલ્પનિક અને સ્વાર્થસિદ્ધિ માટે ઉપજાવેલી કાઢેલી કલ્પનાઓ જ (પરલોક-પુનર્જન્મ-ઈશ્વર-અવતાર) પાપનું મૂળ છે. જે વિશ્વવ્યાપિ છે. વળી આ પદ્ધતિ રાજાશાહી-મૂડીવાદને ખૂબ જ અનુકૂળ છે; તેનું રૂપાળું નામ લોકશાહી કે સામ્યવાદ પણ હોઈ શકે.

એક માત્ર ચાર્વાક દર્શન વાસ્તવવાદી દર્શન છે જેમાં સાંખ્યદર્શનમાં થોડા ફેરફારો કરી પ્રાયોગિક રૂપ આપ્યું છે. પરંતુ આનાથી જૈન-બૌદ્ધ અને વેદિક ધર્મનો ટુંકમાં પ્રાચીન-ભારતના ત્રણેય મહત્ત્વના ધર્મોનો વિરોધી થવાને કારણે, ત્રણેય ધર્મોના વડાઓએ એકસંપ કરી ચાર્વાકોને જીવતા સળગાવી મુકેલા!

બુદ્ધે તો કબુલ કરેલું છે કે, ઈશ્વર, આત્મા, પરલોક, પુનર્જન્મની વાતો બકવાસ છે આપણે સંયમિત જીવન જીવી જનસમુહના સુખની વાત વિચારવાની હોય તેમાં આ જરાય ઉપયોગી નથી. પણ પાછળથી બુદ્ધના અનુયાયીઓએ પરલોક-પુનર્જન્મ-અવતાર સ્વીકારી પોતાના ધર્મને સામાન્ય સ્થિતિમાં મુકી દીધો!

<u>દરેક પ્રાણી અને મનુષ્ય પણ સુખ ઈચ્છે છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે. પરસ્પર પરોપકાર વર્તાવે અને પરપીડન અટકાવે તો ય ઘણું ! વિશેષ પર્યાવરણ અને Ecology ને ખલેલ ન પહોંચાડે તો ઉત્તમ. અને સમાજમાં સામુહિક શાન્તિ-સુખ માટે... ઈર્ષ્યા, અદેખાઈ, વેરઝેર ને બદલે.... સુખી માણસોની મૈત્રી, દુઃખી તરફ કરૂણા, પરોપકારી મનુષ્યો જાઈ આનન્દ પામવો અને પરપીડનકારીઓની ઉપેક્ષા કરવી જેથી ચિત્તની શાંતિ રહે.</u>

परोपकारः पुण्याय पापाय परपीडनम् । આટલો જ ધર્મ છે. સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. વળી જરાય અસ્પષ્ટ-સંદિગ્ધ-રહસ્યમય-છલયુક્ત કે વિસ્તૃત નથી. પરંતુ આ વાત ગેલેલિયોની પૃથ્વી આકાશમાં લટકી રહી છે તેવી છે, કોઈ સ્થાપિત હિતો સ્વીકારવા તૈયાર નથી!

==

પ્રકરણ - ૪ થું. સિન્ધુ સભ્યતાઃ સાંખ્ય – યોગ

ભારતીય દર્શનશાસ્ત્રમાં આસ્તિક પરંપરાઓમાં સામાન્ય રીતે ષડ્દર્શન માનવામાં આવે છે. અને તે.... સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વ મિમાંસા-ઉત્તર મિમાંસા એમ ત્રણ જોડી વૈદિક કે આસ્તિક દર્શનો છે. આસ્તિક શબ્દ સાપેક્ષ છે. જેમકે હિંદુઓ માટે જૈન નાસ્તિક છે અને જૈનો માટે હિન્દુઓ નાસ્તિક છે. પોતાની પરંપરાઓમાં આસ્થા ધરાવે તે આસ્તિક અને વિરોધી હોય અથવા આસ્થા-વિશ્વાસ ન રાખતો હોય તે નાસ્તિક.

આમ તો દર્શન શબ્દ **दृश्य पश्यति।** જોવું એ સંસ્કૃત ધાતુ પરથી આવેલો છે. પાંચેય ઈન્દ્રિયોમાં આંખથી વિષયોનું સ્પષ્ટ જ્ઞાન થાય છે અને જાનારને પોતાના માર્ગમાં સ્થિર રાખે છે. સત્યની વધુ નજીક હોય છે. સાક્ષી-સાક્ષાત્કાર વગેરે શબ્દ પણ स+अक्ष। આંખ સાથે જાડાયેલો છે. પ્રત્યક્ષમાં प्रति+अक्ष। આંખ સામે સૂચિત છે. છતાં ય સજીવ-નિર્જીવ સૃષ્ટિના ઉત્પત્તિ-સ્થિતિ વિનાશના તત્વોનું દર્શન કરવા માટે કુશાગ્ર બુદ્ધિ જ જરૂરી છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી આનું સરસ ઉદાહરણ છે.

દર્શનની સામાન્ય રીતે ત્રણ ભૂમિકા છે. શ્રવણ મનન અને ધ્યાન, અહીં પણ શ્રવણ શબ્દ સૂચિત છે. જે લોકો લખી, વાંચી નથી શક્તા તેઓ પણ લોકજીભે અને વિદ્વાનો પાસેથી તત્વનું જ્ઞાન સાંભળી તેના પર ચિન્તન કરી શકે છે. ચિન્તન-મનન કર્યા પછી લોક હિત અને આત્માના હિતમાં કેવા સારા નરસા પ્રતિભાવ પડશે તેના સાચા વિકલ્પો ધ્યાન દ્વારા મેળવવાના રહે છે. હવે જા કોઈ પણ તત્વજ્ઞાનના સાચા વિકલ્પો એક જ હોય તો આટલા બધા દર્શનોની શી જરૂર? સાચા વિકલ્પની ખરાઈ મોટે ભાગે પૂર્વગ્રહપીડિત હોય છે, જે પ્રવાહમાં જે સમાજમાં જે સંજાગોમાં જે પર્યાવરણમાં અગાઉ વિચારવામાં આવ્યું હોય અને તે સમાજના ધાર્મિક નેતા કે ગુરુમુખે કે લોકજીભે સાંભળેલું હોય તે તટસ્થ-સનાતન કે સર્વવ્યાપિ સત્ય હોતું નથી. આવે વખતે તત્વજ્ઞાન કે દર્શન આંધળાઓના હાથી જેવું સત્ય રજા કરે છે. જે આંધળાના હાથમાં હાથીની પૂંછડી આવી જાય છે. તેને હાથી દોરડા જેવો લાગે છે. જે આંધળો હાથીનો પગ પકડી ઉભો છે, તે થાંભલા જેવો હાથી કહેવાનો છે. સૌ આંધળાને મન પોતે માનેલો હાથી આખરી સત્ય છે! બધા આંધળા ભેગા થઈ પોતેજ સાચો હોવાનો દાવો કરે છે પરંતુ પોતે શા માટે એકબીજાથી જાદા પડે છે. તેની ચર્ચા ક્યારેય કરતા નથી.

"ઈશ્વર પાપીઓને નરકમાં નાખે છે અથવા હલકી યોનિમાં ફરી જન્મ આપે છે." એ એક તત્વજ્ઞાનનું તારણ છે. દેખાતી રીતે અહીં લોકો પાપ કરતા અટકે અને પરોપકારી વલણ અપનાવે તો પોતે અને સમાજ સુખી થાય એમ સૂચિત છે અને સમાજ માટે કલ્યાણ કારી તારણ છે. એમ માની લેવાયું છે. છતાં તે કાલ્પનિક અને સત્યથી દૂર નથી એમ ન કહી શકાય હવે જે દર્શનોએ ઈશ્વર-પાપ-નરક-હલકી યોનિ-પુનર્જન્મ બધું સ્વીકારી લીધું હોય છે અને તાત્વિક રીતે આને સત્ય સાબિત કરવાનું હોય છે. તેથી તે દર્શન પ્રમાણના ત્રણ પ્રકાર આપે છે. પ્રત્યક્ષ-અનુમાન અને આગમ. પ્રત્યક્ષ પ્રમાણ તો નજર સામે હોય છે. એટલે આપણે કાંઈ કહેવાનું હોતું નથી, અનુમાન પ્રમાણ એટલે ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય એમ માનવા કહે છે. અને ત્રીજાં આગમ પ્રમાણ છે અગાઉના કે હાલના ડાહ્યા માણસો- આપ્તજનો જે કહી ગયા છે તે સત્યના પુરાવા માટે ઉપયોગમાં લઈ શકાય. હવે ઈશ્વર-પાપ-પરલોક- પુનર્જન્મ માટે આગમ પ્રમાણ સિવાય કોઈ સત્ય પ્રમાણિત કરવાનો આધાર નથી. કારણ કે પ્રત્યક્ષ કે દૂરથી ક્યાંય ધુમાડા જેવું દેખાતું નથી! પણ શાસ્ત્રો કહે છે-આપ્તજનો કહે છે-વડીલો કહે છે એટલે આ વાત સાચી જ હોય. આવી શાસ્ત્રની સાબિતી બહુ રૂઢ થયેલી હોય છે. એને પડકારવામાં મોટું જાખમછે. જે ગલેલિયોએ સહન કરેલું!

*મોઝેઝની આ વાર્તાના ત્રણ રહસ્યો હિંદુ પુરાણોમાં ય છેઃ (૧) "યહુદી ગુલામોનું સંતાન મિસરના રાજા ફેરોહની હત્યા કરશે" એવી ભવિષ્યવાણી નિષ્ફળ બનાવવા ગુલામ યહુદીના તમામ બાળકોનો વધ કરવાનું ફરમાન જારી થાય છે. આવી જ વાત દેવકીનું કોઇ સંતાન કંસનો નાશ નોતરશે એવી આકાશવાણી સાંભળી કંસ દેવકીના તમામ સંતાનોનો નાશ કરે છે. (૨) મોઝેઝની ઇશ્વરીય શક્તિ ભાગતા યહુદી ગુલામોને જળમાં માર્ગ કરી આપે છે, તેવી જ રીતે કૃષ્ણને લઇ જતાં વાસુદેવને જમુનાના જળ રસ્તો આપે છે.(૩) ગુલામ યહુદીનું સંતાન મોઝેઝ નદીમાં તરતું મુકી દેવાય છે, જે ફેરોહની સ્ત્રીને મળે છે, જેવી રીતે કુન્તી કર્ણને નદીમાં તરતો મુકી દે છે. .... આ *Myth* ની સમાનતા આ પ્રદેશો સાથે આર્યોનો સંપર્ક પ્રસ્થાપિત કરે છે.

પૃથ્વી ગોળ છે. અને સૂર્ય ફરતી ફરે છે એનો વૈજ્ઞાનિક પુરાવા આપવા છતાં શાસ્ત્રમાં નથી લખ્યું એવું જ્ઞાન પ્રસારિત કરવાની સજા થવી જાઈએ એમ નક્કી થયેલું. સૌથી બળવાન આંધળો હાથીનું પુંછડું પકડી બેઠો હોય પછી સૌએ હાથીને દોરડા જેવો જ માનવો પડે! અખાની ભાષામાં....

જ્યાં જાઓ ત્યાં કૂડેકૂડ, સામસામે બેઠા ઘૂડ,

કો વાત આવી સૂરજની કરે, તે જઈને ચાંચ જ ધરે.

અમારે હજાર વર્ષ અંધારે ગયાં, અને તમે આવા ડાહ્યા ક્યાંથી થયા!

ઘૂવડના સમાજમાં તેમના બાપદાદાએ - ગુરુઓએ -ક્યારેય સૂરજ જાયો જ નથી પછી તેમને સૂરજની વાત કરીએ તો ગુસ્સે જ થાય ને!

આટલા કારણસર દુનિયામાં અસંખ્ય દર્શનો છે. સૌ પોતપોતાની રીતે બાલ કી ખાલ ઉતારે છે. જે હંમેશા અસ્પષ્ટ, સંદિગ્ધ, રહસ્યમય, વિસ્તૃત અને છળયુકત હોય છે.

તો સત્ય શું? " મહાભારત" સત્યની પ્રાથમિક વ્યાખ્યા નથી કરી શક્યું પરંતુ પાછલા બારણે સત્ય કેવું હોવું જાઈએ તે કહ્યું છે, અને આનાથી વિશેષ સ્પષ્ટ "સત્ય"ની પરિભાષા ક્યાંય નથી. એ શ્લોકાર્ધ નીચે મુજબ છે.

नासौ धर्मो यत्र न सत्यमस्ति। नतत्सत्यं यत्छलेनानुविद्धम्॥

એ ધર્મ નથી, જ્યાં સત્ય નથી. અને તે સત્ય નથી જે છળથી વીંધાયેલુ છે.

(છળથી વિંધાયેલું છે; તે ખબર ન પડે ત્યાં સુધી સત્ય જ રહે છે!)

એટલે દર્શનોના વિભાગ પાડવા પડ્યા છે, આસ્તિક દર્શનો અને નાસ્તિક દર્શનો. આસ્તિક દર્શનો આસ્થા પ્રસ્થાપિત કરવાના પૂર્વગ્રહથી પીડિત છે. નાસ્તિક દર્શનો આસ્થાને વ્યર્થ પ્રસ્થાપિત કરવાના પૂર્વગ્રહથી. હવે આસ્થામાં કઈ બાબતો સમાવાઈ છે. તેની સ્પષ્ટતા ક્યાંક થાય છે. આસ્થા ઈશ્વરમાં હોવી મુખ્ય છે. અને ઈશ્વર જ આ સૃષ્ટિનો રચનાર અને નિયંત્રણ કરનાર હોવો જરૂરી છે. દરેક ચેતન સૃષ્ટિમાં રહેલું ચેતનતત્વ એટલે કે દેહધારીઓમાં રહેલો આત્મા ઈશ્વરનો અંશ છે. આથી ઈશ્વર પરમેશ્વર કે પરમાત્મા પણ છે, ઈશ્વર નિયંત્રણ કરનાર હોવાથી, મનુષ્યના સારા-નરસા કર્મોનું વળતર પણ આપે છે. એટલે કે પરોપકારી પુણ્યાત્માઓ માટે મૃત્યુ પછી સ્વર્ગના સુખો! અને પરપીડનકારી મનુષ્યો માટે મૃત્યુ પછી નરકના દુઃખો! ઉપરાન્ત પુણ્યશાળીઓને શ્રીમંતો ના પરિવારમાં સુખી પૂનર્જન્મ, પાપીઓ માટે ગધેડાનો અવતાર પણ ઈશ્વર નક્કી કરી આપે છે. આમ છતાંય પાપ વધી જાય તો ઈશ્વર પોતે મનુષ્યનો અવતાર લઈ અથવા પોતાના સંદેશવાહકો મોકલી પાપ દૂર કરે છે.

જુઓ આ તદ્દન કલ્પના છે. એક ખોટી કલ્પનાના પ્રત્યુત્તર રૂપે આગળ ચાલે છે. અને આ એક છળયુક્ત શૃંખલા છે. અનો બચાવ એટલો જ છે કે સ્વર્ગની લાલચથી અને નરકના ભયથી અથવા હલકી યોનિમાં જન્મ મળવાની બીકથી પરપીડન કરતા લોકો પરોપકાર તરફ વળે અને પરોપકાર તરફ ન વળે તો ય પરપીડન કરતા અટકે! પણ આ વ્યવસ્થાનું નિયંત્રણ કપટી મનુષ્યોના હાથમાં જ આવી ગયું, તોફાની નિશાળીયો મોનીટર બની ગયો, પછી તો ખલાસ..... મનુષ્યોએ ચલાવેલી સુખની શોધ દુઃખની વણઝાર બની ગઈ. એટલે આપણે દર્શનોને આસ્તિક-નાસ્તિકમાં વિભાજન પાડીએ તે પહેલાં વાસ્તવવાદી દર્શનો અને કાલ્પનિક કર્મફળના સિદ્ધાન્તવાળા દર્શનો (છળયુક્ત દર્શનો કહીશું તો ખરાબ લાગશે) ને કાલ્પનિક દર્શનો કહીએ!

જગતના મહાન ધર્મો જ્યુડોઈઝમ, ખ્રિસ્તી, ઈસ્લામ સેમેટિક ધર્મો કહેવાય છે. ભારતીય ઉપખંડમાં વૈદિક-હિન્દુધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ મુખ્ય છે. આ બધાય ધર્મ ઈશ્વર અથવા પરલોક- પુનર્જન્મમાં એક યા બીજી રીતે માને છે. ઈશ્વરને માનવામાં મોટા જનસમુહને દુઃખ અને અમાનવીય યાતનાઓમાંથી મુક્ત કરી શકાતો હોય ત્યાં સુધી સારૂં જ છે. પણ પાછળથી જે આડઅસરો થાય છે. તે એટલી જ ભયંકર છે. જ્યુડોઈઝમ-ખ્રિસ્ત અને ઈસ્લામનો સંક્ષિપ્તમાં અભ્યાસ કરવા માટે ત્રણ અંગ્રેજી ચલચિત્રો જાવાથી ઘણું સમજાઈ જાય છે. પહેલું ચલચિત્ર "TEN COMMANDMENS" જેમાં *મોઝેઝ કે હજરત મુસા યહુદીઓના મસીહા છે અને પ્રાચીન મિસરના રાજાઓ ફેરોહ ની ગુલામીમાંથી ઈશ્વરીય ચમત્કારો વડે, યહુદી પ્રજાને મુક્ત કરાવે છે. અને હજરત મુસાને દસ ઈશ્વરીય આદેશોનો સાક્ષાત્કાર થાય છે. અહીં મિસરના ફેરોહ રામસે એક વખત મોઝેઝના હરીફ હોય છે. પરંતુ મોઝેઝ યહુદીનો પુત્ર હોવાનું જાહેર થતાં ફરી યહુદી-ગુલામ વસ્તીમાં મોકલી દેવાય છે. યહુદીઓના બાળકોમાંથી કોઈ મસીહા બનશે અને મિસરનું સામ્રાજ્ય વિખેરાઈ જશે એવી ભવિષ્યવાણીને લીધે ફેરોહ

યહુદીના બધા ય બાળકોના વધ કરી નાખવાનું ફરમાન કરે છે. આવા કેટલાય અમાનવીય અત્યાચારોમાંથી યહુદી ગુલામોને ઈશ્વરીય ચમત્કારો વડે ફેરોહની જોહુકમીમાંથી મોઝેઝ મસીહા બની મુક્તિ અપાવે છે.

તેવી જ રીતે રોમન સામ્રાજ્યની અમાનવીય ક્રુરતા યહુદીઓ પર વરસે છે. જીસસ ક્રાઈસ્ટ શૂળી પર લટકીને ય યહુદીઓને રોમનોના ત્રાસમાંથી મુક્ત કરે છે. તે દિવસે જ વરસાદ થાય છે. જેમાં રક્તપિત્તના રોગીઓ પણ રોગમુક્ત બને છે. આમ ઈશ્વરકૃપાથી સૌ દુઃખમુક્ત થાય છે. આ બીજું ચલચિત્ર છે. **Benhur**. માનવ પર માનવના અત્યાચારોનું તાદૃશ્ય નિરૂપણ છે.

આવી જ રીતે માનવતાના આધાર પર બનેલું ત્રીજું અંગ્રેજી ચલચિત્ર છે **Message** જેમાં ઈશ્વરના પયગંબર ઈશ્વરીય સંદેશો મોકલી, સ્ત્રીઓ અને ગુલામો પ્રત્યે માનવીય વ્યવહારો કરવા આરબ કબીલાઓને સમજાવે છે. તે વખતે અરબસ્તાનમાં સ્ત્રીઓની હાલત ગુલામડી જેવી કે તેથી ય બદતર હતી અને ગુલામોની હાલત તો બદતર હોય જ! હજરત મહમદ પયગંબર સાહેબે ગુલામો અને સ્ત્રીઓને માનવીય સમાનતા આપતો ઈસ્લામધર્મ સ્થાપ્યો. ખ્રિસ્તી ધર્મમાં ધાર્મિક વડા અને શાસકીય વડા વચ્ચે સત્તા અને સંપતિ માટે વિવાદ થતા હોઈ, ઈસ્લામમાં એ ભૂલ સુધારી શાસકીયવડા તે જ ધાર્મિક વડા બનાવાયા. <u>ધર્મની જવાબદારી પણ રાજ્યના વડાને સાંપવામાં આવી અને સ્ત્રીઓ અને ગુલામોની માનવીય સ્વતંત્રતાના ઈશ્વરીય પયગામ સાથે ઈસ્લામધર્મ સ્થપાયો.</u>

આટલા પરથી આપણે એટલું ચોક્કસ જાણી શકીએ કે શાસકો-સામંતો-રાજાઓ-સમ્રાટો-ફેરોની અમાનવીય ક્રુરતામાંથી ઉગરવા ઈશ્વર-ઈશ્વરના પયગંબર-મસીહા ખૂબ જ સહાયરૂપ બન્યા પરંતુ પાછળથી ઈશ્વરના બની બેઠેલા ઠેકેદારોએ આમજનતાને ઘણી ગેરમાર્ગે દોરી, છળકપટ વડે ધન અને સંપત્તિ એકઠા કર્યાં તે સર્વવિદિત ઈતિહાસ છે. જેથી એમ કહેવામાં સહેલું પડે છે કે પરપીડનવૃતિ દૂર કરી પરોપકારવૃત્તિ કેળવવામાં ઈશ્વર જેટલો સહાયભૂત થાય છે. તેટલો જ સામાન્ય માનવીને છેતરવામાં થઈ શકે છે. યુરોપમાં એક વખતે ખ્રિસ્તી ધર્મના વડાઓ તગડી ફી લઈ મૃતકો માટે સ્વર્ગમાં રીજર્વેશન કરાવી આપતા! ભારતમાં ગાયનું દાન કરવાથી વૈતરણી નદી તરી સ્વર્ગમાં જઈ શકાતું! ઈસ્લામની શરૂઆત સ્ત્રીઓ અને ગુલામોના સમાન અધિકાર માટે થઈ એ તે માટે યુદ્ધ પણ કરવા પડ્યાં પરંતુ પાછળથી જે લોકો ઇસ્લામધર્મને ન સ્વીકારે તે કાફર અને અમાનવીય છે. તેને ઈસ્લામનો અનુયાયી બળાત્કારે બનાવવો. પછી તો ઇસ્લામી શાસકો દુનિયાના તમામ રાષ્ટ્રો સાથે કાયમી યુદ્ધની ભૂમિકામાં આવી ગયા. આ સેમેટિક ધર્મોની કહાની છે. જે લગભગ ઈ.સ.પૂર્વે હજારેક વર્ષથી શરૂ થઈ છે.

સિંધુ સભ્યતા પર આક્રમણ કરનારા આર્યો અને સેમેટિક ધર્મ પાળનારાના પૂર્વજો એક જ પ્રજા હશે અથવા લાંબો સમય સાથે રહ્યા હશે. આ બાબત એક અધિકૃત પુસ્તક ''The Fountainhead of Religion'' માં સંકલિત થઈ છે. જે તેહરી-ગઢવાલ રાજ્યના ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રીયુત ગંગાપ્રસાદજીએ ઈ.સ. ૧૯૦૯ માં પ્રકાશિત કરેલું. પાછળથી ''ધર્મોનું આદિમૂળ વેદ'' નામથી આર્યસમાજે હિન્દી-ગુજરાતીમાં પણ પ્રગટ કરેલું. આ પુસ્તકમાં યહુદી-પારસી-ખ્રિસ્તી-ઈસ્લામના રિવાજો, ભાષાના ઉચ્ચારણો સાથે વૈદિક ધર્મના રિવાજોની આબેહુબ સરખામણી કરી છે. વૈદિક આર્યો ઈશ્વર-સ્વર્ગ-પુનર્જન્મની બાબતો પર ભાર મુકતા તે જ મોટું સામ્ય છે. આર્યોએ ઈ.સ.પૂર્વે ૧૭૦૦ માં સિંધુસભ્યતાનો ધ્વંસ કર્યો.અનાર્યોને હિમાલયની પહાડીઓમાં અને મોટા ભાગનાને દક્ષિણ ભારત તરફ ખદેડી મુક્યા. લગભગ ૫૦૦ વર્ષના સંઘર્ષ પછી આર્ય-અનાર્ય સમન્વય પ્રસ્થાપિત થયો અને દ્રવિડભાષાકૂળ, ઈન્ડોઈરાનીયન ભાષાકૂળ અને ઈન્ડોયુરોપિયન ભાષાકૂળની ભાષાઓનાં શબ્દભંડોળનો ઉપયાગ કરી સંસ્કૃત-Well processedભાષા બનાવી, વેદોની રચના કરી અને પોતાના મૂળ પ્રદેશોના કાવ્યો અને નેતાઓનીબહાદૂરીના વર્ણનો, શાસનના નિયમો, સ્વર્ગના સુખો અને સંપતિ મેળવવાની પ્રાર્થનાઓનું સંકલન કર્યું. જે હાલ ઋગ્વેદ તરીકે ઓળખાય છે. દરેક ભારતીય તત્વજ્ઞ લેખક, પોતાના પુસ્તકની શરૂઆત વેદના સંદર્ભથી શરૂ કરે છે. અને ઋગ્વેદ દુનિયાના સૌ પ્રથમ અને પ્રાચીન પુસ્તક તરીકે માને છે.

અહીં સુધી આપણે એવા સમાજના ધર્મોનો પરિચય મેળવ્યો જે વિશ્વભરમાં ફેલાયેલા છે અને ઈશ્વર-સ્વર્ગ-નર્ક અને પૂનર્જન્મ-પૂર્વજન્મ-ઈશ્વરના અવતાર-પયગંબર-મસીહા-માં સંપૂર્ણ કે આંશિક રીતે માનનારા છે. અને આપણે તે જાયું કે આ તદ્દન કાલ્પનિક અને છળયુક્ત રહસ્યમય શૃંખલા છે. એક જુઠ ને ઢાંકવા બીજાં જુઠ રચવામાં આવ્યાં છે. પણ આ વ્યવસ્થા શ્રીમંતો પાસેથી દાન મેળવવા અને ગરીબો પાસેથી શ્રમ-સેવા મેળવવા અને ક્રાંતિકારી વિચારો પેદા જ ન થાય અને મૂડીવાદી શોષણ ચાલતું રહે તે માટે ખૂબ જ અનુકૂળ છે. લોકો

પોતાની ગરીબી અને દુઃખો માટે ગયા જન્મના પાપોનું ફળ અને ઈશ્વરની મરજી ગણી લઈ મૂળ કારણ શોધવાનું હજીય ટાળે છે. શ્રીમંતો તો સ્વર્ગમાં સારી પંચતારક સુવિધા અને સુંદર અપ્સરાઓની સેવાનું રીઝર્વેશન મેળવવા અને ગરીબો ટકાવી રાખવા મોટાં દાન કરી રહ્યા છે.

આર્યોના આક્રમણ અને વિજય પછી પણ સિંધુ સભ્યતાના લોકો સાથે શું બાબતે સંઘર્ષ થયો તેની નોંધ ઈતિહાસકારોએ લીધી નથી. પ્રથમ તો સાંખ્યદર્શન અને યોગદર્શનની પ્રણાલિ સિંધુસભ્યતાના લોકોની દેન છે. સાંખ્ય અને યોગ માં ઈશ્વરની જરૂર પડતી નથી. સ્વર્ગ-નર્ક-પાપ-પુણ્ય-પુનર્જન્મ જેવી બાબતો એમાં સંભવી શકે જ નહીં. અથવા તો આવી બાબતો સમાવવા માટે ક્યાંય સ્થાન નથી. છતાં હાલ જે ઈશ્વર અને કર્મફળના સિદ્ધાંતમાં ઝબોળેલા સાંખ્ય અને યોગ મળે છે. તેમાં કૃત્રિમ રીતે આ બાબત ઘુસાડી દીધી છે. અથવા તો અસ્તિત્વ ટકાવી રાખવા ઉમેરી દેવાઈ છે. સૌ પ્રથમ સંઘર્ષ આર્યો ઈશ્વરમાં, દેવોમાં અને સ્વર્ગના સુખોની કાલ્પનિક માન્યતામાં રાચતા. જ્યારે અનાર્યો નીરીશ્વરવાદી હતા, આવા અનાર્યોનું એક જાથ આજે પણ ઈશ્વરમાં નથી માનતું. પોતાને હિન્દુ કહેવડાવતા પણ અચકાય છે તેઓ જૈન તરીકે ઓળખાય છે. અનાર્યો ગણતન્ત્ર શાસનપ્રણાલિમાં માનતા જ્યારે આર્યો સામ્રાજ્યવાદ અને રાજાશાહીમાં. અનાર્યો બહુપતિત્વ પ્રથા (Polyandry.)માં માનતા જ્યારે આર્યો એકપતિત્વ પ્રથા (Monogamy) કે બહુપત્નીત્વ (Polygamy) પ્રથામાં રસ ધરાવતા. આર્યો માલિકી હક્કના આગ્રહી હતા, અનાર્યો માનવતાવાદના હિમાયતી હતા.

વેદોમાં ખાસ કરી ઋગ્વેદમાં કોઈપણ જગ્યાએ સાંખ્ય કે યોગની વાતનો સંદર્ભ મળી આવતો નથી. એકેય મન્ત્ર કે ઋચા સાંખ્યતત્ત્વ કે યોગતત્ત્વનો નિર્દેશ કરતી નથી.

સાંખ્યદર્શનના આદિ વિદ્વાન કપિલમુનિને માનવામાં આવે છે. કપિલમુનિએ ષષ્ટિતન્ત્ર નામનો સાંખ્યદર્શનનો ગ્રન્થ લખેલો જે આજે અપ્રાપ્ય છે. અસલમાં જે તે વખતે શાસકો અને તે સમયના વિદ્વાનોને આ ગ્રન્થ અનુકૂળ ન હોવાથી, પ્રાપ્ય તેટલી પ્રતો બાળી મુકવામાં આવી હોય કે ગુમકરી દેવાઈ હોય. એવું આજે પણ બને છે. અને હસ્તપ્રતોના જમાનામાં વિદ્વાનો સિવાય અન્યો પાસે પુસ્તક જ ન હોય તેવા સમયમાં કોઈ પણ પુસ્તક ગુમકરી દેવું સહજ હતું. અને એક આ "ષષ્ટિતન્ત્ર" જ નહીં પણે અનેક શાસકો-વિરુદ્ધ વિચારધારાઓના પુસ્તકો ગુમ કરાવી શકેલા,

ચાણક્યના અર્થશાસ્ત્રનું પણ આમ જ થયેલું એમાં માત્ર આન્વીક્ષિકી ત્રણ છે સાંખ્ય- યોગ- અને લોકાયત.

सांख्य योगो लोकायतं चेत्यान्वीक्षिकी। कौटिलीय अर्थशास्त्र १-२ અને आन्वीक्षिकीऽप्रदीपः सर्वविद्यानाम्॥ न्यायभाष्य। १-१-१

ચાણક્યે લોકાયત દર્શન સાંખ્ય અને યોગ દર્શન ને જ સર્વ વિદ્યાઓમાં પ્રદીપ સમાન ગણી એટલો એનો દોષ હોવાથી ઈ.સ.પૂર્વે ૩૨૦ પહેલાં લખાયેલો કૌટિલીય અર્થશાસ્ત્રનો ગ્રંથ ગુમ થઈ ગયેલો તે છેક ઈ.સ.૧૯૦૯ માં મૈસુરના આર. રામશાસ્ત્રીએ પ્રગટ કર્યો. અર્થાત્ લગભગ ૨૦૦૦ વર્ષ દરમ્યાન અપ્રગટ રહ્યો! કૌટિલ્યના વિચારો વૈદિકોને અનુકૂળ હતા જ નહીં. કૌટિલીય અર્થશાસ્ત્ર રાજનીતિ અને દણ્ડનીતિની વાત કરતું; દોષિત રાજા પણ દંડપાત્ર હતો. પાછળથી મનુસ્મૃતિ માં રાજામાં ઈશ્વરીય તત્વનું આરોપણ કરી, દણ્ડનીતિ સમાવી લીધી અને વેદાનુકૂળ ગ્રન્થની સ્થાપના કરી.

દર્શન શાસ્ત્રો જ જો છળથી વીંધાયેલા હોય ત્યારે તત્વજ્ઞાનનો અર્થ રહેતો નથી. એક વ્યર્થ પ્રલાપ (બકવાસ) બની જાય છે. પછી નાના મોટા ભેદ ઉભા કરી નવા દર્શનો ઉભા કરવામાં આવે છે અથવા તો અણગમતા દર્શનોમાં પોતાનું છળ ઉમેરી દઈ વિવાદાસ્પદ બનાવી દેવામાં છે. આપણે સાંખ્યનું જ ઉદાહરણ લઈએ તો સાંખ્યનો પાયો જ નીરીશ્વરવાદી છે. હવે જો ઈશ્વર જ ન હોય તો પુણ્ય, સ્વર્ગ, મોક્ષ, પુનર્જન્મ હોઈ શકે જ નહીં. આથી સાંખ્યને દુષિત કરવા એક સૂક્ષ્મશરીરની કલ્પના કરવામાં આવી અને આત્માનું બહુત્વ ઉમેરી દીધું. પ્રમાણની વિચારધારા તો પહલેથી ત્રણેય પ્રત્યક્ષપ્રમાણ, અનુમાનપ્રમાણ અને આગમપ્રમાણ માને તે રીતે અનુકૂળ જ હતી, જ્યારે કાલ્પનિક છલયુક્ત બાબતો જેવી કે સ્વર્ગ-પુનર્જન્મ સાબિત કરવાના હોય ત્યારે આગમ પ્રમાણ રાખ્યું હોય અને આગમ લખનારા આપ્તજનો હોય અને એની કૃતિઓ વચનો બધું પ્રમાણભૂત જ હોય! (આગમ એટલે વેદ કરતા જુના શાસ્ત્રો અથવા અનાર્ય લોકોના શાસ્ત્રોએ સુચિત છે.) વેદને પ્રમાણ ગણવાના જ છે. પણ વેદ સિવાયના ય વેદાનુકૂળ શાસ્ત્રો એવો છળયુકત અર્થ અભિપ્રેત છે. ખાસ કરી જૈનોના અને તાંત્રિકોના શાસ્ત્રો આગમ તરીકે ઓળખાય છે. આગમને પ્રમાણ તરીકે સ્વીકારવાથી કાલ્પનિક બાબતો સહેલાયથી સાબિત કરી

શકાય છે. અને તેથી જ સાંખ્યદર્શન અને યોગદર્શનમાં ત્રણેય પ્રમાણ સ્વીકાર્યા છે. ઉપરાંત સાંખ્ય તો શરીરને પ્રકૃતિ-જડ તત્વોમાં બનેલું માને છે. અને માત્ર ચેતન તત્વની ઉપસ્થિતિ જ સજીવપણું બક્ષે છે. વળી ચેતન તત્વ અપરિણામી અને અવિકારી હોવાથી, શરીરના સ્વભાવ-વર્તન પ્રકૃતિના ગુણો સત્ત્વ-રજસ-તમસના જથ્થા પ્રમાણે થાય છે. જેમકે સિંહ જૈનો કે બૌદ્ધોની અહિંસાની તરફેણ કર્યા સિવાય ક્ષુધાતૃપ્તિ માટે મૃગની હિંસા કરી નાખે છે. સિંહોના કોઈ તત્વજ્ઞે હિંસા કરવાથી પાપ થાય અને નર્ક મળે પછી આવતો જન્મ હલકી યોનિમાં થાય એવું તારણ કાઢ્યું હોય. તેવું કોઈ શાસ્ત્ર-આગમ-પુરાણમાં અવલોકન નોંધાયું નથી! સાંખ્યમાં બધું પ્રકૃતિના ગુણોને સોંપી દીધું હોવાથી શું કરવું?! તો એક સૂક્ષ્મશરીરની રચના કરી અને આ સૂક્ષ્મશરીર જ્યારે સ્થૂળ શરીરનો નાશ થાય ત્યારે આ જન્મના પાપ પુણ્યનું પોટલું બાંધી આત્મા સાથે જાય અને આત્મા બીજા શરીરમાં પ્રવેશે ત્યારે તે નવા શરીરમાં પ્રવેશી ગતજન્મના કર્મો પ્રમાણે નવા સ્થૂળ શરીરને માર્ગદર્શન આપે! સાંખ્યના બીજા તટસ્થ તારણો સાથે આ સૂક્ષ્મશરીરની વાત જરાય બંધબેસતી નથી, છતાં કોઈ વિરોધ કરે તો તે ગુરુજન-આપ્તજન-શાસ્ત્ર-વેદ-આગમનો વિરોધ કરી રહ્યો હોવાનું કહી, દૂર્લક્ષ્ય સેવવામાં આવે છે.

આવું ઈશ્વરની બાબતમાં છે સાંખ્યમાં લખ્યું છે **इश्वरासिद्धेः।** એનો અર્થ ઈશ્વરનું અસ્તિત્વ પ્રમાણોથી સિદ્ધ થઈ શકતું નથી. એમ કહ્યું છે. એટલે ઈશ્વરનું અસ્તિત્વ તો છે જ પણ સાબિત થઈ શકતું નથી જો ઈશ્વરનું અસ્તિત્વ નકાર્યું હોત તો **इश्वराभावात्।** ઈશ્વરનો અભાવ છે. એમ લખ્યું હોત! આમ સાંખ્યદર્શન ન તો નિરીશ્વરવાદી છે નથી કર્મના સિદ્ધાન્તનું વિરોધી! (કારણ કે સૂક્ષ્મશરીર પુનર્જન્મમાં સારૂં કામકરે છે!) વળી આ સાંખ્ય દર્શનનો પ્રમાણિક ગ્રન્થ **सांव्यकारिका।** ઈશ્વરકૃષ્ણ નામના વિદ્વાને લખ્યો છે. <u>અહીં છળ એ છે કે સાંખ્યદર્શનને ઈશ્વરમાં ઝબોળી દીધું છે હવે નિરીશ્વરવાદી રહ્યું નથી એટલે આ ગ્રન્થ સળગાવો નહીં તો ચાલશે!</u> આપણને ખાસ કરી વૈદિક શાસકોને બધી રીતે અનુકૂળ છે. નવાઈની વાત એ છે કે સંસ્કૃતસાહિત્યમાં "સાંખ્યકારિકા" ના રચયિતા સિવાય કોઈએ **इश्वरकृष्ण।** નામ ભાગ્યે જ અપનાવ્યું છે! આમ હાલમાં પ્રાપ્ત થતું સાંખ્ય દર્શન ઈ.સ.પૂર્વે ૪૦૦ થી ૫૦૦ વર્ષ પહેલાં इश्वरकृष्ण। નામના વિદ્વાને ૭૨ कारिकाઓની રચના કરી सांव्यकारिका। લખી છે. આવું पातञ्जल योगदर्शन।માં પણ થયું છે. <u>યોગનો ઈશ્વર ગુરુઓનો પણ ગુરુ છે. સર્વજ્ઞ છે પણ સર્વસત્તાધીશ કે જગતનો નિર્માતા નથી!</u> આ બધા છળથી વીંધાયેલા સત્યો ન કહી શકાય?

જૈન અને બૌદ્ધ નિરીશ્વરવાદી અવૈદિક દર્શનો છે સાંખ્ય-યોગ તેના મૂળ આધાર છે. અને બંને ધર્મોનું વિપુલ સાહિત્ય પ્રાપ્ય છે. જ્યારે સાંખ્ય આધારિત ચાર્વાક દર્શનનું સાહિત્ય મળતું નથી. આનુ મુખ્ય કારણ ચાર્વાક દર્શન માત્ર ઈશ્વરનો જ નહીં પણ આખા કાલ્પનિક-છળયુકત કર્મના સિદ્ધાન્તનો જ વિરોધ કરે છે. આ કર્મનો સિદ્ધાન્ત અર્થાત્ ઈશ્વર-પાપ-પુણ્ય-મોક્ષ-સ્વર્ગ-નર્ક-પૂનર્જન્મ-પૂર્વજન્મ-ઈશ્વરના અવતાર-પયગંબર-મસીહા-ગુરુ-સંત-મહંત-મઠાધીશ-પોપ-મૌલવીની લાંબી શૃંખલા ધરાવે છે. શૃંખલા એટલા માટે કે એક છળ ને ઢાંકવા બીજા કાલ્પનિક છળ ઉભું કરવામાં આવ્યું છે. વળી આ સિદ્ધાન્ત દુનિયાના દરેક ધર્મોમાં પૂર્ણ કે આંશિક રીતે સ્વીકારાયો છે. જો કે આ શૃંખલામાં દરેક કડી છળથી વીંધાયેલી હોવાથી પૂર્ણ કે આંશિક જેવું રહેતું નથી. જનસમાજને છેતરવા માટે આ રહસ્યમય શૃંખલાની એક કડીનો ઉપયોગ પુરતો છે. ચાર્વાકે આ કાલ્પનિક સિદ્ધાન્તનો વિરોધ કર્યો, તો જૈન અને બૌદ્ધ અવૈદિક હોવા છતાં વૈદિકો સાથે ચાર્વાકના વિરોધમાં સહકાર આપેલો અને જૈન બૌદ્ધ ત્યા વૈદિકો આ મળીને ચાર્વાકનું સાહિત્ય બાળી દીધું. ચાર્વાકોને ઉતારી પાડ્યા, તો ક્યાંક જીવતા સળગાવી દીધાના ઉલ્લેખો શાસ્ત્રોમાં છે. કારણ કે, <u>ચાર્વાકે ઈશ્વર ઉપરાંત કર્મના સિદ્ધાન્તનો ય વિરોધ કરેલો જે આ ત્રણેય ધર્મોનું લોકો પર શાસન ટકાવી રાખવાનું મુખ્ય બળ હતું.</u>

સાંખ્ય અને યોગ દર્શનો સિન્ધુ સભ્યતાના લોકોનું તટસ્થ અને ઈશ્વર-સ્વર્ગ-પૂનર્જન્મસિવાયનું સ્પષ્ટ, નિખાલસ અને છળથી વીંધાયેલું ન હોય તેવું તારણ હતું. વાસ્તવમાં <u>સાંખ્ય આપણા પર્યાવરણ અને વિશ્વને માનવ શરીરના અનુસન્ધાને અવલોકે છે જ્યારે યોગ માનવ-ચિત્ત પર જડ-ચેતન ની અસરોના અભ્યાસ વડે સુખમય અને જ્ઞાનયુક્ત જીવન જીવવાના ઉપાયો છે. જેમાં ઈશ્વરની ક્યાંય જરૂર પડતી નથી.</u> અગાઉ દરેક ધર્મોને પોત-પોતાની કલ્પના અનુસાર પૃથ્વી કેમ બની કે વિશ્વ કેમ બન્યું તેની વાર્તાઓ હતી. જેમાં કોઈ ન કોઈ ઈશ્વર કે

બ્રહ્માએ સૃષ્ટિની રચના કરી હોવાનું શાસ્ત્રો જણાવતા. પરંતું સાંખ્યે કહ્યું કે, વિશ્વમાં જડ અને ચેતન બે જ વસ્તુ છે. ચેતન અપરિણામી અને અવિકારી છે. માત્ર તેની ઉપસ્થિતિ જ પર્યાપ્ત છે. જડ-પ્રકૃતિ પરિણામી અને વિકારી છે. વિશ્વ સૂક્ષ્મથી સ્થૂળ તરફ ગતિ કરે છે ત્યારે સૃષ્ટિની રચના થાય છે. અને જ્યારે સ્થૂળથી સૂક્ષ્મતરફ ગતિ કરે છે. ત્યારે પ્રલય થાય છે. પંચમહાભૂતોનો ક્રમપણ સૂક્ષ્મતાથી સ્થૂળતા પ્રદર્શિત કરે છે. આકાશ સૌથી સૂક્ષ્મછે. અને પૃથ્વી સૌથી સ્થૂળ વાયુ,અગ્નિ,જળ સૂક્ષ્મથી સ્થૂળના ક્રમમાં છે. એકવાર સૃષ્ટિની રચના થઈ જાય પછી સ્થૂળતા માંથી સૂક્ષ્મતા તરફ વિશ્વ જાય થે અને તેને પ્રલય કહેવામાં આવે છે. સાંખ્યે કાળ-સમય અને દિશાને તત્વ ગણ્યા નથી તે ઉલ્લેખનીય છે. આઈનસ્ટાઈન અને બીજા વૈજ્ઞાનિકો સાપેક્ષવાદના આધુનિક સિદ્ધાન્તમાં કાળને મુખ્ય ગણી સિદ્ધાન્ત ચર્ચે છે. તારાઓના મૃત્યુ અને જન્મની Theoryમાં પણ સૌ પ્રથમવાદળો હોય છે પછી ગાઢવાદળો બને છે. પછી પ્રવાહી અને ઘન પદાર્થ બને છે. સાદા બરફનું ઉદાહરણ પર્યાપ્ત છે. સૌ પ્રથમવાયુ-વરાળમાંથી પ્રવાહી પાણી અને પછી ઘન બરફ બને છે. ફરી પાછું બરફમાંથી પાણી અને પાણીમાંથી વરાળ - વાયુ બને છે. તેવી જ રીતે વિશ્વમાં સૂક્ષ્મમાં થી સ્થૂળ બનતા પૃથ્વીને આશરે ૪-૫ Billion વર્ષોથી વધારે સમય લાગ્યો છે. જો કે અહીં સમયની કિંમત નથી! **सांख्यदर्शन।** ના **तत्त्वसमास।**ના કપિલમુનિકૃત ૨૨ સૂત્રોમાં આ સૃષ્ટિ પ્રલયની વાતનો જન્કષ્ઠિ **संचर प्रतिसंचर।** સૂત્રથી નિર્દેશ કર્યો છે. **सांख्यदर्शन।** એવી રીતે યોગ દર્શન પણ ઈશ્વર, સ્વર્ગ, અને પુનર્જન્મને છોડી દઈને પણ સારાં અને સાચા પરિણામો મેળવી આપે છે.

સાંખ્ય અને સામ્યવાદઃ આધુનિક સામ્યવાદના પ્રણેતા કાર્લમાર્કસ ગણાય છે. તેમણે ઔદ્યોગિક સંસ્કૃતિ અથવા મૂડીવાદી સભ્યતા દ્વારા થતા માનવીય શોષણ સામે ખૂબ જ ચિન્તન કર્યું છે. અને સમગ્ર વિશ્વમાં મજારોની માનવીય સ્થિતિ સર્જવા માટે પ્રયત્ન કરેલો છે. પરંતુ તેઓએ હંમેશા મૂડીની સમાન વહેચણી અને માનવશ્રમ વિષેનું ચિન્તન કર્યું છે. ઔદ્યોગિક સંસ્કૃતિના અન્ય દુષણો ધ્યાનમાં લીધા નથી. એટલે લોકશાહીમાં જે સત્તા મૂડીપતિઓ પાસે હતી તેવી જ સત્તા સામ્યવાદમાં અધિકારીઓ અને શાસકો પાસે ગઈ, ફરી પાછો નફો કેન્દ્ર સ્થાને આવી ગયો એક દ્વિતિયાંશનું પાંચ દશાંશ જ થયું. સાંખ્ય દૃષ્ટિ સંપૂર્ણ પણે માનવતાવાદી અને માનવી અને અન્ય સજીવ-નિર્જીવ સૃષ્ટિ સાથે સમતૂલા સાધે છે. જે મૂડી-શ્રમ-નફા કરતાં કાંઈક વિશેષ છે.

માનવતા કેન્દ્રમાં રાખી સાંખ્યદૃષ્ટા સિંધુ સભ્યતાના સમાજમાં ગણતંત્ર શાસન પ્રણાલિનો વિકાસ થયેલો. જે ભારતમાં ઈ.સ .પૂર્વે છઠ્ઠી સદી સુધી ગણરાજ્યો પ્રચલિત હતા. પરંતુ મગધના હર્યંક, શિશુનાગ, નંદ અને મૌર્ય વંશના રાજાઓએ મોટાભાગના ગણ રાજ્યોનો નાશ કર્યો, જે થોડાઘણા ગણરાજ્યો બચી ગયેલા તેનો પણ છેવટે મગધના ગુપ્તવંશના સમ્રાટોને હાથે નાશ થયો.

સાંખ્ય અને સમાજઃ સાંખ્ય અને યોગ સંક્ષિપ્ત અને માનવતાલક્ષી દર્શનો છે. સાંખ્ય માનવશરીરના સંદર્ભે વૈશ્વિક પર્યાવરણનો પરિચય કરેલ છે. જ્યારે યોગ માનવ-મન એકાગ્રતા વડે કોઈપણ પદાર્થનું તાત્વિક અને તલસ્પર્શી સંપૂર્ણ જ્ઞાન મેળવી શકે છે. એટલે સાંખ્ય અને યોગના જ્ઞાનમાં કુટિલતાને અવકાશ નથી. આથી સાંખ્ય દૃષ્ટિઓ સ્ત્રીને માલિકીપણાની દૃષ્ટિથી ન જાતાં સ્વતંત્ર અને સમાન માનવતાના સંદર્ભે જાએ છે. અને આથી બહુપતિત્ત્વ વાળી સમાજ વ્યવસ્થા સ્વીકાર્ય ગણી છે. ઈશ્વર, પરલોક, પૂનર્જન્મ અને અવતાર સ્વીકારનારા દરેક ધર્મોએ સ્ત્રી પર માલિકીભાવ ઠોકી બેસાર્યો છે. જે મનુસ્મૃતિના એક શ્લોકથી સ્પષ્ટ થઈ જશે :

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने। रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यं अर्हति ॥

બાળપણમાં સ્ત્રીનું રક્ષણ પિતા કરે છે. યુવાનીમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રો સ્ત્રીનું રક્ષણ કરે છે. સ્ત્રીને સ્વાતંન્ત્ર્ય આપવું યોગ્ય નથી.

વિશ્વના તમામ દેશોએ સ્ત્રી ઉપરનો માલિકી હક્ક જતો ન રહે તેવી રીતે કાયદા બનાવ્યા છે. સમાજે તેને અનુરૂપ રીતરિવાજો ઘડ્યા છે.

ભારતમાં તો દોઢ બે સદી પહેલાં સતી થવાની (પતિના મૃત્યુ પછી સાથે સ્ત્રીએ પણ જીવતા બળી મરવું.) પ્રથાનું ધાર્મિક મહત્ત્વ હતુ. જે સ્ત્રીઓ પર પુરુષોના માલિકી હક્કની ચરમસીમા સમાન હતું.

આજે વિકસિત દેશોમાં સ્ત્રીઓ સ્વતંત્ર છે પણ ઓછા વસ્ત્રો પહેરી લોકોનું મનોરંજન કરાવવા કે જાહેરાતોની સુંદરતા વધારવા! અથવા પુરુષ સમાન વ્યવસાયોમાં ભાગ લઈ મજુરીના દર ઘટાડવાની સ્વતંત્રતા દેખાય છે.

અગાઉ ભારતમાં દેવદાસીપ્રથા સામે ચળવળો ચાલતી આજે કોલગર્લ અને પોર્ન કલાકારોનું સમાજમાં ક્યાં સ્થાન છે તે વિષે કોઈ ચિન્તિત નથી! આધુનિક સમાજમાં પણ પુરુષ સ્ત્રી પરનો માલિકી હક્ક જતો કરવા જરાય તૈયાર નથી.

ભારતમાં સ્ત્રીઓ પર શું વીત્યુ છે તેનો ઈતિહાસ તપાસો તો.... ઈ.સ.પૂર્વે ૧૨૦૦ની આસપાસ આર્ય-અનાર્ય સમન્વય સમયે કેટલાક રૂઢિચુસ્ત આર્યો શ્યામવર્ણની સ્ત્રીઓ સ્વીકારવા તૈયાર નહોતા! તેથી બાળલગ્નો શરૂ થયા, સ્ત્રીઓને ધાર્મિક વિધિમાંથી, શિક્ષણમાંથી બાદ કરવામાં આવી. Monogamy કે Polygamy માટે આ યુદ્ધ Polyandry અને શ્યામવર્ણ સામે હતું. આમાંથી વર્ણવ્યવસ્થા જન્મી અને સ્ત્રીઓ પરના નિયંત્રણો વધુ કડક થયા. એવામાં બુદ્ધે સ્ત્રીઓને સમાનતા આપી અને ભિક્ષુણિઓ થઈ ધર્મકાર્યમાં ભાગ લેવાની સ્વતંત્રતા આપી. જેની પ્રતિક્રિયા રૂપે વૈદિકોએ સતી પ્રથા અમલમાં મુકી, (બૌદ્ધ ધર્મ નબળો પડ્યા પછી તુરત જ) અને સતીપ્રથા ઢીલી પડતાં ઘોર વિધવા વ્યવસ્થા!

જો માનવીય વલણો ધ્યાનમાં રાખો તો સ્ત્રી સંસારચક્રનું અર્ધું અંગ છે. વળી ભૌતિક સંપતિ નથી સજીવ માનવ છે. તેમ છતાં ભારતમાં છેલ્લાં ૩૨૦૦ વર્ષ થી લાગલાગટ સ્ત્રીઓ પર અત્યાચાર જ થયો હોય પછી આને ધર્મ કેવી રીતે કહી શકાય! વળી નવાઈની વાત છે કે આવા ૩૨૦૦ વર્ષ દરમ્યાન રાજા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સિવાય કોઈ વિદ્વાનોએ આ બાબતમાં જરાય રસ લીધો જ નહીં. માત્ર બૌદ્ધ ધર્મની હયાતિ દરમ્યાન સતીપ્રથાનો અમલ ન થઈ શક્યો! સ્ત્રીઓને ખરેખર ભરમાવી રાખવામાં આવી. यत्र नार्यस्तु पुज्यन्ते तत्र रमन्ते देवता। જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ આનન્દ પામે છે. પણ નારી વિધવા થાય તો મુણ્ડન કરાવી શણગારો ઝુંટવી લઈ અસ્પર્શ્ય અને અપશુકનિયાળ ગણવામાં જરાય ખચકાટ નહીં. નારી-પૂજા તો એકબાજુ રહી, અવગણનાની ચરમસીમા!

===

પ્રકરણ - ૫ મું. આર્ય - અનાર્ય

ઈ.સ.પૂર્વે ૩૫૦૦માં સિન્ધુ સભ્યતાનો સંપૂર્ણ વિકાસ થઈ ચુક્યો હતો. આ જ વખતે અન્ય માનવ સભ્યતાનો વિકાસ પણ પૃથ્વી પર થવા લાગ્યો હતો. કારણ કે કુદરતી રીતે એવી માનવ પ્રજાતિ વિકસિત થઈ જેને ભાષા-લિપિ-ભૂમિતિનું વ્યાજબી જ્ઞાન હતું અને વિચારો વહન કરવાની અને આવતી પેઢી માટે વિચારો સંગ્રહિત કરવાની વ્યવસ્થા ઊભી થઈ શકી હતી. સિન્ધુ સભ્યતાની આજાબાજા પણ સમકાલીન સભ્યતાઓ વિકસિત થયેલી. જેમાં પશ્ચિમ એશિયામાં આવેલો મેસોપોટેમિયાનો પ્રદેશ યુફ્રેટિસ અને ટાઈગ્રીસ નદીઓ વચ્ચે આવેલો છે જે હાલમાં ઈરાક તરીકે ઓળખાય છે. ત્યાં માનવ વસવાટ માટે જરૂરી સાધનો સહેલાયથી પ્રાપ્ય હતા. આ ફળદ્રુપ પ્રદેશમાં સુમેર પ્રજાની સંસ્કૃતિ નો વિકાસ થયેલો અને તેના પાયા પર અક્કડ, બેબિલોન, એસીરિયન,ખાલ્ડિયન વગેરે સભ્યતાનો વિકાસ થયેલો. ઈ.સ.પૂર્વે ૫૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૩૬૦૦ દરમ્યાન વિકસિત સુમેરિયન સભ્યતા અને સિન્ધુ સભ્યતાને વ્યાપારી સબંધો હતા તેવું માની શકાય તેમછે. આ જ દિવસોમાં ઈજિપ્તની સંસ્કૃતિનો વિકાસ પણ નાઈલ નદીના કિનારે થઈ ચૂક્યો હતો. ઈ.સ.પૂર્વે ૩૪૦૦ માં દક્ષિણ ઈજિપ્તના રાજા મેનિસે ઉત્તર ઈજિપ્ત જીતી લીધું હતું અને ઈ.સ.પૂર્વે ૩૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૨૫૦૦ દરમ્યાન ઈજિપ્તના મહાન પિરામિડોની રચના થઈ હતી.

લગભગ આ સમયે ઉત્તર ધ્રુવની આજાબાજાના પ્રદેશમાં એક માનવસમાજનો ઉત્કર્ષ થયો. પરંતું આ તરફના વિષમ હવામાનના કારણે, આજીવિકાના સરળ સાધનોના અભાવને કારણે, લાંબો સમય સ્થિર વસવાટ થઈ શક્યો નહીં અને સ્થળાંતરની પ્રક્રિયા ચાલુ રહી. પાછળથી આ સમાજ આર્ય તરીકે ઓળખાયો. ભારતના ખ્યાતનામ વિદ્વાન બાલ ગંગાધર તિલક પોતાના પુસ્તક Arctic Home in Veds માં આર્યોને ઉત્તરધ્રુવ નજીકથી સ્થળાંતર થયા હોવાનું માને છે. ઈરાનના જરથોસ્તી આર્યો અગાઉ જ્યાં બે જ મહિના ઉનાળો હતો તેવા પ્રદેશમાંથી આવ્યા હોવાનું સૂચન કરે છે. આર્ય હિકસોસે ઈ.સ.પૂર્વે ૧૭૮૮ થી ૧૫૦૦ સુધી ઈજિપ્તમાં રાજ્ય કરેલું અને ત્યાં જ વસવાટ કરેલો. મિસરની પ્રજાને અશ્વો અને રથનો પરિચય કરાવ્યો. તુર્કસ્તાનના બોગાઝકુઈ ગામે જુની અસીરીયન ભાષામાં કીલાક્ષરો (Cuniform) દ્વારા લખાયેલી મૃણ્મુદ્રાઓ મળી આવેલ છે. જેના પર હિટ્ટાઇટ અને મિટન્ની નેતાઓ સુપ્પીલુલીયમ-શટ્ટીવાઝ ના સંધિકરારમાં મિત્ર-વરૂણ-ઇન્દ્ર અને નાસત્યૌ(અશ્વિનૌ)

નામના વૈદિક દેવોનો ઉલ્લેખ ઈ.સ.પૂર્વે ૧૪૦૦ તે વિસ્તારમાં આર્યોનું વર્ચસ્વ સ્થાપિત કરે છે. આમ આર્ય તરીકે ઓળખાતી પ્રજાએ ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી યુરોપ-એશિયામાઈનોર-ઈરાન-ઈજિપ્ત સુધી ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન સ્થળાંતર કર્યું. ઈરાનમાં સ્થાયી થયેલા આર્યોના જુથોમાં કેટલાક જુથ ઈન્દ્રપૂજામાં માનતા તો કેટલાક વરૂણ, મિત્ર=સૂર્ય, અગ્નિ ને પૂજતા. ઈન્દ્રપૂજા સ્વીકારનાર અને સપ્તસિન્ધુના પ્રદેશોમાં પ્રસરાવનાર આર્યોના જુથને આપણે વૈદિક જુથ તરીકે ઓળખશું. ઈરાનના અવેસ્તાના રચનાકાર અને સપ્તસિંધુમાં વૈદિકો સાથે આવનાર અથર્વણ આર્યો વરૂણ પૂજક-મિત્ર એટલે સૂર્યપૂજક અને અગ્નિપૂજકો હતા. ઈન્દ્રની પૂજા શરૂ થઈ તે પહેલાં અથર્વણ આર્યો અને વૈદિક આર્યોના પિતૃઓનો ઉપાસ્ય દેવ વરૂણ હતો. વૈદિક અને અથર્વણ આર્યોના ઘણા મતભેદો હતા છતાં સપ્તસિન્ધુના પ્રદેશો જીતવામાં પરસ્પર સહયોગી હતા, ઈન્દ્રપુજક-વૈદિક-શાસક જુથના વસિષ્ઠ અને અથર્વણ-સૂર્યપૂજક જુથના વિશ્વામિત્રના જુથો વચ્ચે સપ્તસિંધુમાં થયેલા દાશરાજ્ઞ યુદ્ધમાં વિશ્વામિત્રની હાર થતાં અથર્વણ આર્યો નર્મદા કિનારા સુધી દક્ષિણમાં ખસી ગયેલા. આ જ સૂર્ય-પૂજક અથર્વણોએ શ્યામવર્ણ આર્યોની (સિન્ધુસભ્યતાના શ્યામવર્ણ અનાર્યો જે આર્યોમાં સમાવી લીધેલ) તરફેણ કરી અને 'જય સંહિતા' ની રચનામાં સહાયભૂત થયા.

અથર્વણ આર્યોની ઈરાની શાખા અગ્નિને પૂજતી અને ઈન્દ્રને અસુર ગણતી. વળી ઈરાની અગ્નિપૂજકો અગ્નિમાં હોમહવન કરી સ્વર્ગના સુખો પ્રાપ્ત કરવાની બાબત પણ અવગણતા આથી અગ્નિપૂજક ઈરાની અથર્વણ આર્યોની રચના "ઝેંદ અવેસ્તા" નું સંસ્કૃતમાં ઋગ્વેદની જેમ રૂપાન્તર ન થઈ શક્યું અને આ બાજા સપ્તસિન્ધુ જીતવા વૈદિક આર્યોની સાથે જનારા અથર્વણોએ અથર્વસંહિતાની રચના કરેલી જ્યારે વૈદિક આર્યોએ ઋગ્વેદ-સામવેદ અને યજુર્વેદની રચના કરેલી. જે વેદત્રયી તરીકે ઓળખાતી. અથર્વસંહિતાને ચોથા વેદ તરીકે બહુ પાછળથી માન્યતા મળેલી. આમ કરવા માટે ૧૯ અને ૨૦ કાંડનો ઉમેરો કરવામાં આવેલો જેમાં ૧૯ માં કાણ્ડમાં પિરશિષ્ટ મંત્રો એકઠા કરવામાં આવ્યા છે. અને ૨૦માં કાણ્ડમાં એક નાના સરખા અપવાદ સિવાય ઈન્દ્રને જે લગતા સૂક્તો ઋગ્વેદમાંથી કોઈપણ ફેરફાર વિના મુકવામાં આવ્યા છે. જેનું કારણ અથર્વસંહિતાને ચોથા વેદની પદવી મળે તેટલું જ છે. ઋગ્વેદમાં જેની નોંધ લેવાઈ છે. તે દાશરાજ્ઞ યુદ્ધ એક ઐતિહાસિક ઘટના છે તેમ માનવાને ઘણા પુરાવા મળે છે. મહાભારતનું યુદ્ધ ઋગ્વેદના દાશરાજ્ઞ યુદ્ધનું વાર્તાસ્વરુપ છે.

આર્યોનું ઈ.સ.પૂર્વે ૧૭૦૦ ની આસપાસ સિન્ધુ સભ્યતાના પ્રદેશો તરફ આગમન (આક્રમણ) થયું. કમનસીબે આ સમય જ સિંધુ સભ્યતા ધ્વંસનો ગણાય છે. ઈ.સ.પૂર્વે ૩૫૦૦ માં સંપૂર્ણ વિકસેલી સભ્યતા ઈ.સ.પૂર્વે ૧૭૦૦ માં નામશેષ થઈ ગઈ! આપણને કદાચ ન ગમે એવી વાત લાગે પણ વૈદિક આર્યોની ક્રુરતા વડે અનાર્યોની શહેરી સિન્ધુ સભ્યતાનો સમૂળગો નાશ થયો. એ પુનરાવૃત્તિનું અવલોકન કરવું હોય તો અમેરિકાની આદિવાસી પ્રજાનો ક્રુરતાથી યુરોપિયન પ્રજાએ નાશ કર્યો અને સંપતિ લુંટી લીધી. જેમાંથી હાલના અમેરિકા, મેક્સિકો, ચીલી, આર્જેન્ટિના, બ્રાઝિલ, કેનેડા વગેરે દેશો બન્યા છે. દક્ષિણ અમેરિકાના દેશો સ્પેનિશ-પોર્ટુગાલ પ્રજાએ ત્યાંના આદિવાસીઓની સંસ્કૃતિનો નાશ કરી સંપત્તિ અને ભૂમિ પચાવી પાડ્યા છે. યુરોપિયન પ્રજાએ આઝટેક, ઈન્કા, માયા વગેરે રેડ ઈન્ડિયનો ની સંસ્કૃતિઓનો નાશ કરી અમેરિકા ખંડની રચના થઈ છે. ભારતીય ઉપખંડમાં પણ લોકોએ ઈ.સ.પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ.૧૯૪૭ સુધી વિવિધ પ્રજાના આક્રમણ અને પરાધીનતા સહન કર્યા છે. અગાઉ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ સુધી આજીવિકાના સરળ સંજોગોએ લોકોને શાંતિપ્રિય બનાવ્યા. પછી શાસકોના દૃષ્ટિકોણે.... પરાજિત પ્રજા બળવો ન કરે તેની સાવચેતીના ભાગરુપે શાંતિપ્રિય બનાવ્યા! છેલ્લે બૌદ્ધ-જૈનની અહિંસાએ પ્રજાનું હીર હણી નાખ્યું! હજી સળવળે છે ત્યાં તો ઇસ્લામ અને ખ્રિસ્તનો સામનો કરવામાં ગુંચવાઇ ગયા.

વર્ણ, ધર્મ અને સંસ્કારથી જાદી પડતી બે પ્રજા વચ્ચે વિગ્રહો થાય છે. પરિણામે જે પ્રજા જીતે તેની સામે મુશ્કેલીભર્યો પ્રશ્ન એ ઉભો થાય છે કે હારનાર જાતિનું શું કરવું? આ પ્રશ્નનું નિરાકરણ જીતનાર પ્રજાના માનસ પર આધાર રાખે છે. રોમનોએ જ્યારે કાર્થેજના લોકો પર વિજય મેળવ્યો ત્યારે હારેલી જાતિની કતલ કરી નાખી. એથેન્સવાસીઓ જ્યારે વિજય મેળવતા ત્યારે હારેલાને પોતાના ગુલામો બનાવતા. ત્રીજા પ્રયોગ એવો પણ જાવામાં આવે છે કે, જીતનાર પ્રજા ધીરે ધીરે પોતાનું અસ્તિત્વ ખોઈ હારનાર પ્રજા સાથે ભળી જાય છે. રોટી-બેટીનો વ્યવહાર ચાલુ થઈ જાય છે છેવટે હારનાર-જીતનાર નો ભેદ રહેતો નથી.

વૈદિક આર્યો પાસે આવો પ્રશ્ન આવ્યો ત્યારે ખૂબ સંઘર્ષ થયો. આપસમાં યુદ્ધો થયા. આ યુદ્ધને વેદમાં દાશરાજ્ઞ યુદ્ધ તરીકે ઓળખાવ્યું છે.(ઋગ્વેદ-૭-૩૩ અને અથર્વવેદ ૧૦-૧૨૮-૧૨) દાશરાજ્ઞ યુદ્ધ ખરેખર તો રાજ્યપુરોહિતો વસિષ્ઠ અને વિશ્વામિત્રની વચ્ચે હતું. (મારા માનવા પ્રમાણે દાશરાજ્ઞ યુદ્ધ જ મહાભારતનું યુદ્ધ હતું. જે ઈ.સ.પૂર્વે ૧૪૦૦ની આસપાસ થયેલું.). તૃત્સુઓ(આર્યોની એક જાતિ)ના રાજા દિવોદાસના પુત્ર સુદાસની પ્રેરણામૂર્તિ વિસિષ્ઠ હતા, જે જીતેલા, પરાધીન, અનાર્યોને રોમનોની જેમ મારી નાખવા જ ઈચ્છતા હતા. દાસો તરીકે સ્ત્રીપુરુષોને પસંદ કરી લીધા પછી બાકીના અનાર્યોનો એટલે કે જીતાયેલી શ્યામપ્રજાનો નાશ કરી નાખવામાં ડહાપણ સમજતા. જ્યારે વિશ્વામિત્ર આ પ્રજાને આર્ય-સંસ્કારો શીખવી દ્વિજ એટલે બીજો જન્મ આપી માનવતાના ધોરણે વર્તવા માગતા હતા.

આ ઘટના વેદની રચના થઈ તે પહેલાનાં સો દોઢસો વર્ષ પહેલાની છે. ઈ.સ.પૂર્વે ૧૭૦૦ ની આસપાસ સિંધુસભ્યતાનો ધ્વંસ થયો આ સંઘર્ષ લગભગ ૫૦૦ વર્ષ સુધી ચાલ્યો અને ત્યારબાદ એક સમન્વયનો યુગ આવ્યો અને સંસ્કૃતભાષાની રચના થઈ. આટલા બધા સમય દરમ્યાન આર્ય-અનાર્યનો સંઘર્ષ ચાલુ રહેવાના શા કારણો હતા જેની નોંધ આજદિન સુધી કોઈ ઈતિહાસકારે નોંધી નથી. આ વાતના સાક્ષી વેદો, પુરાણો, ઈતિહાસના અનુસન્ધાનો છે. આર્યોએ ઈતિહાસની વાસ્તવિકતા ક્યાંય નોંધી નથી. કારણ કે, તો જ ભૂતકાળની વ્યક્તિઓમાં દૈવત્વ સ્થાપવું સહેલું પડે અને ઈતિહાસની વિગતો પુરાણમાંથી મળે ત્યારે ઘણી વિવાદાસ્પદ બની ગઈ હોય! તેવી જ રીતે લિપિનો પણ દ્રોહ કરવામાં આવ્યો. વેદોનો અર્થ જાણ્યા વગર મુખપાઠ કરાવ્યે રાખ્યો. બિચારા દરિદ્ર બ્રાહ્મણોએ પેઢી દર પેઢી સમાજ પાસેથી ભિક્ષાવૃત્તિ દ્વારા આજીવિકા મેળવી વેદોનો મુખપાઠ કર્યો. આજે પણ આ પ્રવૃત્તિ ચાલુ છે. (વેદોની રચના સમયે કઈ લિપિનો ઉપયોગ થયો તે સ્પષ્ટ નથી. છતાં ફોનેશિયન લિપિ જે સુમેરિયન ક્યુનિફોર્મ અને ઇજીપ્શિયન હાયરોગ્લિફના અંશોથી બનેલી તે લિપિ ઉપર સ્વરાંકન કરી કામ ચલાવેલું હોવાનું મારું સ્પષ્ટ અનુમાન છે.) ૨૨ અક્ષરો-ધ્વનિ વાળો આલ્ફાબેટ માનવ સભ્યતાની મોટી શોધ છે. હજારો લિપિસંકેતોમાંથી માનવધ્વનિ-ઉત્પાદક અવયવો માત્ર ૨૧ મૂળધ્વનિ જ કાઢી શકે છે. તેવું ઋગ્વેદ ૭-૮૭-૪ પણ કહે છે. બ્રાહ્મીના ૪૬ વર્ણ ફોનેશિયન આલ્ફાબેટના ૨૨ વર્ણ પરથી બન્યા છે.

અનાર્યો અથવા સિન્ધુસભ્યતાની પ્રજા નીરીશ્વરવાદી હતી. જેનો મોટો પુરાવો આધુનિક ઉત્ખનનોમાં ક્યાંય મંદિર કે પૂજાગૃહનું સ્થાપત્ય મળ્યું નથી આની સમકાલીન સુમેરિયન સભ્યતાના ઉત્ખનન સમયે પૂજા ગૃહો મળી આવ્યા છે. સિન્ધુ સભ્યતાના લોકો વાસ્તવિક તત્વજ્ઞાન, નીરીશ્વરવાદી સાંખ્યદર્શન અને યોગદર્શનના અભ્યાસુ હતા. ઈશ્વરકૃત વેદોમાં સાંખ્ય અને યોગ વિષે એક પણ મંત્ર કે ઋચા નથી! અનાર્યો હોમ-હવન કરી સ્વર્ગના સુખો પ્રાપ્ત કરવા ઈચ્છતા નહોતા. જેથી તેઓને પાપી, અસુર, રાક્ષસ, હવનમાં હાડકાં નાખનાર, લિંગપૂજક-વ્યભિચારી જેવા શબ્દોથી નવાજવામાં આવેલા છે.

બીજા વિવાદ શાસનપ્રણાલિ અંગેનો છે. આર્યાને માલિકી હક્ક અને સામ્રાજ્યવાદી શાસનપ્રણાલિ પ્રિય હતી, જ્યારે અનાર્યો ગણતંત્રશાસન પ્રણાલિમાં માનતા.

અનાર્યોના સમાજે બહુપતિત્વ પ્રથા (Polyandry System-દ્રૌપદી પ્રથા) અપનાવેલી. જેથી સ્ત્રી પર પુરુષોનો સહેજપણ માલિકી હક્ક રહે નહીં અને કુદરતી સમાનાધિકાર સહજપ્રાપ્ય બને. દહેજ, વૈધવ્ય અને સતીપણાનો સદંતર અભાવ રહેતો. આર્યોએ એક પતિ-પત્ની પ્રથા કે બહુપત્નીત્વ પ્રથાને ઘણે ભાગે સ્વીકારેલી. (Monogamy or Polygamy) જેથી સ્ત્રી પર માલિકી હક્ક જળવાઈ રહે. જો કે, સ્ત્રી-પુરુષ સબંધો બાબતે શાસ્ત્રોમાં પિતા-પુત્રી અને ભાઈ-બહેને દાંપત્યજીવન ગાળ્યું હોય એવા પણ ઉલ્લેખો મળે છે. ઈજીપ્તના રાજાઓ ફેરોહ Step-sister ઓરમાન બેન સાથે જ પરણતા. સાંપ્રત વિશ્વસમાજે એક પતિ-પત્ની પ્રથાને કાયદાનું સમર્થન આપી પુષ્ટિકરણ કર્યું છે.

આમ આર્ય-અનાર્ય વચ્ચે વર્ણનો, ધર્મનો, શાસનપ્રણાલિ અને સમાજવ્યવસ્થાનો મોટો ભેદ હતો. જેના પ્રતિભાવોનો સંઘર્ષ ૩૨૦૦ વર્ષથી આજે પણ ચાલુ છે. અનાર્યો શક્તિમાં, વીરતામાં કે સુખના સાધનોમાં જરાય ઉતરતા નહોતા દસ્યુઓને જ્યારે આર્યો કેદ પકડતા ત્યારે ગુલામ-દાસ બનાવી મુકતા. પણ બાકીના જીતાયેલા અનાર્યોને શું મારી નાંખવા? તેમના વગર સેવા કોણ કરે? અને જીવતા રાખીએ તો સમાજમાં કેવું સ્થાન આપવું? દાસીના પુત્રોનું કુટુંબમાં સ્થાન ક્યું? આ વર્ણાશ્રમધર્મ રચવાની ભૂમિકા હતી.

વસિષ્ઠ વિશ્વામિત્રના વેરનું કારણ એટલું જ કે વસિષ્ઠ આર્ય-શુદ્ધિના પ્રતિનિધિ હતા. શું તમારો યુવરાજ શ્યામવર્ણનો હશે? એમકહી આર્યોને ઉશ્કેરતા. પણ વિશ્વામિત્ર માનવતા ધર્મના આગ્રહી હતા. દસ્યુઓને આર્ય બનાવવાનો ઉકેલ તેમણે શોધી કાઢેલો, આર્યત્વ જન્મથી નથી આવતું પણ ગાયત્રીમંત્રથી શુદ્ધ થઈ યજ્ઞોપવિત ધારણ કરવાથી ગમે તે મનુષ્ય નવો જન્મધારણ કરે છે, દ્વિજ બની જાય છે. ઋગ્વેદમાં વિશ્વામિત્રે રચેલા સૂક્તમાં સૂર્ય-મિત્ર (સૂર્યનું વેદકાલીન નામ મિત્ર પણ છે આપણે સૂર્ય નમસ્કારના મંત્રોમાં ॐ मित्राय नमः। બોલીએ છીએ.) સૌને માનવતાલક્ષી, પરોપકારી થવાની પ્રેરણા આપે તેવો મંત્ર વેદોમાં ઋગ્વેદમાં અને યજુર્વેદમાં આપેલો છે. જે નીચે મુજબ છે.

ॐ भूर्भुवः स्वः। तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य। धीमहि धियो यो नः प्रचोदयात्॥

તે સૂર્યદેવનું ધ્યાન ધરીએ જે અમારી બુદ્ધિને (માનવતા સભર પરોપકારી સન્માર્ગમાં) પ્રેરે.

વેદમાં આ ઋચા ત્રણ સ્થળે છે. ઋગ્વેદ-૩-૬૨-૧૦ યજા.અ.૩૦-૨ અને અ-૩૬-૩.

આ મન્ત્રને પરિણામે આ દેશમાંથી રંગભેદ તો જતો રહ્યો ગૌર અને શ્યામવર્ણનાઓને પણ આર્ય બનાવી **कृण्वन्तु विश्वम् आर्यम्।** *વિશ્વને આર્ય બનાવીએ.* એ વાતને સમર્થન મળ્યું પણ ઉંચનીચના ભેદવાળી વર્ણવ્યવસ્થા રૂઢિચુસ્તોએ ઉભી કરી અને હવે સવર્ણ-શૂદ્રના ભેદ શરૂ થયા. સંસ્કારભેદ પ્રમાણે પ્રજાના વિભાગ પડી ગયા. વિપ્રનું કાર્ય કરતા બ્રાહ્મણ કહેવાયા. વ્યાપારને લગતું કામ કરનારા વૈશ્યો કહેવાયા અને જેઓ દ્વિજ ન થઈ શક્યા તે શૂદ્ર કહેવાયા. ઋગ્વેદના પુરુષ સૂક્તની એક ઋચા આમ છે :

ब्राह्मणोऽस्य मुखमासीत् बाहु राजन्यः कृतः। ऊरू तदस्य यद् वैश्यः पद्भ्यां॰ शूद्रो अजायत॥

તે વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ, રાજાઓ બે હાથમાંથી, જાંઘમાથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો જન્મ્યા.

દાશરાજ્ઞ એક માનવતા પ્રેરિત યુદ્ધ હતું. તૃત્સુઓના રાજા સુદાસનું પુરોહિતપદ પહેલાં વિશ્વામિત્ર પાસે હતું. તે વસિષ્ઠે કુટિલતા કરી છીનવી લીધેલું. સુદાસ તેના પિતા દિવોદાસ વગેરે ઈન્દ્રની પૂજા કરનારા વૈદિક આર્યો હતા. પણ વિશ્વામિત્ર અથર્વણ જુથના આર્યો માંહેથી હતા. (આ અથર્વણોનું એક જુથ ઈરાનમાં પણ હતું જેણે ઝેંદ અવેસ્તા ની રચના લગભગ ઋગ્વેદના સમકાલીન સમયમાં કરેલી, આ લોકો ઈન્દ્રને અસુર ગણતા અને સ્વર્ગના સુખો મેળવવા યજ્ઞો કરતા નહીં. અથર્વણો આંગિરસ-ભરત-ભૃગુઓના પૂર્વજ હતા. *દાશરાજ્ઞ યુદ્ધમાં વિશ્વામિત્રે દશ રાજાઓનો સંઘ ઉભો કર્યો હતો. જેમાં પાંચ આર્ય જાતિ અને પાંચ અનાર્ય જાતિઓ હતીઃ ભરત, અનુસ, દ્રહ્યુસ, તુર્વસસ્ અને યદુ. જ્યારે સિમ્યુ, અજસ, સિગ્રુ, યક્ષુ એવી ચાર જાતિ દસ્યુઓની હતી, શમ્બરનો પુત્ર ભેદ નામનો દસ્યુ રાજા પણ વિશ્વામિત્ર સાથે હતો, આ લડાઈ ઘણો સમય ચાલી.* અંતે વસિષ્ઠને સમર્થન આપનાર સુદાસનો વિજય થયો. વિશ્વામિત્રનો સંઘ વેરવિખેર થઈ ગયો. આ વિગ્રહને પરિણામે ઘણીખરી આર્યઅનાર્ય જાતિઓ ભરતજાતિમાં ભળી ગઈ. સપ્તસિન્ધુ માંથી અથર્વણો દક્ષિણ તરફ નર્મદા કિનારા સુધી ખસી ગયા. તેમણે રચેલા ગ્રન્થ અથર્વસંહિતાને બહુ મોડેથી કેટલીક શરતોએ ચોથા વેદ તરીકે અથર્વવેદને સ્થાન મળ્યું.

આ ભરતજાતિના સમુહે જ આ દેશને ભરતખંડ નામ આપ્યું. પરુષ્ણી નદીના કિનારે થયેલા દાશરાજ્ઞ યુદ્ધની પ્રતિક્રિયારૂપે આર્યો અને દાસોની એકતા પ્રગટી અને સાથે રેડાયેલા લોહીની નદીમાં રંગભેદ દૂર થયો. આ આર્ય-અનાર્ય જાતિના સંમિશ્રણથી ભરતખંડની પ્રજાએ બંને જાતિના સંસ્કાર જીલ્યા.

વસિષ્ઠના અનુયાયીઓ સંકુચિત દૃષ્ટિના, રૂઢિવાદી વિચારધારાઓના બ્રાહ્મણ સંપ્રદાયના પ્રતિનિધિ થયા. જ્યારે વિશ્વામિત્રના અનુયાયીઓએ સમાધાન, ઉદારતા અને પ્રગતિ વડે સમન્વય અપનાવ્યો. આ વિશ્વમાં સૌ પ્રથમ માનવતાવાદી અભિગમ હતો કે જીતાયેલી પ્રજાને સંસ્કારોના સિંચન વડે અપનાવી લેવી જાઈએ. તેઓ વિશ્વરથમાંથી હવે વિશ્વના મિત્ર બન્યા હતા એટલે વિશ્વામિત્ર કહેવાયા છે. આર્ય-અનાર્ય જુથોના દશ રાજાઓનો સંઘ સ્થાપ્યો અને ગાયત્રીમંત્ર વડે અનાર્યોને આર્યત્વમાં સંસ્કારો વડે બીજા જન્મ આપ્યો. સમય જતાં રૂઢિવાદીઓનું જાર વધ્યું. ઉચ્ચ-નીચના ભેદનું પ્રાધાન્ય વધી પડ્યું સ્ત્રીઓને વેદપાઠ આપવાનું બંધ થયું Polyandry ના સખત વિરોધના પરિણામે ગૃહસ્થાશ્રમના નિયમો કડક બનતા ગયા એટલે સ્ત્રી ઉપરના અંકુશો વધતા ગયા. વેદો પછી રચાયેલા સાહિત્યમાં બ્રાહ્મણ - આરણ્યક - ગૃહ્યસૂત્ર વગેરે ગ્રન્થોમાં વર્ણાશ્રમઅંગે અને

ખાસ કરી ગૃહસ્થાશ્રમ વિશે ખાસ નિયમો ઘડાયા. પાછળથી સ્મૃતિઓ બનાવવામાં આવી તેમાં પણ રાજાને દૈવત્વ સોંપાયુ અને ગૃહસ્થાશ્રમના નિયમો વડે વર્ણાશ્રમવ્યવસ્થા દઢ કરવામાં આવી.

વર્ણાશ્રમવ્યવસ્થા આર્યોના અગાઉના વસવાટવાળા પ્રદેશો એટલે કે જેમાં હાલ ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન જુથની ભાષાઓ બોલાય છે ત્યાં વર્ણાશ્રમવ્યવસ્થા આટલી સુદઢ નથી કારણ કે અહીં તો શ્યામવર્ણ પ્રજાને પોતાનામાં સમાવવાની હતી. વળી અહીં બહુપતિત્વ પ્રથા આર્યોને અણગમતી વાત હતી જેથી સ્ત્રીઓને અંકુશમાં રાખવા અમાનવીય નિયમોની રચના કરી. નીરીશ્વરવાદ અને ગણતન્ત્ર રાજ્યવ્યવસ્થા પણ આર્યોને માથાના દુઃખાવા સમાન હતી. પણ પોતાની હોંશિયારી અને કુટિલતા વડે ૩૨૦૦ વર્ષથી પ્રજાને નિર્માલ્ય રાખવા અને સ્ત્રીઓ પરના અત્યાચાર ચાલુ રાખવામાં સફળ થયા છે. આર્યેના મૂળવતનની પ્રજાઓને ફરિયાદ છે કે ભારતમાં વસેલા આર્યોએ ક્યારેય પોતાના મૂળવતનની દરકાર લીધી નથી. જો કે હવે તો એ પ્રશ્ન જ રહ્યો નથી!

વર્ણાશ્રમ વિશે ઘણુ સારૂં ખરાબ લખાયું છે. દલિત આદોલનથી ઘણી વાતો પ્રકાશમાં આવી છે. ઉપરાન્ત દક્ષિણ ભારતના દ્રવિડ લોકોને પણ વર્ણાશ્રમવ્યવસ્થા અને આર્યરૂઢિઓ પર દ્વેષ છે ઈતિહાસમાં જાઓ તો નિરિશ્વરવાદી શ્રમણ ધર્મો ખાસ કરી જૈન અને બૌદ્ધ ધર્મ, બ્રાહ્મણ-વેદિક ધર્મના વિરોધી રહ્યા છે. પણ સ્ત્રીઓ, જેને સંસાર-રથનું એક પૈડું ગણવામાં આવે છે. તેના પર થયેલા અત્યાચારો અને અંકુશોની નોંધ ઓછી જાણવા મળે છે. તેનો થોડો પરિચય મેળવશું.

સિન્ધુ સભ્યતાના સમયમાં સમાજ વ્યવસ્થામાં બહુધા બહુપતિત્વ પ્રથા સ્વીકારવામાં આવેલી. મહાભારતમાં અનેક ઠેકાણે બહુપતિત્વપ્રથા તરફ અણગમો નથી. મહાભારતમાં સૌ પ્રથમ માછીમાર કન્યા મત્સ્યગંધા (સત્યવતી)ને પરાશર મુનિથી વેદવ્યાસ નામનો પુત્ર થાય છે જે પાછળથી મહાભારત રચિયિતા કવિ પણ છે. સત્યવતી શાંતનું રાજા સાથે લગ્ન કરે છે. તેના પુત્રો અકાળે મૃત્યુ પામે છે. ત્યારે સત્યવતી પોતાની પુત્રવધૂઓને વેદવ્યાસ પાસે મોકલી વંશવેલો ટકાવી રાખે છે. કુન્તી પાણ્ડુ સાથે લગ્ન કરે છે પણ પાણ્ડુ પ્રજોત્પતિ કરવા અશક્ત હોય છે. તે વખતે કુન્તી ધર્મ-ઈન્દ્ર-વાયુ વગેરે દેવોની આરાધના કરી યુધિષ્ઠિર-અર્જુન-ભીમ પુત્રો મેળવે છે. દ્રૌપદીના પતિ તરીકે પાંચેય ભાઈઓ હોય છે. આમ મહાભારતમાં બહુપતિત્વ પ્રથા સામે ક્યાંય અણગમો નથી. પશુ સમુદાયમાં ખાસ કરી ઘોડાઓ ઘોડીની મરજી વિના પ્રજોત્પતિ કરી શકતા નથી, અને ઘોડીને સારા સ્વાસ્થ્યવાળો ઘોડો પસંદ કરવાની આગવી સૂઝ હોય છે. તેવું અન્ય સ્તન ધારી પશુઓમાં પણ જોવા મળે છે. આવા જ કારણોસર હિન્દુ ધર્મશાસ્ત્રોમાં સ્વયંવરની વ્યવસ્થા હતી અને સ્ત્રીને યોગ્ય પુરુષ પસંદ કરવાની છૂટ હતી. આવી પ્રથા સિન્ધુ સભ્યાતાના લોકોએ અપનાવેલી. ચોખલીયા લોકો આને માતૃપ્રધાન સમાજવ્યવસ્થા કહે છે. બહુપતિત્વપ્રથાના અવશેષો આજે પણ હિમાલયના પર્વતી પ્રદેશોમાં જાવા મળે છે તિબેટ-નેપાળ-આસામની મોંગોલિયન જાતિના લોકો (જે સિન્ધુ સભ્યતાના કિરાત લોકો છે.)માં મર્યાદિત રીતે પ્રચલિત છે. તેવી જ રીતે કેરળમાં પણ. આર્યોના આક્રમણ સમયે સિન્ધુ સભ્યતાની જાતિઓ હિમાલયની પહાડીઓમાં અને દક્ષિણ ભારત તરફ ખસી ગયેલી જાવા મળે છે.

બહુપતિત્વ પ્રથા આર્યોને માથાના દુઃખાવા સમાન હતી. જો કે આર્ય-અનાર્ય સમન્વય પહેલાના આર્યોના સમાજમાં દાંપત્યજીવનના ખાસ ધારાધોરણો હતા જ નહીં. એમ કેટલીક વેદની ઋચાઓ સ્પષ્ટ કરે છે. ભાઈ-બહેન કે પિતા-પુત્રી દાંપત્યજીવન જીવતા, તેવા ઉલ્લેખો છે.(એક પુત્ર ગમે તે રીતે પ્રાપ્ત થવો જ જોઇએ એવો સ્પષ્ટ આગ્રહ રહેતો) પરંતુ આર્ય-અનાર્ય સમન્વય પછી આવા નિયમો કડક બન્યા. હજી કેટલાક આર્યોને શ્યામવર્ણ તરફ અણગમો તો હતો જ એટલે શ્યામવર્ણની સ્ત્રી સ્વીકારવાને બદલે બાળલગ્નની વ્યવસ્થા ગોઠવવામાં આવી. અને Monogamy (એક પતિ-પત્નીત્વ પ્રથા) અને Polygamy (બહુપત્નીત્વ પ્રથા) પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું વેદકાળનો સમાજ પિતૃપ્રધાન હતો. અન્ય સેમેટિક ધર્મના અનુયાયી જેવી લગ્નવ્યવસ્થા હતી. જેમાં સ્ત્રી પર માલિકી હક્ક સ્થાપિત કરવાનું વલણ મુખ્ય હતું. ઈસવીસનની શરૂઆતમાં સ્ત્રીઓની સ્થિતિ ગુલામથી ય બદતર હતી. માત્ર સ્ત્રીઓ અને ગુલામો સાથે માનવીય વલણ અપનાવવાની ઝુંબેશ સૌ પ્રથમ ઈસ્લામધર્મે ઉપાડેલી એ નિર્વિવાદ હકીકત છે. જો કે આપણે હજી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ ની આસપાસ ભારતીય ઉપખંડમાં સ્ત્રીઓની સ્થિતિ વિષે કેટલાક અનુમાન નોંધવાના છે. પિતૃપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પુરુષના સ્થાન કરતા ઊંચું તો ન જ હોઈ શકે તેમ છતાં વેદના સમયમાં સ્ત્રીઓ ઘણા અધિકારો ભોગવતી જે સ્મૃતિકાળમાં છીનવી લેવાયા હતા. તેનું

કારણ શ્યામવર્ણ સાથે સમન્વય થવા છતાં ગર્ભિત અણગમો જરૂર કહી શકાય.

વેદના સમયમાં સામાન્ય રીતે ૧૮-૨૦ વર્ષની વયે કન્યાના લગ્ન થતા. કન્યાઓ છૂટથી સમાજમાં ફરતી અને યુવાનો સાથે Dating (સંવનન) કરી પોતાની મેળે યુવક પસંદ કરતી પછી તે પતિની સહધર્મચારિણી બની જતી.

આ પિતૃપ્રધાન સમાજમાં પુત્રજન્મનો ઘણો આનન્દ થતો. પુત્ર પિતાને બધી રીતે મદદરૂપે થતો શત્રુઓ સામેના રક્ષણમાં અને વૃદ્ધાવસ્થામાં ઉપયોગી થતો. સામે પક્ષે પુત્રીનું શત્રુઓના અપહરણથી રક્ષણ કરવું પડતું વળી લગ્ન પછી પતિગૃહે ચાલી જતી, સ્ત્રી અને પુરુષ મિલ્કતના સહભાગીદાર લેખાતા પણ સ્ત્રીને પોતાની પહેરામણી કે સંયુક્ત મિલકત પર પૂર્ણ અધિકાર નહોતો.

વેદકાળમાં વિધવાનું પુનર્લગ્ન થતું. છતાં સતીપ્રથાના અવશેષો જેવી એક પ્રથામાં વિધવા પોતાના મૃત પતિ પાસે ચિતા પર બેસતી પછી વિધવાને ચિતા પરથી તેનો દિયર અથવા વિશ્વાસુ નોકર ઉઠાડીને લઈ આવતો. અથર્વવેદ (૧૮-૩-૧) ની એક ઋચા કહે છે. "હે મૃત્યુ પામેલ મનુષ્ય! તારી પત્ની સતી પ્રથાની નિશાની રૂપે તારી પાસે ચિતા પર બેઠી છે અને આ જગતમાં સંતતિ અને સંપત્તિસુખ મેળવવા ભાગ્યશાળી થાય એવા આશીર્વાદ આપ. આમ અથર્વવેદ વિધવાને પુનર્લગ્નની છૂટ આપે છે. ફરી લગ્ન કરેલી સ્ત્રીને "પુનર્ભુ" કહેવામાં આવતી. સામાન્ય રીતે પતિના નાનાભાઈ સાથે પુનર્લગ્ન થતું. દેવર શબ્દ જ દ્વિવર-બીજા વર નો સંકેત આપે છે.

વેદકાળમાં પિતા પોતાની મિલ્કત જ્યારે પુત્રોને સરખે ભાગે વહેંચી દેતો ત્યારે પતિ-પત્ની=પોતા માટે બે ભાગ રાખી મુકતો જેથી પત્ની જો ભાગ્યવશાત્ વૈધવ્ય પામતી તો તેને આ ભાગ સરળ આજીવિકા માટે ઉપયોગી થતો. ભાઈ વિનાની બહેનને પિતાની બધી મિલ્કત મળતી નિઃસતાન વિધવાને પણ પતિની મિલ્કત મળતી.

વેદકાળમાં નિયોગની પ્રથા પ્રચલિત હતી જેમાં પતિના મૃત્યુ પછી નિઃસન્તાન વિધવાને પુત્રપ્રાપ્તિ અર્થે નિયોગ કરવાનું કહેવામાં આવતું, આ માટે દિયર અથવા પોતાના કૂળ-ગોત્રનો અમુક પુરુષ નક્કી થતો. અને પિણ્ડદાન માટે પુત્રની વ્યવસ્થા થતી.

આમ સ્ત્રીનું સ્થાન ધીરે ધીરે ગૌણ થતુ ગયું. પુત્રનું મહત્ત્વ પરલોક સુધારવા માટે ય જરૂરી બન્યું. હવે પછીનો સમય સ્ત્રીઓ માટે વધુ કઠિન આવવાનો છે તેનાં સંકેતો શરૂ થઈ ગયેલા. હજી સુધી વિધવાને સૌ માનની દ્રષ્ટિએ જાતા અને આર્થિક તેમજ સામાજિક અધિકારો ભોગવવામાં બહુ તકલીફ પડતી નહીં.

સ્ત્રીઓને વેદ ભણવાનું કે અન્ય પ્રકારના શિક્ષણ-વિદ્યા આપવાનું ઘણા સમયથી ઈરાદાપૂર્વક ઘટાડાતું ગયું છેવટે નહિંવત! જેનું કારણ અનાર્યો સાથે સમન્વય સ્પષ્ટરૂપે છે. ઈ.સ.૨૦૦ વર્ષ પૂર્વે બધી જ સ્ત્રીઓ પર ધાર્મિક વિધિમાં ભાગ લેવાનો પ્રતિબન્ધ મૂકી દેવાયો, પુત્રીને વૈદિક શિક્ષણ આપવાનું તો ઈ.સ.પૂર્વે ૬૦૦ ની આસપાસ સૂત્રકાળમાં બંધ થયેલું. હવે ગૃહ્યસૂત્રમાં વિધવા-પુનર્લગ્નનો ઉલ્લેખ નથી આવતો પણ વૈધવ્યનો ભય અને વિધવાનું અપશુકનિયાળ પણું દેખાય આવે છે.

શાંખાયન ગૃહ્યસૂત્રમાં ચાર થી આઠ સૌભાગ્યવતી સ્ત્રીઓને ભોજન આપી કન્યાની આસપાસ નૃત્ય કરવાનું કહે છે. વરને ય સ્નાન કરાવ્યા પછી કન્યાના ગૃહે સૌભાગ્યવતી સ્ત્રીઓએ લઈ જવો. આમ વિધવાને અવગણવાની કે અપશુકનિયાળ ગણવાની અમાનવીય પ્રથા ૨૫૦૦ વર્ષ જુની સહેજે કહી શકાય તેમ છે.

શાંખાયન-હિરણ્યકેશિન-પારસ્કર વગેરે ગૃહ્યસૂત્રોમાં કન્યા વૈધવ્ય ન પામે તે માટે અનેક આશીર્વચનો અને પ્રાર્થનાઓ છે. સ્ત્રીઓ લગ્ન પહેલાં અને પછી સદાય સૌભાગ્ય માટે પ્રાર્થનાઓ કરતી.જો કે સતીપ્રથા આ સમયે પ્રચલિત નહોતી એમ કહી શકાય.

ઈ.સ.પૂર્વે સાતમી સદીમાં બ્રાહ્મણધર્મ(વૈદિકધર્મ) પૂરબહારમાં ખિલ્યો હતો. બ્રાહ્મણ ધર્મી શાસકોએ પોતાના વર્ચસ્વ અને કહેવાતી અમાનવીય ધાર્મિક માન્યતાઓને પુષ્ટિ આપવા બ્રાહ્મણોનો ઉપયોગ નિઃશુલ્ક પ્રચારક તરીકે કર્યો. અને ધાર્મિક માન્યતાઓનો સમાજમાં પ્રચાર કર્યો. આ વખતે બુદ્ધનો જન્મ થઈ ચૂક્યો હતો (ઈ.સ.પૂર્વે ૫૭૦) બુદ્ધે અન્ય પ્રાણીઓ કરતા મનુષ્યજાત બુદ્ધિશાળી હોવા છતાં વધારે દુઃખી કેમ? એ મુંઝવણના અનુસન્ધાને ચિન્તન કર્યું અને લોકો માટે સામુહિક સુખના ઉપાયો શોધી કાઢ્યા. બુદ્ધે સમજાવ્યું. કે મોક્ષ માટે પુત્રજન્મની જરૂર નથી. પુત્રે અર્પેલા પિંડ કરતા સંયમિત જીવન અને પરોપકારી આચરણ સ્ત્રી-પુરુષોને નિર્વાણના પંથે લઈ જાય છે. બુદ્ધે સ્ત્રી સન્માનની ભાવના જાગૃત કરી અને વૈચારિક સમાનતા આપવા, આધ્યાત્મિક

ઉંચાઈઓ મેળવવા સ્ત્રીને મઠમાં પણ પ્રવેશ આપ્યો. બૌદ્ધ ધર્મના શાસન સમયે બાળલગ્નો બંધ થયેલા, અને સ્ત્રી-પુરુષો સમાન અધિકારો ભોગવતા.

બૌદ્ધસમયમાં વારસા બાબતમાં કોઈ સ્પષ્ટ નિયમો નહોતા. છતાં ઘણી સ્ત્રીઓ પાસે સંપતિ હતી તે વૈધવ્ય વખતે ઉપયોગી થઈ શકતી. ઘણા પુરુષો પોતાની સંપત્તિ પોતાની વિધવાને વારસામાં આપતા, પણ ક્યારેક પુત્ર-પુત્રીને સંપતિ વારસામાં આપતા. પણ વિધવા પાસે જો સંપતિ હોય તો તે પોતાની મેળે વ્યવસ્થા કરતી.

વિધવાનું સામાજિક સ્થાન એકદંર સારૂં હતું. રંગીન વસ્ત્રો અને અલંકારો પહેરી શકતી, માથા પર વાળ રાખી શકતી, જમીન પર સુવું ન પડતું, એકટાણા-ઉપવાસ થી શરીર સૂકવી નાખવાનું ન બનતું. અથવા તો સૌભાગ્યવતી સ્ત્રીની જેમજ સામાજિક અધિકારો અને સન્માન મેળવી શકતી. વિધુર પુનર્લગ્નની જેમ વિધવા-પુનર્લગ્ન સામાન્ય ગણાતું.

બૌદ્ધ સમયમાં સતી પ્રથા બિલકૂલ પ્રચલિત નહોતી, દરેક જીવની હિંસાનો વિરોધ કરનાર બુદ્ધે, સતીપ્રથાનો અવશ્ય વિરોધ કર્યો હોત.

આશરે છઠ્ઠી સદીમાં બૌદ્ધ ધર્મની પડતી શરૂ થઈ અને બ્રાહ્મણોએ બુદ્ધના પ્રસારિત ધોરણો બદલી નાખ્યા. મઠોમાં સાધ્વીઓ અનીતિ આચરે છે એવા બહાના હેઠળ સ્ત્રીઓને સંન્યાસ લેવા પર પ્રતિબંધ મુકાઈ ગયો. સાથે જ વિધવા તરીકે સમાજમાં અપશુકનિયાળ બની ગઈ અને અમાનવીય હાડમારીઓ શરૂ થઈ. સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી સમાનતાના બુદ્ધના દૃષ્ટિકોણની અસર નિર્મૂળ કરવા અને બ્રાહ્મણધર્મનો પાયો મજબૂત કરવા કેટલાક ધર્મશાસ્ત્રો, ધર્મસૂત્રો અને સ્મૃતિઓની રચના કરવામાં આવી. આ વખતે પણ અનાર્ય-સમન્વયના સમયથી સચવાયેલા શ્યામવર્ણના માનવી, બહુપતિત્વ પ્રથા અને નિરીશ્વરવાદના પૂર્વગ્રહો બ્રાહ્મણધર્મે બરાબર યાદ રાખ્યા, ઉપરથી બુદ્ધે સ્ત્રીસમાનતાનું સાહસ કરેલું તે પણ યાદ રાખી બમણા જારથી સ્ત્રીઓ પર હલ્લો કર્યો. બ્રાહ્મણધર્મે ફરી સ્ત્રીનો સામાજિક દરજ્જો ઉતારી પાડ્યો. સાધ્વીના મઠોમાં ફેલાયેલા અનૈતિક વાતાવરણનો લાભ લઈ પુરુષોને સમજાવવામાં આવ્યું કે સ્ત્રીઓ જ પુરુષોના નૈતિક અધઃપતનનું કારણ છે.

સ્ત્રીઓ પરના નિયંત્રણો મજબૂત કરવા બાળલગ્નો, પુત્રજન્મ આપનાર સ્ત્રીઓનું સન્માન, જ્ઞાતિપ્રથા અને નિયોગ પ્રથાનો આગ્રહ રાખવામાં આવ્યો.

બૌદ્ધ સમયમાં ૧૬-૧૮ વર્ષે લગ્ન કરતી યુવતીઓ ને બ્રાહ્મણ ધર્મે ૧૨ વર્ષ પહેલાં લગ્ન કરી નાખવા ઠરાવ્યું. કેટલીક વખતે બાલિકાને પ્રથમ રજાદર્શન આવે તે પહેલાં જ લગ્ન કરી નાખવા આગ્રહ થતો. લોકોને એવું સમજાવ્યું કે સમાજનું ધોરણ શિથિલ બન્યું છે મોટી વયની અપરિણીત સ્ત્રીઓ અનીતિ આચરે તે પહેલાં બાળવયે જ પરણાવી દેવી સારી, જેથી અનીતિ અટકે! આનાથી એવી માન્યતા પણ થઈ શકી કે પોતાની પુત્રીઓ અનાર્ય યુવાનો સાથે લગ્ન કરતી અટકે અને જે કન્યાનું કૌમાર્ય અખંડ હોય તેવી જ કન્યા પોતાના પુત્રને મળે. આ બધા પરિબળોએ બાળલગ્નોને પ્રોત્સાહન આપ્યું એમ માનવામાં વાંધા સરખું નથી.

સ્મૃતિકાળના બાળલગ્નમાં માત્ર કન્યા જ બાળવયની હતી. પુરુષ તો વેદનું શિક્ષણ મેળવી લગ્ન કરતો. સ્ત્રીઓને તો વેદ શિક્ષણ પર પ્રતિબંધ હતો. તેમાંય ઈ.સ.૩૦૦ માં ઉપનયન સંસ્કાર પણ બંધ થયો. પુરોહિતો કહેતા કે, પુત્રી માટે લગ્ન-સંસ્કાર અને પુત્ર માટે ઉપનયન-સંસ્કાર બરોબર છે. કેટલીક વખત પુરુષ લગ્ન પછી બે યજ્ઞોપવિત પહેરતો એક પોતાની એક સ્ત્રીની! દસ વર્ષ પહેલાં પુત્રીને પરણાવી દેનાર પિતાને સ્વર્ગમાં બહુમાન મળશે પરંતુ જો પિતા પુત્રીને રજાદર્શન થયા પછી અપરણિત રાખશે એટલી ગર્ભહત્યાનું પાપ પિતાને લાગે. મોટી ઉંમરના પુત્રોના લગ્ન બાળવયની કન્યા સાથે થાય, તો તેઓ શિથિલ થઈ અનૌરસ સંતતિનો પ્રશ્ન સમાજ પાસે લાવી મુક્તા. આવા કારણે બ્રાહ્મણધર્મે પુત્રને પણ નાની વયે પરણાવી દેવા ઠરાવ્યું. પણ બાળવરો શીતળા વગેરેનો ભોગ બનતા વિધવાઓની સંખ્યા વધી પડી. બાળવિધુરો તો સત્વરે ફરી પરણાવી દેતા પણ બાળવિધવાઓને જીવનભર વૈધવ્ય પાળવાનું આવતું. કન્યાઓ વધુમાં વધુ દસ વર્ષની ઉંમરે પરણી જતી પછી ક્યારેક કોઈ વૃદ્ધને ફરી લગ્ન કરવાની ઈચ્છા થતી તો આઠ-દસ વર્ષથી મોટી કન્યા મળતી નહીં. આ વયની અસમાનતાને લીધે પાછી વિધવાઓની સંખ્યામાં વધારો થતો.

લગભગ પાંચસો છસો વર્ષથી આવી સ્થિતિ પ્રવર્તતી હોવાથી. બાળવિધવાઓમાં ગર્ભપાત અથવા બાળ હત્યાનું પ્રમાણ ઘણું વધી ગયેલું. ફરજિયાત વૈધવ્યથી સ્ત્રીઓ પારાવાર દુઃખ સહન કરતી. વિદેશીઓ ક્યારેક

કટાક્ષ કરતાઃ "સૈકાઓથી મૂક ભાવે દુઃખો સહન કરતી આવતી અને ફરજિયાત વૈધવ્ય પાળતી, ક્યારેક નિરાધાર, ક્યારેક નિરાશ્રિત લાખ્ખો હિંદુ બાળવિધવાઓનાં દુઃખોનું કોણ માપ કાઢશે?"..... "કોઈ પણ સંસ્કૃતિનું માપ તે દેશની કન્યાની લગ્નવય પરથી જણાઈ આવે છે. જેમ દેશ પછાત તેમ લગ્નવય નાની."

વિધવાની સ્થિતિ વિષે વધુ જાણવું હોય તો સમાજમાં પુત્રજન્મને અપાતા મહત્ત્વ વિષે અવશ્ય જાણવું જાઈએ. ભારત જેવા પિતૃપ્રધાન સમાજમાં સ્ત્રીનું સ્થાન હંમેશા ગૌણ જ છે પરંતુ વિધવાનું સ્થાન અતિ ગૌણ લેખવામાં આવ્યું છે વિધવા એટલે એક સ્ત્રી અને પાછી અભાગણી જેણે પોતાનો પતિ ગુમાવ્યો છે. પુત્ર વિના વંશવેલા કોણ જાળવી રાખે, પુત્ર વિના પિણ્ડદાન કોણ કરે?! પુત્ર જન્મના અતિશય મહત્ત્વને લીધે વિધવાના જાતિય જીવન સાથે નિકટનો સબંધ છે એવી નિયોગ-પ્રથાનો જન્મ થયો. સ્મૃતિકારો સ્ત્રી-સન્માન રાખતા પણ પુત્રની માતા તરીકે જ!

મૃત્યુ પહેલાં પુરુષે પુત્રનું મોઢું જાવું જરૂરી હતું. એટલે પુત્રજન્મ ન આપનાર પત્ની હોવા છતાં બીજી પત્ની પુરુષો કરતા, જેથી બહુપત્નીત્ત્વની પ્રથા સામાન્ય થઈ પડી વળી વિધવાની સંખ્યામાં વધારો થવાનું કારણ ઉભું થયું. આર્યોને વર્ણપ્રથા જાળવી રાખવાનું એક કારણ, આર્યો અનાર્યો સાથે આંતરલગ્ન ન થાય, વર્ણભેદ જ્ઞાતિભેદમાં પલટાઈ ગયો. ભારતીય સમાજમાં જ્ઞાતિપ્રથા કડક બની. આંતરજ્ઞાતિય લગ્નો પાપ કહેવાવા લાગ્યા. કન્યાની જ્ઞાતિ કન્યાની હત્યા કરવા તત્પર બની જતી.અથવા શક્તિશાળી હોય તો બીજી જ્ઞાતિના વરને પણ મારી નાખવા ઉત્સુક રહેતી. આમ જ્ઞાતિ બહાર પરણવા પર કડક પ્રતિબંધ હતો તેવી જ રીતે પોતાની જ્ઞાતિમાં ય સગોત્ર લગ્ન પર હતો, આમ લગ્નનું ક્ષેત્ર સંકુચિત થતા કન્યા માટે યોગ્ય પતિ શોધવો મુશ્કેલ થઈ પડ્યો. આ બધા નિયમોનું પાલન કરતાં કન્યાઓના ભાગે વૃદ્ધ અને રોગી પતિ આવતો, જે વિધવાની સંખ્યા વધારવા મદદરૂપ થતો.

વિધવાના પુનર્લગ્ન પર સમાજે ખૂબ કડક પ્રતિબંધ મુક્યો. પછી તે બાળવિધવા ભલે હોય! ૧૮મી ૧૯મી સદીમાં સમાજસુધારકો બાળવિધવાઓના ત્રાસમય જીવન જાઈને ત્રાહીમામ પોકારી ગયા. અને ૧૮૫૬માં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરે ઘણી મહેનતે બ્રિટિશ સરકારને સમજાવી વિધવાપુનર્લગ્નને કાયદેસર ગણતો ધારો અમલમાં મુકાવ્યો.

વિધવા ઉપર ગુજારવામાં આવતો ત્રાસ લગભગ થોડા ફેરફાર સાથે આખા ભારતવર્ષમાં એક સમાનરૂપે હતો. સમયાંતરે તેમાં કડકાઈનો ઉમેરો થતો. આ સ્થિતિ ઈ.સ.પૂર્વે ૬૦૦ થી ઈ.સ ૧૮૫૬ સુધી આશરે ૨૫૦૦ વર્ષ ચાલુ રહી. વળી આ ક્રુરતા કોની સામે માનવસમુદાયના ૫૦% ભાગ સાથે! સ્ત્રી-પુરુષ ને સંસાર રથના બે પૈડાં ગણો તો એક પૈડું નિર્જીવ કરી દેવામાં આવ્યું. ઈ.સ. ૫૦૦ થી એટલે કે બૌદ્ધધર્મની અવનતિ અને બ્રાહ્મણધર્મની નવા ધોરણો સાથે થયેલી પુર્નસ્થાપના ના સમયથી વિધવાઓ પર ત્રાસની ચરમસીમા જેવી અમાનવીય સતી પ્રણાલિ શરૂ થઈ અને રાજા રામમોહનરાય નામના બંગાળના સમાજ સુધારકે જાનના જાખમે ઈ.સ ૧૮૨૯માં આ પ્રથા બંધ કરવા સાંપ્રત બ્રિટિશ સરકાર પાસે કાનુન ઘડાવ્યો. આ ઈ.સ.૧૩૨૯ વર્ષોમાં બંગાળ પ્રાન્તમાં જ દર વર્ષે ૫૦૦ થી ૬૦૦ સતીઓ ધર્મ ટકાવી રાખવા મૃત્યુને શરણ જતી, એમ તો ન કહેવાય પણ આયોજિત રીતે સ્ત્રી-હત્યા કરવામાં આવતી. આ વર્ષો દરમ્યાન ભારતમાં સતીપ્રથાનો વિરોધી કોઈ જ્ઞાની, તત્વજ્ઞાની પણ્ડિત-શાસક-શ્રમણધર્મી કે બ્રાહ્મણધર્મી પેદા ન થયો તે નવાઈની વાત છે. રાજા રામમોહનરાય સુધી રાહ જાવી પડી અને બ્રિટિશ શાસકોની મદદ લેવી પડી.(બ્રિટિશ શાસકોને ખ્રિસ્તી પાદરીઓની ટીપ હતી કે, હિન્દુ-ધર્મ જેટલી ક્રુરતા આચરશે તેટલું ધર્માન્તરણ સહેલું પડશે.) આત્મા-પરમાત્મા-પરલોક અને બ્રહ્મની ચર્ચાઓમાં જીન્દગીઓ વિતાવી નાખનાર પોતાની મા, બહેન, ભાભી, પત્ની પ્રત્યેની સામાજિક ક્રુરતા નિવારી ન શક્યા. તે ભારતીય-તત્વજ્ઞાનીઓની મોટી કમનસીબી છે!

આપણે વિધવાને સહન કરવાના કેટલાક અમાનવીય રિવાજો અને સતીપ્રથાની વિગતો જાણીએ. સ્ત્રીનો પતિ મરી જાય ત્યારથી વિધવા ગણાય, અહીં વિધવા-બાળવિધવા પણ હોઈ શકે છે. હિન્દુ ધર્મમાં સ્ત્રી માટે પતિ સર્વસ્વ છે. એટલે પતિના મૃત્યુબાદ માથાના વાળનું મુણ્ડન કરી નાખવું પડતું. સુશોભિત વસ્ત્રો અને અલંકારોનો ત્યાગ, એકાદ વરસ ખુણો પાળવાનો એટલે કે ઘરમાં પુરાઈ રહી મિતાહાર કરી શરીર સુકવી નાખવાનું કોઈને મળવાનું નહીં કારણ કે હવે તે "અભાગણી" "રાંડીરાંડ" અને "અપશુકનિયાળ" સ્ત્રીમાં રૂપાંતર થઈ ગઈ છે. હવે તેને ઘરમાં જ રહેવાનું છે, પતિના સગાંઓ માટે આખો દિવસ મજુરી જેવું ઘરકામકરવાનું છે. સારા માઠા

કૌટુંબિક કે ધાર્મિક પ્રસંગોએ છુપાતું રહેવાનું છે. ગુલામ કરતાં બદતર સ્થિતિમાં બાળવયથી જ રહેવાનું હોય એના કરતાં સતી થઈ જવું સારૂં એમ કેટલીક સ્ત્રીઓ માનવા લાગતી. વિધવાને પતિ પાછળ જીવવાનો કોઈ અધિકાર નથી એવું વલણ સ્ત્રીના માતા-પિતા કે નજીકના સબંધીઓનું રહેતું. વળી તેનો આજીવિકાનો ખર્ચ અને પતિની મિલ્કતમાંથી ભાગ આપવો પડે. તે વિધવાના કોઈપણ સબંધીને અણગમારૂપ હતું. સમય જતાં કાશી વગેરે સ્થળોએ વિધવા-આશ્રમો બન્યા ત્યાં અનાથ, નિરાધાર, નિરાશ્રિત વિધવાઓને આશરો અપાતો પણ કેટલીકવાર તે યૌન-શોષણના અડ્ડા બની જતા.

બૌદ્ધધર્મે આપેલી સ્ત્રી સમાનતા અને આધ્યાત્મિક બાબતો શીખવા-સમજવા માટે ભિક્ષુણીઓ તરીકે સ્ત્રીના સ્વીકારથી બ્રાહ્મણધર્મ ધુંઆફુંઆ થઈ ગયેલો. જેની પ્રતિક્રિયા અભાગણી વિધવાઓ પર પડી! અને સતીપ્રથા ચાલુ થઈ ઈ.સ. ૫૦૦ ની આસપાસ જો કે વેદમાં સતીપ્રથાનો ઉલ્લેખ માત્ર પ્રતિક રૂપે છે. વળી એટલો બધો પ્રચલિત પણ નથી. શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રોમાં તો તેનો ઉલ્લેખ પણ નથી.

હિન્દુ સમાજમાં સ્ત્રી એ પતિની સંપત્તિ છે(માલિકી હક્કની પ્રબળતા!). પતિના મૃત્યુ પછી એને જીવવાનો અધિકાર નથી. આથી જો પુરુષ મૃત્યુ પામે તો તેની સાથે જોડાયેલી સ્ત્રીઓ પણ જીવન ટુંકાવે તે ઈચ્છનીય બનતું. વળી મૃત્યુ પછી પુરુષને સ્વર્ગમાંય બધી વસ્તુની જરૂર પડતી. પોતાને પતિ પાછળ સતી થવું પડશે એવો ભય હોય તો અણગમતા-પતિને ઝેર આપી મારી નાખતા સ્ત્રી અચકાય! અને ઘણીવાર વિધવા તરીકે જીવન પસાર કરે તો ક્યારેક લપસી જવાય અને અનીતિમય જીવન ગાળવું પડે. આના કરતાં પતિને પરલોકમાં સાથ આપી આનંદ-પુણ્ય-સ્વર્ગમાં ઉચ્ચસ્થાન કમાવું સારૂં!

સતી પ્રથા પાછળ સૌથી મોટુ કારણ આર્થિક લાભ હતો. કન્યાના માતા-પિતા-ભાઈઓ તો કન્યાને ગમે તેવા વૃદ્ધ રોગીને પરણાવી મુક્ત થઈ ગયા હતા. વિધવા પુનર્વિવાહનો રિવાજ જ નહોતો. વિધવાના પતિના કુટુંબીઓને વિધવા પતિની મિલ્કતમાં ભાગ માગે અથવા આજીવન એક સ્ત્રીને પાલવવી પડે તે માથાના દુઃખાવા સમાન હતું. આના બદલે સતી થાય તો વર-કન્યા બંને પક્ષે ફાયદાકારક હતું. એમ માનવામાં જરાય વાંધો નથી. આશરે પહેલી સદી પછી ધર્મશાસ્ત્રોઅને ધર્મસૂત્રોમાં કેટલાક સુધારા (Amendments) આવ્યાઃ નાના બાળકોવાળી કે ઋતુમતી સ્ત્રીઓને સતી થવાનું નહીઃ એવો પણ નિયમ હતો કે સ્ત્રી ઋતુમતી હોય અને તેનો પતિ મરી જાય તો ત્રણ દિવસ પતિના શબને રાખી મુકવું પછી પતિ-સાથે બળી મરવું. કેટલી પવિત્રતા! પુરુષના બધાં જ પાપ તેની પત્ની સતી થાય એટલે સતીના કર્મથી ધોવાઈ જતાં. સતી થનાર સ્ત્રીની અમુક વિધિઓ કરી સતી થવાનો સંકલ્પ લેવરાવાતો, પછી સતી થવાની ના પાડવી અપશુકનિયાળ ગણાતું. કેટલેક ઠેકાણે ઘાસ-લાકડાથી ઝુંપડી તૈયાર કરાવી સ્ત્રીને પતિના શબને ખોળામાં રાખી બેસવાનું રહેતું. બહાર એક ખુલ્લી તરવારે કુટુંબનો પુરુષ ઉભો રહેતો જેથી ઝુંપડી સળગાવ્યા બાદ સતી નાસી ન જાય! ક્યારેક સતીની ચિતા પર ગાડાના ભારે પૈડા મુકાતા જેથી સતી નાસી ન શકે! કોઈ વખત ચિતા પર લાકડાનો મંડપ બાંધવામાં આવતો જે અગ્નિની જ્વાળાઓ પ્રગટતાં સતીના માથે જ તૂટી પડતો. સતીની ચીસો અપશુકનિયાળ ગણાય આથી બહાર લોકો જાર જારથી ઢોલ, રણશિંગુ વગાડતા અને દેવ-દેવીઓ અને સતીમાં નો જય જયકાર બોલાવતા. જેથી સતી સંપૂર્ણપણે બળી જાય ત્યાં સુધી, તેની એક પણ ચીસ ન સંભળાય!

હજારે એકાદ વિધવા સ્વેચ્છાએ ચિતા પર ચડતી, બાકીની સ્ત્રીઓને બળજબરીથી અગ્નિમાં ધકેલી દેવાતી. સંકલ્પ લીધા પછી આનાકાની કરનાર સતીને કેફી પીણું પિવડાવવામાં આવતું, પગ બાંધી દેવાતા, ભાગવાના પ્રયત્નો લીલા વાંસથી દબાવી રખાતા!

રાજસ્થાનમાં અને ભારતમાં અન્ય સ્થળે પણ યુદ્ધમાં છેલ્લી ક્ષણે કાંતો જીતીને આવવું અથવા રણમાં ખપી જવું એવો સંકલ્પ કરી યુદ્ધ ખેલાતું જેને "કેસરિયા" કહેવાતા મોટે ભાગે રણમાં ખપી જવાનું જ વિશેષ બનતું પછી, પાછળથી બધા સૈનિકોની સ્ત્રીઓ સામુહિક સતી થતી. આને જૌહર કહેવાતું.

જેના જીવનમાં સંપૂર્ણ નિરાશા વ્યાપેલી છે છતાં અનેક પ્રલોભનો વચ્ચે રહેતી, વિષયવાસનાઓને જીતી ન શકતી, (યુવાન વયે વિષય વાસના જાગે તે કુદરતી છે. શરીરના સ્વસ્થ આવેગો છે. તેના મૃત પતિ સાથે કોઈ લેવા દેવા નથી.) સામાજિક બહિષ્કાર પામેલી વિધવા સ્ત્રીઓ સતી થવાનો માર્ગ માત્ર આવેશમાં આવી જઈ સ્વીકારતી. તેની સતી થવાની ઈચ્છા કાંઈ પતિ-પ્રેમકે સ્વર્ગના સુખો મેળવવા નહોતી. દુઃખમય ભવિષ્ય અને આત્મહત્યા વચ્ચે પસંદગી કરવાની રહેતી.

રાજા રામમોહનરાયના જન્મ સાથે ભારતમાં ક્યારેય નહોતી થઈ એવી માનવીય સુધારાની ચળવળનો જન્મ થયો. અઢારમી સદીમાં અંતમાં રાજાનો જન્મ થયો ત્યારે ભારતમાં બાળલગ્નો, ફરજિયાત વૈધવ્ય, સતીની પ્રથા, ગર્ભહત્યા, બાળહત્યા વગેરે સામાજિક દુષણો ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં સામાન્ય થઈ પડ્યાં હતાં.

રાજા રામમોહનરાય ને સતીપ્રથા ગમતી નહોતી પણ પોતાના ઘરે જ મોટાભાઈ ગુજરી જતાં ૧૮ વર્ષની ભાભીને રડતી કકળતી ચિતામાં ધકેલી દેવામાં આવી. આવી આયોજિત સ્ત્રી હત્યા જાઈને રાજાને બહુ આઘાત લાગ્યો. અને આ અમાનુષી પ્રથા બંધ કરવાની તેમણે પ્રતિજ્ઞા લીધી. નવાઈની વાત છે કે ઈ.સ. ૫૦૦ થી આ પ્રથા અમલમાં હતી માત્ર બંગાળામાં જ વર્ષે ૪૦૦ થી ૬૦૦ સતીઓ થતી. પણ કોઈ પણ પુરુષનું કાળજાં કંપ્યુ નહીં. બધા ય મુરખ હશે એમ આપણે ન કહીએ તો જ્ઞાની-તત્વજ્ઞાની સમાજસુધારક પણ તે કાળમાં થયા હશે. અને સૌ આ કહેવાતી ધાર્મિક માન્યતાને વફાદાર રહ્યા હશે. પછી ગાતા હશે **यत्र नार्यस्तु पुज्यन्ते तत्र रमन्ते देवता।**

રાજાનું માનવું હતુંઃ જ્યારે સમાજનો અડધો ભાગ અનિચ્છનીય યાતનાઓથી પીડાતો હોય ત્યારે સરકારે વચ્ચે પડી યાતનાઓ દૂર કરવી જાઈએ. જે વ્યક્તિગત પ્રયાસો કરતા વધુ અસરકારક બનશે. શાસક અંગ્રેજ સરકારને હિન્દુઓના વિરોધ વહોરી અપ્રિય થવાની જરાય ઈચ્છા નહોતી. ખરેખર તો આ વિકલ્પ ધર્માન્તર માટે ઉપયોગી હતો! હિન્દુ-ધર્મ જેટલી વધારે ક્રૂરતા વાપરશે એટલું ધર્માન્તરણ સરળ બનશે! અને સત્તાધારી જુનવાણી હિન્દુ માનસ મોટો અવરોધ હતો. રાજાના પ્રયત્નોની અસર સરકાર પર થઈ પણ સમાજ પર જરાય નહીં.

આખરે લોર્ડ વિલિયમબેન્ટિક ૧૮૨૮માં હિન્દના ગવર્નર જનરલ થયા અને રાજા રામમોહનરાયના કહેવાથી ઈ.સ. ૧૮૨૯માં કડક હાથે સતીની પ્રથા બંધ કરવા કાયદો પસાર કર્યો.

રાજા પર સનાતની હિન્દુઓ ક્રોધે ભરાયેલા અને તેમને હત્યાની ધમકીઓ મળી હતી પણ રાજા અડગ રહ્યા.

લોકો હજી પણ સ્ત્રીઓ પ્રત્યે ક્રૂર જ હતા તેથી વધારે પોલીસ પર! હવે કોઈ સ્ત્રી ચિતા પર ચડતી ત્યારે એવું ગપ ફેલાવવામાં આવતું કે તે અસાધારણ પવિત્ર સ્ત્રી હોવાથી તેણીના વીસે ય નખમાંથી સ્વયંભુ જ્વાળા પ્રગટી હતી કોઈએ બાળી નથી!

આ સિવાય "ઠંડી સતી" ના નામે એક ક્રુર પ્રથા શરૂ થયેલી. એક જમણવાર ગોઠવવામાં આવતો કે અમારી વિધવા પુત્રી સતી થાય છે. વિધવાને મિઠાઈમાં કેફી પદાર્થ અપાતો ને તેનું ઘેન ચડતાં ઝેર પાઈ દેવામાં આવતું અને વહેલી સવારે બાળી દઈ સતી થયાનું જાહેર કરાતું. આવી પ્રથાના અનુસંધાને આજે પણ સ્ત્રીઓને રાત્રે અગ્નિદાહ ન આપવા પરોક્ષ નિયમછે. સ્ત્રી લક્ષ્મીજી કહેવાય રાત્રે સ્ત્રીનું શબ ન કાઢી જવાય!

હજી વિધવાઓ પર અત્યાચાર યથાવત હતા ઠંડી-સતી અને પવિત્ર સતી પણ છાને ખૂણે કરવામાં આવતી.

સતીપ્રથા પર પ્રતિબંધ લગાવતો કાયદો અમલમાં હોવા છતાં સતીપ્રથા તો બંધ થઈ પણ વિધવાઓ પર ત્રાસ વધવા લાગ્યો. ઈ.સ.૧૮૦૨ માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર નામના વિદ્વાનનો બંગાળમાં જન્મ થયો અને ૧૮૫૩માં તેઓએ વિધવા વિવાહનો કાયદો અથાગ પ્રયત્નોના અંતે પસાર કરાવ્યો. હજી પણ ઈશ્વરચંદ્રે બાળલગ્નોનો વિરોધ કર્યો. વિધવા વિવાહને કાયદેસર બનાવવાથી સ્ત્રીઓની સ્થિતિમાં થોડો એવો સુધારો થયો હતો પણ ખરું અનિષ્ટ બાળલગ્નોમાં સમાયું હતું. આથી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે બાળલગ્નો વિરૂદ્ધ જારશોરથી પ્રચાર આદર્યો, આ સમયે ૮-૯ વર્ષની કન્યાને પણ લગ્ન પછી ઘરસંસાર માંડવો પડતો. આમ લગ્નજીવનના નામે સ્ત્રીઓ પર લગભગ બળાત્કાર જ ગુજારાતો. ઈશ્વરચંદ્રે "લગ્નમાં સંમતિવય" નો કાયદો પસાર કરાવવા અથાગ પ્રયત્નો કર્યા. આ કાયદા અનુસાર કોઈ પણ પતિ, પત્ની ચૌદ વર્ષની ન થાય ત્યાં સુધી પરિણીત જીવન ન ભોગવી શકે. પરંતુ આ કાયદો પસાર થાય તે પહેલાં ઈ.સ. ૧૮૯૧માં તેઓ મૃત્યુ પામ્યા.

સ્ત્રીઓ પર માત્ર આર્ય-અનાર્ય કે શ્યામ-ગૌર વર્ણના સમન્વયના કારણે, ઉભી થયેલી રૂઢિચૂસ્ત ગૌર વર્ણની અદેખાઇના કારણે ૨૫૦૦ વર્ષ સુધી સહન કરવું પડ્યું. હજી આપણે દીકરીને દૂધ પીતી કરી દેવાના રિવાજ વિષે લખતા નથી, તે ઉપરાંત હાલના વર્ષોમાં સોનોગ્રાફી જેવા યંત્રો વડે ગર્ભ-પરીક્ષણ કરાવી માદા-ભ્રૂણહત્યાઓ થતી. તે રોકવા માટે સરકારે કેટલાક નિયંત્રણો મુકવા પડ્યા છે. અને આ બધું ધર્મ અને પરલોક સુધારવાના નામે!

જે ધર્મ, જે ઈશ્વર, જે સમાજ ૨૫૦૦ વર્ષ સુધી અને હજી યે સ્ત્રીઓના દુઃખ સમજી શક્તો ન હોય. તે ધાર્મિક-સામાજિક અને શાસકીય વ્યવસ્થાની પુનઃવિચારણા કરવી પડે એવું લાગે છે. માત્ર સ્ત્રી-સ્વાતંત્ર્યના

આંદોલનો અને પત્રકાર પરિષદો પૂરતાં નથી.

આર્ય-અનાર્ય સમન્વય આપણે અગાઉ જાયું તેમ વસિષ્ઠ-વિશ્વામિત્રના દાશરાજ્ઞ યુદ્ધથી એટલે કે, ઈ.સ.પૂર્વે ૧૩૦૦-૧૪૦૦ વર્ષથી ચાલ્યો આવે છે. વિસિષ્ઠ રૂઢિચુસ્ત આર્ય હતા અને શ્યામવર્ણ સાથે જરાય સમન્વય કરવા માગતા નહોતા. વિશ્વામિત્ર માનવતાવાદી હતા. જીતાયેલી પ્રજાનો સમૂળગો નાશ કરવાને બદલે પોતાના આર્ય સંસ્કાર આપી ભેળવી દેવા માગતા. પોતે દશ રાજાઓનું સંગઠન કરી વસિષ્ઠ સાથે યુદ્ધ કર્યું પણ યુદ્ધ હારી ગયા. પણ આર્ય-અનાર્યના સમન્વયનો કાર્યક્રમ ચાલુ રહ્યો. અને સાથોસાથ છુપી અદેખાઈ પણ. આ અદેખાઈનો એક ભાગ સ્ત્રીઓ બની જે આપણે જાયું. બીજી અદેખાઈ વર્ણાશ્રમધર્મની સ્થાપના વડે દરેક મુદ્દા પર કરવામાં આવી. તેમાં ખાસ કરી શૂદ્રવર્ણ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું તેમ જ અન્યવર્ણો પણ ઉચ્ચ-નીચની જાળમાં ફસાયા હતા. વર્ણાશ્રમનો વિરોધ જૈન અને બૌદ્ધ ધર્મે કર્યો છેવટે હિન્દુ સમાજસુધારકો ખાસ કરી શ્રીદયાનન્દ સરસ્વતી અને મહાત્મા ગાંધીએ શૂદ્રોને હરિજનો ગણી, અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ ચલાવી માનવતાભર્યું સ્થાન આપ્યું. અગાઉ મુસ્લિમયુગના ઘણા સંતો અને સંપ્રદાયોએ વર્ણાશ્રમનો પ્રછન્ન વિરોધ કરેલો. જેમાં ગુરુનાનક અને કબીર ના નોંધ પાત્ર પ્રયત્નોથી હિન્દુપ્રજાને વિધર્મી પ્રભાવથી દૂર રાખી શકાઈ. દક્ષિણમાં પણ ઘણા સંતોએ વર્ણાશ્રમને અવગણ્યો. આ બધી ભૂમિકાનો લાભ મહાત્મા ગાંધીને અસ્પૃશ્યતા નિવારણ વખતે મળ્યો. વર્ણાશ્રમના વિરોધ અને સમન્વય વિષે ઘણુ સાહિત્ય ઉપલબ્ધ છે. હરિજનોને તો શ્રીઆંબેડકર વગેરેના પ્રયત્નોથી સમાજમાં સુદૃઢ સ્થાન મળ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારે પણ વિશેષ સુવિધાઓ આપી છે. માત્ર સ્ત્રીઓ અને આર્ય-અનાર્ય સમન્વય વર્ણાશ્રમધર્મ-ગૃહસ્થાશ્રમધર્મ વિષે ઓછું કહેવાયું છે તે અહીં માનવતાસભર સાંખ્યદૃષ્ટિથી લખ્યું છે.

સિન્ધુ સભ્યતાનો ધ્વંસ ઈ.સ.પૂર્વે ૧૯૦૦ થી ૧૭૦૦ દરમ્યાન થઈ ચુક્યો હતો. સિન્ધુસભ્યતાની કિરાત પ્રજા હિમાલયની પહાડીઓમાં ખસી ગઈ હતી. આ કિરાત પ્રજા એટલે મોંગોલિયન રેસના, તિબેટી, ભોટીયા, નેપાળી અને નાગ લોકો, એક નિષાદ પ્રજા શ્યામવર્ણી હતી જે મધ્યભારત-બંગાળના જંગલોમાં અને દક્ષિણ ભારત તરફ ખસી ગઈ. આમાંથી ઘણા દૂર સ્થળે ખસી ગયા ઘણાએ આર્યો સાથે સમન્વય સાધ્યો.

ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૩૦ દરમ્યાન દયારામ સાહની, રાખાલદાસ બેનરજી, નનીગોપાલ મજુમદાર અને સર જોન માર્શલે, હડપ્પા, મુંએ જો ડરો અને અન્ય સ્થળોએ પ્રાચીન સિંધુ સભ્યતાના અવશેષો મેળવેલા, આ ભારતીય ઉપખંડના ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાયું. બેબિલોન, મેસોપોટેમિયા અને મિસરની પડોશી પ્રાચીન સભ્યતાઓની સમકાલીન સિન્ધુ સભ્યતાના અવશેષો શ્રી રંગનાથરાવના અનુમાન મુજબ ૧૬૦૦ કીમી. પૂર્વ-પશ્ચિમ અને ૧૧૦૦ કીમી. ઉત્તર-દક્ષિણ વિસ્તરેલો છે. ફેયર સર્વિસ નામના વિશેષજ્ઞનું માનવું છે કે સિંધુસભ્યતાનો વિસ્તાર મુખ્યરૂપથી ઘઉં ઉગાડતા પ્રદેશો સિંધ, પંજાબ, ગુજરાત મુખ્ય છે. નવા નવા સંશોધનો અને ઉત્ખનનોથી આ વિસ્તારોમાં ફેરફાર થાય છે.

આર્યોની ભાષા, ઘોડાનો ઉપયોગ વગેરે બાબતો માટે વિદ્વાનોના અવલોકનો આર્યો યુરોપ-ઈરાન તરફથી આવ્યા હોવાનું માને છે અને સમય ઈ.સ.પૂર્વે ૧૯૦૦ થી ૧૭૦૦ દરમ્યાન ગણવામાં આવે છે. ઈ.સ.પૂર્વે ૧૭૦૦ સિન્ધુ સભ્યતાના ધ્વંસનો સમય પણ લેખવામાં આવે છે. આર્યોએ બહારથી આવી સિન્ધુ સભ્યતાને પછડાટ આપી હોવાના કેટલાક અનુમાન છે. જે પ્રાચીન અવશેષોમાં મળેલી મુદ્રાઓ અને અન્ય ચીજ વસ્તુઓ સૂચવે છે.

તા.૫-૯-૧૯૭૭ ના "ઈન્ડિયન એકસપ્રેસ" અંગ્રેજી દૈનિકમાં તે વખતના ભારતના સંસદ સભ્ય શ્રી ફ્રેન્ક એન્થનીએ માગણી કરી હતી કે ભારતીય બંધારણના આઠમા પરિશિષ્ટમાંથી સંસ્કૃતભાષા કમી કરવી જાઈએ. કારણ કે તે વિદેશી આક્રાન્તાઓ આર્યોની ભાષા હોવાથી વિદેશી ભાષા છે. બસ અહીથીં ગોટાળો શરૂ થયો.

ખ્રિસ્તીઓ અને મુસલમાનો ભારતમાં આવેલા વિદેશી આક્રમણખોરો છે. એ વાતને નિર્મૂળ કરવા હિન્દુ-આર્યો પણ વિદેશી આક્રમણખોરો છે અને આ દેશ તો પછાતો અને દલિતોનો હતો. જેને ખ્રિસ્તીઓ કે મુસલમાનોએ ધર્મપરિવર્તન કરાવી સંસ્કારી બનાવ્યા છે. વળી દલિતોની વાત આવી એટલે ભારતના સામ્યવાદીઓએ પણ આ વાતની તરફેણ કરી. અને ભારતીય બંધારણના ૮મા પરિશિષ્ટમાંથી સંસ્કૃત ભાષા દૂર કરવા માટે સમર્થન આપ્યું.

હવે આ બાબત હિન્દુ રાષ્ટ્રવાદીઓ માટે કારમા ઘા સમાન હતી ભારતમાં હિન્દુઓની ઉપસ્થિતિ ૩૫૦૦ વર્ષ પહેલાંના પ્રાચીન આર્યોના સ્થળાંતરને આધારે વિરોધી જુથોએ રાજકીય હથિયાર બનાવી કાઢ્યું. જેથી હિન્દુઓ પણ ખ્રિસ્તીઓ અને મુસલમાનો જેટલા આક્રમણખોર વિદેશી થઈ જતા હતા. ઉપરાન્ત ખ્રિસ્તીઓ અને

મુસલમાનોની ધર્માન્તર પ્રવૃતિને બચાવ મળતો હતો. કારણ કે આ દેશના મૂળ વતનીઓ તો પછાતો અને દલિતો જ હતા. સામ્યવાદીઓ તો પછાતો અને દલિતોના તારણહાર હતા! આને સરળ ઉકેલ એક જ હતો આર્યો આ દેશના મૂળવતનીઓ હતા અને અહીંથી જ વિશ્વભરમાં ફેલાયેલા. હવે આર્યો સિંધુ સભ્યતાના પ્રદેશોમાં મોડેથી આવ્યા તે બાબતના ઐતિહાસિક સંશોધનો તો એક બાજુએ રહી ગયા અને હિન્દુ રાષ્ટ્રવાદીઓએ રાષ્ટ્રીય ગૌરવ અને ધાર્મિક દૃષ્ટિકોણથી આર્યો ભારતના જ વતનીઓ હતા અને અહીંથી જ પૂર્વ-ઉત્તરમાં એટલે કે ઈરાન-યુરોપમાં સ્થળાંતરિત થયા હોવાની વાતને જ અનુમોદન આપવાનું શરૂ કર્યું. જો કે આ પહેલાં ઘણાં હિન્દુ રાષ્ટ્રવાદીઓએ આર્યો બહારથી આવ્યા તે વિષે લખ્યું છે. શ્રી બાલગંગાધર-તિલકે તો "Arctic Home in Veds" નામનું પુસ્તક લખ્યું છે પણ તે સમયની વાત જુદી માનવી રહી.

તેમ છતાં આર્યોની વર્ણવ્યવસ્થા સામે દ્રવિડો-પછાતો-દલિતો નો પડકાર ઉભો જ છે. ઈ.સ ૧૯૬૭માં દ્રવિડમુન્નેત્રકળગમ નામનો રાજકીય પક્ષ દક્ષિણના રાજ્યોમાં શરૂ થયેલો છે.

૨૭-૩-૧૯૮૫ ના "મુસ્લિ મઈન્ડિયા" ના અંકમાં આવી વાત છપાણી કે, ભારતમાં વસતી અનુસુચિત જાતિઓ અને જનજાતિઓ જ ભારતના મૂળ નિવાસી છે એટલે આ હિન્દુ જાતિઓમાંથી મુસલમાન કે ઈસાઈ બનેલા લોકો જ આ દેશના અસલ માલિક છે. અને બીજા બધા વિદેશીઓ છે. અંગ્રેજો તો ગયા હવે જેણે પહેલાં આક્રમણ કર્યું તે આર્યોએ પહેલાં આ દેશ છોડી દેવો જાઈએ.

આવી રાજકીય ભૂમિકાઓ જાતાં, હિન્દુ રાષ્ટ્રવાદીઓ "આર્યો અહીંના મૂળ રહેવાસી હતા" તેના ઐતિહાસિક પુરાવાઓ મેળવવા વિદ્વાનોને રોકી લીધા. વળી જે રાજ્યોમાં સામ્યવાદી સરકારો હતી ત્યાં પણ ઈતિહાસના પાઠ્યપુસ્તકો સાથે ચેડાં થવા શરૂ થઈ ગયાં. આક્ષેપોની ઘટમાળ ચાલી. મુસલમાનોએ ઈતિહાસ નષ્ટ કર્યો, અંગ્રેજાએ ઈતિહાસ વિકૃત કર્યો, સામ્યવાદીઓએ મનઘડંત રીતરસમો ઈતિહાસ પર અજમાવી. હજી પણ આવી ક્રિયા-પ્રતિક્રિયા ચાલુ છે. જે કેટલાક રાજકીય ઉદ્દેશ્યો પાર પાડવા માટે અનુકૂળ છે.

અત્યાર સુધી થયેલા ઐતિહાસિક સંશોધનો Aryan Invasion Theory (આર્યો બહારથી આવ્યા તે સિદ્ધાન્ત AIT) ને સમર્થન આપતા જણાય છે. ભારતમાંથી આર્યો સ્થળાંતર થયા તે સિદ્ધાન્તને આપણે Out of India Theory OIT તરીકે લખશું.

ભારતીય વિદ્વાનોમાંથી શ્રીકનૈયાલાલ-મુન્શી, વીર સાવરકર, બાલગંગાધર તિલક, રાહુલ સાંકૃત્યાયન વગેરે AIT સાથે સહમત છે. અન્ય વિદેશી વિદ્વાનો, હકસલિ, નિત્સે, ચાર્લ્સમોરીસ, મેક્સમ્યુલર, મેકડોનલ વગેરે પણ AIT સાથે સહમત છે.તે સિવાય બીજા ઘણા ય અનુમાનો AIT માનવા પ્રેરે છે.

સિન્ધુ સભ્યતાના અવશેષોમાં મળેલી મૃણ્મુદ્રાઓમાં ક્યાંય અશ્વ નો ઉલ્લેખ નથી. અશ્વ-રથ અને યુદ્ધ સાથે આર્યોએ સપ્તસિંધુના પ્રદેશોમાં હિન્દુકુશના રસ્તે દાખલ થયા છે.

આર્યો Nordic-નોર્ડિક રેસના છે. ઉંચાઈ બાંધો-ગૌરવર્ણ ચહેરાની નકશી, ભૂરી આંખો, પીળા કે રતાશ પડતા વાળ વાળો છે. નાઝીઓએ સ્વસ્તિકનું ચિન્હ અપનાવેલું તે નોર્ડિક થિયરીને યોગ્ય ઠેરવે છે. આલ્ફ્રેડ રોજનબર્ગ પોતાના પુસ્તક The myth of Twenty century (૧૯૩૦) માં જણાવે છે કે, નોર્ડિક રેસના લોકોએ ભારત પર આક્રમણ કર્યું અને વેદની રચના કરી, ઈરાન, ગ્રીસ, રોમ પણ જીતી લીધેલા અને ત્યાંના લોકો સાથે ભળી ગયા અને પોતાના વતનને ભૂલી ગયા. નાઝીઓ નોર્ડિયાક આર્યોની અનાર્યો સાથેની સંકરતાને ભયસૂચક નિશાની ગણે છે. DNAનું પ્રમાણ કેટલાક ક્ષત્રિયો અને બ્રાહ્મણોમાં Euracial maleનું તત્વ બતાવે છે. સ્થાપત્યના એવા કોઈ પુરાવા મળતા નથી જે સપ્તસિન્ધુના સ્થળોએથી ઉત્તર કે પૂર્વ તરફ ફેલાયા હોય.

સૌથી અઘરૂં કામ જે વિદ્વાનોથી નથી થઈ શક્યું તે સિન્ધુ સભ્યતાની ભાષા-લિપિ ઉકેલવાનું. જ્યારે ભાષા લિપિની સ્પષ્ટતા થશે ત્યારે ઘણી સમસ્યાઓ ઉકેલાઈ જવા સંભવ છે. હાલના સિન્ધુ સભ્યતાના પ્રદેશો ઈન્ડોઈરાનીયન કે ઈન્ડોયુરોપિયન કૂળની ભાષાઓ બોલે છે. તેવી જગ્યાએ એટલે કે ઉત્તરમાં પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાન્તમાં આજે પણ દક્ષિણમાં બોલાતી દ્રવિડકૂળની ભાષાઓ જેવી બ્રાહુઈ ભાષા બોલાય છે. જેથી દ્રવિડોએ ઉત્તરમાંથી દક્ષિણમાં સ્થળાંતર કર્યાનો સંકેત આપે છે.

બાલગંગાધર તિલક આર્યોનું વતન ઉત્તર ધ્રુવના પ્રદેશો માને છે. મેક્સમ્યુલર અને મેકસવેબર જેવા ૧૯મી સદીના વિદ્વાનો આર્યો તરીકે ઓળખાતી ઉંચી ગૌરવર્ણ જાતિએ ઈસ.પૂર્વે ૧૭૦૦ થી ૧૫૦૦ દરમ્યાન અતિક્રમણ કર્યું હોવાનું માને છે. અથવા ઈ.સ.પૂર્વે ૧૭૦૦ પછી સિન્ધુસભ્યતાનો કોઈ દેખીતા કારણ વિના વિનાશ થયો.

સિન્ધુ સભ્યતાના અવશેષોમાંથી લિંગ અને યોનિની આકૃતિઓ મળી આવી છે. જે ઉત્થાન પામેલ પુરુષના લિંગ સમાન છે. વેદોમાં ઘણું કરી ઋગ્વેદમાં शिश्नदेव।ની અને शिश्नपूजक ।ની ખાસ અવગણના કરવામાં આવી છે. (ઋ. ૭-૨૧-૫ અને ૧૦-૯૯-૩) સંસ્કૃતભાષાની રચના આર્ય-અનાર્ય ની લગભગ ૫૦૦ વર્ષના (ઈ.સ.પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૨૦૦) સંઘર્ષ બાદ થયેલા સમન્વયના પ્રથમ તબક્કામાં થઈ અને વેદોની રચના કરવામાં આવી. સંસ્કૃત એટલે *Well processed* સારી રીતે સંસ્કાર પામેલી ભાષા, જેમાં ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડ ભાષાના શબ્દભંડોળો મઠારવામાં આવ્યા છે અને એક સંપૂર્ણ વર્ણમાળામાં માનવ શરીરની સ્વરપેટી અને મુખના અવયવોના આધારે ઉત્પન્ન થતી ધ્વનિઓ ગોઠવવામાં આવી છે. વ્યાકરણ અને પદોની રચના પણ ખૂબ સુંદર બનાવી છે. આર્યોની ભાષા ઉત્તર ધ્રૂવના પ્રદેશો સુધી વપરાતી હોય અને સંસ્કૃતમાં સમાવી લીધાના સ્પષ્ટ સંકેતો મળે છે. આનો અર્થ એમ થાય કે સંસ્કૃત ભાષાના શબ્દો પરથી યુરોપની ભાષાના શબ્દો ઉતરી આવ્યા નથી.

મેકડોનેલ અને કીથ નામના વિદેશી મહાનુભાવોએ વૈદિક સંસ્કૃતનું વ્યાકરણ, શબ્દકોષ અને સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ખૂબ જ કાળજીપૂર્વક અને સંશોધનાત્મક દ્દષ્ટિથી લખ્યા છે. ફ્રેડ્રિક મેકસમ્યુલરે વેદોનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું છે. જો કે કેટલાક આક્ષેપો તેમના પર છે. પરંતુ તે આક્ષેપોનું નિવારણ કે સંશોધન કરવાનો અન્ય વિદ્વાનોએ પ્રયત્ન કર્યો હોય તેવું દેખાતું નથી.

આ બધા મુદ્દાઓ સિન્ધુ સભ્યતા પર આર્યોના આક્રમણને પુષ્ટ કરે છે વળી તેના સાંયોગિક, ઐતિહાસિક પુરાવાઓ ઘણા સબળ હોવાનું ચોક્કસપણે માની શકાય તેમ છે.

આર્યો મૂળ અહીં સપ્તસિંધુના પ્રદેશોના જ વતનીઓ હતા અને અહીંથી ઈરાન, યુરોપના દેશોમાં સ્થળાંતર થયા હોવાનું માનનાર મહાનુભાવોમાં અરવિન્દ ઘોષ, સ્વામી દયાનન્દ, શ્રીકાન્ત તાલગીરી, ડો.આંબેડકર, ડેવિડ ફ્રોલિ વગેરે છે. તેઓનો મોટો બચાવ એ છે કે પ્રાચીન સાહિત્યમાં ખાસ કરી ઋગ્વેદમાં ક્યાંય આર્યો બહારથી આવ્યા તેવો ઉલ્લેખ નથી. મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને સામ્યવાદીઓ હિન્દુઓ તરફ પૂર્વગ્રહપીડિતો છે. કેટલાક હિન્દુઓ પણ હિન્દુવિરોધી છે. અને પરદેશી લેખકો-વિદ્વાનો જ સાચું કહે છે. એવો પૂર્વગ્રહ ધરાવતા હોય છે. જે હોય તે સમય વીત્યે સત્ય પ્રગટ થશે.

આટલી વાતો પછી આપણે આર્ય-અનાર્ય-સમન્વય થયો હોવા છતાં આર્યો સિંધુસભ્યતાના લોકોની ત્રણ મુખ્ય વિચારશ્રેણીનો સદાકાળ વિરોધ કર્યો છે. જેમાં સિન્ધુસભ્યતામાં અનીશ્વરવાદ હતો. જે ખરેખર સાંખ્ય અને યોગ આધારિત હતો. માત્ર અનીશ્વરવાદ જ નહીં. પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક, પૂર્વ-જન્મ-પૂનર્જન્મ, મોક્ષ, અવતાર-ગુરુ, પુરોહિત વગેરે કર્મફળની શૃંખલાનું ક્યાંય અસ્તિત્વ નહોતું. સિન્ધુ સભ્યતાનું શાસન ગણતંત્રપ્રણાલિ અનુસરતું. જ્યારે આર્યોએ સામ્રાજ્યવાદ, રાજાશાહી સ્વીકારેલી. આ વાત માનવતાવાદ અને મૂડીવાદ જેટલી જ અરસપરસ વિરોધી બાબત છે. કેમકે, માનવતાવાદ કેન્દ્રમાં માનવ રાખે છે. મૂડીવાદ માત્ર નફો!

સિન્ધુ સભ્યતાના લોકોનો સમાજ માતૃપ્રધાન (ચોખલીયા ભાષામાં) અથવા તો બહુપતિત્વ (Polyandry-દ્રૌપદીપ્રથા)માં માનતો, જ્યારે આર્યોએ અગાઉ સંપતિ ટકાવી રાખવા અને માલિકી હક્કને પોષણ મળે તેવી લગ્નવ્યવસ્થા ચલાવેલી જેમાં ખાસ નિયમો નહોતા નજીકના સબંધી સ્ત્રી-પુરુષો દાંપત્યજીવન ગાળતા. પાછળથી આર્યોએ Monogamy - એક પતિ-પત્નીત્વ અથવા Polygamy -બહુપત્નીત્વ પ્રથા સ્વીકારેલી જેમાં સ્ત્રીઓનું એક પુત્રજન્મ આપે તેટલું જ મહત્ત્વ હતું. પરંતુ અનાર્યોની સ્ત્રી-સ્વાતંત્ર્ય વાળી Polyandry - પ્રથા તરફ બેહદ અણગમો હતો.

આર્યો અનાર્યોને નિમ્નસ્તરના લોકો સમજતા હતા. પણ અનાર્યો અત્યન્ત સુસંસ્કૃત અને વિદ્યાવ્યાસંગી હતા. તેથી આર્યોને અનાર્યોની ઘણી વિદ્યાઓ શીખવા સમન્વય કરવો પડેલો. ભાષા ગીત-સંગીત-નૃત્ય, સ્થાપત્ય, ગણિત, જ્યોતિષ વગેરે તમામ વિદ્યાઓમાં અનાર્યો પારંગત હતા. જેનો દેખીતો પુરાવો સંસ્કૃત ભાષાનો પુનરુદ્ધાર કરનાર મહાન વ્યાકરણ શાસ્ત્રી પાણિનિ દ્વારા માહેશ્વર સૂત્રોનો પરિચય છે. સૂત્ર રૂપે સંક્ષિપ્તમાં લખવા માટે આ માહેશ્વર સૂત્રો પાણિનિને ખૂબ જ ઉપયોગી થયા.

આ સૂત્રો શિવજીના ડમરૂના અવાજમાંથી નીકળ્યા હોવાથી માહેશ્વર સૂત્રો કહેવાય છે. વળી નૃત્ય-સંગીતના દેવ નટરાજ શિવ તો છે જ. સાંખ્યના પરિણામી-વિકારી પ્રકૃતિ અને અપરિણામી-અવિકારી ચેતનતત્વ-

પુરુષના પ્રતિક રૂપે યોનિ-લિંગ અને પાર્વતી-શિવ છે. શિવમાં વેદના દેવ રૂદ્રનું આરોપણ ઘણું પાછળથી થયેલું છે. શિવ અને કૃષ્ણ શ્યામવર્ણના દેવો અનાર્ય દેવો છે. કૃષ્ણને પાછળથી વિષ્ણુના અવતારમાં સમાવી લીધા છે.

વૈદિકોનો પ્રચંડ વિરોધ નીરીશ્વરવાદી સાંખ્ય દર્શન દ્વારા થયો છે. જૈન ધર્મ સાંખ્ય-દર્શન અને યોગ-દર્શન આધારિત ધર્મ છે. તેવી જ રીતે બૌદ્ધધર્મ પણ. જે મૂળભૂત રીતે શ્રમણ-ધર્મો છે. જ્યારે ઈશ્વર-પરલોક-પૂનર્જન્મમાં માનનાર બ્રાહ્મણ-ધર્મ=વૈદિકધર્મ છે. આર્ય-અનાર્ય અને શ્રમણ-બ્રાહ્મણ ની વાત ગમે તેટલી લંબાવી શકાય તેવી છે.

પ્રકરણ - ૬ઠ્ઠું. સંસ્કૃત ભાષા

ઈ.સ.પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા સિંધુ નદીની આસપાસના પ્રદેશોમાં સિંધુ સભ્યતાનો વિકાસ થયો,જે માનવ ઈતિહાસમાં સૌ પ્રથમ નગર સંસ્કૃતિ હતી. નૃવંશશાસ્ત્ર પ્રમાણે હાલના માનવ જેવો માનવ જે ભાષા-લિપિ-વાણી વડે વિચારોનો સંગ્રહ કરી શકતો થયો અને આ વિચારોનો ઉપયોગ દૂર દેશના સ્થળ અને ભવિષ્યની પેઢી માટે વારસામાં રાખતો ગયો તેવો માનવ પૃથ્વી પર ઈ.સ.પૂર્વે ૮૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ પહેલાં પ્રથમવાર દેખાયો. અને દુનિયાભરમાં અનેક સ્થળે આ માનવજાતિ અસ્તિત્વમાં આવી. ભારતીય ઉપખંડમાં આવા સ્થળો પ્રથમવાર સિંધુ નદીના કિનારે મળ્યા આથી આ સભ્યતા સિંધુ સભ્યતા કહેવાઈ.

આશરે ઈ.સ.પૂર્વે ૩૫૦૦ દરમ્યાન સંપૂર્ણ વિકસિત થયેલી સિન્ધુ સભ્યતાના પ્રદેશોમાં હાલનું સૌરાષ્ટ્ર-કચ્છ પાકિસ્તાન-રાજસ્થાન અને હિમાલય સુધીના કેટલાક સ્થાનોનો સમાવેશ થઈ જાય છે. આ નગરસંસ્કૃતિએ સ્થાપત્ય, નગરરચના, ભાષા, લિપિ, તત્વજ્ઞાન, યોગ, નૃત્ય, કલાનો અદ્ભૂત વિકાસ સાધેલો. ઈ.સ.પૂર્વે ૧૭૦૦ની આસપાસ આ સંસ્કૃતિનો સંપૂર્ણ ધ્વંસ થયો, આ વખતે ઉત્તર-પશ્ચિમના પ્રદેશોમાંથી આર્યોનું આગમન થયું. મૂળ અનાર્ય લોકો હિમાલય અને દક્ષિણભારત તરફ ખસી ગયા. આ સંઘર્ષ લગભગ પાંચ સૈકાઓ સુધી ચાલ્યો. છેવટે ઈ.સ.પૂર્વે ૧૨૦૦ દરમ્યાન આર્યોની સત્તા અને અનાર્યોની વિદ્વતાનો સુભગ સમન્વય શરૂ થયો, <u>પહેલું કામ સંસ્કૃતભાષાની રચનાનું થયું.</u> સંસ્કૃત એટલે સારી રીતે સંસ્કાર પામેલું-Well Processed એટલે હાલ જ્યાં જ્યાં ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડકૂળની ભાષા બોલાય છે તે પ્રદેશોની અર્થાત્ આર્યોના મૂળ વતનની ભાષા અને દ્રવિડ અનાર્ય ભાષાના શબ્દભંડોળને સૂપેરે મઠારી સંસ્કૃત ભાષાની રચના કરવામાં આવી.

ભાષા વિજ્ઞાન માનવ બોલીઓની શરૂઆત, સ્વીકાર-અસ્વીકાર અને ભયસૂચક શબ્દોથી થયેલી માને છે. એટલે કે હા-ના અને મા(માતાને બોલાવવાનો ભયસૂચક ઉદગાર) પ્રાથમિક શબ્દો છે. આર્યોના વતનના દેશો અને સંસ્કૃતના માતા-પિતા ના શબ્દોના ઉચ્ચારણો કેટલા નજીક છે તે નીચેના કોઠા પરથી સમજી શકાશે.

સંસ્કૃત.......માતૃ - પિતૃ
ગુજરાતી....માતા - પિતા
લેટિન........મેટર - પેટર
ગ્રીક..........મેટર - પેટર
અંગ્રેજી.......મધર - ફાધર
જર્મન.........મુટેર – વટેર

માતાનો ઉચ્ચાર દ્રવિડો અમ્મા કે અમ્બા કરે છે. અમ્મા શબ્દ અરબી-ફારસીમાં પણ છે. સંખ્યાઓ માટેના દ્રવિડ શબ્દો પણ સંસ્કૃતથી જુદા પડે છે. ઋગ્વેદના વેદિક સંસ્કૃત અને ઇરાનીઓની અવેસ્તામાં ઘણું સામ્ય છે.

જુદી જુદી ભાષાઓના આવા ઘણા ય શબ્દો ભળતા ઉચ્ચારણવાળા છે જેનો સંસ્કૃતમાં સમાવેશ થયો છે. આવા શબ્દોની નોંધ[1] પરિશિષ્ટમાં કરી છે. આ બધા અનુમાનો દર્શાવે છે કે આર્યો માનવજાતિનો અતિ પ્રાચીન સમૂહ હતો. અને લાંબા સમયના સ્થળાંતર દરમિયાન વિવિધ પ્રદેશોમાં આ બધા લોકો સાથે રહ્યા હશે.

संस्कृत	प्राचीन भारोपिय	लेटिन	ग्रीस	अंग्रेजी
१ एक	ઓઇનોસ	ઉનો-Uno	ઓઈઓસ-Oios	One
२ द्वि	દુયોઉ	દુએ-due	દુઓ-duo	Two
३ त्रि	ત્રેયસ	ત્રે-Tre	ત્રઈસ-treis	Three

४ चतुर	ક્વત્યોરસ	ક્વાત્ર-quatre	તેતોરસ-tetores	Four
५ पञ्च	પન્કવ	ક્વિંક્વ-quinque	પેન્ત-pente	Five
६ षट्	સ્વક્સ	સેઇ-sei	જેસ-zes	Six
७ सप्त	સપ્તમ	સપ્ત-sept	હપ્ત-hept	Seven
८ अष्ट	ઓકતોઉ	ઓક્ટો-octo	ઓક્તો-octo	Eight
९ नव	નયન	નોવમ્-novem	એન-નઅ-en nea	Nine
१० दश	દકમ	દેકમ્-decem	દેક-deka	Ten
१०० शतम्	ક્વમતામ	કેન્તુમ-centum	હેકતાન-hekaton	Hundred
१००० सहस्त्र	ફારસીમાં હજાર		ખીલીઓઈ-khilioi	Thausand
११-एकादश				Ele-One
१३-त्रयोदश				Thirteen
२१-एकवीस				Twenty One

ગ્રીસ, ઈટાલિ, જર્મની, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, રશિયા, જર્મની, હોલેન્ડ, ઈરાન, અરબસ્તાન, ઈજીપ્તના વસાહતીઓના પૂર્વજ હતા. બીજા શબ્દોમાં કહીએ તો હાલ જે પ્રદેશોમાં ઈન્ડોયુરોપિયન અને ઈન્ડોઈરાનીયન ભાષાકૂળોની ભાષાઓ બોલાય છે તે પ્રદેશોના વસાહતીઓના પૂર્વજો અને સિંધુ સભ્યતા પર આક્રમણ કરી સ્થાયી થનારા આર્યો ઘણો સમય સાથે રહ્યા હોવાનું સ્પષ્ટ છે. વળી આ દેશોમાં હાલ બોલાતી ભાષાની વર્ણમાળાના પ્રથમાક્ષરો સામાન્ય રીતે એ.બી, આલ્ફા-બીટા, અલિફ-બે, એટલે કે અ-બ થી શરૂ થાય છે. કહેવાય છે કે ઈ.સ. પૂર્વે ૨૮૦૦ ની આસપાસ લેબેનોનના પર્વતો અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે સાંકડી પટ્ટીમાં ફિનિશિયનોના પૂર્વજાએ આવી વસેલા અને નૌકાશાસ્ત્ર, સ્થાપત્ય, લેખનકળા વગેરે વિકસાવેલા. આ લોકોએ ઈજિપ્તની હયરોગ્લાફિક અને સુમેરિયાની ક્યુનિફોર્મ લિપિમાં સુધારાવધારા કરી ૨૨ મૂળાક્ષરોવાળી [૨]વર્ણમાળાની રચના કરેલી (ઈ.સ.પૂર્વે ૧૪૦૦). જેના પ્રથમ બે અક્ષરો Aleph-અલેફ-બળદ અને Beth-બેથ-મકાન હતા, પાછળથી ગ્રીકોએ આ મૂળાક્ષરો સ્વીકારી Alfa અને Beta તરીકે ઉચ્ચારણ કર્યું. આવી વર્ણમાળા પણ Alphabet આલ્ફાબેટ તરીકે ઓળખાઈ. નેટિવ અમેરિકા, ચીન,કોરીયા, જાપાન, મોંગોલિયા અને આફ્રિકા સિવાય દુનિયાની તમામ ભાષા આ અબજડ (ABJD)પ્રકારની લિપિ વાપરે છે; જેની શરુઆત એ-બી, આલ્ફા-બીટા, અલિફ-બે થી શરુ થાય છે. આ વર્ણમાલાને આલ્ફાબેટ(ALPHABET)કહે છે અને મૂળ Cunifrom અને Heiroglyph ના ધ્વનિસંકેતો ૨૨ વર્ણ વાપરી ફોનેશિયનો એ[૨]લિપિ બનાવેલી (ઇ.સ.પૂર્વે ૧૪૦૦). બ્રાહ્મી લિપિ (ઇ.સ.પૂર્વે ૮૦૦)નો પણ આ ૨૨ મૂળાક્ષરો સ્વીકારી, ABUGIDA વ્યંજન-સ્વરમિશ્રિત વર્ણના એકમો વાળી લિપિ (બારાક્ષરી વાળી) બનાવી વિકાસ સાધવામાં આવ્યો છે. આ સંસ્કૃતની વર્ણમાળા સંપૂર્ણ વૈજ્ઞાનિક છે જેનું શ્રેય [3]પાણિનિને જાય છે.

---

[૧]મારા એક પોરબંદરના મિત્ર સ્વ.પ્રભુદાસભાઈ મહેતાએ આખી વેબસ્ટર અંગ્રેજી ડીક્શનેરીના બધા અંગ્રેજી શબ્દોના મૂળ સંસ્કૃત ભાષામાં હોવાનું સિદ્ધ કરેલું છે. દુર્ભાગ્યવશ આ સંગ્રહ તેમના જીવનકાળ દરમ્યાન પ્રકાશિત થઈ શક્યો નહીં.

[૨]માનવધ્વનિ-ઉત્પાદક અવયવો ૨૧ જેટલી મૂળ ધ્વનિઓ કાઢી શકે છે. જુઓ ઋગ્વેદ-૭-૮૭-૪

उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघ्न्या बिभर्ति। विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन्॥७.८७.४

હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે, પૃથ્વી અથવા વાક્ ના એકવીસ નામ છે. વિદ્વાન અને મેધાવી વરુણ ને યોગ્ય અન્તેવાસી(છાત્ર)ને ઉપવેશ આપીને, ઉત્તમ સ્થાનમાં, આ બધી ગુહ્ય વાતો પણ બતાવી છે. આ મૂળ ૨૧ ધ્વનિ આ છે. अ इ उ ऋ लृ- क च ट त प-ग ज ड द ब-म न-श ष स ह મારા આગામિ પુસ્તક "ઋગ્વેદ કઈ લિપિમાં લખાયો" માં વિસ્તારથી નોંધ્યું છે.

[3]માનવધ્વનિ ઉત્પાદક અવયવો મૂળ ૨૧ ધ્વનિ પેદા કરી શકે છે જુઓ ઋગ્વેદ-૭-૮૭-૪ઃ તેના પર સ્વરસહાય-નાસિકાસહાય-ઉરસહાય વડે વિસર્ગ-અનુનાસિક-મહાપ્રાણના ધ્વનિપરિવર્તનો મેળવી શકાય છે. પાણિનિએ આ ૨૧ ધ્વનિ પરથી ૬૩ વર્ણ સાધિત કર્યા છે.

આર્યોની મૂળભાષાઓ અને દ્રવિડ ભાષાઓના શબ્દભંડોળ ને Process કરી, સંસ્કૃત વર્ણમાળા અને વ્યાકરણની રચના કરવામાં આવી આ સંસ્કૃત વર્ણમાળાની રચના વખતે અનાર્યોએ યોગનો ઉપયોગ કર્યો હોવાનું ચોક્કસ માનવાને કારણો છે. ધ્વનિઉત્પાદક માનવ અવયવો અને માનવ ઉચ્ચારણ કરી શકે તેવા ધ્વનિઓનું અદ્‌ભૂત વૈજ્ઞાનિક સંકલન છે. દાખલા તરીકે.... પ-ફ-બ-ભ-મ વર્ણના ધ્વનિ નીકળે ત્યારે બે હોઠ અચૂક ભેગા થાય છે તેમજ વ અને ઉ ના ઉચ્ચારણ સમયે બે હોઠ પૂરા ભેગા થતા નથી. આ સાત વર્ણ સિવાય હોઠના હલનચલન સાથે જોડાયેલો આઠમો ધ્વનિ હજી સુધી મળી આવ્યો નથી. પ્રો.એ.એ. મેકડોનેલ "સંસ્કૃત સાહિત્યના ઈતિહાસ" નામના પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે, "સંસ્કૃત ભાષાના એક્કેએક ઉચ્ચાર માટે સંપૂર્ણ શાસ્ત્રીય રીતિથી દરેક વર્ણ વર્ણમાળામાં ગોઠવેલા છે. આપણા યુરોપના લોકોને એના કરતાં ૨૫૦૦ વર્ષ વધારે થયા છે. અને આપણે (યુરોપિયનો) શાસ્ત્રીય જમાનામાં રહેતા હોવાનું અભિમાન ધરાવીએ છીએ છતાં જે વર્ણમાળા વાપરીએ છીએ તેમાં આપણી જ ભાષાઓના સઘળા ઉચ્ચાર માટે યોગ્ય ચિન્હો મળી આવતા નથી એટલું જ નહીં પણ ૩૦૦૦ વર્ષ ઉપરની સેમિટિક લોકોની પ્રાથમિક વર્ણવ્યવસ્થાને યવન લોકોએ સ્વીકારેલી તેમાં સ્વરો અને વ્યંજનોની ભેળસેળ હતી તે યથાવત રાખી વર્ણમાળાનો ગરબડીઓ ક્રમ ચાલવા દીધો છે."

સંસ્કૃત ભાષાની રચના ઈ.સ.પૂર્વે ૧૨૦૦ ની આસપાસ આર્ય-અનાર્ય સમન્વય દરમ્યાન થઈ છે. ત્યારબાદ આર્યો શાસકો હોવાથી સૌ પ્રથમ પોતાના મૂળ વતનના ગીતો, શૂરવીર નેતાઓની પ્રશસ્તિઓ, દેવતાની સ્તુતિઓ, સ્વર્ગ અને સંપત્તિની કામનાઓવાળા યજ્ઞોની વિધિઓ વગેરે સાહિત્યનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું, જે "ઋગ્વેદ" નામથી આજે પણ આપણે દુનિયાના સૌ પ્રથમ પુસ્તક તરીકે ઓળખીએ છીએ, પછીથી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઈ.સ.પૂર્વે ૫૦૦ ના વૈદિકકાળ દરમ્યાન વેદિક-સંસ્કૃત (આર્યવાક્) ભાષામાં જ વિપુલ સાહિત્યનું ખેડાણ થયું છે. જેમાં ખાસ કરી અન્ય ત્રણ વેદો...સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદની રચના થઈ ઉપરાન્ત બ્રાહ્મણગ્રન્થો, આરણ્યક અને ઉપનિષદોની રચના પણ આ સમય દરમ્યાન થઈ.

ઈ.સ.પૂર્વે ૭૦૦ની આસપાસ પાણિનિ નામના વિદ્વાને સંસ્કૃત ભાષાને ફરી એકવાર વૈજ્ઞાનિક રીતે નિયમ-બદ્ધ કરી વ્યાકરણશબ્દ ભંડોળ-ગદ્ય-પદ્યની રચનાઓ માટે અપૂર્વ યોગદાન આપ્યું અને સમસ્ત ભારતમાં पाणिनिय संस्कृतનો યુગ શરૂ થયો. હાલ જે સંસ્કૃત ભાષાનું સાહિત્ય પ્રાપ્ય છે તે બધું પાણિનિય સંસ્કૃતમાં જ છે. અગાઉનું સંસ્કૃત વૈદિક-સંસ્કૃત તરીકે ઓળખાય છે.

સંસ્કૃતભાષાની શ્રેષ્ઠતા અને મહાનતા અપૂર્વ છે. છતાં ઋગ્વેદના સમયે સંસ્કૃતભાષા કઈ લિપિમાં લખાતી તે વાત ઈતિહાસકારો સ્પષ્ટ કરી શક્યા નથી. ભારતમાં લિપિના અવશેષોમાં બ્રાહ્મી લિપિ ઈ.સ.પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં ક્યાંયથી મળતી નથી. વળી સિંધુસભ્યતાની લિપિ આજ દિન સુધી ઉકેલી શકાઈ નથી. આના અનુસન્ધાને એમ માનવાને કારણ રહે છે કે આર્યોનો અનાર્ય સામેનો દ્વેષ ઉપરછલ્લા સમન્વય છતાં અંદરથી ખૂબ ઉગ્ર રહ્યો હોવો જાઈએ, અને લિપિની ઘોર ઉપેક્ષા કરી વેદોના મુખપાઠ કરવાની શૈલી અમલમાં મૂકી હોવી જાઈએ. આ વાતના સમર્થન રૂપે આજે પણ ભારતમાં વેદના મુખપાઠ કરનારા મળી આવે છે. અને કેટલાય બ્રાહ્મણ વિદ્યાર્થીઓ વેદના મુખપાઠ યાદ રાખવામાં વ્યસ્ત છે. પાણિનિય સંસ્કૃતની રચના બાદ ઘણા સમય પછી દેવનાગરી લિપિનો ઉપયોગ સંસ્કૃત ભાષા માટે સ્થિર થયો હોવાનું માની શકાય.

દેવનાગરી લિપિનો ઉપયોગ અર્ધા ભારતમાં થાય છે. એનો વિકાસ ઉત્તરભારતમાં થયો છે. પરંતુ જન્મ દક્ષિણ ભારતમાં થયો છે. દેવનાગરી લિપિની પ્રથમ ઝલક આઠમી સદીના રાજા દન્તિદુર્ગ બીજાના દાનપત્રોમાં દેખાય છે. આવું દાન પત્ર સમનગઢ નજીક પર્વતીય કિલ્લા પરથી મળ્યું છે. આ કિલ્લો કર્ણાટકના બેલગામથી ૨૪ માઈલ દૂર મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં છે. દેવોની ભાષા સંસ્કૃત માટે આ લિપિ વપરાતી થઈ પછી દેવનાગરી નામ અસ્તિત્વમાં આવ્યું હશે. આ લિપિ બાળબોધ તરીકે પણ ઓળખાય છે. ભારતમાં સંસ્કૃતભાષા દેવભાષા હોવા ઉપરાન્ત આટલી વૈજ્ઞાનિક રીતે સર્વાંગસંપૂર્ણ હોવા છતાં જૈનોએ બહુ મોડેથી પોતાના ધર્મપુસ્તકો માટે સંસ્કૃત ભાષાનો ઉપયોગ સ્વીકારેલો છે. પરોક્ષ રીતે તેમનો વેદ-વિરોધ, ઉપદેશ અને શાસ્ત્રોની પ્રસ્તુતિ સદા ય લોકભાષા કે, પ્રાકૃત ભાષામાં કરવી અને નીરીશ્વરવાદ આડે આવ્યો છે. બુદ્ધે પણ આ દૃષ્ટિકોણ સ્વીકારેલો છે. એટલે જ પોતાનું તત્વજ્ઞાન સામાન્ય પ્રજા સુધી સહેલાયથી પહોંચાડી શકાય તે માટે પ્રાકૃત-પાલી ભાષાનો ઉપયોગ પોતાનો ધર્મશાસ્ત્રો અને ઉપદેશોમાં કર્યો છે. બૌદ્ધ ધર્મના પ્રખર અનુયાયી સમ્રાટ અશોકે પોતાના

શિલાલેખોમાં બ્રાહ્મી લિપિ અને સંસ્કૃતના ગ્રામ્યસ્વરૂપ જેવી પ્રાકૃત ભાષામાં શ્રમણ અને બ્રાહ્મણધર્મને સરખું માન આપી ધર્માજ્ઞાઓ પથ્થરમાં કોતરાવી છે. તે નોંધનીય છે. બ્રાહ્મી લિપિનો વિકાસ ઈ.સ.પૂર્વે આઠમા સૈકામાં થયો હોવાનું વિદ્વાનો માને છે.

સંસ્કૃતભાષા ક્યારેય લોકભાષા તરીકે રહી હોવાનું માની શકાતું નથી. સામાન્ય પ્રજા સંસ્કૃતથી ખૂબ જ નજીક એવી પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરતાં. પરંતુ સાહિત્યની રચનાઓ અને રાજ્યાજ્ઞાઓ સંસ્કૃતભાષામાં જ થતી. હિન્દુ ધર્મ શાસ્ત્રો માટે તો સંસ્કૃત ભાષા અનિવાર્ય હતી. આમ આ દેવ ભાષા શાસકો વિદ્વાનો બ્રાહ્મણો અને ધર્મગુરુઓ માટે અનામત હતી એવું માનવામાં વાંધા સરખુ નથી.

આશરે ઈ.સ. ૧૬૦૫માં ભારતમાં વેપારી તરીકે પ્રવેશેલા યુરોપિયનોએ જ્યારે શાસનનો દોર પણ સંભાળવા માંડ્યો ત્યારે બ્રિટિશ શાસકોએ પ્રજા પર સહેલાયથી શાસન કરવા સંસ્કૃત ભાષા શિખવા પ્રયત્નો કર્યા. સંસ્કૃત ભાષાનો ઈતિહાસ લખનાર, એ. મેકડોનલ નામનો વિદ્વાન પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે, "સંસ્કૃતના અભ્યાસની પ્રથમ પ્રેરણા હિન્દુસ્તાનના મુલકો ઉપરના આપણા રાજ્ય વહીવટની કેટલીક વ્યવહારૂ જરૂરિયાતો ને લીધે થઈ હતી. વોરન હેસ્ટિંગ્સ ગર્વનર જનરલ હતો તે વખતે હિન્દુઓ ઉપર રાજ્ય ચલાવવામાં હિન્દુઓના કાયદાઓ અને હિન્દુ રૂઢિઓને વળગી રહેવું એમાંજ લાભ છે. એવું એણે સ્પષ્ટ પણે જાયું." કેટલાક બ્રાહ્મણોએ હિન્દુ ધર્મ શાસ્ત્રોને આધારે એક કાયદાસંગ્રહ સંસ્કૃત ભાષામાં તૈયાર કર્યો જેનું ફારસી ભાષામાં તેમજ અંગ્રેજીમાં ભાષાન્તર કરી ઈ.સ.૧૭૭૬ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. પરંતુ સંસ્કૃત સાહિત્યના ગ્રન્થોનો યુરોપિયન દેશો ને પરિચય કરાવવાનું શ્રેય ચાર્લ્સ વિલ્કિન્સ નામના વિદ્વાને મેળવ્યું. અહીં પણ *વોરન હેસ્ટિંગ્સની પ્રેરણા તો હતી જ.૧૭૮૫ માં ચાર્લ્સ વિલ્કિન્સે "ભગવદ્‌ગીતા"નું ભાષાન્તર પ્રગટ કર્યું. ત્યારબાદ બે વર્ષે "હિતોપદેશ"નો વાર્તાસંગ્રહ બહાર પાડ્યો.

આ અગાઉ પણ સંસ્કૃત ગ્રન્થોનાં વિદેશી ભાષાઓમાં ભાષાન્તર થયા હતા. જેમાં ગ્રીસ અને અરબસ્તાન ના વિદ્વાનો મુખ્ય છે. ઈ.સ.પૂર્વે ૩૨૭ માં સિકંદરે ભારત પર આક્રમણ કરેલું અને ભારતીય રાજાઓ એ જબરજસ્ત સામનો કરી તેના સૈન્યને હંફાવેલું. કેટલાક રાજાઓએ પોતાના પ્રદેશ સિકંદરને સોપી દીધેલા. પરંતુ જે કાઈ થયું હોય તે ભારત અને પશ્ચિમના વિદ્યાવ્યવહારો માટે દરવાજા ખુલી ગયા. ભારતીય દર્શન શાસ્ત્ર-જ્યોતિષ અને ખગોલ વિદ્યા ગણિત વગેરે વિષયો પર અરસપરસ જ્ઞાનની આપલે થઈ હોવાનું ચોક્કસ જણાય છે. આરબોએ ભારતીય અંકો અને શૂન્ય યુરોપિયન પ્રજા સુધી પહોચાડ્યા.

ઈ.સ. ૪૦૦ ની આસપાસ વિક્રમાદિત્ય ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળ દરમ્યાન ચીની યાત્રી ફાહિયાન ભારતયાત્રાએ આવેલો. તેમજ સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં હ્યુ-એન-ત્સાંગ નામનો ચીની યાત્રી ઈ.સ ૬૩૦ થી ૬૪૪ દરમ્યાન ચૌદ વર્ષ રોકાયેલો, જેને સમ્રાટે રાજ્યાશ્રય આપેલો.

ભારતીય સંસ્કૃત સાહિત્ય અને તત્વજ્ઞાની અરબસ્તાન, ગ્રીસ અને પશ્ચિમી દેશો ઉપરાંત ચીન તિબેટ અને દક્ષિણ પૂર્વના દેશો જાપાન, જાવા, સુમાત્રા, વિયેટનામ, વગેરે દેશો પરિચિત હતા. વળી આ દશોમાં બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મનો સારો પ્રસાર હતો.

ઈ.સ ૩૨૦ થી ઈ.સ ૪૬૮ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો "સુવર્ણ યુગ" ગણવામાં આવે છે. આ સમયે ભરતખંડમાં ગુપ્તસમ્રાટોનું શાસન હતું તેથી ગુપ્તયુગને જ સુવર્ણ યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમ્યાન સાહિત્ય, કલા, વિજ્ઞાન અને ધાર્મિક ક્ષેત્રે પ્રજાએ જ્વલંત સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. મોટા ભાગની રચનાઓમાં સંસ્કૃતભાષાનો જ ઉપયોગ થયો છે.

જૈનો અને બૌદ્ધો પ્રાકૃત-અર્ધમાગધી-પાલી ભાષાનો ઉપયોગ કરતા તેઓએ પણ પોતાના શાસ્ત્રોની રચના સંસ્કૃત ભાષાની લોકપ્રિયતાને લીધે સંસ્કૃત ભાષામાં ય શરૂ કરી દીધી હોવાનું જણાય છે.

પ્રાચીન ભારતે વિજ્ઞાન યંત્રવિદ્યા અને સ્થાપત્યોની રચનામાં અદ્‌ભૂત કૌશલ દાખવ્યું છે. ગણિતશાસ્ત્રમાં પ્રાચીન ભારતે શૂન્યની સંજ્ઞા, દશાંશ પદ્ધતિ, બીજગણિત, શોધ કરી અમૂલ્ય વારસો વિશ્વને આપ્યો છે. ગણિત અને ખગોળ શાસ્ત્રમાં આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, વરાહમિહિરનું અનોખું યોગદાન છે. વૈદક શાસ્ત્રમાં સુશ્રુત, ચરક, વાગ્ભટ્ટના ગ્રન્થો આજે પણ ઉચ્ચસ્થાને છે. આ બધું સાહિત્ય સંસ્કૃત ભાષામાં રચાયું તે

* વોરન હેસ્ટિંગ્સ ભગવદ્‌ગીતાનો ચાહક હતો અને સંસ્કૃતને દુનિયા સમક્ષ રજુ કરવાના તેના પ્રયત્નો પુરતો જ પક્ષપાત છે. તેનો રાજકીય ઈતિહાસ તો ભારતીય રાજાઓ પ્રત્યે ક્રુરતાથી ખરડાયેલો છે અને ભ્રષ્ટાચારથી ધન એકઠું કરવા બ્રિટનમાં તેના પર અદાલતી કાર્યવાહી પણ કરવામાં આવેલી.

સંસ્કૃતભાષાનું સર્વોપરિપણું છે. આમ ઈ.સ.પૂર્વે ૩૨૭ થી ઈ.સ. ૧૭૭૬ સુધીમાં સંસ્કૃત ભાષા વિશ્વપ્રસિદ્ધ બની ગયેલી. બ્રિટિશ કાળ દરમ્યાન ગર્વનર-જનરલ વોરન હેસ્ટિંગ્સે પદ્ધતિસરનો અભ્યાસ કરવાની તેમજ સંસ્કૃતભાષાના સાહિત્યને યુરોપની ભાષાઓમાં ખાસ કરીને અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરવાની પ્રેરણા આપી. જો કે તેનો ઈરાદો બ્રિટિશ શાસન ટકાવી રાખવા કે ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે અનુકૂળતા ઉભી કરવાનો હોઈ શકે, પરંતુ તેમ કરવા જતાંય સંસ્કૃતભાષાને જીવંત રાખી વિશ્વપ્રસિદ્ધ કરવાનો યશ તેને આપ્યા વગર છૂટકો નથી. સંસ્કૃત સાહિત્યના ભાષાન્તરો અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ ભાષામાં થતાં, સંસ્કૃત ભાષાની વિદ્વતા અને વૈજ્ઞાનિક રચનાને લીધે આજે પણ યુરોપ, અમેરિકાની યુનિવર્સિટીઓ સંસ્કૃતને મોખરાનું સ્થાન આપે છે. જ્યારે સંસ્કૃતની માતૃભૂમિ જેવા ભારત દેશમાં રાજકારણ અને દ્વેષબુદ્ધિથી સંસ્કૃતની ઉપેક્ષા કરવામાં આવે છે. ભારતની મોટાભાગની ભાષા અને લિપિ પર સંસ્કૃત ભાષાની અસર છે દ્રવિડ ભાષાઓ પર પણ સંસ્કૃતની અસર છે. દક્ષિણના કેરળ રાજ્યમાં આજે પણ સંસ્કૃતમાં નાટકો ભજવાય છે.

સંસ્કૃત સાહિત્યમાં વૈદિક યુગના બીજો થર ઈ.સ.પૂર્વે ૫૦૦ સુધીમાં પુરો થયો હોવો જાઈએ. કારણ કે પછી વૈદિક ધર્મનો બૌદ્ધધર્મે પ્રબળ વિરોધ કર્યો છે. આથી સાહિત્યમાં બુદ્ધના વ્યક્તવ્યના ઉલ્લેખો જરૂર આવે. બુદ્ધના મૃત્યુનું વર્ષ ઈ.સ.પૂર્વે ૪૮૦ ની આજુબાજુ મુકીએ તો બુદ્ધ મહાવીરસ્વામી પછી ૧૨ વર્ષે થયા અને ૮૦ વર્ષ જીવ્યા.

ઈ.સ.પૂર્વે આશરે ૭૦૦ દરમ્યાન પાણિનિએ સંસ્કૃત ભાષાનું સુદ્રઢ વ્યાકરણ બનાવ્યું. અને એકદમ નિયમબદ્ધ ભાષાનું સ્વરૂપ આપ્યું ત્યાર બાદ સૌ વિદ્વાનોએ પાણિનિય સંસ્કૃતનો જ ઉપયોગ કર્યો છે. વેદો અને બ્રાહ્મણ તેમજ આરણ્યકના ગ્રન્થોમાં વૈદિક સંસ્કૃતનો પ્રયોગ થયો છે.

વેદોનું અંગ્રેજીભાષામાં રૂપાન્તર કરનાર જર્મન વિદ્વાન મેક્સમ્યુલરે વેદનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ૧૨૦૦ નક્કી કરેલો. વેદના જુનામાં જુનો મન્ત્રો અને નવા મન્ત્રોનો તફાવત જે લાગે છે. તે સમજવા માટે ત્રણેક સૈકા જેટલો સમય વ્યતીત થયો હોવો જાઈએ. એટલે કે ઈ.સ.પૂર્વે ૧૩૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૦૦૦ દરમ્યાન બધા વેદોની રચના પુરી થયેલી ગણવી જાઈએ. વેદોની સંસ્કૃત ભાષા અને જરથોસ્તીઓના ધર્મગ્રન્થ ઝેન્દ અવેસ્તાના મંત્રોની ભાષામાં ખૂબ જ સરખાપણું મળી આવ્યું છે. જરથોસ્તીઓ તેમના વતન ઈરાનથી ગુજરાતના સંજાણ બંદરે આવેલા અને ત્યાં રાજ્યાશ્રય મેળવી સ્થિર થયેલા છે. આ લોકો પારસી તરીકે ઓળખાય છે. હિન્દુ પ્રજા સાથે દૂધમાં સાકર ભળે તેમ એકરૂપ થઈ ગયા છે. વેદિક આર્યો અને જરથોસ્તીઓના પૂર્વજો એક કાળે સાથે જ હતા પરંતુ જરથોસ્તીઓએ ઈન્દ્રને દેવ તરીકે ન સ્વીકારતા આ જુથ જુદું પડી ગયેલું અને તેઓની રચનાનું સંસ્કૃતમાં રૂપાન્તર ન થયું. એમ માની શકાય તેવું છે.

સંસ્કૃત ભાષાની રચનાઓ તેમજ શાસકોના સમય નિશ્ચિત કરવા માટે ભારત સિવાયના વિદ્વાનોની નોંધ જોવી પડે છે. વૈદિક વિદ્વાનોએ અતિ પ્રાચીનતા અને દૈવીપણું સિદ્ધ કરવા કાળગણના તરફ જાણીબુઝીને ઉપેક્ષા સેવી છે. જેનું ઉદાહરણ "રામાયણ" છે. રામાયણની રચના તેની શૈલી પરથી અને કેટલાક ઉલ્લેખો પરથી મહાભારતની રચના બાદ થઈ હોવા છતાં, આદિકવિ વાલ્મિકિ એ મહાભારત પહેલાં રામાયણની રચના કરી હોવાનું વિદ્વાનો કહે છે. જે પ્રાચ્યવિદ્યાના અવલોકનો સામે સત્ય ઠરતું નથી. વળી સિકંદરની લડાઈ પછી જ ભારતમાં ઐતિહાસિક બનાવો કે સાહિત્યની રચનાઓનો કાળક્રમજાણી શકાય છે. (ઈ.સ.પૂર્વે ૩૨૫-૩૨૭ દરમ્યાન સિકન્દર ભારતના પશ્ચિમ સીમાડે આવેલો.) ઈ.સ.પૂર્વે ૩૨૨માં આચાર્ય કૌટિલ્યની સહાયથી ચંદ્રગુપ્ત મૌર્યે મગધમાં નંદવંશ ખસેડી મૌર્યવંશની સ્થાપના કરી. ઈ.સ.પૂર્વે ૩૨૩માં સિકંદરનું મૃત્યુ થતા, સિકદંરે મેળવેલો ભારતીય પ્રદેશ ચંદ્રગુપ્તે મગધમાં ભેળવી દીધો. અને ગ્રીસના રાજાઓ સાથે સમાધાનકારી વલણ રાખ્યું. અહીંથી ગ્રીસ સાથે સાંસ્કૃતિક વ્યવહાર પણ શરૂ થયો. અને ભારતમાં બૌદ્ધધર્મના વિકાસની શરૂઆત થઈ. બૌદ્ધ ધર્મના સમય દરમ્યાન ગુપ્ત યુગમાં (મૌર્ય યુગ ઈ.સ.પૂર્વે ૩૨૨ થી ઈ.સ. ૧૮૫ અને ઈ.સ.૩૨૦ થી ઈ.સ.૪૬૮ નો સમય ગુપ્તયુગ તરીકે ઓળખાય છે. ઈતિહાસકારો ગુપ્તયુગને ભારતનો સૂર્વણ યુગ કહે છે.) ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ચીની યાત્રી ફાહિયાન (ઈ.સ ૩૯૯) આવેલો. અને બીજા ચીની યાત્રી હ્યુયેનત્સંગ ઈ.સ.૬૩૦ થી ઈ.સ.૬૪૫ દરમ્યાન સમ્રાટ હર્ષવર્ધનના રાજ્યાશ્રયે રોકાયેલો. આ બંને ચીની યાત્રીઓની નોંધો કાળગણના કરવામાં ઘણી મદદરૂપ થાય છે. હવે તો આ પ્રવાસના અહેવાલના અંગ્રેજી તરજુમા પણ મળે છે.

ભારતમાં ત્રણ ખગોળશાસ્ત્રીઓ થઈ ગયા તેઓએ પોતાના ગ્રન્થોમાં રચના સમયની તારીખોને સ્પષ્ટપણે નિર્દેશ કર્યો છે. આર્યભટ્ટ સૌથી જુના ખગોળશાસ્ત્રી છે. જેઓ ગુરુત્વાકર્ષણના નિયમો અને પૃથ્વી સહિત આકાશીય પદાર્થો ગોળા જેવા છે. અને ચોક્કસ ગતિથી આકાશમાં ઘૂમે છે તેવું માનતા, સૂર્યગ્રહણ અને ચન્દ્રગ્રહણનું ગણિત, તેમજ વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર જે π(પાઈ-ગ્રીક-વર્ણ) કહેવાય છે. તેની મહત્તમ ચોકસાઈ વાળી ગણતરી શોધેલી. આર્યભટ્ટે જ્યોતિષના અને ગણિતના ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. दशगीतिसूत्र-आर्याष्टशत અને आर्यभटीय। ગ્રન્થોમાં આપેલા વચન પરથી જાણી શકાય છે. પૂર્વ ભારતના કુસુમપુર ગામે ઈ.સ. ૪૭૬ માં આર્યભટ્ટ નો જન્મ થયો હતો અને ૨૩ વર્ષની ઉંમરે પોતાનો પ્રથમ ગ્રન્થ રચ્યો હતો.

બ્રહ્મગુપ્ત નામના ખગોળશાસ્ત્રીએ ब्रह्मस्फुटसिद्धान्त નામનો ગ્રન્થ પોતાની ત્રીસ વર્ષની ઉંમરે ઈ.સ.૬૨૮ માં લખ્યો હતો. તેમજ સૌથી પ્રખ્યાત ગણિત અને ખગોળના વિદ્વાન ભાસ્કરાચાર્ય ઈ.સ.૧૧૧૪ માં જન્મેલા અને છત્રીસ વર્ષની ઉંમરે सिद्धान्तशिरोमणि નામનો ગ્રન્થ લખ્યો હતો. તે સિવાય करणकुतुहल-लीलावती-बीजगणित ના ગ્રન્થો લખ્યા હતા.

આના ઉપરથી એટલું કહી શકાય કે હ્યુએનસંગ પહેલાની કોઈ પણ સંસ્કૃત રચના ક્યા વર્ષે અને કોણે રચી તેવું ચોક્કસપણે જાણી શકાય નહીં. બુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુ ક્યાં આવી તે ઈ.સ.૧૮૯૬ના ડીસેમ્બરમાં જાણી શકાયું.

મહમૂદ ગિઝની સાથે ઈ.સ.૧૦૧૦માં આવેલ અલ્બેરૂની નામના આરબ વિદ્વાને Indica નામનો ગ્રન્થ ઈ.સ.૧૦૩૦માં લખ્યો હતો તે ગ્રન્થ પણ કાળગણના અને ઐતિહાસિક બાબતો પર પ્રકાશ ફેંકે છે.

આધુનિક યુગમાં પ્રાચીન તવારીખોની ચોકસાઈ મેળવવા પ્રાચ્યવિદ્યાના વિદ્વાનો ખૂબ જ ઝીણવટ પૂર્વક પ્રયત્નો કરે છે. ખાસ કરી સાહિત્યના ગ્રન્થોમાં દર્શાવેલા વિચાર, કથન, વાણીનો વિકાસ, આગળના ગ્રન્થકારોનો ઉલ્લેખ સુપ્રસિદ્ધ રાજવંશ વિષે ટિપ્પણી, ખગોળશાસ્ત્રીય સંદર્ભો, લિપિની શૈલી, સિક્કાઓ, તામ્રપત્રો, શિલાલેખો, સ્તંભલેખો, નદી કે વિસ્તારના પ્રાચીન અને સાંપ્રત નામો, વગેરે બાબતોનો તલસ્પર્શી અભ્યાસ કરી કાળનિર્ણય કરવામાં આવે છે. ભારતીય ઉપખંડનો ઈતિહાસ સિંધુ સભ્યતાના ઉત્ખનનનો ખૂબ જ મોટા વિસ્તારમાં પ્રાપ્ત થયા પછી, તેમજ બૌદ્ધ સ્તૂપો અને ગુફાઓ અનેક સ્થળે નિર્જન છોડી દેવાયાની ભાળ મળતાં ઐતિહાસિક અવલોકનો ધરમૂળથી બદલવા પડે તેવી સ્થિતિ નકારી શકાય નહીં. વળી આ બધું બ્રાહ્મણ-શ્રમણના (વૈદિક ઈશ્વર-પરલોક-પૂનર્જન્મમાં માનનારા બ્રાહ્મણ અને ઈશ્વર અને વેદમાં ન માનનારા શ્રમણ) વૈમનસ્યના કારણે ઉભી કરેલી સ્થાનિક લોકવાયકાઓ તટસ્થ ઐતિહાસિક અવલોકનો નોંધવા માટે અવરોધરૂપ હોય છે. (વળી આ સંઘર્ષ ઈ.સ.પૂર્વે ૧૭૦૦થી શરૂ થયો છે. તે ઈ.સ.૧૯૯૦ સુધી એક સરખી રીતે ચાલું રહ્યો છે. ઈ.સ.૧૯૯૦ માં ભારતીય પ્રજાસત્તાકે વિધિવત્ ઔધોગિક સંસ્કૃતિનો સ્વીકાર કર્યો છે. રશિયા તૂટતા આમ બન્યું અને ઈશ્વરીય અને નીરીશ્વરીય મૂલ્યોમાં ધંધાદારી તત્વ ઉમેરાયું હોવાથી માનવતાને બદલે નફો કેન્દ્રસ્થાને આવી ગયો છે.)

સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીન લેખોનું આગવું મહત્ત્વ છે. એના પરથી ભારતીય લેખનકળાના ઈતિહાસ અને તે સમયની સ્થિતિ વિષે જાણી શકાય છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલા જુનામાં જુના લેખો બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં લખાયેલા શિલાલેખો મળી આવે છે. આ શિલાલેખો સમ્રાટ અશોકગુપ્ત મૌર્યના ઈ.સ.પૂર્વે ૨૭૦ થી ઈ.સ.પૂર્વે ૨૩૧ સુધીના શાસનકાળ દરમ્યાન ભારતીય ઉપખંડના ચૌદ વિવિધ સ્થળે ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે. જોકે, આ બધા શિલાલેખોની ભાષા સંસ્કૃત નથી પરંતુ સંસ્કૃત ભાષાનું ગ્રામ્ય સ્વરૂપ અથવા સ્થાનિક લોકભાષા તરીકે વપરાતી પ્રાકૃત અને માગધી ભાષાનો ઉપયોગ થયો છે. કેટલાક શિલાલેખોમાં ગ્રીક અને આરામાઈક ભાષાનો ઉપયોગ થયો છે. પ્રાકૃત અને માગધી ભાષા સંસ્કૃતની કેટલી નજીક છે ઉપરાન્ત જુદા-જુદા સ્થળે થતો બોલીભેદ સમજવા કેટલાક વાક્યો અહીં ઉતાર્યા છે.

સંસ્કૃત ભાષાઃ देवानाम् प्रिय प्रियदर्शीन् राजा एवं आह।

ગુજરાતીઃ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આમ કહ્યું.

ગિરનાર (જિ. જુનાગઢ-ગુજરાત): देवानं प्रियो पियदसि राजा एवं आह।

એર્રગુડી (જિ.કર્નુલ-આંધ્ર): देवानं पिये पियदसि राजा हेवं आह।

કાલસી (જિ. દેહરાદૂન-ઉત્તરાંચલ) : देवानं पिये पियदसि लाजा हेवं आहा।

ધૌલી (જિ. પુરી ઓરિસ્સા) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

જોંગઢ (જિ.ગંજામ-આંધ્ર) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

શાહબાજગઢી (જિ.પેશાવર-પાકિસ્તાન) : देवनं प्रियो प्रियद्रशि रज --- अह ।

માનસેહરા (જિ.હજારા-પાકિસ્તાન) : देवनं प्रिये प्रियद्रशि रज एव अह ।

ઈ.સ.પૂર્વે ૮૦૦ દરમ્યાન બ્રાહ્મી લિપિનું અસ્તિત્વ જોવા મળે છે. કહેવાય છે કે, સેમેટિક પ્રજા પાસેથી લીધેલા લિપિના બાવીસ ચિન્હો પરથી છેંતાલીસ અક્ષરની બ્રાહ્મી વર્ણમાળાની યોજના ઘડાતાં વિદ્વાન બ્રાહ્મણોને ઘણો સમય લાગ્યો હશે. ઈ.સ.પૂર્વે સાતમા શતકમાં રચાયેલા પાણિનિના વ્યાકરણમાં આ વર્ણમાળા જ થોડા સંશોધિત સ્વરૂપે વપરાઈ છે. પરંતુ સંસ્કૃતભાષા માટે નાગરી લિપિનો ઉપયોગ શરૂ થયો અને સ્થિર થયો. દેવભાષા માટે વપરાતી લિપિને પણ દેવનાગરી લિપિથી ઓળખાઈ પહેલેથી છેલ્લે સુધી નાગરી લિપિમાં લખાયેલો હોય એવો જુનામાં જુનો શિલાલેખ આઠમી સદીમાં મળે છે. તેમજ સંસ્કૃત ભાષાનો નાગરી લિપિમાં હસ્તલિખિત ગ્રન્થ અગિયારમાં સૈકાનો છે. દેવનાગરી લિપિ બ્રાહ્મી લિપિની દક્ષિણ આવૃત્તિના મૂળાક્ષરો પરથી સંશોધિત થઈ છે.

ભારતમાં કાગળની શોધ થઈ તે પહેલાં, ખાસ વૃક્ષોના પાંદડા પર શ્યાહીથી લખવામાં આવતું આ માટે ભોજપત્ર અને તાલપત્ર નો ઉપયોગ થતો. હિમાલયમાં ભૂર્જવૃક્ષોવાળા વિશાળ પ્રદેશો હોવાથી દક્ષિણ ભારત સિવાય ભોજપત્રનો ઉપયોગ થયો છે. દક્ષિણભારતમાં તાલપત્ર પર તીક્ષ્ણ કલમવડે અક્ષરો કોતરવામાં આવે છે. અને તેના પર મેશ કે કોલસો ઘસી અક્ષરો કાળા કરવામાં આવે છે.

હસ્તલિખિત ગ્રન્થોના પાના લાકડાના બે પાટિયા વચ્ચે રાખી તેના પર દોરી વીંટવામાં આવે છે. ૧૧ માં સૈકામાં ધારા નગરીના ભોજરાજાના પ્રખ્યાત પુસ્તકાલયમાં આવા કિંમતી ગ્રન્થોનો સંગ્રહ હતો. આવા પવિત્ર ધર્મગ્રન્થોનું સપ્તાહ કે માસ દરમ્યાન ચોક્કસ સમયે જાહેર વાચન આજે પણ થાય છે. જેને પારાયણ કહેવાય છે. આ વખતે અગાઉની રીત પ્રમાણે લાલ કે સુંદર કપડામાં બે લાકડાના પાટિયા વચ્ચે રાખેલા ગ્રંથને લપેટી તે ગ્રંન્થ કે પોથીનું માનભેર સ્વાગત કરવાની પ્રથા આજે પણ છે. ઘણા બ્રાહ્મણ પરિવારો પાસે હજુએ તેઓના પૂર્વજોએ સાચવેલી હસ્તપ્રતો મળી આવે છે.

આપણે સિંધુ સભ્યતાના સંદર્ભે કેટલાક અવલોકનો નોંધીએ તો સિંધુ સભ્યતાના અવશેષોમાં માટીની મુદ્રાઓમાં ભાષા કે લિપિના ચિન્હો મળી આવે છે. તે ભાષા અને લિપિ હજી અણઉકેલ છે. તે સમયની અન્ય સભ્યતાઓએ વિકસાવેલી કીલાક્ષરો વાળી લિપિ ઉકેલી શકાઈ છે. સુમેરિયનોની કીલાક્ષરોવાળી લિપિ તેમજ ઈજિપ્તની હાયરોગ્લાફિક લિપિ પ્રાચીનતામાં સિન્ધુ સભ્યતાની અણઉકેલ લિપિ સમાન કહી શકાય.

ઈ.સ.પૂર્વે૧૨૦૦ની આસપાસ ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડ ભાષાકૂળોની ભાષાના શબ્દભંડોળનો ઉપયોગ કરી સંસ્કૃત ભાષાની રચના કર્યા પછી આર્યોએ પોતાના વતનના ગીતો-શોર્યગાથાઓ-પ્રાર્થનાઓ સંસ્કૃત ભાષામાં પરિવર્તિત કર્યા. આમ ઋગ્વેદ રચાયો જે દુનિયાનું સૌથી પ્રાચીન પુસ્તક છે. અને આજ દિન સુધી મુખપાઠ વડે યાદ રાખવામાં આવ્યો. આપણે હવે સંસ્કૃત ભાષા અને અન્ય ભાષાના શબ્દોની સમાનતા તપાસીશું.

સંસ્કૃત ભાષા દ્રવિડ-ભાષાકૂળ, ઈન્ડોઈરાનીયન-ભાષાકૂળ અને ઈન્ડોયુરોપિયન-ભાષાકૂળની ભાષાઓના શબ્દભંડોળ અને રચનાને મઠારી બનાવવામાં આવી છે. એટલે કે મનુષ્યના કુદરતી ઉચ્ચારણોના ધ્વનિનો શરીરના ધ્વનિઉત્પાદક અવયવો સાથે વૈજ્ઞાનિક સંકલન સાધવામાં આવ્યુ છે. આથી જ આ ભાષાને સંસ્કૃત એટલે કે Well processed કહી છે.

સૌ પ્રથમ સંસ્કૃત ભાષા સાથે સમાન કે નજીકના ઉચ્ચારો વાળા અન્ય ભાષાના શબ્દોનું અવલોકન નોંધીશું.

संस्कृत	अरबी	ગુજરાતી	संस्कृत	फारसी	ગુજરાતી
हर्म्य	हरम	મહેલ-રહેઠાણ.	तनु	तन	શરીર
अन्तकाल	इन्तकाल	મૃત્યુ	जानु	जानु	ઘુંટણ
कर्त	क्रात	કાપવું.	अंगुष्ट	अंगुश्त	અંગુઠો
कीर्तन	किरतैअन	પાઠ કરવો. કીર્તન	वदन	बदन	મુખ-શરીર
अजहार	इजहार	કહેવું.	चर्म	चिरम	ચામડું
लोहित	लहु	લોહી.	खर	खर	ગધેડું
दोहन	दुहन	ઘી-માખણ.	श्रृगाल	शगाल	શિયાળ
दैत्य	दियत	લોહી વહેડાવવા વાળો.	ताम्बूल	तम्बूल	પાન
म	मा	નકાર-નહીં.	शिर	सिर	મસ્તક
शरद्	शिरत	શર્દી	ग्रीवा	गरेबां	ગર્દન
अज	अज	બકરી	पंच	पंज	પાંચ

संस्कृत	फारसी	અંગ્રેજી	અર્થ
कर्पूर	काफुर	Camphor	કપુર
अहिफेन	अफ्युन	Opium	અફીણ
द्वार	नंदर	Door	દરવાજા
बन्ध	बन्द	Bound	બાંધવુ
षष्ठ	शश	Six	છ
अष्ट	हश्त	Eight	આઠ
मूष	मूश	Mouse	મુષક-ઉંદર
तारा	सितारा	Star	તારો
शर्करा	शकर	Sugar	સાકર
मातर्	मादर	Mother	માતા
भ्रातर्	बिरादर	Brother	ભ્રાતા-ભાઈ
दन्त	दन्द	Dent	દાંત
मनु		Man	માનવ
सुनु		Son	પુત્ર
लोक		LooK	જાવું

संस्कृत	અંગ્રેજી	અર્થ
मिश्र	Mix	મેળવેલું
क्रुर	Cruel	ક્રૂર
स्वेद	Sweat	પરસેવો
भ्रष्ट	Worst	ખરાબ
पशुचर	Pasture	ચરવાની જગ્યા
वृन्द	Band	સમુહ
दशमलव	Decimal	દશાંશ
गृद्ध	Greed	લાલચ
उलूक	Owl	ઉલ્લૂ-ઘૂવડ
युयम्	You	તમે
वयम्-ते	We-They	અમે-તેઓ
नाम	Name	નામ
स्था	Stop	ચૂપ.અટકી જાવ
ते	They	તેઓ
स्वसृ	Sister	બહેન

हृत्		Heart	હૃદય
सिव		Sew	સીવવું
पथ		Path	માર્ગ
तरू		Tree	વૃક્ષ-ઝાડ
वक्र		Curve	વાંકુ
ऋत्		Right	સાચું

मातृ	Mohter	માતા
पितृ	Father	પિતા
द्वार	Door	દ્વાર-બારણું
चारित्र्य	Character	ચારિત્ર્ય
चेष्टा	Gesture	ચેષ્ટા

સંખ્યાવાચક શબ્દોઃ ઈન્ડોયુરોપિયન જુથની ભાષાનું સંખ્યાવાચક શબ્દ ભંડોળ સંસ્કૃત સંખ્યાવાચક શબ્દો પર સીધી અસર દર્શાવે છે. વળી અંકો આગળ ધપાવવાની શૈલી પણ ખૂબ સમાન જાવા મળે છે. જેમાં ખાસ કરી ગણના દસ સુધી કરવામાં આવે છે. એક થી ચાર સુધીની સંખ્યાના રૂપો પણ બધા લિંગોમાં (પુલ્લિંગ-સ્ત્રીલિંગ-નપુસકલિંગ) વિભક્તિઓ સાથે જાવા મળે છે. જ્યારે પાંચથી દશ સુધીના રૂપમાં ખાસ પરિવર્તન જાવા મળતું નથી. ૧૦ થી ૯૯ સુધીના શબ્દો ૧૦નાં ગુણાંકોમાં એક, બે, ત્રણ ચાર ઉમેરવાની શૈલી સંસ્કૃત અને લેટિન-ગ્રીક-અંગ્રેજીની સામ્યતા તેના પ્રાચીન-ભારત-યુરોપિય ભાષા જુથના શબ્દ સાથે કરી છે.

संस्कृत	प्राचीन भारोपिय	લેટિન	ग्रीस	अंग्रेजी
१ एक	ઓઇનોસ	ઉનો-Uno	ઓઈઓસ-Oios	One
२ द्वि	દુયોઉ	દુએ-due	દુઓ-duo	Two
३ त्रि	ત્રેયસ	ત્રે-Tre	ત્રઈસ-treis	Three
४ चतुर	ક્વત્યોરસ	ક્વાત્ર-quatre	તેતોરસ-tetores	Four
५ पञ्च	પન્કવ	ક્વિંક્વ-quinque	પેન્ત-pente	Five
६ षट्	સ્વક્સ	સેઇ-sei	જેસ-zes	Six
७ सप्त	સપ્તમ	સપ્ત-sept	હપ્ત-hept	Seven
८ अष्ट	ઓકતોઉ	ઓક્ટો-octo	ઓક્તો-octo	Eight
९ नव	નયન	નોવમ્-novem	એન-નઅ en nea	Nine
१० दश	દકમ	દેકમ્-decem	દેક-deka	Ten
१०० शतम्	ક્વમતામ	કેન્તુમ-centum	હેકતાન-hekaton	Hundred
१००० सहस्र	ફારસીમાં હજાર		ખીલીઓઈ-khilioi	Thausand
११-एकादश				Ele-One
१३-त्रयोदश				Thirteen
२१-एकवीस				Twenty One

અંગ્રેજી મહિનાના નામો અંક સાથે સંકળાયેલા છે. અગાઉ જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ નહોતા. જુલાઈ-રોમન રાજવી જુલિયસ સીઝરના નામ પરથી છે. ઓગષ્ટ કોઈ સંતના નામ પરથી છે. બાકી સપ્ટેમ્બર-૭મો માસ, ઓક્ટોબર-૮મો માસ, નવેમ્બર-૯મો માસ, ડીસેમ્બર-૧૦મો માસ સૂચિત કરે છે.

અન્ય સંસ્કૃત સંખ્યાવાચક શબ્દો ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિય ભાષાજુથની ભાષાઓ સાથે કેટલા નજીક છે. તે દર્શાવવાનો પ્રયત્ન છે.

સંસ્કૃત.	प्रथम	અવેસ્તા	ફ્તઅમ	
સંસ્કૃત.	द्वितिय	અવેસ્તા	દઈ બિત્ય, બિત્ય	પુરાતન ફારસી દુબિતિય.
સંસ્કૃત.	तृतीय	અવેસ્તા	થ્રિત્ય	લેટિન - tertius
સંસ્કૃત.	चतुर्थ	ગ્રીક.	તેતર્તાસ, tetartos	
સંસ્કૃત.	पञ्चम	પહલવી	પંજામ	
સંસ્કૃત.	षष्ठ	ગ્રીક	hektos, હેકટોસ	લેટિન - સેકસ્તુસ- sextus
સંસ્કૃત.	नवम	અવેસ્તા	નઑમ	ફારસી - નવમ
સંસ્કૃત.	दशम	અવેસ્તા	દસઅમ	લેટિન – દકિમુસ - decimus

સંસ્કૃત અને ઈન્ડોઈરાનિયન જાથની ભાષા અવેસ્તા અને વેદિક સંસ્કૃત સાથે ધ્વન્યાત્મક સામ્ય બહુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ ભાષા અને વેદના સૂકતો અને મન્ત્રોના સમાનરૂપમાં જ પારસી ધર્મગ્રન્થ ઝેન્દ અવેસ્તામાં જોવા મળે છે. અહીં આપણે સંસ્કૃત સાથે ભાષા-બોલીની સમાનતા બાબત વિચાર કરવાનો છે. જેથી આગળના કેટલાક ઐતિહાસિક અવલોકનો સહેલાયથી સ્પષ્ટ થઈ શકે.

એક અનુમાન છે કે, આર્યોનું એક જુથ ઉત્તર ધ્રૂવના પ્રદેશોમાંથી ચાલતું ચાલતું ઈરાન તરફ આગણ વધ્યું અને ખીવાના ઘાસના મેદાનમાં રોકાયું. અહીંથી આ જુથ બે વિભાગમાં વહેંચાઈ ગયું અથવા એકબીજા વચ્ચે નેતાગીરીના પ્રશ્ને વિગ્રહ થતાં છૂટા પડ્યા. એક જુથ પશ્ચિમ તરફ આગળ વધ્યું, બીજું દક્ષિણ-પૂર્વ તરફ. પહેલું જુથ ઈરાનમાં સ્થિર થયું જ્યારે બીજું ગાંધાર દેશ પાર કરી ખૈબર અને બોલાન ઘાટના માર્ગે સિંધુસભ્યતાના સપ્તસિંધુના પ્રદેશો તરફ ગયું. અહીં સુધી આ બંને જુથોની ભાષાના ધ્વનિઓ સમાન અને એકરૂપ જ હતા. પછી ભૌગોલિક-રાજકીય-સામાજિક કારણોને લીધે બંને જુથોનો સ્વતંત્ર રીતે વિકાસ થયો. છતાં ઘણી બધી રૂઢિઓ અને ધાર્મિક પ્રણાલિઓ એક સરખી હતી. આ વાત ઋગ્વેદ અને અવેસ્તાના તુલનાત્મક અધ્યયનથી સ્પષ્ટ થાય છે. વેદ અને અવેસ્તાની ભાષા કેટલાક ધ્વનિ પરિવર્તનો કરી વૈદિક સંસ્કૃતના રૂપમાં પરિવર્તિત કરી શકાય છે. દાખલા તરીકે અવેસ્તાના ૧૦માં યસ્નની આઠમી ગાથાના મૂળ રૂપ જોતાં:

અવેસ્તન : यो यथा पुथ्र अम् तउरुन् अम् हऑम् अम् बन्दएता मश्यो। फ्र आब्यो तनुब्यो हऑमो वीसइते बइशजाइ॥

આ ગાથાને વૈદિક સંસ્કૃતમાં નીચે પ્રમાણે સહેલાયથી ફેરવી શકાય છે.

સંસ્કૃત : यो यथा पुत्रं तरुणं सोमं वन्देत मर्त्यः। प्र आभ्यः तनुभ्याः सोमो विशते भेषजाय ॥

અહીં થોડા ધ્વનિ પરિવર્તનો સિવાય મોટો તફાવત જાવા મળતો નથી.

આવી રીતે જાણીતા ભાષાવિદ ડો. સુનીતિકુમાર ચાટુર્જ્યાએ સંસ્કૃતના સુપ્રસિદ્ધ ગાયત્રીમંત્રનું અવેસ્તામાં નીચે પ્રમાણે રૂપાન્તર કર્યું છે.

સંસ્કૃત : ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य। धीमहि धियो यो नः प्रचोदयात्॥

અવેસ્તામાં રૂપાન્તર: तत्सवितुझ् वरइनिअम् भर्गझ् दइवस्य धीमधि। धियझ् यझ् नस् प्रकौदयात् ॥

સંસ્કૃત અને અવેસ્તન બંને ભાષાઓનો વિકાસ એના પુરોગામી ઈન્ડોઈરાનિયન ભાષાસ્વરૂપમાંથી થયો છે. તે ચોક્કસ છે. બીજા ઘણા સંસ્કૃત અવેસ્તાના શબ્દોમાં ધ્વનિ સામ્ય જાવા મળે છે. જેની કેટલીક નોંધ અહીં છે.

संस्कृत	***अवेस्तन***
भूमि	बूमि
सिन्धु	हिन्दु

संस्कृत	***अवेस्तन***
यज्ञ	यस्न
उषा	अउओस

संस्कृत	***अवेस्तन***	***फारसी***
भातृ	ब्रातर	बिरादर
दुहित्र	दुग्धर	दुख्तर

दधामि	ददामि
हृदय	जरदय
छन्द्	जन्द्
अग्नि	आतर
असुर	अहुर
धेनु	दएनु
हस्त	जस्त
असमै	अह मै

मित्र	मिथ्र
सप्त	हप्त
भरामि	बरामि
कस्मै	कह मै
विश्व	विस्प
इन्द्र	इन्द्र
वायु	वायु
अश्व	अस्प

पितृ	पितर	पिदर
मातृ	मातर	मादर
शरद्	सरध	सर्द
संस्कृत	***अवेस्तन***	***अन्ग्रेजी***
उक्षन्	उक्षन	ऑक्ष

વિવંઘહાનનો પુત્ર યમક્ષેત-જમશીદ તે ઋગ્વેદમાં વિવસ્વાનનો પુત્ર યમ છે.

અવેસ્તાની છંદ રચના ગાયત્રી છન્દમાં છે. વેદોમાં પણ ગાયત્રી છન્દનો ઉપયોગ થયો છે.

અવેસ્તાની ઘટનાઓ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ પૂર્વે ૧૦૦૦ દરમ્યાન બની હોવાનું અનુમાન છે. તેવી જ રીતે વેદોની ઘટનાઓ.

ઈન્દ્રપૂજક આર્યોના જુથે અનાર્યોના સમન્વયકાળ દરમ્યાન સંસ્કૃત ભાષાની રચના કરી. પોતાના કાવ્યોનું દેવો અને નેતાઓના પ્રશંસાગીતોનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું. પરંતુ "અવેસ્તા" ના આર્યો ઈન્દ્રવિરોધી જુથ હોવાથી અવેસ્તાનું સંસ્કૃતમાં રૂપાન્તર ન થઈ શક્યું.

લાંબો સમય સાથે રહેલી પ્રજામાં ઘણું બધું સામ્ય હોય તે દેખીતું છે.

અહુરપૂજક આર્યોમાં અહુરનો વિરોધી ઈન્દ્ર તે "પાપમતિ" ગણાયેલો. ઈન્દ્રપૂજક આર્યોમાં દિતિના પુત્રો દૈત્ય-અસુર ગણાયેલા. ઝેન્દ અવેસ્તાની ત્રીજી ગાથા જે ઈરાની બાદશાહ દારાયસે પોતાના શિલાલેખમાં કોતરાવેલી તે કંઈક આમછે :

"હું અસુરોનો અનુચર છું"..... "હું અસુરોને વંદુ છું"..... "હું દેવોનો દ્વેષી છું"..... "હું દેવપૂજકોનો દ્વેષી છું" .

દ્રવિડભાષાઓની સંસ્કૃત ભાષા પર અસર :કોલ કે મુણ્ડા ભાષાના શબ્દો સંસ્કૃતમાં સમાવી લીધા છે. અમ્બ, કદમ્બ, ઉદુમ્બર, જમ્બુ, નારિકેળ, જંઘા, કમ્બલ (કામળો), શાલ્મલિ (શીમળો), બાલ (વાળ), કદલી(કેળ), કપાસ, તાંબુલ, ચાવલ, લકૂટ(લાકડી), લિંગ, બાણ, કુડી(કોડી), મરક્ (મરઘો) વગેરે.

દ્રવિડ શબ્દો સંસ્કૃતમાં...ઉલુખલ, કજ્જલ, કુદ્દાલ, ધુક, ચન્દન, પણ્ડિત, હેરમ્બ, આડંબર, તાંદુલ, ફૂલ, કપિ, અટવી, અરવિન્દ, કબરી(ચોટલો), ધમ્મિલ(અંબોડો), કુલત્થ(કળથી), ચાર(વસ્ત્ર), તટ(કોટ-કિલ્લો), પૂજા, કૂન્તલ, કમલ, કુવલય, સ્ત્રી, મહિલા, મુકુટ, મુક્તા.

આર્ય-દ્રવિડ ભાષા પરિવારોના ધ્વનિતંત્ર પર વિચાર કરીએ તો એક વિશેષતા સ્પષ્ટ દેખાય છે કે સંસ્કૃત-આર્ય-ભાષાઓ ઘોષ મહાપ્રાણ સ્પર્શ ધ્વનિઓ (ઘ-ઝ-ઢ-ધ-ભ)નો વ્યવહાર થાય છે. દ્રવિડ-પરિવારની ભાષાઓમાં આ ધ્વનિઓનો વપરાશ નહિવત્ છે. તેવી જ રીતે યૂરોપની આર્યભાષાઓમાં પણ ઘ-ઝ-ભ ની ધ્વનિઓનો અભાવ છે. આ આશ્ચર્યજનક સમાનતા છે. પરંતુ આ ધ્વનિ સંસ્કૃત ભાષામાં સુરક્ષિત છે.

સંસ્કૃત ભાષાનો શબ્દ धरा ધરતી, જમીન, પ્રદેશ નો ઉચ્ચાર કોઈ તામિલભાષીને કરવાનું કહીએ તો તે તરા અથવા તેરઇ ઉચ્ચાર કરશે. ફ્રાન્સમાં તેઅર ઈરાનમાં તરા અંગ્રેજીમાં Terytory - ટેરીટરી કે Terestrial -પરંતુ કેટલાકો લેટિન Tera -તેરા શબ્દ ને धरा સંસ્કૃતનું રૂપ માનતા નથી.

તમિળમાં બીજા કેટલાક શબ્દો છે જેમાં घ ध भ ની જગ્યાએ અઘોષ અલ્પપ્રાણ क-त-प ઉચ્ચારણ નીકળે છે. જેમકે, સંસ્કૃત-भाष् તમિલ पेच्चु બોલવું સં-भज् त-पगु વહેચવું ભાગ પાડવા, સં-भण् બોલવું. त-पणि . સંસ્કૃત

શબ્દ ધામનું ગ્રીકરૂપ दोमोस, લેટિનરૂપ दोमुस्, સંસ્કૃત भ्रात ફારસીરૂપ बिरादर, રશિયનરૂપ ब्रात्, અંગ્રેજી ब्रधर.

આવી જ રીતે દ્રવિડ ભાષાઓ ખાસ કરી તમિળ, મળયાળમ, તેળુગુ અને કન્નડમાં ख थ फ અઘોષ મહાપ્રાણ નો વ્યવહાર ઓછો થાય છે.

અન્ય કેટલાક દ્રવિડભાષાના શબ્દો જેના ધ્વનિ સંસ્કૃત કે અન્ય ગ્રીક, લિટિન ભાષાના શબ્દો સાથે સામ્ય ધરાવે છે. તેની નોંધ કરી છે.

તામિલ-मगवन् = અધિક,બહુ-મોટું. સં. मघवन् – महान् (ઘ ને હ સબંધિત છે જેમકે હત્યા-ઘાત) ગ્રીક मेगस् = વિશાળ, અંગ્રેજી- Mega, લેટિન-मग्नुस

સંસ્કૃત સિન્ધુ શબ્દનું ઈરાનીઓએ हिन्दु ઉચ્ચારણ કર્યું, તમિળમાં इन्दु અને इन्दु ઉપરથી રૂસ, ગ્રીક, અંગ્રેજોએ इन्दुस् इण्डस् इण्डिया ઉચ્ચારણો કરેલ છે.

સંસ્કૃત શબ્દોની સરખામણીનો અભ્યાસ કરતા સ્પષ્ટ પણે જણાય છે. કે સંસ્કૃત ભાષામાં રચાયેલી શબ્દની ધ્વનિમૂલક વર્ણવ્યવસ્થા અન્ય ભાષાના શબ્દો કરતા વધારે સુંદર અને આકર્ષક લાગે છે. વળી ધાતુરૂપ અને શબ્દરૂપના પ્રત્યયો સંસ્કૃત ભાષામાં વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે.

આથી એમ માનવાને કારણ છે. કે સંસ્કૃત ભાષાની રચના અગાઉ અન્ય ભાષાના શબ્દ ભંડોળનો ઉપયોગ કરી, સુ સંસ્કૃત બનાવ્યા પછી સંસ્કૃત ભાષા માટે ઉપયોગ થયો છે. ટુંકમાં ઈન્ડોયુરોપિયન, ઈન્ડોઈરાનીયન અને દ્રવિડ ભાષા જુથની ભાષાઓનો મઠારેલો વૈજ્ઞાનિક સ્વરૂપ પામેલા શબ્દ ભંડોળ તે સંસ્કૃત ભાષાનો શબ્દકોષ.

વળી ઈન્ડોયુરોપિયન ભાષા બોલતા પ્રદેશો, ઈન્ડોઈરાનીયન ભાષા બોલતા પ્રદેશો અને દ્રવિડભાષા બોલતા પ્રદેશોના લોકોના સમન્વયના પરિપાક રૂપે સંસ્કૃત ભાષાની રચના થઈ છે. એટલે આર્યો એ ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર કરતાં જઈ, ઈજિપ્ત અરબસ્તાન સુધી પહોચી ગયા હોય અને ત્યારબાદ ઈરાન-અફઘાન રસ્તે એક મોટું જુથ આવી ચઢ્યું હોય અને સિંધુસભ્યતાના અનાર્ય-દ્રવિડ વસાહતીઓ સાથે લાંબા સમયના સંઘર્ષ બાદ સમન્વય સાધી રહી ગયું હોય. ભાષાના આ શબ્દોની સરખામણીની કવાયત એટલા માટે કરવામાં આવી કે કેટલાક ઈતિહાસકારો પોતાના મજબૂત પૂર્વગ્રહ વડે એવું માને છે કે આર્યો હિન્દુસ્તાનના જ મૂળ રહેવાસી હતા અને દુનિયામાં બધે પ્રસરી ગયા હતા અને આ માન્યતાને આધાર રહેતો નથી.

લોકમાન્ય તિલક, કનૈયાલાલ મુનશી અને મેક્સમ્યુલર જેવા વિદ્વાનો માને છે. કે, આર્યોએ ઉત્તરધ્રૂવ-યુરોપ-અરબસ્તાન-ઈરાન વગેરે પ્રદેશો સુધી સ્થળાંતર કર્યું હતું. આ સમય ગાળો ઈ.સ. પૂર્વે ૫૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ સુધીનો મુકવામાં વાંધા સરખું નથી.

વળી આ સમુદાયની વર્ણમાળા એ.બી. અલિફ, બે, કે આલ્ફા α -બીટા β થી શરૂ થાય છે. જે નોંધપાત્ર છે.

ळ વર્ણનું ઉચ્ચારણ अनार्य-द्रविड જ કહી શકાય કારણ કે બાળપણમાં આ વર્ણનું ઉચ્ચારણ બાળક ન સાંભળે તો પુખ્તવયે બોલવામાં સફળતા મળતી નથી. ઋગ્વેદની પહેલી ઋચાના પ્રથમ શબ્દમાં ळનો ઉપયોગ થયો છે.अग्निमीळे पुरोहितम्।......... અને આજે પણ પોતાના ઉચ્ચારણો ળ સુધી વિકસિત કર્યા છે. તેના સંકેત રૂપે અનાર્ય શબ્દો ळ નો ઉપયોગ કરે છે. જેમકે,केरळ। मळयाळम। तमिळ । तेळुगु । कोळी । चुंवाळ ।पाञ्चाळ । વગેરે.

પાણિનિએ ळ ને વર્ણમાળામાં अयोगवाहरूप માં સ્થાન આપ્યું છે. મહાભારત, રામાયણ, ભાગવત કે અન્ય આધુનિક સંસ્કૃત ગ્રન્થોમાં ळ જોવા નહીં મળે જેમકે, ગીતામાં कर्मफळની જગ્યાએ कर्मफल જોવા મળશે. વૈદિક સંસ્કૃત સિવાય ळ નો પ્રયોગ ઈરાદાપૂર્વક ટાળવામાં આવ્યો છે.

ભાષાશાસ્ત્રનો અભ્યાસ કેટલીકવાર ઈતિહાસના પૃષ્ઠો પર પ્રકાશ પાડવા માટેનું ઉપયોગી સાધન છે. દા.ત. સિંધી ભાષાનું મૂળ સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓ છે પરંતુ અરબી શાસન નીચે રહેવાથી લિપિ અરબી વપરાય છે. ઉર્દુ જો કે કોઈ ભાષા ન કહી શકાય, મુસ્લિમશાસકોના સ્થાનિક સૈનિકો પોતાની બોલીમાં અરબી-ફારસી શબ્દોનો પ્રયોગ કરી અરબી વર્ણમાળામાં લખતા. ઉર્દુ ફારસી-અરબી શબ્દોની બહુલતાવાળી હિન્દી ભાષા જ કહી શકાય.

બ્રાહુઈ ભાષા પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાન્તમાં બોલાય છે. આ બ્રાહુઈ ભાષા દ્રવિડકૂળની ભાષા છે અને સુદૂર દક્ષિણમાં વસતા દ્રવિડો કયારેક ઉત્તરમાં વસતા હોવાનો સંકેત આપે છે.

ભાષાશાસ્ત્રનો અભ્યાસ અને સર્વેક્ષણ ઘણીવાર રાજકીય કે ધર્મપ્રચારના હેતુ માટે થઈ શકે છે. જેમકે.... સંસ્કૃત સિવાય તામિળભાષા અત્યન્ત પ્રાચીન છે. તામિળ ભાષાનું વ્યાકરણ પણ પ્રાચીન છે. તામિળ ભાષાના શિલાલેખો પણ બીજી ભાષાઓની સરખામણીમાં વધુ પ્રાચીન મળ્યા છે. આધુનિક ભારતીય ભાષાઓમાં લેખિત સાહિત્યની પરંપરા પણ તામિળની છે. તમિળભાષીઓએ આ વાતનું ગૌરવ લેવું જાઈએ. પરંતુ આનો રાજનીતિક ઉપયોગ ખરાબ રીતે થઈ શકે કે, દ્રવિડ ભાષાઓને સદાય એવું કહેવામાં આવ્યુ કે આર્યોએ દ્રવિડ-ભાષાઓનું દમન કરી સંસ્કૃતિનો નાશ કર્યો, ઉત્તરમાંથી દ્રવિડોને ભગાડી મુક્યા, દાસ બનાવ્યા, દક્ષિણમાં બ્રાહ્મણોએ ઉત્તરભારતના દલાલોનું કામ કર્યું. ભારત સ્વતંત્ર થયું તો પણ ઉત્તરની હિન્દી ભાષાનું વર્ચસ્વ વધાર્યું. તો દ્રવિડભાષીઓનું રાજ્ય જાદું કેમ ન કરવું! દ્રવિડભાષી રાજ્યો ખાસ કરી તામિલનાડુમાં હિન્દી ભાષા તરફ ખાસ અણગમો છે.

ગઈ શતાબ્દિમાં કોલ્ડવેલે પોતાના પુસ્તક "એ કમ્પેરેટિવ ગ્રામર ઓફ દ્રાવિડીયન ઓર સાઉથ ઈન્ડિયન ફેમિલિ ઓફ લેંગ્વેજીજ" લખ્યું ત્યારે તેણે એ વાત પર ભાર મૂક્યો કે દ્રવિડ ભાષા બોલવા-વાળા અધિકતર અ-બ્રાહ્મણ છે. સંસ્કૃત પરથી ઉતરી આવેલી ભાષાઓ સાથે તઓનો કોઈ મૌલિક સમ્બન્ધ નથી વગેરે. પણ તેનો ઈરાદો રાજનૈતિક વિભાજન કરતાં દ્રવિડો ઈસાઈ બની જાય તો સંસ્કૃત અને બ્રાહ્મણથી મુક્ત થઈ જાય!

ગિયર્સને હિન્દુ-મુસ્લિમવિભાજન લક્ષમાં રાખી ભારતીય-ભાષાઅઓનું સર્વેક્ષણ કર્યું. અહીં દ્રવિડ-આર્ય વિભાજન રાજનીતિ ગૌણ હતી. હિન્દુઓની ભાષા હિન્દી છે મુસ્લિમોની ભાષા ઉર્દુ છે પરંતુ તેણે ક્યાંય એમ ન કહ્યું કે ૯૦% મુસ્લિમો ઉર્દુને બદલે સ્થાનિક ભાષા જ બોલે છે.

ઈ.સ ૧૯૪૭ માં ભારતની સ્વતંત્રતા પછી ભાષાવાર રાજ્ય રચનામાં ભાષા વિજ્ઞાનના વિદેશી પુસ્તકોનો ફાળો અવગણી શકાય તેવો તો નથી જ. આજે પણ મહારાષ્ટ્રમાં બીન-મરાઠી-ભાષી ભારતીયો તરફ ઓરમાયું વર્તન રાખવામાં આવે છે.

આ બધું ય જાતાં એ વાત ખરી છે કે ભારતના બુદ્ધિશાળી સંશોધકોને અવગણવામાં આવ્યા અથવા તેઓએ વધારે પડતું રૂઢિચુસ્તપણું દાખવ્યું.

<u>સંસ્કૃત ભાષાને જો ભારતીયોએ પ્રાધાન્ય આપ્યું હોત તો આ એક જ ભાષા આર્ય-દ્રવિડ કે ઉત્તર-દક્ષિણની ભાષાઓની માતા સમાન છે. તેની વૈજ્ઞાનિક વર્ણમાળા-ઉચ્ચારણો-વ્યાકરણ બધું એટલું બધું અઘરૂં પણ નથી. વળી આ બાબત રાષ્ટ્રીય સંગઠન માટે ઉપયોગી નિવડી હોત, તે ઉપરાન્ત વિદેશોમાં ખાસ કરી અમેરિકા કે કેનેડા. યુકેમાં ભારતીય વસાહતીઓનું સંગઠન સાધી શકાયું હોત અને રાજકીય લાભો મેળવી શકાયા હોત! પરંતુ વિદેશોમાં પણ ભાષાવાર સમાજો અસ્તિત્વમાં છે. ગુજરાતી સમાજ-પંજાબી સમાજ વગેરે. ખૂબ મોડેથી સંસ્કૃતનું મહત્ત્વ સમજાયું છે તે આનન્દની વાત છે. જેમાં ઈન્ટરનેટ પર દેખાતી સંસ્કૃતની વેબસાઈટો મોટો પુરાવો છે.</u>

<u>*સંસ્કૃતની શાસ્ત્રીયતા વૈજ્ઞાનિકપણું અને સરળતા કોઈ પણ સંજાગોમાં અવગણી શકાય તેવા છે જ નહીં.*</u>

સિન્ધુ સભ્યતાની આદિપ્રજા ભારતીય ઉપખંડની જ મૂળ પ્રજા હોય તેમ માની લઈએ તો સિંધુસભ્યતાની લિપિ કે ચિત્રલિપિ આપણે હજી સુધી સફળતાથી ઉકેલી શક્યા નથી. પરંતુ દ્રવિડ સંસ્કૃતિના લોકો, એક માન્યતા પ્રમાણે ફિનો-ઉગ્રિયન (પશ્ચિમોત્તર યુરોપ-ફિનલેન્ડ) અને કોલ કે મુણ્ડા ભાષા પરિવાર જેનો સંબંધ ઓસ્ટ્રો-એશિયાટિક ભાષા પરિવારો સાથે માનવામાં આવે, તો આ દ્રવિડ લોકોએ આદિ સિન્ધુપ્રજાની સંસ્કૃતિ ખૂબ જ સરળતાથી અપનાવી દુધમાં સાકરની જેમ ભળી ગયા હોવા જાઈએ. આથી ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન આદિ સિન્ધુ પ્રજાએ વિકસાવેલી સંસ્કૃતિને અનાર્ય કે દ્રવિડ સંસ્કૃત તરીકે ઓળખવામાં જરાય વાંધાસરખુ નથી. અને આ સંસ્કૃતિએ જ સાંખ્ય, યોગ, તન્ત્ર, લિંગપૂજા, નીરીશ્વરવાદ ચોક્કસપણે વિકસાવ્યો હોવાનું માની શકાય તેમછે. સુંદર ભાષા, લિપિ, સાહિત્ય, નૃત્ય, અને કલા પણ સંપૂર્ણ વિદ્વતાથી વિકસાવેલી, ગણતન્ત્રશાસનપ્રણાલિ, બહુપતિત્વ પ્રથા સાથેનો સમાજ, ખેતી, પશુપાલન વડે ગાય અને વૃષભને ખાસ મહત્ત્વ આપી, વધુમાં વધુ લોકો સુખી થાય, (અહીં પૃથ્વી પર જ! સ્વર્ગમાં કે આવતા જન્મે નહી!) તેવી સંસ્કૃતિ વિકસાવી હોવાના ચોક્કસ ઐતિહાસિક પુરાવાઓ મેળવી શકાય છે.

ભાષા-લિપિ માનવીના સ્થળાંતર, વતન, રાષ્ટ્ર અને એકતાના ઈતિહાસ ઉકેલવાનું આગવું સાધન છે તેની અવગણના કરી શકાય નહીં. દુનિયામાં સંસ્કૃત ભાષા જેટલી વૈજ્ઞાનિક અને સુન્દરભાષા ક્યાંય નથી. નાગરી-લિપિ પણ એક ઉત્કૃષ્ટ લિપિ છે. તેટલું યાદ રાખવું જરૂરી છે.

સિન્ધુસભ્યતાની વાતોના અનુસન્ધાને એટલું કહી શકાય કે સિન્ધુ સભ્યતાની લિપિ વિદ્વાનોના ઘણા પ્રયત્નો છતાં હજી સુધી અણઉકેલી રહી છે. જેનું કારણ પરાજિત થયેલી પ્રજાની લિપિ-ભાષા તરફ અવગણના હોઈ શકે! સંસ્કૃતભાષાની રચના આર્યો-અનાર્યોના સમન્વયની ઉપજ છે આથી આર્યોના મૂળવતનની ભાષાઓ (ઈન્ડોયુરોપિયન અને ઈન્ડોઈરાનીયન જુથની ભાષાઓ)ના શબ્દભંડોળનો ઉપયોગ થયો છે. આવા શબ્દભંડોળમાં દ્રવિડભાષાના શબ્દભંડોળનો પણ ઉપયોગ કરી દરેક શબ્દો Well processed કરી संस्कृत ભાષાની રચના થઈ છે. લિપિની બાબતમાં ઋગ્વેદ સૌ પ્રથમ કઈ લિપિમાં લખવામાં આવ્યો તે સ્પષ્ટ થતું નથી. આર્યો ભારતીય ઉપખંડના જે મૂળનિવાસી હતા અને અહીંથી વિશ્વભરમાં પ્રસરી ગયાની વાતને તટસ્થ પુનર્વિચારણાની જરૂર છે. જે માટે ભાષાશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. જેનો શક્ય એટલો પરિચય આપવાનો અહીં પ્રયાસ કર્યો છે.

==

પ્રકરણ-૭ મું. વેદ

આપણે હવે વેદ વિષે વિચાર કરીએ. ઋગ્વેદ વિશ્વનું સૌથી પ્રાચીન પુસ્તક છે તે વિશ્વભરના વિદ્વાનોએ સ્વીકારી લીધું છે. જો કે, વેદની રચના આર્ય-અનાર્ય સમન્વય બાદ સંસ્કૃભાષાની રચના થયા બાદ આશરે ઈ.સ. પૂર્વે ૧૨૦૦ વર્ષ પહેલાં થઈ હોવાનું મેક્સમ્યુલર માને છે. (મેક્સ મ્યુલરે વેદોનું અંગ્રેજી ભાષાન્તર કરવામાં ૨૫ વર્ષ ખર્ચી નાખેલા તે નોંધનીય છે.) વેદો ચાર છે. જે થોડા ઘણા સમયાંતરે લખાયા છે. સૌ પ્રથમ ઋગ્વેદની રચના થઈ છે. ઋગ્વેદમાંથી જ ગાઈ શકાય તેવા સૂક્તોનું સંકલન કરી, સામવેદની રચના થઈ છે. સામવેદના ૭૫ મંત્રો સિવાય બધા જ મંત્રો ઋગ્વેદમાંથી લીધા છે. ઋગ્વેદના આઠમા અને નવમા મણ્ડલના સોમને લગતા સૂક્તો સામવેદમાં છે તે સોમયાગની ક્રિયાઓ વખતે ગાવામાં આવે છે.

યજુર્વેદમાં ધાર્મિક અને સામાજિક જીવનનો નવો યુગ જાઈ શકાય છે. યજુર્વેદની ચાર શાખાઓ છે॥ જેમાં वाजसनेयि संहिता-मैत्रायणी संहिता-काठक संहिता-कपिष्ठल-कठ संहिता (છૂટક છૂટક ટુકડાઓ જ મળ્યા છે) અને तैत्तरिय संहिता છે. वाजसनेयि संहिता-शुक्ल यजुर्वेद થી ઓળખાય છે અને તેના माघ्यन्दिन અને काण्व અને એમ બે પાઠ છે॥ બાકીની સંહિતાઓ कृष्ण यजुर्वेद થી ઓળખાય છે. अथर्ववेद ને અગાઉ વેદ તરીકે ગણવામાં આવતો નહોતો. કારણ કે આમાં જે મંત્રો આપ્યા છે તેને યજ્ઞ સાથે કોઈ સબંધ નથી. અગાઉ અથર્વેદ ૧૩ કાણ્ડનો જ બનેલો હતો પાછળથી સાત કાણ્ડ ઉમેરવામાં આવેલા જેમાં ૧૪ મો અને ૧૮ મો કાણ્ડ ઋગ્વેદના ૧૦માં મણ્ડલમાંથી બનાવવામાં આવ્યો છે. ૧૯મો અને ૨૦મો કાણ્ડ ઈન્દ્રને લગતા સૂક્તો ઋગ્વેદમાંથી લઈ, કંઈ પણ ફેરફાર વિના મુક્યા છે. આ કારણે વેદમાં સામેલ કરવાની યોગ્યતા થઈ જતાં પાછળથી ચોથાવેદ તરીકે અથર્વસંહિતાને સ્થાન મળ્યું છે.

વેદો વિષે નીચેની માન્યતાઓ ખૂબ જ આસ્થાપૂર્વક માનવામાં આવે છે. જેમાં............

૧. વેદો ઈશ્વર પ્રણીત છે. એટલે કે વેદની રચના ખુદ પરમેશ્વરે કરેલી છે.

૨. વેદોમાં સઘળી વિદ્યાઓ, સમાયેલી છે. સર્વે જ્ઞાનનું મૂળ છે.

૩. વેદથી પુરાતન કોઈ સાહિત્ય નથી.

૪. વેદના મંત્રો રહસ્યમય છે. ઓછામાં ઓછા એક મંત્રના ચાર પ્રકારે અર્થ થઈ શકે છે.

૫. વેદના ઘણા શબ્દો અનેકાર્થો છે. દા.ત. अग्नि શબ્દના ૪૦ અર્થ થાય છે.

મેક્સમ્યલર કહે છે કે, વિદ્વાનોની એક પેઢી દ્વારા ઋગ્વેદની ઋચાઓના રહસ્યો ઉકેલવાનું કામ અસંભવ છે. જેટલું વધારે અટપટું, બહુઅર્થી સંદિગ્ધ તેટલું વધારે મહાન અને ઊંચુ! એવું માની લેવાની પ્રથા પડી ગઈ છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ છેલ્લા ૨૦૦ વર્ષથી વેદો અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરી કેટલીક વાતો પ્રકાશિત કરી. પરંતુ પેઢીઓથી પરંપરાગત વેદનો મુખપાઠ કરતા બ્રાહ્મણોને વેદના રહસ્યોનું કેટલું જ્ઞાન છે? તે એક કોયડો છે.

છેલ્લા ૩૨૦૦ વર્ષથી એક પણ ભૂલ વિના વેદોના મુખપાઠ થાય છે. યાંત્રિક રીતે ગોખી નાખવામાં આવે છે, છતાં તત્વતઃ શું છે તે કોઈ કહેતું નથી !

વેદોની રચના સમયે તે કઈ લિપિમાં લખાયા તે સંશોધકો માટે મોટું રહસ્ય છે. હાલ તો સંસ્કૃત ભાષા દેવનાગરી લિપિમાં લખાય છે. દેવનાગરી લિપિ બ્રાહ્મી લિપિ પરથી ઉતરી આવેલ છે. અને બ્રાહ્મી લિપિના અવશેષો ઈ.સ. પૂર્વે આઠમી સદી પછી મળે છે. અને દેવનાગરી લિપિ ઈ.સ.૫૦૦માં દેખા દે છે.

ઋગ્વેદનો પ્રથમ મંત્ર अग्निमीळे શબ્દથી શરૂ થાય છે. આ દ્રવિડ સમન્વયનો મોટો સંકેત છે. ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન ભાષાઓમાં ક્યાંય ळ નું ઉચ્ચારણ મળતું નથી. માત્ર સંસ્કૃત ભાષા અને તેમાંથી ઉતરી આવેલી આર્યભાષાઓમાં જ ळ નું ઉચ્ચારણ મળે છે.

ळ ને પાણિનિએ अयोगवाहरूप માં મુક્યો છે. તે સ્વર-વ્યંજન અર્ધસ્વર કે ઉષ્માક્ષર નથી. શબ્દના પ્રથમાક્ષર તરીકે વાપરી શકાતો નથી. શબ્દની વચ્ચે અથવા શબ્દના અંતમાં મુકવામાં આવે છે. ळ વાપરતા શબ્દો દ્રવિડ પરંપરાનો સંકેત કરે છે. જેમાં ळને પ્રચલિત શબ્દોમાં ખાસ મુકવામાં આવે છે. જેથી પોતાની બોલી ळના ઉચ્ચારણ સુધી વિકસેલી છે તે જાણી શકાયછે. केरळ। मळयाळम। तमिळ । तेळुगु। कोळी। चुंवाळ। पाञ्चाळ। વગેરે. ळ દુનિયાની બીજી ભાષામાં બોલાતો નથી વળી મોટી ઉંમરે ळ નો સ્પષ્ટ ઉચ્ચાર કરતા તકલીફ પડે છે. તેથી ळ ના ઉચ્ચારણો र-ड-ल। માં પરિવર્તિત થતા હોય છે. આપણે अग्निमीळे ઋગ્વેદની પ્રથમ ઋચાનો પ્રથમ શબ્દ संस्कृत સારી રીતે સંસ્કાર પામેલી ભાષા દ્રવિડ ભાષાના સહકાર-સમન્વયથી બની શકી તે સ્પષ્ટ કરે છે. ઋગ્વેદમાં ट-ठ-ड-ढ ધ્વનિવાળા વર્ણોનો બહુ ઉપયોગ થયો નથી.

તો વેદના સાહિત્યમાં ખરેખર શું છે. કેટલું તત્વજ્ઞાન? કેટલો ઈતિહાસ? કેટલી વિદ્યાઓ છે?

આના સાચા પ્રત્યુત્તર બહુ મુશ્કેલ છે, પ્રાચીન સમયમાં રચેલા આવા ગ્રન્થનો ખરો અર્થ કાઢવો અને જ્યારે એક મન્ત્રનું ઓછામાં ઓછું ચાર રીતે અર્થઘટન થઈ શકે, ઉપરાંત કેટલાય શબ્દો અનેકાર્થી હોય ! તે પડકારરૂપ કામ છે. અને જે લોકોએ વેદો મુખપાઠ કરી યાદ રાખેલા તેઓએ માત્ર સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અને શુદ્ધ ઉચારણ જ શીખેલું તેના અર્થો જાણવાને મહત્વ અપાયું જ નહીં. તે સમયની વિચાર સૃષ્ટિ અત્યાર સુધીની પરિચિત વિચાર સૃષ્ટિ કરતાં તદ્દન ભિન્ન છે. આ બધી મુશ્કેલીઓના નિવારણ રૂપે ઈ.સ.૧૩૫૦ની આસપાસ सायण નામના વૈદિક સાહિત્યના મોટા વિદ્વાન દક્ષિણમાં તુંગભદ્રા નદીના કિનારે આવેલા વિજયનગર પાસે થઈ ગયા અને વેદોના વિસ્તૃત ભાષ્યની રચના કરી. જેના આધારે ઈ.સ.૧૮૫૦માં ઓક્સફોર્ડના સંસ્કૃતના પ્રથમ પ્રોફેસર એચ.એચ.વિલ્સને ઋગ્વેદનું ભાષાન્તર કરવાનું કામ શરૂ કરેલું. વૈદિક ભાષાશાસ્ત્રના પ્રોફેસર રોથે સાયણ કે તેનાથી અગાઉ ઈ.સ. પૂર્વે ત્રણસો-ચારસોની આસપાસ યાસ્ક ઋષિએ રચેલા ભાષાનો આધાર રાખવાને બદલે સૂક્તોના રચયિતા કવિઓ જે અર્થ સમજતા તેનો નિર્ણય કરવા જણાવેલું. કારણ કે ઘણીવાર सायण અને यास्क અને અન્ય ટીકાકારોએ કરેલા અર્થો એકબીજાની વિરૂદ્ધ જતા જાવામાં આવે છે. દા.ત. नासत्यौ એ વિશેષણ अश्विनौ નામના બે વૈદિક દેવતાઓને લગાડવામાં આવે છે. તેનો અર્થ એક ટીકાકાર એવો કરે છે કે, જે સાચા છે, અસત્ય નથી તે. બીજા ટીકાકાર "જે સત્યના પ્રણેતા છે તે" એમ અર્થ કરે છે. યાસ્ક એમ ધારે છે કે "નાસિકાથી ઉત્પન્ન થયેલા" એવો અર્થ હશે ! કૌત્સ નામના યાસ્કની પહેલા થઈ ગયેલા વિદ્વાને તો એમ કહેલું કે, વેદનો અર્થ સમજી શકાય એવો નથી. વેદના મંત્રો અર્થ વગરના છે. એકબીજાથી ઉલટા છે. પરંતુ તેનો બચાવ કરતા યાસ્ક કહે છે, આંધળાને થાંભલો ન દેખાય તેમાં થાંભલાનો શું વાંક ?!

યાસ્ક પછી બે હજાર વર્ષે સાયણ થઈ ગયા. જેણે કેટલાક શબ્દોના અર્થ યાસ્કથી જાદી રીતે કર્યા છે. સાયણ અને યાસ્કના વેદ પરના ભાષ્યો વેદના ભાષાંતર માટે ખૂબ ઉપયોગી છે. એના વડે વેદના અર્થ સહેલાઈથી અને ઝડપથી સમજી શકાય. પરંતુ માત્ર આના જ આધારે ભાષાંતર સંતોષકારક રીતે ન થઈ શકે.

આપણે ઋગ્વેદને કેન્દ્રમાં રાખી સિંધુ સભ્યતાના અનુસન્ધાને વેદમાં આવતી ભોગોલિક અને સામાજિક બાબતો પર થોડો વિચાર કરીશું.

ઋગ્વેદના સૂક્તો કેટલીક ભૌગોલિક માહિતિ આપે છે. હિન્દુકુશના પશ્ચિમતરફના ઘાટ આગળ થઈ ખુલ્લા મેદાનમાં આર્યોએ વસવાટ કરેલો, આ ભાગ હિન્દુસ્તાનના વાયવ્ય (ઉત્તર-પશ્ચિમNW) ખૂણામાં રહેલા પાંચ નદીઓના પ્રદેશ જેને ફારસીમાં પંજાબ તરીકે ઓળખવામાં આવે છે. ઋગ્વેદમાં પચ્ચીસેક નદીઓના નામ આપ્યા છે. બધી લગભગ સિન્ધુને મળે છે. પંજાબની પાંચ નદીઓ......... વિતસ્તા (જેલમ), આસિકની (ચિનાબ) (૩) પરુષ્ણી (ઈરાવતી કે રાવી) (૪) વિપાશા (બિયાસ) અને(૫) શુતુદ્રી (સતલજ) ઉપરાન્ત સિન્ધુ અને સરસ્વતી મળી સાત નદીઓનો પ્રદેશ સપ્તસિન્ધુનો પ્રદેશ અગાઉ કહેવાતો. ઋગ્વેદ મંડલ ૧૦ ના સૂક્ત ૭૫ માં સિન્ધુ નદીની જ સ્તુતિ છે જેમાં બીજી અઢાર નદીઓ ભળે છે. અન્ય પ્રચલિત નદીઓના પશ્ચિમે કુભા (કાબુલ), ઉત્તરે ઉપનદી સુવાસ્તુ , ક્રુમુ(કુરૂમ), ગોમતી(ગોમલ), દૃષદ્વતી (ચિત્તાંગ પથ્થરવાળી) અને સરસ્વતી. સરસ્વતી નદીનું સ્થળ અને પ્રવાહ રેખા ચોક્કસ થતા નથી. કદાચ સિન્ધુ માટે જ એ શબ્દ વપરાયો હોય. વળી એક માન્યતા પ્રમાણે સરસ્વતી નદી સમુદ્રને મળતી નથી, ક્યાંક જમીન કે રણમાં ફેલાઈ જાય છે. જેથી કુમારિકા સરસ્વતી પણ પાછળથી કહેવાયું છે. અને તેનું પવિત્ર નદી તરીકેનું સ્થાન ગંગા નદીએ લીધું છે.

વેદમાં न्यग्रोध વડ ના વૃક્ષનું નામ નથી. अथर्ववेद માં બે વખત આપ્યું છે. अश्वत्थ- पिप्पल પીપળાના વૃક્ષ નીચે ત્રીજા દ્યુલોકમાં દેવતાઓ બેસે છે. સુપર્ણ પણ અશ્વત્થ જ હશે સુપર્ણની છાયામાં બેસી પિતૃઓ યમદેવ સાથે આનંદે છે. સોમના પાત્ર માટે પીપળાનું લાકડું વપરાતું.

ઋગ્વેદમાં સિંહના ઉલ્લેખ છે. સતલજ અને સિન્ધુ નદીની પૂર્વમાં આવેલા વનમાં અગાઉ વનરાજા દેખાતા. પણ વાઘ વિષે ઋગ્વેદ તદ્દન અજાણ છે. (સિંધુ સભ્યતાની મુદ્રાઓ પર વાઘ-હાથી આવે છે.) અર્થવેદમાં વાઘને પુરુષાદ્ અર્થાત્ માણસ ખાઉં કહેલ છે. જોખમી કામને ''વાઘને જગાડવા'' જેવું કામ કહ્યું છે. હાથી વિષે ઋગ્વેદમાં બે જ મંત્રોમાં ઉલ્લેખ છે. એને હાથવાળું પશુ हस्ति मृग કહ્યું છે.

ઋગ્વેદમાં વૃક-વરૂ અને વરાહ-ભૂંડ વિષે વધારે વખત કહ્યું છે. મહિષ-પાડો, ઋક્ષ-રીંછ થી પરિચિત છે. ઋ-૧૦મું-મંડળ-સૂક્ત-૮૬માં કપિ અને વાનર આવે છે. પશુઓમાં ગાય અને અશ્વ મુખ્ય સંપતિ ગણાતી. કૂતરાઓ પશુઓની ચોકી માટે, પશુઓ શોધવા માટે તેમજ શિકાર માટે પાળવામાં આવતા. બકરાં, ઘેટાં, ગધેડાં ઓછા અગત્યના પ્રાણી છે.

ઋગ્વેદમાં ગાય પછી અશ્વનું સ્થાન છે. અશ્વમેધ યજ્ઞો પણ થતા, સવારી અને લડાઈમાં રથ સાથે અશ્વોને જોડવામાં આવતા.

ઋગ્વેદમાં હંસ પાણીમાં તરતો, પંક્તિમાં ઉડતો ઘણીવાર વર્ણવ્યો છે. શુકલ યજુર્વેદમાં સોમ અને પાણી છૂટા પાડવાની શક્તિ હંસમાં છે. દૂધ અને પાણી છૂટા પાડવાની શક્તિ ક્રાંચ પક્ષીમાં છે. અથર્વવેદમાં ચક્રવાક પક્ષીઓ દાંપત્યપ્રેમ માટે જાણીતા હતા. ઋગ્વેદમાં મયુરીને વિષહારી કહી છે. યજુર્વેદમાં માણસની વાણી બોલનારા પોપટ વિષે કહ્યું છે.

ધાતુઓમાં સુવર્ણ વિષે વારંવાર ઋગ્વેદમાં કહેવાયું છે. વાયવ્ય દિશાની નદીઓમાંથી સુવર્ણ મળી આવતું. अयस લેટિન Aes વિષે કહેવાયું છે પણ ધાતુના અર્થમાં છે. તાંબુ કે લોઢું નક્કી નથી થતું. કાળું અને રાતું બન્ને ભેદ પાડેલા છે. વળી તામ્રયુગ પછી લોહયુગ આવ્યો હોવાનું અનુમાન છે. વેદો ચાંદી-રૂપા વિષે અજાણ હતા, ઉત્તર પંજાબમાં મીઠું-સિંધાલુણ બહુ પાકે છે છતાં વેદમાં ઉલ્લેખ નથી.

આર્યોના દેવનું સ્થાન હવે ઈન્દ્ર લે છે. (અગાઉ વરૂણ-મિત્ર-અગ્નિ-ના સ્થાન મુખ્ય દેવોમાં હતા.) આ પ્રદેશના મૂળ વતનીઓ (નિષાદ-કિરાત-પણિઓ) સાથે ખૂબ સંઘર્ષ થાય છે. ઈન્દ્ર આ લોકોના પુરો-શહેરો અને સો કિલ્લાઓ તોડી નાખે છે. અનાર્યોને ગુલામ-દાસ બનાવ્યા છે. જીતાયેલા શ્યામવર્ણના દસ્યુઓને જીવાડવા કે સામુહિક કતલ કરી નાખવી તે વિવાદમાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર દાશરાજ્ઞ યુદ્ધ રચે છે. વશિષ્ઠ સુદાસના ગુરુ છે જે શ્યામ-અનાર્યોની સામુહિક કતલ ઈચ્છે છે. કાળા સાથે લગ્નસબંધ કેમ બાંધી શકાય?! શું તમારો યુવરાજ કાળો હશે તો ગમશે?! છેવટે સુદાસે વિશ્વામિત્રના દશજાતિઓના સમુહને પરાજિત તો કર્યો, પરંતુ વિશ્વામિત્રની આર્ય સંસ્કારો આપીને कृण्वन्तु विश्वम् आर्यम् । વિશ્વને આર્ય બનાવીએ, તે વાત સ્વીકારવી પડી. પ્રચલિત ગાયત્રી મન્ત્ર વિશ્વામિત્રે સૂર્ય પાસેથી મેળવ્યો (સૂર્ય શ્યામ-ગૌરનો ભેદ રાખ્યા સિવાય સૌને સરખો પ્રકાશ આપે છે; આ સૂર્યની સીધી પ્રેરણા છે) અને ઘણા અનાર્યોને દ્વિજ બનાવી આર્ય બનાવ્યા. જો કે, વસિષ્ઠ-સુદાસ સામેના યુદ્ધમાં

પરાજિત થયા પછી સપ્તસિન્ધુના પ્રદેશોમાંથી ખસી જઈ, દક્ષિણમાં નર્મદા કિનારા સુધી ચાલ્યા જવું પડ્યું. સુદાસને પણ અનાર્યોની સામુહિક કતલનો કાર્યક્રમ પડતો મુકવો પડ્યો. વસિષ્ઠે વર્ણવ્યવસ્થા અને સ્ત્રીઓ પરના નિયંત્રણો મજબૂત બનાવી દીધા. સ્ત્રીઓ અને શૂદ્રોને વેદોભ્યાસમાંથી બાકાત રાખવામાં આવ્યા. યજ્ઞોપવિત પણ સ્ત્રીઓ અને શૂદ્રો પાસેથી ઝુંટવી લેવામાં આવી, શ્યામવર્ણ સ્વીકારવો ન પડે! એટલા માટે ગૌરવર્ણોએ બાળલગ્નો શરૂ કરી દીધા, જેથી આખો વર્ણાશ્રમધર્મ સ્ત્રી અને શૂદ્રના નિયંત્રણો વાળા વિધિવિધાનો અને રીત રિવાજોથી ભરપૂર બનાવી દીધો. વર્ણાશ્રમમાં ભળેલા અનાર્યો વિદ્યાહીન અને શસ્ત્રહીન બનાવી દેવાના ભારેખમ પ્રયત્નો થયા. અનાર્યો અગાઉ બહુપતિત્વ પ્રથા વાળા સમાજમાં રહેતા જે આર્યોને અણગમતી ઘટના હતી. સ્ત્રીઓ પરનો માલિકી હક્ક ડૂબી જતો હતો આથી એક પતિ-પત્નીત્વ કે બહુપત્નીત્વ પ્રથા અમલમાં મુકવા શાસ્ત્રોનો મોટો ભાગ રોકાયો. પુત્રપ્રાપ્તિ વિના પિતૃઓની સદ્‌ગતિ ન થાય તે માન્યતા ખૂબ જ દૃઢ કરવામાં આવી. ઋગ્વેદમાં કોઈ સ્થળે કન્યાનો જન્મ થાય તેવી ઈચ્છા દર્શાવી નથી. યજુર્વેદમાં તો કન્યાના *પિતા થવું એ એક દુઃખ છે. પશુ અને પૃથ્વીરૂપી ધનની સાથે પુત્રપ્રાપ્તિની પ્રાર્થનાઓનો અનેકવાર વેદોમાં ઉલ્લેખ છે. સ્ત્રીઓને માત્ર પુત્ર-પ્રાપ્તિના સાધન તરીકે જ માન આપવામાં આવતું. સ્ત્રીઓને પોતાનું અને પતિનું પરલોકમાં સ્થાન સુધારવા વિધવા કે સતી થવું પડતું.

વેદો ચાર છે. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. દરેક વેદોના બ્રાહ્મણ-ગ્રન્થો છે. જેમકે, ઋગ્વેદના જૈમિનીય (તલવકાર) બ્રાહ્મણ - ઐતરેય બ્રાહ્મણ જેમાં શુનઃશેપ આખ્યાન છે. શુનઃશેપનો પિતા સો ગાયોના બદલામાં નરમેધ માટે હરિશ્વન્દ્ર રાજાને સોંપી દે છે. વિશ્વામિત્ર તેને જીવતદાન અપાવે છે. કૌષીતકી કે શાંખાયન બ્રાહ્મણ ગ્રંથ છે. સામવેદનું તાણ્ડી બ્રાહ્મણ અપ્રસિદ્ધ છે. યજુર્વેદના બ્રાહ્મણ ગ્રન્થો પચ્ચવિંશ બ્રાહ્મણ, અથવા તાણ્ડ્ય મહાબ્રાહ્મણ અથવા પ્રૌઢ બ્રાહ્મણ છે. બીજાં શતપથ બ્રાહ્મણ છે જે ઋગ્વેદ પછી બીજા નંબરે અગત્યનો ગ્રન્થ છે. બૃહદારણ્યક ઉપનિષદ તેના છેલ્લા છ અધ્યાયનું બન્યું છે. ઉપરાન્ત છાન્દોગ્ય બ્રાહ્મણ પણ યજુર્વેદનું બ્રાહ્મણ છે.

આમ બ્રાહ્મણ-ગ્રન્થોમાં યજ્ઞના વિધિ-વિધાનો સોમયાગ, સવાર સાંજના યજ્ઞો, પૂર્ણિમા-અમાવાસ્યાના હોમહવન, જન્મપ્રસંગ અને વિવાહ પ્રસંગ વગેરે સોળ સંસ્કારની વિધિઓ ચર્ચવામાં આવી છે. તે સિવાય આરણ્યકો અને ઉપનિષદ્ ગ્રન્થો છે. યજ્ઞોમાં થતી હિંસાના વિરોધ પછી હવે આરણ્યક અને ઉપનિષદ્ ગ્રન્થોમાં અરણ્યમાં ઈશ્વરજ્ઞાન કે બ્રહ્મના જ્ઞાન મેળવવા થયેલી ચર્ચાઓ, ગુરુ-શિષ્યના ઉપદેશો, કથાનકો આપવામાં આવ્યા છે. ઈ.સ. પૂર્વે ૬૦૦-૫૦૦ સુધી આ બધું ચાલુ રહે છે. યજ્ઞોમાં થતી હિંસા માટે અત્યાર સુધી જૈનોનો વિરોધ હતો આ વખતે જૈનો કંઈક જુદા નામે ઓળખાતા હશે અસલમાં તેઓ સિન્ધુસભ્યતાના શ્યામવર્ણના લોકો છે, જેઓએ નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગ સ્વીકારી, અહિંસા અને તપના આધારે પોતાનો ધર્મ વિકસાવ્યો છે.

હવે બુદ્ધનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૭૦ માં થાય છે. હિંસાવિરોધી અને ઈશ્વરવિરોધી ધર્મની સ્થાપના થાય છે. વૈદિકો સ્મૃતિઓ અને અન્ય શાસ્ત્રો-પુરાણ-ઈતિહાસની રચના કરે છે, પાણિનિ સંસ્કૃત ભાષાનો પુનરોદ્ધાર ઈ.સ.પૂર્વે ૭૦૦માં કરી લીધો છે. બુદ્ધ પછીના સાહિત્યમાં ઈતિહાસ-ધર્મ-ભાષા-વિજ્ઞાનની વાતો પરિચિત છે.

વેદોનું આટલું મોટું સાહિત્ય છે પણ તેમાં ખરેખર શું છે? તે યક્ષપ્રશ્ન છે. ભારતમાં અંગ્રેજોના આગમન પહેલાં વેદો માત્ર બ્રાહ્મણો માટે જ પઠનીય ગણાતા, બ્રાહ્મણોએ જ પેઢી દરપેઢી મુખપાઠ કરી વેદોનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. વેદોના અર્થ સાથે નહીં પરંતુ વ્યાકરણ અને શુદ્ધ ઉચ્ચારણ શીખી યંત્રવત્ વેદોના મુખપાઠ હજી સુધી જાળવી રાખ્યો છે. તે વિશ્વની અજાડ ઘટના છે. પરંતુ વેદમાં જ્ઞાન-તત્વજ્ઞાન, ઈતિહાસ, સમાજવ્યવસ્થા વગેરે ક્યાં છે? માત્ર હોમ-હવન-યજ્ઞ કરવાની વિધિઓ, સ્વર્ગની કામનાઓ, સંપતિ-ધન-જમીન-ગાયો-અશ્વો પ્રાપ્તિ માટેના સ્તોત્રો, શત્રુનાશ માટેની પ્રાર્થનાઓ ઠેકઠેકાણે છે. શત્રુઓનો તણાવ કાયમી હોય તેવું લાગે છે. આર્ય-અનાર્ય સમન્વય થયો પણ તે કેટલાક રૂઢિચુસ્ત આર્યોને ન ગમ્યું એટલે ઉચ-નીચના ભેદવાળી વર્ણાશ્રમવ્યવસ્થા,

---

* આવો જ દૃષ્ટિકોણ મહમદ પયગંબર પહેલાંના આરબોના સમાજમાં પ્રચલિત હતો, આરબો પુત્રીના બાપ થઈ જમાઈ બનાવવા રાજી નહોતા. બાળકીના જન્મસમયે જ દૂધ પીતી કરી દેતા. એટલે કે દૂધમાં ડૂબાડી મારી નાખતા અથવા થોડી મોટી થાય પછી ખાડામાં ધક્કો મારી જીવતી દાટી દેતા. ઈસ્લામની સ્થાપના સ્ત્રીઓ અને ગુલામોને માનવીય સમાનતા આપવા જ થયેલી. તે વાત ઉલેખી શકાય તેમનથી. હિન્દુ ધર્મે સ્ત્રીઓ અને શૂદ્રો-દાસો-ગુલામોના નિયંત્રણો માટે જ શાસ્ત્રોરચ્યા છે!

યજ્ઞોપવિત અને વિવાહ પદ્ધતિ માટે કડક નિયંત્રણો રાખતા નિયમો અને વિધિઓ ઘડી કાઢી, સ્ત્રીઓ અને શૂદ્રોની ભારોભાર અવગણના કરવામાં આવી છે. પુત્રપ્રાપ્તિ સિવાય મોક્ષ નથી. ઋગ્વેદમાં ઈન્દ્ર મુખ્ય દેવરૂપ છે. જે અનાર્યોના નગરો અને કિલ્લાઓના નાશ માટે સહાયરૂપ થાય છે.

ઋગ્વેદમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે એક સૂક્ત છે, નાસદીય સૂક્ત છે. એક પુરુષ સૂક્ત છે. જે ઋગ્વેદ અને યજુર્વેદમાં આવે છે.

આ સૂક્તમાં વર્ણવ્યવસ્થા અંગે નિર્દેશ છે. વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા છે. આ મંત્ર વર્ણાશ્રમવિરોધીઓએ ખૂબ વિવાદાસ્પદ બનાવ્યો છે. નાસદીય સૂક્ત અને પુરુષ સૂક્તના મંત્રો અનુવાદ સાથે અન્યત્ર ઉતાર્યા છે.

હવે વેદો વિષે વિદેશી વિદ્વાનોના અભિપ્રાય જાઈશું. મેક્સમ્યુલર (૧૮૨૩-૧૯૦૦) નામના જર્મન વિદ્વાને ઋગ્વેદનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું છે. સૌ પ્રથમ તેણે "હિતોપદેશ"નું સંસ્કૃતમાંથી જર્મન ભાષાન્તર પ્રગટ કરેલું. સંસ્કૃત ભાષાના વધુ અભ્યાસ માટે તે પેરિસ ગયો, ત્યાંથી યુજેન બર્નોફ નામના વિદ્વાનની સલાહથી ૧૮૪૬માં ઈંગ્લેન્ડ ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં જાડાયો. અને ભારતીય સંસ્કૃતિનો બુદ્ધિશાળી વ્યાખ્યાતા તરીકે પંકાયો. બ્રહ્મોસમાજ (રાજા રામમોહનરાયની સંસ્થા, જેણે સતી પ્રથા નાબૂદ કરવા બ્રિટનના બુદ્ધિજીવીની સહાય મેળવેલી) સાથે પણ સંપર્કો હતા. રામકૃષ્ણ પરમહંસના વેદાત-તત્વજ્ઞાનથી તે ખૂબ પ્રભાવિત થયેલો અને કેટલાક નિબંધો લખી પુસ્તક પ્રકાશિત કરેલું.

"Sacred Books of the East"ના ૫૦ દળદાર ગ્રન્થો મેક્સમ્યુલરના માર્ગદર્શન નીચે તૈયાર થયા, છ-એક જેટલા ગ્રન્થોનું સંપાદન મેક્સમ્યુલરે કર્યું છે.કેટલાક ગ્રન્થોના સમ્પાદનમાં અન્ય લેખકો પણ સાથે જોડાયા છે. બ્રાહ્મણ ધર્મ-જૈન-બૌદ્ધ-ઈસ્લામ-જરથોસ્તી-તાઓ-ધર્મના મુખ્ય ગ્રન્થોનું સંપાદન અને અંગ્રેજી ભાષાન્તર થયું છે. જેનું પ્રકાશન ૧૮૭૯ થી ૧૯૧૦ દરમ્યાન ઓક્સફોર્ડ યુનિ. દ્વારા થયું. મેક્સમ્યુલરને ડાર્વિનના સિદ્ધાન્તો માન્ય હતા નહી. રોમન કેથોલિક બિશપ મોનસાઈનર મુન્રેએ મ્યુલર પર તહોમત મુકેલુ કે, મ્યુલરનું ધર્મનું વિજ્ઞાન આપણા ઈશ્વરના દ્રષ્ટિકોણને ઉખેડી નાખશે! આ તો ઈશુ ખ્રિસ્ત અને ખ્રિસ્તીધર્મના દિવ્યજ્ઞાન સામે ધર્મયુદ્ધ છે. આના કારણે મોનિયેર વિલીયમ જેવા રૂઢિચુસ્ત ખ્રિસ્તી માટે મ્યુલરને સંસ્કૃતભાષાનું અધ્યક્ષપદ છોડવું પડેલું. મ્યુલર જર્મનના લ્યુથરના ખ્રિસ્તી સંપ્રદાય સાથે કાયમ જાડાયેલા રહ્યા. આ તરફ હિન્દુઓએ પણ મ્યુલર ઉપર કેટલાક તહોમત મુકેલા છે. તે આપણે જાઈશું.

અહીં આર્યસમાજના વિદ્વાન સ્વામી વિદ્યાનન્દ સરસ્વતીના પુસ્તક "વેદાર્થ ભૂમિકા" નો આધાર મેળવ્યો છે.

ઋગ્વેદ સંહિતા-ભાષ્યના ચોથા ખંડમાં મેક્સમ્યુલર લખે છેઃ 'It is impossible for one scholar, it will probably be impossible for one generation of scholars to decipher the hymns of Rigved to satisfactory conclusion.' અર્થાત્........ "કોઈ એક વિદ્વાન અથવા વિદ્વાનોની એક પેઢી દ્વારા પણ ઋગ્વેદની ઋચાઓના રહસ્યોને ઉકેલવાનું કામ અસંભવ છે." હવે આ સ્ટેટમેન્ટ વેદની પ્રશંસા માટે હોય એવું લાગે પણ વેદની જટિલતા માટે થયું હોય તેવું ય લાગે.

મેક્સમ્યુલર સિવાય અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોએ વેદોનો અભ્યાસ કરી પુસ્તકો, શબ્દકોષ, વ્યાકરણ, છન્દ વગેરે પર અંગ્રેજી ફ્રેન્ચ, જર્મન ભાષાઓમાં લખ્યું છે. જેમાં......રોજન, લુડવિગ, ગ્રાસમેન, રોથ, ઓલ્ડનબર્ગ, વેબર, કોલબ્રુક, વિલિયમ જોન્સ, બર્નફ, વિલ્સન, કીથ, બ્લુમફીલ્ડ, વ્હિટની, મેકડોનેલ, જેકોબી, ગ્રિફીથ, બોહતલિંગ, પ્રો.રેનુ, હિલબ્રાન્ટ, ગેલ્ડનર વગેરે સુપ્રસિદ્ધ છે.

જો કે પાશ્ચાત્ય વિદ્વાનોએ વેદો પર ખૂબ જ પરિશ્રમ કર્યો તો ય વેદમાં રહેલા જ્ઞાનનો તાગ મેળવી શક્યા નહી. કારણ કે યુરોપિયન વિદ્વાનો ભારતને ખ્રિસ્તી બનાવવા હિન્દુ ધર્મની ખામીઓ શોધવા વધુ તત્પર રહેતા.

"India-what can it teach us" નામના ગ્રંથમાં મેકમ્યુલરે લખ્યું છે---"વૈદિક સાહિત્ય આપણને માનવજાતિના અભ્યાસની અદ્વિતિય સામગ્રી પુરી પાડે છે. જે કોઈને આપણી ભાષા અને વિચારોના ઐતિહાસિક વિકાસમાં રુચિ છે, જેને ધર્મ અને પુરાણકથાઓના પ્રથમ બુદ્ધિગમ્ય વિકાસમાં રુચિ છે, જેને વિજ્ઞાન, ખગોળવિદ્યા, નક્ષત્રવિદ્યા, વ્યાકરણ અને વ્યુત્પતિશાસ્ત્રના આદિસ્ત્રોતમાં રુચિ છે. જેને પ્રથમ દાર્શનિક વિચારોમાં રુચિ છે. જેને કૌટુંબિક, ગ્રામ્ય તથા રાષ્ટ્રિય જીવનનું નિયમન કરનારા ધાર્મિક વિધાનો અને પરંપરામાં રુચિ છે, તેઓએ ભવિષ્યમાં વૈદિક સાહિત્યના અધ્યયનમાં પ્રવૃત્ત થવું જ પડશે"

આમ કહેવામાં મેક્સમ્યુલર આદિ માનવોમાં જ્ઞાનનો વિકાસ કેવી રીતે થયો તેના ઉદાહરણ રૂપે વૈદિક સાહિત્યનો અભ્યાસ કરવા સૂચવે છે. આ જ પુસ્તકમાં તેણે----વેદો બાલિશ, મૂર્ખતાપૂર્ણ અને ભયંકર વિચારોથી ભરેલા છે. તેમ પણ કહેલું. આ જ ભાવનાનું પુનરાવર્તન તેના "Vedic Hinduism" નામના એક લેખમાં અને "Chips from a German Workshop" નામના ગ્રન્થમાં કર્યું છે..... "I remind you again that the vedas contain a great deal of what is childish and foolish"....."A large number of vedic hymns are childish in the extreme, tidious, low and commenplace"..... હું તમને ફરી એક વાર કહું છું. કે, વેદોમાં ઘણી વાતો..... બાલિશ અને મૂર્ખતાપૂર્ણ કરેલી છે..... ઘણા બધા વૈદિક સૂક્તો બિલકુલ બાલિશ, કંટાળાજનક, હલકા અને તદ્દન સામાન્ય છે.

મ્યુલરે તેની પત્નીને ૧૮૬૬ માં લખેલા એક પત્રમાં અને તા.૧૬.૧૨.૧૮૬૮ ના રોજ ભારતના સચિવ ડ્યુક ઓફ માર્ગાઈલને લખેલા એક પત્રમાં પોતાના કાર્યના પ્રતિભાવો વર્ણવ્યા છે. પત્નીના પત્રમાં..... "This edition of mine and Translation of the veda will hereafter, tell to a great extent on fate of India, It is the root of their religion and to show them what the root is, I feel sure, is the only way of uprooting all that has sprung from it, during last three hundred years."..... મારૂં આ ભાષ્ય ભારતના ભાગ્યને દૂર સુધી પ્રભાવિત કરશે. આ વેદ એમના ધર્મનું મૂળ છે, અને મારી મારો ખાત્રીપૂર્વક વિશ્વાસ છે કે, એમને એ બતાવી દેવું છે એમનું મૂળ કેવું છે એમાંથી નીકળેલી છેલ્લા ત્રણ હજાર વર્ષોની વાતોનો સમૂળગો નાશ કરવાનો એકમાત્ર ઉપાય છે.

સચિવને પત્ર..... "The ancient religion of India is doomed. Now it is christianity does not step in, whose fault it be?"..... ભારતનો પ્રાચીન ધર્મ લુપ્ત થઈ ગયો છે, હવે જા ખ્રિસ્તી મત તેની જગ્યા નહીં લે તો દોષ કોનો કહેવાય?

ભલે મેક્સમ્યુલરે ખ્રિસ્તી ધર્મને તક આપવા આમ લખ્યું હોય. પરંતુ વેદની બાલિશતા તેઓએ સૌ પહેલાં પ્રગટ નથી કરી. જૈનો, બૌદ્ધોએ તમામ વૈદિક અયથાર્થ પ્રણાલિઓનો વિરોધ કર્યો છે અને વેદના રક્ષકોએ તે સ્વીકારી લેવું પડ્યું છે. યજ્ઞોની હિંસા બંધ કરી, બ્રહ્મની શોધમાં ઉપનિષદોની રચના કરવામાં આવી છે. વળી મેક્સમ્યુલરે ઋગ્વેદનું ભાષન્તર કર્યું તે અગાઉ વેદો માત્ર બ્રાહ્મણોને અને ક્ષત્રિયોને જ પ્રાપ્ય હતા, અન્ય વર્ણના લોકો વૈદિક ધર્મી હોય તો પણ અલભ્ય હતા. અને સારૂં થયું કે જ્ઞાન-વિજ્ઞાનનો સ્રોત સાંખ્યદ્રષ્ટા અને યોગદ્રષ્ટા સિન્ધુ સભ્યતાના અનાર્યો પાસે હતો. જે મહાભારત અને નટરાજના નૃત્ય દ્વારા સામાન્ય ગૌર અને શ્યામ આર્યો પાસે પહોંચી ગયો.

મેક્સમ્યુલરે ઋગ્વેદના ભાષાન્તર કર્યા પછી. એટલું સ્પષ્ટ થઈ ગયું કે, અત્યાર સુધીને સામાન્ય ભારતીયો વેદ સુધી પહોંચ્યા નહોતા અને પહોંચ્યા પછી જો Childish અને Tidious સાંભળવાનું થાત તો વ્યથા શ્રમનો પસ્તાવો થાત! કાદવમાં પગ બોળીને જો ધોવાના જ હોય તો બોળવા શું કામ?!

==

પ્રકરણ - ૮ મું. મહાભારત.

ભગવાન શ્રીકૃષ્ણ હિન્દુઓના આરાધ્ય દેવ છે. મહાભારત, શ્રીમદ્ભગવદ્ગીતા, (મહાભારતમાં જ છે). શ્રીમદ્ ભાગવત, કૃષ્ણભક્તિના અનુપમ ગ્રન્થો છે. વળી તેમાં કૃષ્ણ વિષેની મોટાભાગની વિગતો આવી જાય છે. કૃષ્ણનો ઈતિહાસ લખવા બેસે ત્યારે આ ગ્રન્થો ઉપરાન્ત મહાભારતનું પરિશિષ્ટ હરિવંશ અને અન્ય પુરાણોનો આધાર લેવામાં આવે છે. અહીં ફરી એકવાર વૈદિકોની કુટિલતા પ્રગટ થાય છે. ઈતિહાસ-વંશાવલિ-સ્થળનામસૂચિ વગેરેમાં ઘટનાઓને ભ્રામકરૂપ આપવા માટે યોગ્ય સમયે નોંધવામાં આવ્યા નથી. હવે મહાભારત કાવ્ય છે તેમ તે રચનાકારના કવિ પોતે કહે છે.

ક અર્થાત્ કલ્પના અને વિ અર્થાત્ વિદ્વતા એટલે જે વિદ્વતાપૂર્ણ કલ્પના કરી શકે તે કવિ. મહાભારત વિદ્વતાપૂર્ણ કલ્પના હોવા છતાં તેમાંથી ઈતિહાસ શોધવો એમાં નિર્દેશેલ આકાશી નક્ષત્રો પરથી ક્યારે યુદ્ધ થયું તે શોધવું કોઈપણ રીતે વ્યાજબી લાગતું નથી અને છતાં અસ્પષ્ટ અને સંદિગ્ધ સાહિત્યની વિસ્તૃત રચનાઓમાં બુદ્ધિની કસરત જાવા મળે છે. પ્રથમ નજરે જુઓ તો કોઈ પોતાના બાળકનુ નામ ધૃતરાષ્ટ્ર=જેણે રાષ્ટ્રધારણ કર્યું છે

અથવા રાજ્ય પચાવી પાડ્યું છે તેવી વ્યક્તિ કે દુર્યોધન= જે યુદ્ધની ખરાબ રીતો જાણે છે તે, ભીષ્મ= જે ભયંકર કે ભીષણ છે તે. સ્વેચ્છાએ તો ન જ રાખે! પણ કાવ્યની વાર્તાના પાત્ર તરીકે જે તે મનુષ્યના સ્વભાવ સંકેત માટે કવિ જરૂર વાપરી શકે. હવે મહાભારતના પાત્રોના ઘણા નામ તેમની કારકીર્દી અને સ્વભાવને પ્રતિબિંબિત કરતા ગુણવાચક નામો છે. મહાભારતની શરૂઆત જ એટલા માટે કરવામાં આવી કે વેદો પર સ્ત્રીઓ અને શૂદ્રો માટે પ્રતિબન્ધ હતો.

श्रावयेच्चतुरो वर्णान्कृत्वा ब्राह्मणमग्रत:।म भा १२-३१४-४५

બ્રાહ્મણને અગ્રતા આપી ચારે ય વર્ણ આ (મહાભારત) સાંભળે. આ પરોક્ષ રીતે વર્ણાશ્રમધર્મનો વિરોધ છે. અથવા વૈદિકોનો જ વિરોધ છે. વળી વેદવ્યાસના મતે તો જન્મજાત બ્રાહ્મણનું મહત્વ જ નથી. સારું ચારિત્ર્ય અને ઉત્તમજ્ઞાનથી આવતું બ્રહ્મત્વ જ વ્યાસજીને સ્વીકાર્ય છે.

न योनिर्नापि संस्कारो न श्रुतं न च संतति। कारणानि द्विजत्वस्य वृतमेव तु कारणम्। म भा १३-१४३-५०

જન્મ-સંસ્કાર, વિદ્વતા કે સંતતિ એ કોઈ દ્વિજત્વનો કારણો નથી. પણ શુદ્ધ ચારિત્ર્ય અને જ્ઞાનના વ્રતો જ દ્વિજત્વના કારણ છે.

વેદવ્યાસ પોતે જ દાસ માતા અને બ્રાહ્મણ પિતાના પુત્ર છે. વૈદિક માન્યતા અનુસાર તો વર્ણસંકર કે તેથી ય ઉતરતી કક્ષામાં આવે. છતાંય ચારે ય વેદો વ્યવસ્થિત કરી (વેદોમાં વ્યવસ્થિત કરવા જેવું કાંઈ હતું જ નહીં પણ આવું માખણ લગાડવું પડે નહીં તો આવો ગ્રંથ જ બાળી દેવાતો!) જ્ઞાનના ભણ્ડાર સમો ગ્રન્થ લોકો સમક્ષ મૂક્યો. હવે સ્વર્ગ-સંપત્તિ-પુત્રપ્રાપ્તિ અને શત્રુનાશની કામનાઓ વાળા યજ્ઞોની વિધિ વિધાન અને સ્તોત્રો-પ્રાર્થનાઓ લખનાર વેદો સાથે મહાભારતમાં નિર્દેશેલું ફલની આશા વિના કર્મ કરવું તે વાત સાથે જરાય મેળ ખાતો નથી. એટલે મહાભારતકારે મોકો મળે ત્યાં વૈદિકોને ટોણો મારી લીધો છે. જેનું સ્પષ્ટ ઉદાહરણ ગીતા અધ્યાય-૨નો ૪૬મો શ્લોક છે.

यावानर्थ उदपाने सर्वत: संप्लुतोदके। तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानत:। गीता-अ-२-४६

તે પ્રમાણે બ્રહ્મવેત્તાને વેદો તો ચારે બાજાથી ભરપૂર જળાશય પ્રાપ્ત થયા પછી ખાબોચિયા જેટલા જ જરૂરના રહે છે. તો પછી ગીતાના જ ૧૦મા અધ્યાયના ૨૨મા શ્લોકમાં वेदानां सामवेदोऽस्मि। વેદોમાં સામવેદ હું છું. એમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે આમ કેમ? એનો જવાબ એક જ છે. મહાભારત-ભાગવત નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગદર્શનના તત્વ પર રચાયેલું છે. પણ વૈદિક શાસકો જે ઈશ્વર અને પરલોક-પુનર્જન્મ-અવતાર વાદી હતા તેઓ આ ગ્રન્થના અસ્તિત્વને ન જોખમાવે એટલા ખાતર જ કોઈ પણ જ્ઞાન ઈશ્વરવાદમાં ઝબોળ્યા પછી જ સર્વમાન્ય ગણાય! આવું ઘણા નીરીશ્વરવાદી ગ્રન્થો માટે થયું છે. આ ગેલેલિયો પૃથ્વી ગોળ છે એવું કહે તો મૃત્યુદણ્ડ પામે, તે સ્થિતિ કરતા જરા ય ઉતરતી નથી! એટલે આનો સીધો અર્થ એ થયો કે હાલ જેટલું ધાર્મિક સાહિત્ય ઉપલબ્ધ છે તે બધું ઈશ્વરમય, પરલોકવાદી અને પુનર્જન્મની તરફેણ કરનારૂ છે. છતાં ય ક્યાંક છાને ખૂણે સત્ય મળી આવે છે. ભાગવતમાં ય ઈન્દ્રપૂજાના વિરોધનો બહુ સ્પષ્ટ ઉલ્લેખ છે. શ્રીકૃષ્ણ પર્વત ઉપાડવા જેવું કઠિન કાર્ય કરીને ય વરસાદરૂપી ઈન્દ્રનો સામનો કરશે પછી ઈન્દ્રપૂજાની શી જરૂર છે આનું પ્રતિક ગોવર્ધનધારી કૃષ્ણ સૂચિત છે. અને ભાગવતમાં કૃષ્ણ ગોવાળિયાને ઈન્દ્રપૂજા ન કરવા જે દલીલો કરે છે તે તદ્દન નીરીશ્વરવાદીને અનુકૂળ હોય તેવી છે. એ નવાઇ ભર્યું લાગે છે કે, આ અધ્યાય પછી રાસપંચાધ્યાયી શરુ થાય છે જે પરોક્ષ રીતે શ્રીકૃષ્ણની લંપટતા સાબિત કરવા બ્રહ્મવૈવર્તપુરાણમાથી લીધી છે.

શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધ-અધ્યાય-૨૪-૨૫

श्रीभगवानुवाच। कर्मणा जायते जन्तु: कर्मणैव प्रलीयते। सुखं दु:खं भयं क्षेमं कर्मणैवाभिपद्यते ॥ १०-२४-०१३ ॥

अस्ति चेदीश्वर: कश्चित् फलरूप्यन्यकर्मणम् । कर्तारं भजते सोऽपि न ह्यकर्तु: प्रभुर्हि स: ॥ १०-२४-०१४ ॥

શ્રીકૃષ્ણઃ પ્રાણી તેના કર્મ વડે ઉત્પન્ન થાય છે અને કર્મ વડે નાશ પામે છે. અને કર્મ વડે જ સુખ-દુઃખ, ભય તથા કલ્યાણ પામે છે. જો કોઈ ઈશ્વર છે તો કર્મફળ આપનારો તે ઈશ્વર પણ કર્મના કર્તાને ભજે છે એટલે કર્મ કરનારને ફળ આપવા સમર્થ થાય છે. પણ કર્મ ન કરનારને ફળ આપી શકતો નથી. (એટલે કે કર્મ દ્વારા જ ફળની સિદ્ધિ થાય તો દેવોનું શું કામછે?)

किमिन्द्रेणेह भूतानां स्वस्वकर्मानुवर्तिनाम् । अनीशेनान्यथा कर्तुं स्वभावविहितं नृणाम् ॥ १०-२४-०१५ ॥

स्वभावतन्त्रो हि जन: स्वभावमनुवर्तते । स्वभावस्थमिदं सर्वं सदेवासुरमानुषम् ॥ १०-२४-०१६ ॥

देहानुच्चावचाञ्जन्तु: प्राप्योत्सृजति कर्मणा । शत्रुर्मित्रमुदासीन: कर्मैव गुरुरीश्वर: ॥ १०-२४-०१७ ॥

આ જગતમાં પોત પોતાના કર્મોને (પોતપોતના સત્વ-રજસ-તમસ ના જથ્થાની પ્રેરણાવડે થતા કર્મોને) અનુસરી રહેલાં પ્રાણીઓને ઈન્દ્રની શી જરૂર છે? આમ થયેલા કર્મોને ઉલટાવી નાખવા ઈન્દ્ર સમર્થ નથી. પ્રાણી તેના જન્મનાં સંસ્કારને આધીન હોઈ તેને જ અનુસરે છે. આ કર્મ જ શત્રુ-મિત્ર-ઉદાસીન-ગુરુ તથા ઈશ્વર છે.

तत्र प्रतिविधिं सम्यगात्मयोगेन साधये । लोकेशमानिनां मौढ्याद्धनिष्ये श्रीमदं तम: ॥ १०-२५-०१६ ॥

न हि सद्भावयुक्तानां सुराणामीशविस्मय: । मत्तोऽसतां मानभङ्ग: प्रशमायोपकल्पते ॥ १०-२५-०१७ ॥

મૂર્ખાઈથી પોતાને લોકોના ઈશ્વર માનનારા તે ઈન્દ્રાદિના લક્ષ્મીના મદરૂપી અંધકારને હું હરૂં છું. સત્વગુણથી યુક્ત દેવોને અમે ઈશ્વર છીએ એવો ગર્વ ન થવો જાઈએ. છતાં દુષ્ટ બનેલા દેવોનો મારા તરફથી માનભંગ થાય તે કેવળ તેઓના અભિમાનની શાંતિ માટે જ થશે.

ગોવર્ધન પર્વતનો અર્થ જ જ્યાં ગાયો કાપવામાં આવે છે તેવો છે. ગો=ગાય વર્ધન=છેદન. ઋગ્વેદમાં દેવોને ખાસ કરી ઈન્દ્રને બળદના માંસનું બલિદાન આપવાના ઉલ્લેખ છે ૧૦-૨૭-૨, ૧૦-૮૬-૧૪ વળી તૈતેરીય સંહિતા ૪-૨-૧૦ માં ૧ થી ૪ કાઠક સંહિતા ૧૬-૧૭, મૈત્રાયણી સંહિતા ૨-૭ ૧૭, વાજસનેયી સંહિતા ૧૩-૪૭ થી ૫૧ માં પાંચ યજ્ઞીય પશુઓનો ઉલ્લેખ છે. જેમાં અશ્વ, ગાય, ઘેટું, બકરું, અને પુરુષ પાછળથી ખચ્ચર અને ગધેડો ઉમેરાય છે. ભીષ્મપર્વ ૫-૧૪ આમ વૈદિક ધર્મના સપ્તસિન્ધુ પ્રદેશ જીતનારા આર્યોના અધિષ્ઠાતા ઈન્દ્ર દેવની પ્રસન્નતા માટે થતા ગોમેધ યજ્ઞોનો અને ઈન્દ્રપૂજાનો સખત વિરોધ કરી શ્રીકૃષ્ણે ગોવિન્દ = ગાયોના ઈન્દ્ર બની, ગોવર્ધન પર્વત જે ગાયો કાપવાનું સ્થળ હતો તે ગાયોના સંવર્ધન સ્થાન સમો બનાવી, ગાયોની હિંસા અટકાવી. ઈન્દ્રને પરાજિત કર્યો. હવે વૈદિકોએ કૃષ્ણની લોકપ્રિયતા અને વેદવિરોધી કાર્યક્રમોમાં સફળતા જાઈ ઈન્દ્રનું મહત્ત્વ ઘટાડી નાખ્યું અને વિષ્ણુ નામના દેવને પ્રતિષ્ઠા આપી અવૈદિક-શ્યામવર્ણ-નરીશ્વરવાદી શ્રીકૃષ્ણને વેદ પછીના સાહિત્યમાં વિષ્ણુના અવતાર ગણી લેવામાં આવ્યા. ઈશ્વરત્વ પણ આપી દીધું! આજે આપણે ભગવાન શ્રીકૃષ્ણના શિલ્પો અને તસવીરોમાં ગાય જાઈએ છીએ અને કૃષ્ણ ભગવાનને ગોવર્ધન પર્વત ઉંચકી ઈન્દ્રરૂપી મેઘનો સામનો કરતા જાઈએ છીએ તેની પાછળ ગોમેધ યજ્ઞો બંધ કરાવી ગાયોનું સરંક્ષણ અને ઈન્દ્રના પરાજયની ભૂમિકા છે.

મહાભારત, શ્રીમદ્ ભાગવત, વિષ્ણુપુરાણ, હરિવંશ કૃષ્ણ વિષે ઘણું કહે છે. જેમાં કૃષ્ણનું ચમત્કારી બાળપણ, કંસ-વધ, જરાસંધ-વધ, મહાભારતમાં પાંડવોના પક્ષે યુદ્ધ, ગીતા-કથન અને ઈશ્વરત્વના પ્રમાણો સાથે કૃષ્ણચરિત વણી લેવામાં આવ્યું છે. પરંતુ કૃષ્ણ એક શ્યામવર્ણના અનાર્ય માનવ તરીકે, ઐતિહાસિક સંદર્ભે શું કર્યું તેનું અવલોકન જરૂરી છે.

કૃષ્ણ સિન્ધુ સભ્યતાના વસાહતીઓના પ્રતિનિધિ હતા. સિન્ધુ સભ્યતા નીરીશ્વરવાદી સમાજ રચના હતી. ત્યાં ગણતન્ત્ર શાસન પ્રણાલિ સ્વીકૃત હતી. અને તેથી કૃષ્ણને મહાભારતમાં કે અન્ય શાસ્ત્રોમાં રાજા નથી કહ્યા. કૃષ્ણ ગણતંત્રના મુખ્ય નેતા હતા. હવે જો રાજાશાહીમાં માનતા હોય તો મોટો પુત્ર ગાદીવારસ બને પણ અહીં બલરામ મોટાભાઈ હોવા છતાં ક્યાંય પોતે મોટા થવા બહુ આગ્રહ રાખ્યો નથી. સામેપક્ષે મહાભારતમાં ધૃતરાષ્ટ્ર પાણ્ડુ કરતા નાના હોવા છતાં રાજ્ય પચાવી પાડી પાણ્ડુપુત્રોને અન્યાય કરે છે. અને મહાભારતના યુદ્ધનું કારણ બને છે. વાસ્તવમાં અહીં રાજા થવાના નિયમો અને સામ્રાજ્યવાદી વૈદિક શૈલી પર કટાક્ષ છે. ગણતન્ત્રશાસન પ્રણાલિ હોત તો નાના-મોટા કે અન્ધની રાજા થવાની સમસ્યા જ ન હોત! આર્યોને જુગાર ની રમત ખૂબ પ્રિય હતી. (જુઓ ઋગ્વેદ-૧૦-૩૪). મહાભારતમાં અનેક સ્થળે જુગારનો વિરોધ છે. કૃષ્ણે મહાભારતની લડાઇમાં શસ્ત્ર ન ઉપાડવાની પ્રતિજ્ઞા લઇ, પરોક્ષ રીતે અહિંસાને સમર્થન આપ્યું છે. બળરામ તો લડાઇ વખતે તીર્થયાત્રામાં ચાલ્યા ગયેલ. (આ સિંધુ સભ્યતાના લોકો- અથર્વણ આર્યો દ્વારા સન્માનિત શ્યામવર્ણ આર્યો નીરીશ્વરવાદી અનાર્યોની અહિંસા છે. જે વેદકાળમાં શ્રમણ ધર્મ કહેવાયો છે અને ઇ.સ.પૂર્વે ૮૦૦થી જૈન ધર્મ તરીકે ઓળખાય છે. બુદ્ધે પણ અહિંસા-નીરીશ્વરવાદ અને વેદવિરોધ સ્વીકારેલા છે આથી શ્રમણ ધર્મ જ કહેવાય છે.) આ સિંધુ સભ્યતાના લોકો લડાઇના નિયમોમાં નહોતા માનતા અને સ્ત્રીઓને પણ લડાઇમાં ઉતારતા.(ઋ.૫-૩૦-૯). સિંધુ

સભ્યતામાં બહુપતિત્ત્વ પ્રથાને સમર્થન હતું. જેનો આર્યોને ખૂબ અણગમો હતો (ઋ-૪-૫-૫). આ મહાભારતના વિરોધનું મુખ્ય કારણ હતું જેની પ્રતિક્રિયા રુપે એકપત્નીત્ત્વ સમર્થક રામાયણની રચના કરવામાં આવી.

મહાભારતની રચનાનો મૂળ ઉદ્દેશ્ય, સાંખ્ય-યોગ, ગણતંત્ર, બહુપતિત્વ પ્રથા અને નીરીશ્વરવાદ સાચવી રાખવા માટેનો ઉપાય હતો અને તે પણ સામાન્યલોકોને નજર સમક્ષ રાખીને. અથર્વણ આર્યો જેણે ઈન્દ્રના અનુયાયી વૈદિક આર્યો કરતાં માનવતાભરી શૈલીને અપનાવેલી. જીતાયેલા અનાર્યોની સામુહિક કતલ કરવાને બદલ આર્ય સંસ્કારો આપી, દ્વિજત્વ આપી, આર્ય બનાવવાનું સૂચન કરેલું અને ઈન્દ્રના અનુયાયીઓ વસિષ્ઠ પુરોહિત અને રાજા સુદાસ સામે વિશ્વામિત્રે દશ ગૌર-શ્યામ આર્ય રાજાઓના સંગઠન વડે દાશરાજ્ઞ યદ્ધ કરેલું. વિશ્વામિત્ર અને બીજા દસ રાજાઓ સુદાસ સામે હારી ગયા પણ વૈદિક આર્યો અનાર્યોની સામુહિક કતલ કરવાના નિર્ણયમાં સફળ ન થયા. વિશ્વામિત્ર સપ્તસિન્ધુમાંથી નર્મદા કિનારા તરફ ખસી ગયા. આ અથર્વણ જુથના આર્યોએ અથર્વસંહિતાની રચના કરેલી. આ લોકોએ ઈન્દ્રને પ્રાધાન્ય આપ્યું નહીં. અગાઉ પણ તેઓ મિત્ર-વરૂણ અને અગ્નિને પ્રાધાન્ય આપતા. ઈન્દ્ર પણ આર્યોના સપ્તસિન્ધુ પરના આક્રમણ સમયે ઉપાસ્ય દેવ તરીકે પ્રચલિત બન્યો અને અનાર્યોના શહેરો-પુરોનો ધ્વંસ કરનાર પુરંદર તરીકે ઓળખાયો. આ ઈન્દ્રની પ્રશંસાના સ્તોત્રો-સૂક્તો અથર્વવેદમાં ન હોવાથી અથર્વસંહિતાને વેદ તરીકે સ્થાન ન મળ્યું પછી ઋગ્વેદમાંથી આવા સૂક્તો કાંઈ પણ ફેરફાર વિના ઉપાડી અથર્વસંહિતાના છેલ્લા ૧૯મા અને ૨૦મા કાણ્ડમાં ઉમેરી દીધા અને ચોથા વેદ તરીકે અથર્વવેદનો સ્વીકાર થયો.

આ અથર્વણ આર્યો અને ઈરાનમાં અવેસ્તાની રચના કરનાર આર્યો પણ અથર્વણ જ હતા. અગ્નિપુજકો અને સૂર્યપુજકો (મિત્ર-સૂર્યનો પર્યાય જ છે) અગાઉ વરૂણપૂજકો હતા આ ત્રણેય જુથોમાં ઈન્દ્રપૂજક વૈદિકો તદ્દન મૂડીવાદી-સામ્રાજ્યવાદી અને માનવતાહીન હતા તેમ કહેવામાં જરાય વાંધા સરખુ નથી. કારણ કે અવેસ્તામાં કેટલીક જગ્યાએ ઈન્દ્ર માટે અસુર શબ્દ વાપરેલો છે. અથવા તો જરથોસ્તી આર્યોને ઈન્દ્ર તરફ તિરસ્કાર હતો તેમ પણ કહી શકાય આટલા કારણોસર અવેસ્તાના મંત્રોનું સંસ્કૃતમાં રૂપાન્તર ન થઈ શક્યું કે વેદોની રચનામાં કોઈ હિસ્સો અપાયો! અને ન જ આપે કારણકે તેઓ યજ્ઞો અને સ્વર્ગના સુખો પ્રાપ્ત કરવામાં ઓછું માનતા.

જરથુસ્તીઓ દૈહિક આત્મા (જીવાત્મા) "રવાન" અને સ્વર્ગીય આત્મા(પરમાત્મા) "ફ્રવશી"માં માનતા, ઇશ્વરને મનુષ્યજાતિ ઉત્પન્ન કરવી જ હતી તેથી સ્પેનામીનો (નેકી-ભલાઈ) અને અંગ્રમીનો(બદી-બૂરાઈ) ઉત્પન્ન કર્યા વિના છૂટકો ન હતો કારણ કે જગતમાં માત્ર નેકી જ હોય તો તેને કાર્ય કરવાની કોઈ તક જ રહે એટલે નેકીનો-અભાવ અંગ્રમીનો પણ પેદા થયો. જરથુસ્તી ધર્મ અગમ્યવાદી કે સર્વેશ્વરવાદી નથી પણ વાસ્તવવાદી છે પ્રભુ એકલો જ સમસ્ત પ્રકૃતિનો સર્જક છે; જરથુસ્તી ધર્મ સંન્યાસ-ઉપવાસ-બ્રહ્મચર્ય-દેહદમનમાં નહીં પણ જીવન એક ફરજ તરીકે સ્વીકારી, શુભ જીન્દગી ગુજારી, દેહ દ્વારા ભલાઈના કાર્યો કરવાનું કહે છે. આ શૈલી ઇન્દ્રપુજક આર્યોથી સર્વથા ભિન્ન છે; અહીં જ વેદ અને અવેસ્તાનો પાયાનો ફરક છે યજ્ઞ અને પ્રાર્થનાઓ વડે સ્વર્ગના સુખો અને ભૌતિક સંપતિની કામનાઓ કરનારાઓને નેકી-બદીની વાતો બકવાસ જ લાગે!

તેવી જ રીતે વૈદિક આર્યો સાથે સપ્તસિંધુ ગયેલું અથર્વણોનું જુથ ઈન્દ્રને બદલે સૂર્યને માન આપતું અને વિશ્વામિત્ર સૂર્યની=સવિતૃદેવની આરાધના કરી ગાયત્રી મંત્ર तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य। धीमहि धियो यो नः प्रचोदयात्॥ ની રચના કરી અનાર્યોને દ્વિજત્વ આપી આર્યો બનાવ્યા. જે ઉત્તમ માનવીય વ્યવહાર હતો. જો કે પ્રતિસ્પર્ધીઓએ વર્ણાશ્રમની રચના કરી સ્ત્રીઓ અને શૂદ્રો માટે કઠિન નિયમો બનાવી લગભગ ૩૨૦૦ વર્ષ સુધી ત્રાસ વર્તાવ્યો.

હવે અથર્વણ આર્યો અને શ્યામવર્ણ અનાર્યો બધા આર્યો જ ગણાતા. અહીં અનાર્યોને પોતાની વિદ્યાઓ પ્રદર્શિત કરવાનો સુઅવસર હતો જેથી પોતાના સામાજિક, રાજકીય દૃષ્ટિકોણ, તત્વજ્ઞાન, વિદ્યાઓને સાહિત્યનું સ્વરૂપ આપવા સમન્વયનો લાભ લેવા નક્કી થયું.પણ તેઓને અથર્વસંહિતાનો અનુભવ હતો કે વૈદિક આર્યોને અણગમતી સાહિત્ય રચના હશે તો કાં તો બહિષ્કાર થશે, નહિ તો નાશ થશે. એટલે મહાભારત જે જયસંહિતા તરીકે પણ ઓળખાય છે. વેદો, સ્ત્રીઓ અને શૂદ્રો વાંચી-ભણી શક્તા નથી એટલે પાંચમા વેદ તરીકે ઓળખાવી સાંખ્ય-યોગના જ્ઞાનને ઈશ્વરવાદમાં ઝબોળી મહાભારતની રચના કરી. અને કૃષ્ણના પરાક્રમોની ઘટનાઓ જાદી જાદી કાલ્પનિક પણ સાંખ્યયોગ-ગણતંત્ર-બહુપતિત્વપ્રથા અને માનવીય તત્વજ્ઞાનને વફાદાર રહી જય સંહિતાની

રચના કરવામાં આવી. અને અથર્વણ આર્યોનું મુખ્ય જુથ ભરતો તરીકે ઓળખાતુ તે ભરત નામ આર્ય-અનાર્ય સમન્વય પછી પણ સૌએ સ્વીકારી લીધેલું, આ ભરતના પુત્રોની કથા તે મહાભારત અને આ પ્રજા તે જ ભારતીય અથવા હિન્દુ. અને આ પ્રજા જ્યાં વસે છે તે દેશ ભારત.

कृष्ण-पाण्डव-कौरव नी वंशावली



આર્ય જુથો અને અનાર્યજુથોના શાસ્ત્રીય નામો વિષે વિચાર કરીએ તો ઋગ્વેદ, ઐતરિય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ, મહાભારત, હરિવંશ, શ્રીમદ્ ભાગવત, વિષ્ણુપુરાણ અને અન્ય પુરાણોના ઉલ્લેખોનો આધાર લેવો પડે. જે સંપૂર્ણપણે તટસ્થ હોવાનું માની શકાય નહી. છતાં કેટલીક બાબતો માટે માર્ગદર્શક બની રહે.

ઈ.સ. પૂર્વે ૮૦૦૦ વર્ષ પહેલાં ભાષા-લિપિ-ભૂમિતિ જાણી શકે તેવી માનવ પ્રજાતિ ઉત્ક્રાન્ત થઈ. ઈ.સ. પૂર્વે ૩૫૦૦ દરમ્યાન આ જાતિઓ સંપૂર્ણ પણે વિકસિત થઈ ચુકી હતી. ઈ.સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા વિકસિત માનવપ્રજા સિન્ધુ તટે, યુફ્રેટિસ, ટાઈગ્રીસ અને નાઈલ તટે વિકસી. સિન્ધુ નદીના કિનારે વિકસેલી સિંધુસભ્યતાની વસાહતોની શોધ ઈ.સ. ૧૮૨૨ માં થઈ. તે સિવાય સૂમેરિયન અને મિસરની સભ્યતાઓ વિષે વિશ્વ પરિચિત

હતું. આજ સમયે ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં એટલે કે હાલના યુરોપ ખંડના દેશોમાં પણ એક સભ્યતાનો ઉદય થયેલો જેને આપણે આર્ય સભ્યતા તરીકે ઓળખીશું. ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન તે પ્રદેશોના આજીવિકા માટેના વિષમ પર્યાવરણના કારણે સ્થળાંતર શરૂ કરેલું. આ ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષો દરમ્યાન યુરોપ અને એશિયાનાં દેશો તૂર્કસ્તાન, ઈરાન, ઈરાક, પાકિસ્તાન, ભારત અને ઈજિપ્ત સુધી પ્રસરી ગયા.

ઈરાનમાં સ્થાયી થયેલ કેટલાક જુથો ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન સિંધુ નદીની આસપાસ આવેલા સપ્તસિન્ધુના પ્રદેશો સુધી આવી લાગ્યા. આર્ય જાથોનો પરિચય મેળવવા માટે તેમના મુખ્ય ઉપાસ્ય દેવોના નામથી કરીએ તો બધા ય આર્યોના પૂર્વજો વરૂણ પૂજકો હોઈ શકે અથવા વરૂણ સૌથી પ્રાચીન દેવ ધારવામાં આવ્યા હોય. પછી સૂર્યપૂજકો, અગ્નિપૂજકો અને ઈન્દ્રપૂજકો. આર્ય-અનાર્ય સમન્વય પછીના આર્યો વિષ્ણુપૂજકો, લિંગપૂજકો, માતૃપૂજકો બન્યા. જે ભારતીય અથવા હિન્દુ કહેવાયા.

સામાન્ય રીતે આર્યોની વંશાવલિ મનુવૈવસ્વતથી શરૂ થાય છે. પણ તે ઐતિહાસિક વ્યક્તિ ખરેખર હશે તે ચોક્કસ કહી શકાય નહીં. મોટાભાગના વંશો સૂર્યવંશી અને ચન્દ્રવંશી તરીકે પોતાનો પરિચય આજે ય આપે છે. જેમકે કૃષ્ણ ચંદ્રવંશી છે. જ્યારે રામ સૂર્યવંશી. જેનો જન્મરાત્રે થયો હોય (કૃષ્ણ ભગવાનનો જન્મ રાત્રે ૧૨ વાગ્યે ઉજવાય છે અને રામજન્મ બપોરે ૧૨ વાગ્યે.) તે ચંન્દ્રવંશી અને જેનો જન્મદિવસે થયો હોય તે સૂર્યવંશી. વળી રાજાશાહીમાં ઘણીવાર નાના ભાઈઓ. સાળાઓ, ભાણેજો ગાદી પચાવી પાડતા હોય છે. અથવા રાજાને પોતાનું સંતાન જ હોતું નથી. અથવા ઘણા ગોટાળા હોય છે જેથી વંશાવલિની ચોકસાઈ કરવાના સાધનો સંપૂર્ણ હોતા નથી. જો કે, Polyandry સમાજમાં પુરુષપ્રધાન વંશાવલિનું કોઈ મહત્વ નથી! આપણે સાહિત્યમાં આવતી પ્રચલિત જાતિઓની કાલ્પનિક અને શાસ્ત્રોક્ત વંશાવલિ ઉપર મુજબ રાખી શકીએ.

શ્રીકૃષ્ણ યયાતિના પુત્ર યદુના વંશમાં ઉતરી આવે છે અને યાદવકૂળના ગણાય છે. તેમના પિતૃઓમાં વૃષ્ણિ નામના વડદાદા હોઈ વાર્ષ્ણેય પણ કહેવાય છે. પરંતુ આ બધું ચોક્કસ પણે માની શકાય તેવું નથી. વંશાવલિ મોટાભાગે MONOGAMY કે POLYGAMY અથવા પિતૃપ્રધાન પ્રથામાં વધુ શક્ય છે. પરંતું કૃષ્ણ પિતૃપ્રધાન કુટુંબને બદલે માતૃપ્રધાન અથવા બહુપતિત્વ (દ્રૌપદી પ્રથા) પ્રથાવાળા સમાજમાંથી આવે છે. મહાભારતમાં બહુપતિત્વના ઘણા સંકેતો છે. અથવા તો મહાભારતને POLYANDRYનો છોછ નથી. વેદવ્યાસની માતા સત્યવતી પરાશરમુનિ અને શાતનું રાજાના પત્ની છે. પાંડવોનો જન્મ સૂર્ય, ધર્મરાજા-યમ, ઈન્દ્ર, વાયુ, નાસત્યૌના મન્ત્રોથી થયેલો. દ્રૌપદીને આ પાંચપતિ હતા જે બહુ પ્રસિદ્ધ છે. કૃષ્ણ પણ વાસુદેવ અને નન્દના પુત્ર છે. કૃષ્ણને બીજા પતિ તરીકે સ્વીકારવામાં રાધાને કઈ અણગમો નથી. આ બધા POLYANDRY ના સંકેતો છે. રામાયણમાં સીતા પોતાના પતિને આર્યપુત્રથી સંબોધે છે. મહાભારતના સ્ત્રીપાત્રોએ પોતાના પતિને આર્યપુત્ર કહી ક્યારેય સંબોધ્યા નથી. આટલા કારણોસર વૈદિકોને મહાભારત પ્રત્યે અણગમો છે. અને તેની અસર આજે ય છે.

મહાભારતની કથા-પારાયણ ક્યારેય નથી થતી જેટલી રામાયણની થાય છે. મહાભારતની કથા વંચાય તો આગ લાગે, લડાઈ-ઝઘડા થાય એવી માન્યતા આજે પણ પ્રચલિત છે. વળી મહાભારત સાંખ્ય અને યોગના આશ્રયે લખાયું છે. વૈદિકો આ ગ્રન્થનો નાશ ન કરે એટલા માટે જ ઈશ્વર અને ઈશ્વરીય ચમત્કારો, સ્વર્ગ-નર્ક, પૂનર્જન્મની વાતો કરી છે. એટલે શાસ્ત્રોપુરાણો, મહાભારત જે કૃષ્ણચરિત્ર રજુ કરે છે. તે સંપૂર્ણ પણે માની શકાય નહીં. કારણકે, કૃષ્ણનો આટલો બધો ઈન્દ્ર-વિરોધ અને લોકપ્રિયતા (અથર્વણ આર્યો અને શ્યામવર્ણ આર્યોમાં શ્રીકૃષ્ણ અત્યંત લોકપ્રિય છે) જોઇ, વૈદિકોને વેદના અધિષ્ઠાતા ઇન્દ્રનું સ્થાન વિષ્ણુને આપવું પડ્યું; વળી શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર તરીકે પણ સ્વીકારવા પડ્યા... આ બધું માથાના ઘા સમાન હતું એટલે ઇતિહાસ પુરાણો (મહાભારત-બ્રહ્મવૈવર્તપુરાણ-વિષ્ણુપુરાણ-હરિવંશ-ભાગવત)માં શ્રીકૃષ્ણને કુટિલ-લંપટ-ચોર ચિતરવામાં પ્રચ્છન્ન દુશ્મનોની જેમ વર્તવામાં આવ્યું છે; છતાં લોકોએ બધું ય સહજતાથી સ્વીકારી લીધું અને કૃષ્ણની લોકપ્રિયતામાં જરાય ઘટાડો ન થયો. છેલ્લે તો કેટલાક વૈષ્ણવ ગુરુઓએ કૃષ્ણભક્તિના નામે ભક્ત ગૃહસ્થોની સ્ત્રીઓ સાથે લંપટતા વિકસાવી! શ્રી બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાના પુસ્તક "શ્રીકૃષ્ણ ચરિત્ર" માં ઘણા વ્યાજબી ખુલાસા કર્યા છે; સ્વામી દયાનન્દ સરસ્વતીએ તો ભાગવત વાંચવાની જ મનાઈ ફરમાવી છે.

વેદમાં કૃષ્ણ સાથે ઈન્દ્રની લડાઈના મન્ત્રો છે. (ઋ.૮-૯૬-૧૩ અને ૧૪) શીઘ્રગામી કૃષ્ણ દશહજારની સેના સાથે અંશુમતીને કિનારે આવ્યો. સંધિ કરવા ઈન્દ્રે વાત ચલાવી બીજી બાજુ પોતાની સેનાને તેણે કહ્યું. કે,"હું આકાશ સમા તેજસ્વી કૃષ્ણને જંગલમાં છુપાઈ રહેલો જોઉં છું. હવે તમે યુદ્ધ કરો" આમ છતાં ઈન્દ્ર ફાવ્યો નહીં

અંતે બૃહસ્પતિની સહાયથી વિજયી થયો. ઋ-૧-૧૦૧-૧ માં ઈન્દ્રે, કૃષ્ણ (શ્યામ) ગર્ભવાળી સ્ત્રીઓ મારી નાખ્યાનો ઉલ્લેખ છે. **यः कृष्णगर्भा निरहन्।**

શિવજી પણ શ્યામવર્ણના દેવ. લિંગપૂજાનું પ્રતિનિધિત્વ કરે છે. શિવજીના પત્ની પાર્વતીના પિતા દક્ષે યજ્ઞમાં શિવજીને આમંત્રણ ન આપ્યું છતાં, પત્નીના આગ્રહથી ગયા અને તોય જરૂરી માનસન્માન ન મળતાં શિવજીએ યજ્ઞનો ધ્વંસ કર્યો અને પાર્વતી સતી થયા. શાસ્ત્રોમાં આ બહુ પ્રચલિત પ્રસંગ છે. પરંતુ તે શિવજીના વેદ-વિરોધ અને યજ્ઞ-વિરોધનો સ્પષ્ટ સંકેત છે. અને વૈદિકો લિંગપૂજકોનો ધિક્કારતા એનો ઋગ્વેદમાં ઉલ્લેખ છે. પાછળથી વૈદિકોએ લિંગપૂજાને સ્વીકૃતિ આપી છે. અને શિવાજીને વેદના દેવ રુદ્રનું સ્થાન આપી દીધું છે. શિવજીનું વાહન વૃષભ, જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભ દેવનું લાંછન વૃષભ, કૃષ્ણની ગાય, અને સિંધુસભ્યતાની મુદ્રાઓમાં વૃષભનું આલેખન, સિંધુ સભ્યતાના વસાહતીઓનો સંકેત છે. અને યાદ રહે કે સિન્ધુ સભ્યતામાં અશ્વની ઉપસ્થિતિનો સદંતર અભાવ છે. કોઈ મૃણ્મુદ્રા પર અશ્વ જોવા મળતો નથી તેમજ ઉત્ખનનોમાં ક્યાંય અશ્વના હાડપિંજર જોવા મળ્યા નથી. એટલે અશ્વ-રથ-યુદ્ધ આર્યોની દેન છે.

કૃષ્ણનું ઐતિહાસિક ચરિત્ર જોવા જઈએ તો કૃષ્ણ શ્યામવર્ણ અનાર્ય હતા, ગણતંત્ર શાસન પ્રણાલિમાં માનતા, બહુપતિત્વ પ્રથા સામે તેમને અણગમો નહોતો. ઈન્દ્ર સાથે યુદ્ધ કરેલા, ઈન્દ્રપૂજાનો મોટાપાયે બહિષ્કાર કર્યો, જેથી વૈદિકોને ઈન્દ્ર ને બદલે વિષ્ણુને સર્વોચ્ચ સ્થાન આપ્યું, કૃષ્ણની લોકપ્રિયતા જાઈ કૃષ્ણને વિષ્ણુનો અવતાર ગણવાનું શરૂ કર્યું. કૃષ્ણના એક ભત્રીજા નેમિનાથ જૈનોના તીર્થંકર છે. કૃષ્ણે ગોવંશને રક્ષણ આપ્યું. યજ્ઞોમાં થતી હિંસા અટકાવી, કૃષ્ણ યોગના જાણકાર હતા, સાંખ્યદર્શન અને યોગદર્શન એકબીજા સાથે જોડાયેલા છે. કૃષ્ણ સાંખ્યદૃષ્ટા તેમજ યોગી હતા, સાંખ્ય અને યોગ વિષે વેદો મૌન છે. અથવા તો નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગ સિન્ધુસભ્યતામાં પ્રચલિત હતા. આર્યોથી આ બાબતો અજાણ હતી.

કૃષ્ણનો જન્મ મથુરામાં, બાલ્યકાળ ગોકુળમાં, રાજધાની દ્વારકામાં, યુદ્ધમાં પાંડવોને સહાય હસ્તિનાપુરમાં, એવી વિગતો શાસ્ત્રોમાંથી જાણવા મળે છે. સાથોસાથ આપણે જૈન ઉલ્લેખોને ધ્યાનમાં લઈએ તો નેમિનાથ જે કૃષ્ણના ભત્રીજા હતા, જૈનધર્મની કથાઓ પ્રમાણે, રાજુલ સાથે તેના લગ્ન ગોઠવાયેલા અને લગ્નમંડપમાં જ વૈરાગ્ય આવતા દીક્ષા લીધેલી. હવે આખા સૌરાષ્ટ્રમાં એક માત્ર ગામનું નામ રાજુલા છે. જે રાજુલના નામ પરથી પડ્યું હોવાનું ચોક્કસ પણે કહી શકાય, વળી આ રાજુલા કોડીનાર પાસે આવેલા મૂળ દ્વારકાથી ઘણું નજીક છે. અહીંથી રૈવતક પર્વત એટલે કે ગિરનાર પર્વત દ્વારકા (ઓખા) કરતાં ઘણો નજીક છે. જે નેમિનાથસ્વામીની કર્મભૂમિ હતી. માધવપુર ઘેડ પાસે શ્રીકૃષ્ણના લગ્ન થયા છે તે સ્થળે મંદિર છે. અને આજે પણ ત્યાં મેળો ભરાય છે. વળી શ્રીકૃષ્ણને પારધીનું બાણ વાગ્યું અને મૃત્યુનું કારણ બન્યું તે સ્થળ પ્રભાત પાટણ નજીક ભાલકાતીર્થ છે. જૈન આગમોમાં પણ આવા ઉલ્લેખ છે. મહાભારતના યુદ્ધ વખતે હથિયાર ન ઉપાડી કૃષ્ણે અહિંસાપાલન કર્યું છે. બળરામ પણ લડાઇમાં ભાગ ન લેતાં તીર્થયાત્રાએ નીકળી ગયેલા. જૈન-ધર્મ પ્રમાણે હવે પછી આવનાર ચોવીસીમાં શ્રીકૃષ્ણને અને રાવણને તીર્થંકરનું સ્થાન હોવાનું માને છે. (બન્ને બહુપતિત્ત્વ પ્રથાના સમર્થક છે તે જોવું.)

મહાભારત-શ્રીમદ્‌ભાગવત-હરિવંશ-વિષ્ણુપુરાણ વગેરે શાસ્ત્રો કૃષ્ણનું જન્મસ્થળ મથુરા અને બાળપણ ગોકુળમાં અને રાજધાની દ્વારિકા દર્શાવે છે. મથુરામાં કંસના વધ પછી યાદવો સાથે કૃષ્ણ જરાસંઘના ભયથી પલાયન થવાનું વિચારે છે. એમ મહાભારતમાં સભાપર્વ અ.૧૩.શ્લોક ૪૮ થી ૫૧ સૂચિત કરે છે. અને રૈવતક ગિરિથી શોભિત કુશસ્થલીના દુર્ગનું સમારકામ કરાવી યાદવો વસવાટ કર્યો ને કુશસ્થલી દ્વારાવતી નામથી પ્રસિદ્ધ થઈ. (મહાભારત-૨-૧૩-૪૯-૫૨) દ્વારાવતીના આ ભૌગોલિક વર્ણનનું સમર્થન હરિવંશમાં પણ છે.જેમા રૈવતક પર્વત ઉપરાન્ત સમુદ્રનો નિર્દેશ છે.

જે હાલની દ્વારકા (ઓખા) કરતા કોડીનાર પાસે આવેલી મૂળ દ્વારકા વધુ બંધ બેસે છે. વળી વૈદિક ધર્મશાસ્ત્રો જૈન સંદર્ભો લેવાનું ટાળે છે. બ્રાહ્મણ-શ્રમણ ને સાપ-નોળિયો જેવા સમ્બન્ધ હોવાનું પાણિની કહે છે. અર્વાચીન પુરાતત્વવિદોએ દ્વારકામાં કરેલા ખોદકામથી પુરવાર થયું છે. કે વર્તમાન દ્વારકાનો વસવાટ યાદવકાળ કરતા મોડો શરૂ થયો છે. દ્વારકાધીશ મંદિર નજીકના વિસ્તારમાં ૩૮ ફૂટ ઊંડુ ખડક આવે ત્યાં સુધી ખોદકામ થયેલું. એમાં જો ૩૦ ફૂટ ઊંડેથી કોઈ ઘર કે રાખોડિયા મૃત્પાત્રોના અવશેષો મળી શક્યા હોત તો યાદવોના સ્થળાંતરને સાબિત

કરી શકાયું હોત પરંતુ એમ થયું નથી. એનો સીધો અર્થ એમ થાય કે આ દ્વારકા સંપૂર્ણ પણે કૃષ્ણની દ્વારકા માની શકાય નહીં. વળી વર્તમાન દ્વારકા દ્વારકાધીશના મંદિર ઉપરાન્ત શંકરાચાર્યની પીઠના કારણે પ્રસિદ્ધ છે. શંકરાચાર્યનો ઉદ્દેશ્ય વૈદિકધર્મના પુનઃસ્થાપના કરવાનો હતો. ઈ.સ. ૮૦૦ સુધીમાં ગુજરાતમાં બૌદ્ધ ધર્મ ખૂબ પ્રભાવશાળી બની ગયો હતો ગુજરાતમાં બસો જેટલા બૌદ્ધ વિહારો હોવાનું યુઆન સ્વાંગ (હયુ એન સંગ) નામના ચીની-બૌદ્ધ-યાત્રિકે આશરે ઈ.સ. ૬૩૫માં નોંધ્યું છે. પણ *દ્વારકાની નોંધ લીધી નથી! ફાહિયાન નામનો ચીની યાત્રી ઈ.સ. ૪૦૫ થી ૪૧૪ દરમ્યાન આવેલો તેણે પણ <u>દ્વારકાની</u> નોંધ લીધી નથી!

વલ્લભીપુર-તળાજા-ઢાંક-દ્વારકા-બેટ(દ્વારકા) વગેરે સ્થળોએ બૌદ્ધ ધર્મના અવશેષો મળી આવે છે.દ્વારકામાંથી બુદ્ધની મૂર્તિઓ મળેલી, બેટદ્વારકામાં આદિત્યનારાયણના મંદિર નીચે બૌદ્ધ સ્તુપ હોવાનું ઘણા વિદ્વાનો માને છે. બેટ-દ્વારકામાં એક હનુમાનજીના મંદિરમાં હનુમાન-મકરધ્વજ અને પનોતિની પ્રતિમાઓ પૂજાય છે. પણ તે બોધિસત્વની પ્રતિમાઓ હોવાનું લાગે છે. વળી અન્ય હનુમાન મંદિરોમાં મકરધ્વજ સાથે પનોતિ જોવા મળતી નથી. એટલે શંકરાચાર્યે ઈ.સ ૮૦૦ ની આસપાસ એક નાનકડા મૈત્રક-કાલીન વિષ્ણુમંદિર પાસે પોતાનો મઠ સ્થાપ્યો. આ મંદિર ગોપના મંદિર પછી પચાસ સો વર્ષે બંધાયું હશે જે જગતસિંહ રાઠોડે નાનકડા મૈત્રક-કાલીન ચોરસ વિષ્ણુમંદિર ઉપર જ નાગરશૈલીનું હાલનું દ્વારકાનું જગત-મંદિર અગિયારમી સદીમાં બાંધ્યું હોવાનું માની શકાય. આજ વખતે જેઠવાઓએ ઘૂમલી (જી.જામનગર) પાસે નવલક્ષણવાળું મંદિર-નવલખો બંધાવ્યો.

શંકરાચાર્યના વૈષ્ણવધર્મ (વૈદિક-બ્રાહ્મણ-ધર્મ)ની પુનઃસ્થાપનાના પ્રયત્નોના ભાગરૂપે શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર માની દ્વારકાધીશ તરીકે સ્થાપી, શાસ્ત્રોનો આધાર મેળવ્યો હોય. અને લોકમાનસમાં કૃષ્ણપ્રેમ વિકસાવી, બૌદ્ધોને દૂર કરવામાં સફળ રહ્યા હોય તેમ ન માનવાને કારણ નથી.

ઉપરાન્ત સૌરાષ્ટ્રમાં જૈનધર્મ સારી રીતે વિસ્તરેલો હતો. (આપણે જૈનોને સિન્ધુ સભ્યતાના લોકો જે સાંખ્યદ્રષ્ટા-નીરીશ્વરવાદી હતા તેના સીધા વારસો તરીકે ઓળખાવવાનો તર્ક સ્થાપિત કરવાનો છે.) બૌદ્ધ ધર્મ નીરીશ્વરવાદ અને અહિંસામાં માનતો હોવા છતાં જૈનધર્મ સાથે સમન્વય સાધી શકેલો નહીં. જૈન-બૌદ્ધ પરસ્પર રાજ્યાશ્રય મેળવવાની સ્પર્ધા માટે, વિવાદાસ્પદ અને સંઘર્ષમય વલણ ધરાવતા હોવાના ઘણા પુરાવાઓ મળે છે. એટલે સૌરાષ્ટ્ર પુરતા બૌદ્ધધર્મના વિરોધી ધર્મો તરીકે બ્રાહ્મણ અને જૈનધર્મ બંને કહી શકાય.

દ્વારકા પાસે નજીકના વસઈ ગામે જૈન દેરાસરના અવશેષો મળી આવ્યા છે. જેનો માત્ર ચાવડા જૈન શાસકોએ આરંભ કરેલો પણ આ વિસ્તારમાં જૈન વસ્તી નહોતી! ચાવડા શાસકો આ મંદિરો ક્યારે ય પૂરા ન કરી શક્યા અને ઉત્તર ગુજરાત તરફ ભાગવું પડ્યું. ચાવડાઓએ એના શાસનકાળ દરમ્યાન (દ્વારકાના જગતમંદિરના પ્રાંગણમાં નવા બંધાતા વિષ્ણુમંદિરના પીઠિકા સુધીના અવશેષો આજે ય જોવા મળે છે) પણ તે મંદિર પુરું થવા ન દીધું અને હાલના વિષ્ણુમંદિરમાં વિષ્ણુની મૂર્તિ તોડી નાખી નેમિનાથ જૈનોના ૨૨મા તીર્થંકરની મૂર્તિ બેસાડી દીધેલી, (જૈનો નેમિનાથને કૃષ્ણના ભત્રીજા માને છે) પણ હેરોલો અને રાઠોડોએ તે દરિયામાં ફેંકી દીધી અને બીજી વિષ્ણુની મૂર્તિ સ્થાપી, <u>દરિયામાં નાખી દીધેલી નેમિનાથની મૂર્તિ જામનગરના વહાણવટી જૈન વેપારીઓએ બહાર કાઢી; જે જામનગરના એક ઘર દેરાસરમાં આજે ય પૂજાય છે!</u>

કૃષ્ણની દ્વારકા શાસ્ત્રોઅને લોકવાયકાઓ કરતાં આધારભૂત પુરાવાઓ વડે નક્કી થાય તે જરૂરી છે પણ તે બહુ શક્ય નથી. ભારતમાં પંદર જગ્યાએ, ભારત બહાર ત્રણ જગ્યાએ દ્વારકા હોવાના પ્રમાણ મળ્યા છે.

---

*જાણીતા ઈતિહાસકાર શ્રીશંભુપ્રસાદ દેસાઈ ઈ.સ.૮૫૧ થી ૧૩૪૫ દરમ્યાન આવેલ આઠેક વિદેશી પ્રવાસીઓની નોંધમાં ક્યાંય દ્વારકાનો ઉલ્લેખ ન હોવાનું નોંધે છે. પ્રભાસપાટણ અને કોડીનાર પાસે મૂળદ્વારકાના ચાવડા રાજાઓ મૈત્રકોના સામંતો હતા. જૈનાશ્રયી હોવાને કારણે લડાઇમાં હિંસા ટાળવા કર-વસુલાતને નામે ચાંચીયાગિરી પણ કરતા, તેને ફંકપ્રસવણના ગારુલક રાજાએ ભગાડી મૂકયા, (આશરે ઈ.સ.૫૭૪માં વરાહસિંહ ગારુલકે ચાપોત્કટ=ચાવડાઓને હરાવ્યા, એવું દાનપત્ર છે. બંન્ને મૈત્રક રાજ્યના સામંતો હતા, રાજાએ બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય આપ્યો છતાં ચાવડાઓ જૈનાશ્રયી રહ્યા, આથી ગારુલકોએ ભગાડ્યા. ત્યાંથી સમુદ્રમાર્ગે પોરબંદર પાસે વીસાવાડા-મૂળદ્વારકા થઇ ઓખા પહોચ્યા, ઓખા જીત્યું અને હાલના સ્થળે દ્વારકા રાજધાની સ્થાપી, પોતાના વતનના ગામના નામનો આગ્રહ રાખતા હોઈ આ રાજધાનીને પણ દ્વારકા નામ આપ્યું. (આગળ જતાં પ્રભાસ-પાટણની સ્મૃતિમાં ઉત્તર-ગુજરાતમાં અણહિલવાડ-પાટણ સ્થાપ્યું.) ૧૧મી સદીમાં આ મૈત્રકકાલીન મંદિર ઉપર હાલનું મંદિર બનાવ્યું. અહીં શંકરાચાર્યની પ્રેરણાથી જગતસિંહ રાઠોડે પ્રાચીન કૃષ્ણમંદિરનો પુનરોદ્ધાર કરી હાલના જગતમંદિરની સ્થાપના કરેલ છે.

સૌરાષ્ટ્રમાં જ સાત જગ્યાઓ દ્વારકા કે મૂળ દ્વારકા તરીકે ઓળખાય છે.
આપણે હાલના ઓખા-દ્વારકા ને બદલે, માત્ર વૈદિક સાહિત્યમાંથી કૃષ્ણ-ઈન્દ્ર યુદ્ધ (RV-8-96-13 & 14) અનુસન્ધાનો લઇ, જૈન ધર્મના કેટલાક તારણો સાથે સમન્વય રાખીએ અને પુરાતત્વવિદો અને દ્વારકા(ઓખા) માં થયેલા ઉત્ખનનના તારણો ધ્યાનમાં લઈએ અને શંકરાચાર્યનો દ્વારકામાં પીઠ થાપવાનો હેતુ વૈદિક ધર્મની પુનઃસ્થાપનાનો ગણીએ, તો કૃષ્ણના દ્વારકા કરતાં કોડીનાર નજીકનું મૂળદ્વારકા દ્વારકાના બીજા સ્થળોના સરખામણીએ વધુ યોગ્ય લાગે છે.

કૃષ્ણ ઈ.સ.પૂર્વે ૧૪૦૦ દરમ્યાન થઈ ગયા એમ માનવાને ઘણા કારણો છે. પરંતુ એટલા માટે કૃષ્ણની આસપાસ રચવામાં આવેલી કથાઓમાંથી કૃષ્ણની સાંખ્યદૃષ્ટિ, નિરીશ્વરવાદ, Polyandryને સમર્થન, ગણતંત્ર શાસનપ્રણાલિની તરફેણ અને વેદવિરોધની બાબતો ધ્યાનમાં રાખી આગળ વધવું જાઈએ.એટલે ખરેખર ઈ.સ.પૂર્વે ૧૪૦૦માં થયેલા શ્યામવર્ણ અનાર્ય નેતા જેણે વૈદિકોના દેવ ઈન્દ્રનો જબરજસ્ત વિરોધ કર્યો. વૈદિકોને ઈન્દ્રપૂજાને બદલે વિષ્ણુપૂજા કરતા કરી દીધા અને કૃષ્ણની લોકપ્રિયતા જાઈ વિષ્ણુના અવતાર તરીકે વૈદિકોએ સ્થાપી દીધા, આવા કૃષ્ણની સાચી જીવનકથા અને ચરિત્રો વિષે શાસકો (વૈદિકો) કોઈ નોંધ રહેવા જ ન દે તે ખૂબ સ્પષ્ટ છે.

સમય જતાં આર્ય-અનાર્ય સમન્વય થયો. જે વસિષ્ઠ જેવા રૂઢિચૂસ્ત આર્યો શ્યામવર્ણ સહન કરી શક્યા નહીં અને વર્ણવ્યવસ્થા અને ગૃહસ્થાશ્રમના કડક નિયમો બનાવી સ્ત્રીઓ અને શૂદ્રોને લગભગ ૩૨૦૦વર્ષ સુધી પીડ્યા.

મહાભારત પરોક્ષ રીતે વર્ણાશ્રમધર્મનો વિરોધ કરે છે. સ્ત્રીઓ અને શૂદ્રો વેદ વાંચી શકતા નથી માટે પાંચમા વેદ મહાભારતની રચના કરે છે. જે સૌને જ્ઞાનપ્રાપ્તિના સમાન અધિકાર આપે છે. Polyandry ગણતંત્રશાસન-પ્રણાલિ, સાંખ્ય, યોગને પ્રાથમિક્તા આપવામાં આવી છે. જરૂર પડે ત્યાં ઈશ્વર-ઈશ્વરના અવતારો-પુનર્જન્મ-સ્વર્ગ-નરકની બાબતો ઉમેરવામાં આવી છે (જે મહાભારતનું કદ મોટું થવાના કારણ રુપ છે); જો આમ ન થાય તો ગ્રન્થનું અસ્તિત્વ જાખમાય! તેમ છતાં રૂઢિચુસ્તોનો અણગમો તો મહાભારત તરફ છે જ..... મહાભારત વંચાય તો આગ લાગે અથવા લડાઈ થાય એવી માન્યતાઓ ફેલાવવામાં આવી છે. જે સર્વવિદિત છે.

ભારતમાં ઈસ્લામના આગમન પછી સ્થપાયેલા ધર્મો-સંપ્રદાયો વર્ણાશ્રમવ્યવસ્થાનો સિફતથી છેદ ઉડાડી મુકે છે. ઉંચનીચના ખ્યાલો અવગણે છે. જેમાં શીખધર્મના સ્થાપક ગુરુનાનક અને કબીર મુખ્ય છે. ગુજરાતમાં સ્વામીનારાયણ ધર્મે પણ વર્ણાશ્રમની કઠોરતા ઘટાડી છે. તેવું જ હવેલી સંપ્રદાય અને સંપ્રદાયોમાં થયું છે. કેટલાક પરિવર્તનો ઉપર ઈસ્લામના એકેશ્વરવાદ અને સૂફીવાદની અસર સ્પષ્ટ છે. સૂફીવાદ અને ભક્તિમાર્ગની પ્રેમલક્ષણા ભક્તિ સમાંતર તત્વજ્ઞાન પર આધારિત હોય તેવું લાગે છે. સ્વામી દયાનન્દ સરસ્વતીએ મૂર્તિપૂજાની અંધશ્રદ્ધા તોડી વેદ અને યજ્ઞોને જરુર પૂરતા માર્ગદર્શક બનાવ્યા છે. સ્ત્રીઓ-શૂદ્રોને-વિધર્મમાં વટલાયેલાને આર્ય બનાવવામાં સિંહફાળો આપી સમાજસુધારણાનું અનેરૂં કાર્ય દીપાવ્યું છે.

દયાનન્દ સરસ્વતી, રાજા રામમોહનરાય, વિવેકાનન્દ, અરવિન્દ ઘોષ, વિનોબા ભાવે જેવા અસંખ્ય વિદ્વાનોએ હિન્દુ ધર્મને વિશ્વમાં પુનઃપ્રતિષ્ઠા અપાવી છે. હજારો વર્ષોથી વસિષ્ઠોના પ્રહારો સહન કરી રહેલા વિશ્વામિત્રના પ્રયત્ન कृण्वन्तु विश्वम् आर्यम् ।ને સફળ બનાવ્યો છે.

પ્રકરણ-૯ મું. રામાયણ

હિન્દુ ધર્મસાહિત્યમાં રામાયણ-મહાભારત મુખ્ય ગ્રન્થો છે. ભાગવત અને શિવપુરાણ પ્રચલિત પુરાણો છે. અઢાર-પુરાણ અને અઢાર-ઉપપુરાણ છે. પણ ઘણીવાર સંદર્ભ ગ્રન્થ તરીકે ઉપયોગી છે. સામાન્ય જનસમાજ મહાભારત-આધારિત નાટકો આખ્યાનો કરે છે. પણ રામાયણ ભાગવતની જેમ કથા-પારાયણ થતા નથી. શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતનો જ એક ભાગ છે. જેનો ઉપયોગ રોજના સ્વાધ્યાયમાં ચોક્કસ પણે થાય છે. ગીતા ઉપર શંકરાચાર્યથી માંડી તિલક સુધી અનેક વિદ્વાનોએ ભાષ્ય લખ્યાં છે. આધુનિક યુગમાં વિનોબાજીના "ગીતા પ્રવચનો" ભારતની ઘણી ભાષામાં પ્રસાર પામ્યા છે. ગીતાનું અસંખ્ય વિદેશી ભાષાઓમાં ભાષાન્તર થયું છે.

ગીતા-મહાભારત-ભાગવત આદિ સાંખ્ય ગ્રન્થો માની શકાય. જ્ઞાન-તત્વજ્ઞાન અને સંસારના વ્યવહારિક ઉપદેશ માટે, મહાભારતમાંથી ગીતા અને શાન્તિપર્વ, દર્શનોમાંથી સાંખ્ય દર્શન અને યોગદર્શન પુરતા છે. જો કે, આમાંથી ગીતા સિવાય અન્ય ગ્રન્થો લોકોમાં પ્રચલિત નથી.

રામાયણની સૌ પ્રથમ *આદિકવિ વાલ્મિકીએ રચના કરી છે. અને મહાભારત કરતાં પહેલાં રચના થઈ છે એવું માનવામાં આવે છે. પરંતુ પુરાતત્વીય અવલોકનો આ સ્વીકારવા તૈયાર નથી. હાલ પ્રાપ્ય રામાયણની રચના સંશોધનકારોની ચિકિત્સક દ્રષ્ટિએ ઈ.સ.પૂર્વે ૨૦૦ થી ઈ.સ.૪૩૮ દરમ્યાન સંપૂર્ણ વિકસિત થઈ છે. જ્યારે રામાયણનું કથાબીજ ઈ.સ.પૂર્વે ૧૩૦૦ થી ૧૦૦૦ દરમ્યાન ઘડાયું હોય. પરંતુ આ ઘટના મહાભારતની રચના પછીની છે એ નિર્વિવાદ છે. મહાભારતની રચના ત્રણ તબક્કે થઈ છે. વ્યાસ-વૈશમ્પાયન અને લોમહર્ષણનો પુત્ર સૌતી. વ્યાસજીએ ૧૦૦ પર્વો વાળું जयसंहिता રચ્યું. વૈશમ્પાયન જનમેજયના સર્પયજ્ઞમાં ૨૪૦૦૦ શ્લોકવાળું भारत સંભળાવ્યું. પછી સૌતીએ ૧૦૦ પર્વમાંથી અઢાર પર્વ બનાવી લગભગ એક આખ શ્લોકવાળું महाभारत નૈમિષારણ્યમાં ઋષિઓને સંભળાવ્યું. જય માં ૮૮૦૦ શ્લોક હતા, ભારતમાં ૨૪૦૦૦ અને સૌતીના મહાભારતમાં લગભગ એક લાખ શ્લોક છે. અને વખતોવખત महाभारत ના કદમાં વધારો ગણતંત્ર શાસન-પ્રણાલિ, બહુપતિત્વ પ્રથા, નિરીશ્વરવાદી સાંખ્યદ્રષ્ટિની અસર ઘટાડવા અને ઇશ્વર-રાજાશાહી-પરલોક-પુનર્જન્મ-અવતાર-મોક્ષની વાતો ઘુસાડવા માટે થયો છે.

આ રચનાકાળ ઈ.સ.પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૨૦૦ દરમ્યાન માનવામાં આવે છે. મહાભારતના કથાબીજ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ સુધીની કેટલીક ઘટનાઓનું કાવ્યમય સંપાદન હોઈ શકે. પણ રામાયણ મહાભારતની રચના થયા બાદ સોએક વર્ષ બાદ થયેલી પ્રતિક્રિયા છે. તેમ માનવાને ઘણા કારણો છે. વાલ્મીકિ રામાયણ સ્પષ્ટપણે મહાભારતની Polyandry અને સાંખ્યદ્રષ્ટિની પ્રતિક્રિયા સ્વરૂપે રૂઢિચુસ્ત આર્યો દ્વારા Monogamy-રાજાશાહી-પુત્રપ્રાપ્તિ-પરલોક અને વર્ણાશ્રમધર્મને પ્રતિષ્ઠા આપવા માટે થઈ છે. જેના રચયિતા તરીકે વાલિયા લુંટારામાંથી વાલ્મીકિ ઋષિ બનેલા પછાત વર્ગના પ્રતિનિધિ પર કળશ ઢોળ્યો છે. જેથી સામાન્ય જનજાતિ પણ Monogamy અપનાવે.

વાલ્મીકિને આદિ કવિ માનવામાં આવે છે પણ તેઓ પૂર્વજીવનમાં વાલિયો લુંટારો હતા, નારદજીના ઉપદેશથી તપ શરૂ કર્યું. શરીર પર રાફડા (સંસ્કૃતમાં વલ્મીક) બંધાય ગયા ત્યાં સુધી. આથી વાલ્મીકિ નામપડ્યું. હવે આ વાલિયા લુંટારાને ત્રીસ વર્ષની ઉંમરે નારદજી મળ્યા હોય અને દસેક વર્ષ તપ કર્યું હોય અને પછી સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો હોય અને કવિતાની રચના કરી શકે તેટલી વિદ્વતા પ્રાપ્ત કરી હોય, તો સાંઠેક વર્ષે ક્રૌંચ વધની ઘટના બાદ લખવાનું ચાલુ કર્યું હોય! વળી જ્યારે રામની આજ્ઞાથી લક્ષ્મણ સીતાને વનમાં મુકવા જાય ત્યારે વાલ્મીકી સીતાને મળે છે. આ વખતે વાલ્મીકિ વૃદ્ધાવસ્થાના શિખરે હશે અને થોડા જ સમયમાં લવના જન્મ સમય સુધીમાં દ્રષ્ટિ ગુમાવી દીધી હોય. તેવી વાત રામાયણમાં જ છે. બાલ્યાવસ્થામાં લવ પારણામાંથી ગુમ થયો જાણી કુશની રચના વાલ્મીકિ મંત્રશક્તિથી કરે છે. ત્યારબાદ રામ-લવ-કુશનું યુદ્ધ અને લવકુશના અયોધ્યા-પ્રવેશની વાત બીજા પાસે લખાવવી પડી હોય તેવી કલ્પના અસ્થાને નથી. ઉપરાન્ત મહાભારતના વેદવ્યાસ પોતાની રચનામાં જ એક પાત્રની ભૂમિકા બજાવે છે. પોતાની માતાની વિનન્તિથી તેના(સત્યવતીના) ત્રણેય પુત્રોના અકાળે અવસાન બાદ, ત્રણેય વિધવા પત્નીઓને દિવ્ય પુત્રો મેળવી આપવામાં મદદરૂપ થાય છે. યુદ્ધના અંત પછી પણ ધૃતરાષ્ટ્ર-ગાંધારીને પોતાના આશ્રમમાં આશ્રય આપે છે. આમ મહાભારતના રચનાકાર પોતાની રચનામાં પોતાનું જ પાત્ર રાખી વાર્તાપ્રવાહ જીવંત બનાવે છે. આવો જ તર્ક વાલ્મીકિએ પોતાની રચના રામાયણમાં પોતાનુ જ પાત્ર મૂકી જીવંત કાવ્ય બનાવ્યું છે. ઘણા આધુનિક લેખકો પણ પોતાની કાલ્પનિક નવલકથાને વધુ જીવંત બનાવવા વાર્તામાં પોતાનું પાત્ર મુકી દે છે. આપણે એમ કહી શકીએ કે વાલ્મીકિએ વ્યાસનું અનુકરણ કર્યું છે. અને વાલ્મીકિ પણ કદાચ કાલ્પનિક પાત્ર હોય. માત્ર પછાત જાતિઓ રામાયણના આદર્શને અનુસરે તેવો ઉદ્દેશ્ય હોય.

વ્યાસ અને વાલ્મીકિ બંને કવિઓ જ છે અને પોતાની રચનાને કાવ્ય કહે છે. ઈતિહાસ પણ ઘણી વાર

* આદિકવિ એટલે વેદિક સંસ્કૃતમાંથી પાણિનીય સંસ્કૃત શરુ થયું તે વખતે આદિ-કવિ. આ સમય ઈ.સ.પૂર્વે ૭૦૦-૬૦૦ ગણાય.

કહેવાય છે. પરંતુ કાવ્ય વધારે સ્પષ્ટ છે. કવિ શબ્દમાં ક=કલ્પના અને વિ=વિદ્વતા. જે વિદ્વતામય કલ્પના કરી શકે તે કવિ. ગીતા અઢારમા અધ્યાયમાં કવિ-મનીષિ અને વિચક્ષણો પાસે સંન્યાસના જુદા જુદા અર્થઘટન કરાવે છે. ત્રણેય વિદ્વાનના પ્રકારો છે.

જાણીતા પુરાતત્વવિદ શ્રી હસમુખ.સાંકળિયાની "પુરાતત્વ અને રામાયણ" ની પુસ્તિકા ગુજરાત વિદ્યાપીઠે પ્રકાશિત કરી છે. તે "રામાયણ" ના સમયની ઘણી બાબતો પર પ્રકાશ ફેંકે છે. રામાયણના સાહિત્યના આધારે તે સમયની ભૂગોળ, શહેરો, જંગલો, રીતરિવાજો, રહેણી-કરણી, રાજ્યવ્યવસ્થા, યુદ્ધના હથિયારોના, પુરાતત્વીય અવલોકનો નોંધે છે. જે ઘણા માર્ગદર્શક છે.

આપણી મુખ્યવાત આર્યોએ સિન્ધુસભ્યતાનો ઈ.સ.પૂર્વે ૧૭૦૦માં ધ્વંસ કર્યા પછી પરાજિત અનાર્યો સાથે સમન્વય સાધ્યો તેમ છતાં અનાર્ય રીતરિવાજો અને શ્યામવર્ણ સામે જે ૩૨૦૦ વર્ષ સુધી દ્વેષપૂર્ણ વ્યવહાર કર્યો તેના અવલોકનો નોંધવાના છે.

અનાર્યોનો સમાજ ગણતંત્ર શાસન, નિરીશ્વરવાદી સાંખ્ય અને યોગ, અને બહુપતિત્ત્વ પ્રથાવાળા સમાજમાં માનનારો હતો, જ્યારે આર્યો સામ્રાજ્યવાદ, ઈશ્વર, પરલોક, અને પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં માનનારા હતા. વળી શાસનધુરા તેમના હાથમાં હતી. આથી આર્ય બનેલા શ્યામવર્ણ અનાર્યો પર અમાનવીય નિયંત્રણોની ભરમાર ચલાવી ૩૨૦૦ વર્ષ સુધી પરપીડન કર્યું. ઉચ-નીચના વર્ગભેદવાળો વર્ણાશ્રમધર્મ બનાવી સ્ત્રીઓ અને શૂદ્રોનું અમાનવીય શોષણ કર્યું. નીરીશ્વરવાદીઓને ઉતારી પાડ્યા તેમના શાસ્ત્રોનો નાશ કર્યો અને ઘણું ય! આ બધા વિઘ્નોમાંથી રસ્તો કાઢી, પોતાના સાંખ્ય-યોગના જ્ઞાનને ઈશ્વરવાદ અને પરલોકવાદમાં ઝબોળી, મહાભારતની રચના કરી અનાર્ય પ્રણાલિઓને પરોક્ષ સમર્થન આપ્યું. જેની પ્રતિક્રિયા રૂપે રામાયણની રચના થઈ.

રામાયણ સ્પષ્ટપણે Polyandry v/s Monogamy-દ્રૌપદી પ્રથા વિરૂદ્ધ સીતા પ્રથાનો ગ્રન્થ છે. જેના કલ્પનામય વાર્તાપ્રવાહના કેટલાક દિવ્ય અંશો તપાસીએ :

વાલ્મીકિ વાલિયો લુંટારામાંથી એક તપસ્વી બની ગયા. એક દિવસ તેમણે..... ક્રૌંચ પક્ષીની જોડીમાંથી એકને પારધીએ તીરથી વીંધી નાખ્યું, આ જોઈ બીજું પક્ષી ખૂબ જ કલ્પાન્ત કરતું જોયું. તરત જ વાલ્મીકિનું હ્દય દ્રવી ઉઠ્યું અને જ્યારે તેમણે રામના ચરિતની આદર્શ કથા લખી પછી શાન્ત થયું. અહીં ક્રૌંચ પક્ષીઓ જો જીવનભર એક નર અને એક માદા રહી શક્તા હોય તો માનવજાત શા માટે જીવનભર એક પતિ-પત્ની ન રહી શકે? એવો સૂચિતાર્થ છે.

ગૌતમઋષિની પત્ની અહલ્યા પાસે ઈન્દ્ર ગૌતમનું જ સ્વરૂપ લઈ આવે છે અને અહલ્યાને ભોળવે છે. એટલામાં ગૌતમઋષિ સ્નાન કરી પાછા ફરે છે. અને અહલ્યાનો વ્યભિચાર જાઈ..... અહલ્યાને શિલા થઈ જવાનો શાપ આપે છે. જે રામના સ્પર્શથી ફરી સ્ત્રી બને છે અને રામ અહલ્યાને પત્ની તરીકે ફરી સ્વીકારી લેવા ગૌતમઋષિને સમજાવે છે. અહીં જ્યારે Polyandry માંથી Monogamy નું પરિવર્તન ચાલતું હોય ત્યારે થોડીઘણી ભૂલો જતી કરવી અને જીવન એક પુરુષ અને એક જ પત્નીએ વીતાવવું.

નિષાદરાજ ગુહનો નાવિક અહલ્યાનું ઉદાહરણ યાદ કરી રામના પગ ધોવાની શરત મુકે છે. કારણ કે તેની લાકડાની નાવ રામની ચરણરજથી સ્ત્રી બની જાય તો પોતે બે સ્ત્રીઓ સાથે કેમ જીવી શકે! પોતે તો એક પતિ-પત્ની વ્રતધારી છે!

શુર્પણખા Polyandry સમાજમાંથી આવે છે (તેને મોટા કાન અને લાંબા નખ વાળી કુરુપ સ્ત્રી તરીકે વર્ણવી છે જૈન રામાયણમાં શુર્પણખાનું નામ ચંદ્રણખા છે. જે ખૂબ સુંદર છે) તેણી રામ કે લક્ષ્મણને પોતાના પતિ થવાની દરખાસ્ત કરે છે. Monogamyના નેતૃત્વ પાસે આવું કહેવાથી નાક-કાન કાપવાની શિક્ષા મળે છે.

વાનર પ્રજાના કપિમુખ દેવ (વાનર માનવ-અનાર્ય જાતિ છે કપિના અર્થમાં નહીં) આણમણ્ડિ (પૂજ્ય દેવ-પંચમખી હનુમાન)ને રામના સેવકનું પાત્ર આપી દીધું છે. તે માત્ર આખી પ્રજાના આરાધ્ય દેવ જો રામના સેવક હોય તો વાનર પ્રજાએ રામની વાત(Monogamy) સ્વીકારવી જ જોઈએ તેવો ગર્ભિત હેતુ છે.

આજે પણ હનુમાનજી રામના સેવક ઉપરાન્ત એક સ્વતંત્ર દેવ તરીકે પણ પુજાય છે. ભૂત-પિશાચ દૂર કરનારા, વિદ્યા અને વ્યાયામના નિષ્ણાત, (બુદ્ધિ અને બળમાં આગેવાન) સુરક્ષાના દેવ, જ્યોતિષિ તરીકે પૂજાય

છે. આંદામાન ટાપુનું નામ હનુમાનજીના મૂળ નામ આણમણ્ડિ પરથી પડેલું છે.

હનુમાનજી પંચમુખ કપિ સ્વરૂપ છે, બીજા ચાર મુખ અન્ય પશુઓના છે. પરંતુ ઉત્તરભારતમાં એક કપિમુખ જ પ્રચલિત છે.

હવે જે બહુમુખ દેવો છે તે બધા Polyandry સમર્થક દેવો છે. સિન્ધુ સભ્યતાની મુદ્રામાં ત્રિમુખ-પશુપતિ યોગાસનમાં મળી આવે છે. રાવણના દશ મસ્તક માત્ર Polyandryના સમર્થન માટે જ છે. સ્કન્દ-કાર્તિકેય ષણ્મુખ છે જેને છ મસ્તકો છે. બ્રહ્માને ચાર મસ્તક છે પણ અહીં ભૂલ થઈ ગઈ છે. ચારવેદને બ્રહ્માના ચાર મુખ તરીકે વર્ણવવા જતાં Monogamy સમર્થકોની ભૂલ થઈ ગઈ! એટલે બ્રહ્માની મૂર્તિની પૂજા ન થાય અને મંદિરો ન બની શકે એવો શાપ આપી પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ખાસ કરીને ઉત્તરભારતમાં બહુમુખ દેવો અને તેના મંદિરો જવલ્લે જ જોવા મળશે. જ્યારે દક્ષિણ ભારતમાં બહુમુખ દેવતાઓ સામે અણગમો નથી. શિવજીના પંચમુખ, ત્રિનેત્ર, ત્રિશુળ, ત્રિપુંડ્ર, ત્રિદલ બિલ્વપત્ર, બહુમુખી રૂદ્રાક્ષો, બધા Polyandryનું સમર્થન સૂચવે છે. Polyandry સમાજે બહુમુખ દેવો સ્વીકાર્યા છે. જ્યારે Monogamy સમર્થકોએ દિવ્ય સ્વરૂપમાં બેથી વધુ હાથ સ્વીકાર્યા છે. જેમકે વિષ્ણુના ચાર હાથ.

રામ-વાલીના યુદ્ધમાં રામે છૂપાઈને તીર માર્યું તે વિવાદાસ્પદ છે. વાલીનો કોઈ દેખીતો ગુન્હો કે પાપાચરણ નહોતું. પોતાના સમાજની વ્યવસ્થા પ્રમાણે બે ભાઈઓ વચ્ચે એક પત્ની હોય તે સ્વીકાર્ય હતું (દ્રૌપદી-પ્રથા) વાલીનો આગ્રહ સુગ્રીવની પત્ની તારા છીનવી લેવાનો નહોતો પરંતુ આ Polyandry systemના નાશ માટે જ રામકથા લખાઈ હતી.

સીતાની અગ્નિપરીક્ષાનો પ્રસંગ, સ્ત્રીએ જેને પતિ તરીકે સ્વીકાર્યો છે તેને કપરા સંજાગોમાં પણ વફાદાર રહી છે તેની જાહેર ખાત્રી રૂપે છે. જે સ્ત્રી પરના પુરુષના માલિકી હક્ક અને Monogamy ની દ્દઢતા પ્રસ્થાપિત કરવા જરૂરી હતો.

અયોધ્યાનાં ધોબીની પત્ની કેટલોક સમય બહાર રહી આવ્યા પછી ફરી પતિઘરે આવી ત્યારે ધોબી-પતિએ કહ્યું. "હું કાંઈ રાજા રામ નથી કે બીજા ઘરે રહી આવેલી સ્ત્રીને પાછી સંઘરૂં" બસ આ વાત રામના કાને પડી ગઈ ! ધોબી જેવો સામાન્ય માણસ પણ Monogamy નો આટલો સમર્થક હોય તો રામે રાજા તરીકે કંઈક વધુ કરી બતાવવું જાઈએ. એટલે રામ લક્ષ્મણને આજ્ઞા કરે છે કે, મારે સીતાનો ત્યાગ કરવાનો છે. તમે એને જંગલમાં છોડી આવો. ખરેખર અહીં સીતાનો સગર્ભાવસ્થામાં ત્યાગ કરી દેવો અત્યંત કરૂણ સ્થિતિ છે. જો કે જંગલમાં રામકથાના રચયિતા વાલ્મીકિ પોતે સીતાના બચાવ માટે હાજર થઈ જાય છે. અહીં પ્રશ્ન થાય છે સીતા સ્વયંવર પછી જનકરાજા કે તેના પુત્રોનો ઉલ્લેખ ક્યારેય નથી આવતો. ખરેખર તો સીતાને જંગલમાં છોડી દેવાને બદલે જનકરાજા પાસે મુકી દેવા જાઈએ! પણ * રામને બેન નથી અને સીતાને ભાઈ નથી તે પૂર્વયોજિત છે.

વિશ્વામિત્ર બાળ રાજકુમારોને (દશરથના પુત્રોને) હવનમાં હાડકાં નાખનાર રાક્ષસોને દૂર કરવા લઈ જાય છે. રામ તાડકા રાક્ષસી અને બીજા રાક્ષસોનો સંહાર, યજ્ઞનુ કાર્ય નિર્વિઘ્ને પુરું કરાવે છે. અહીં રામના કુલગુરુ તો વસિષ્ઠ છે, છતાં વિશ્વામિત્ર આવે છે. વસિષ્ઠ-વિશ્વામિત્ર પરસ્પર ભિન્ન વિચાર શ્રેણી ધરાવતા, એકબીજાના દુશ્મન સમાન છે. વેદકાળમાં વસિષ્ઠ વિશ્વામિત્ર સામે દાશરાજ્ઞ યુદ્ધ કરેલું જેનું કારણ વસિષ્ઠ જીતાયેલા અનાર્ય શરણાર્થીઓનો સામુહિક સંહાર જ કરવા ઈચ્છતા, જ્યારે વિશ્વામિત્ર ગાયત્રી મંત્ર વડે આર્ય સંસ્કારો આપી આર્ય

---

* દશરથ રાજાને કૌશલ્યાથી એક શાન્તા નામે પુત્રીનો જન્મ થયેલો. આ જ વખતે અયોધ્યામાં લાંબો દુષ્કાળ પડ્યો. આમે ય દશરથ રાજાની પુત્રી પોતાના રાજ્યની ઉત્તરાધિકારી બની શકે તેમ નહોતું. તેથી કૌશલ્યાએ પોતાની નિઃસંતાન બેન વર્ષિણી (જે અંગદેશના રાજા રોમપાદની રાણી હતી.)ને ગોદમાં લેવા આપી દીધી. તેઓએ શાન્તાના લગ્ન ઋષ્યશૃંગ નામના ઋષિ સાથે કરી દીધા. અને અયોધ્યા સાથે એક સંપર્ક સિવાય ક્યારે ય સંપર્ક રહ્યો નથી. દશરથ રાજાને પુત્ર સંતાન ન હોવાથી વસિષ્ઠે પુત્રેષ્ઠી યજ્ઞ કરવાની સલાહ આપી અને મુખ્ય ઋત્વિજ તરીકે શ્રૃંગ ઋષિને આમંત્રણ આપવા કહ્યું. જે શ્રૃંગ ઋષિ(જમાઇ)એ સ્વીકાર્યું અને બન્નેએ આમન્ત્રણ સ્વીકારી સફળતા પૂર્વક કામ કરી આપ્યું. તુલસીકૃત રામચરિતમાનસમાં બાલકાણ્ડમાં એક ચોપાઇ સિવાય ક્યાંય ઉલ્લેખ નથી. (સૃંગી ઋષિહિ વસિષ્ઠ બોલાવા I પુત્રકામ સુભ જગ્ય કરાવાII) વાલ્મીકિ રામાયણના બાલકાણ્ડમાં સર્ગ-૭-૮-૯-૧૧ માં વિસ્તારથી લખ્યું છે પણ પછી ક્યાંય ઉલ્લેખ નથી.

આવી રીતે સીતાના ભાઇ કે જનકના પુત્રનો પ્રચલિત રામાયણોમાં ક્યાંય ઉલ્લેખ નથી. પરંતુ વિષ્ણુપુરાણમાં મિથિલા-રાજ્યની વંશાવળિમાં સીરધ્વજ (જનક)ના રાજાના પુત્ર ભાનુમાન્ થી લઇ કૃતિ સુધી કુલ ૩૨ રાજાઓની વંશાવળિ છે. તે સિવાય જનકરાજાના પુત્ર ઉદાવયુ અને પૌત્ર નન્દિવર્ધન્ ના નામ સાંભળવા મળે છે. મને આ બે પ્રશ્નો મનમાં જાગેલા કે, રામે સગર્ભાવસ્થામાં સીતાનો ત્યાગ કર્યો ત્યારે પહેલાં જનકરાજાને કે સીતાના ભાઇને જાણ કરી હોત તો?!.... રામના બહેનને સીતાની અગ્નિપરીક્ષા જેવો પ્રસંગ ઉભો થયો હોત તો?! પણ પ્રચલિત રામાયણોમાં રામની બહેન કે સીતાના ભાઇની કોઇ ભૂમિકા જ નથી!

બનાવવાનો વિચાર આગળ કરી સામુહિક સંહાર અટકાવવાની ઈચ્છા ધરાવતા. અહીં રામ અને વિશ્વામિત્ર અનાર્ય-રાક્ષસોનો નાશ કરવાની તત્પરતા દેખાડે છે.

રામ રાજ્યમાં એક બ્રાહ્મણનો પુત્ર મરી ગયો. તે રામની રાજ્યસભામાં આવી કઠોર વચનો કહેવા માંડ્યો....... "અગાઉના સૂર્યવંશી રાજાઓના સમયમાં ક્યારેય પિતાની હયાતિમાં પુત્રના મરણ થયા નથી. આપના રામરાજ્યમાં આમ શા માટે થયું!" રામ પણ આ બ્રાહ્મણનું દુઃખ સાંભળી વ્યાકુળ થયા, તે સમયે આકાશવાણી થઈ..... "વિંધ્યાચળ પર્વતના વનની ઝાડીઓમાં એક શૂદ્ર તપશ્ચર્યા કરે છે તે આ બ્રાહ્મણપુત્રના મરણનું કારણ છે" તુરંત જ રામે તે શૂદ્રને શોધી કાઢ્યો અને એકજ તીરથી તેનું મસ્તક છેદી નાખ્યું. અને આ બાજુ બ્રાહ્મણનો મૃત પુત્ર સજીવન થયો. આ પ્રસંગ માત્ર શૂદ્રોએ વેદ ન ભણવા, તપસ્યા ન કરવી, શાસ્ત્રો ન વાંચવા તેવી આર્યાજ્ઞાઓનું પાલન કરાવવા માટે છે.

અન્ય શાસ્ત્રોમાં સીતાની અગ્નિપરીક્ષા કરતાં ય કઠોર પ્રસંગ "પરશુરામ દ્વારા માતાના શિરચ્છેદ" નો છે.

"ઋચિક ઋષિના આત્મજ જમદગ્નિ સાત્ત્વિક વૃત્તિના હતા. પિતા દેવલોક પામ્યા, તે વખતે ઈક્ષ્વાકુ વંશની રાજકન્યા રેણુકા સાથે લગ્ન કરી સંસ્કારી જીવન વીતાવતા હતા. તેમને ચાર કે પાંચ પુત્રો થયા સૌથી નાના તે પરશુરામ. આ યુવકની પ્રથમ કસોટી બાપે કરી. માના લોહીમાં ઈક્ષ્વાકુઓનો સ્વચ્છંદ હતો. આર્યોએ નિર્મેલા નીતિના પંથનો તેણે ત્યાગ કર્યો. મૃત્તિકાવતીના રાજા ચિત્રરથનો તેને મોહ થયો. આ કૃત્ય તે સમયના આર્યાવર્તના પુરુષોની જેમ શિષ્ટ જમદગ્નિને અક્ષમ્ય જણાયું. તેણે પુત્રોને શાસન કર્યું કે માતાનો વધ કરો. મોટાભાઈઓએ તે શાસન સ્વીકાર્યું નહીં. રામના હૃદયમાં પિતાની આજ્ઞા અને માતાની શુદ્ધિ માતૃસ્નેહ કરતાં વધારે હતાં. તેણે પિતાનું શાસન સ્વીકાર્યું, માતાનું માથું ધડથી જાદું કર્યું." *Monogamy ના સમર્થકોએ. માતૃપ્રેમની ય દરકાર ન કરવી એટલો જ ઉપદેશ આ વાતમાંથી ફલિત થાય છે.

એક વાત ખૂબ સ્પષ્ટ છે કે આર્યોનો *Monogamy તરફનો લગાવ અને Polyandry તરફની ધૃણા આર્ય-અનાર્ય સમન્વય પછી ઘનિષ્ઠ બન્યો છે. (અનાર્ય) શ્યામવર્ણ સ્ત્રીઓનો આર્ય સ્ત્રી તરીકેનો દરજ્જો રૂઢિચુસ્ત આર્યો માટે અસહ્ય થઈ પડ્યો. વળી આ જ લોકો પાસે શાસનધૂરા હોઈ સ્ત્રીઓ માટે ક્રૂર નિયંત્રણો લાદી દીધા.

આર્યોને અગાઉ ભાઈ-બહેન (યમ-યમી), પિતા-પુત્રી (બ્રહ્મા-સરસ્વતી) સાથે દાંપત્યજીવન ગાળવામાં છોછ નહોતો. ઈજીપ્તના ફેરોહ તો સાવકી બહેન સાથે જ લગ્ન કરતા. આજે પણ મુસ્લિમોમાં કાકાની દીકરી અને હિન્દુઓમાં મામાની દીકરી સાથે દાંપત્યજીવન ગાળવામાં વાંધા સરખું હોતું નથી.

આજે વિશ્વભરના સભ્ય-સંસ્કૃત સમાજે Monogamy ને સમર્થન આપ્યું છે. આમાં સ્ત્રી પરનો માલિકી હક્ક સહેલાયથી પ્રસ્થાપિત થઈ શકે છે. આ સમાજવ્યવસ્થાને મોટાભાગના દેશોને કાયદાકીય સમર્થન આપ્યું છે. તેથી ઘડીભર એમ લાગે કે, સુખી સમાજ, વિદ્વાન અને નિરોગી પ્રજાત્પતિ માટે આ પ્રથા જ એકદમ યોગ્ય છે; શાસ્ત્રીય છે. વાસ્તવમાં, એક પતિ-પત્ની સાથે જીવનભર ટકી રહેવાનો ઉદ્દેશ્ય ૩૦% દંપતિઓમાં શક્ય હશે. વળી જેને આપણે વ્યભિચાર કહીએ છીએ તેની વ્યાપકતા સ્ત્રી-પુરુષ બંનેમાં છે. જો આ સ્થિતિ ધ્યાનમાં લઈએ તો આપણી તન્દુરસ્ત ટકાવારી હજી પણ નીચે જવાની સંભાવના છે. વિકસિત દેશોમાં લગ્ન, સંપત્તિના વિભાજન અને માલિકીપણા સાથે રૂઢ થયેલું છે એટલે કે આર્થિક હિતો સાથે સંકળાયેલુ છે. અને કાયદો તેને સમર્થન આપે છે. લાલચુ અને સ્વાર્થી તત્વો આનો લાભ ઉઠાવી દુઃખમય પરિસ્થિતિ સર્જતા હોય છે. ભારતમાં દહેજ અને પુત્રપ્રાપ્તિની પ્રબળ કામનાઓ સ્ત્રીઓના દુઃખોનું કારણ છે. ભ્રૂણ પરિક્ષણની ટેકનોલોજીએ ભારતમાં વધુમાં વધુ માદાભ્રૂણહત્યાને તક આપી છે. અને તેવા પરીક્ષણો અટકાવવા સરકારે કાયદા વડે દખલગીરી કરવી પડી છે. નવાઈની વાત એ છે કે માદાભ્રૂણહત્યા માટે સ્ત્રીઓએ સામે ચાલી સહકાર આપ્યો છે.!

સાંપ્રતસમાજ Polyandry પ્રથા સ્વીકારે તેવી કલ્પના અસ્થાને છે. પુરુષો કોઇપણ કાળે સ્ત્રીઓ પરનો માલિકી હક્ક જતો કરવા માગતા નથી અને સ્ત્રીઓ આ વાતની તરફેણ કરવા જાય તો તાત્કાલિક અસરથી વ્યભિચારિણી સાબિત થઈ શકે છે! વળી માતૃપ્રધાન સમાજ રચના આવે તો સ્ત્રી-સ્વાતંત્ર્યની ચળવળો બંધ થાય પછી આટલા બધા નેતાઓને રાખવા ક્યાં! બિલાડીને મરચું ખાવું નથી પણ કોઈએ પૂછંડીએ મરચું લગાડી દીધું છે. હવે પૂંછડી ચાટવાના કાર્યક્રમમાંથી નવરાશ નથી. બાપે આંબલી ખાધી અને છોકરાઓના દાંત અંબાઈ ગયા છે!

* "ભગવાન પરશુરામ" ની પ્રસ્તાવના ક.મા.મુનશી(૧૯૪૬)

===

પ્રકરણ - ૧૦મું. શ્રમણ અને બ્રાહ્મણ

બ્રાહ્મણ શબ્દ સામાન્ય રીતે ચાર વર્ણની વ્યવસ્થામાં સૌથી ઊચ્ચ જાતિ મનાય છે. ઋગ્વેદ ૧૦-૯૦ મુજબ દિવ્ય પુરુષે મુખમાંથી બ્રાહ્મણ, બાહુમાંથી ક્ષત્રિય, જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્ર જાતિની રચના કરી.

બ્રાહ્મણને ક્ષત્રિયો અને રાજાઓ પણ માન આપતા. બ્રાહ્મણોએ યજ્ઞયાગમાં ભાગ લેવો વિદ્યા ભણવી અને ભણાવવી, દાન લેવું અને આપવું. લોકશિક્ષણ અને ધાર્મિક આચરણોનું પાલન કરાવવું મુખ્ય કર્મો છે. આથી બ્રાહ્મણની આજીવિકાનો બોજ સમાજ પર રાખવામાં આવેલો. પરંતુ બ્રાહ્મણે અપરિગ્રહ રાખવાનો હતો, જરૂર પુરતી ભિક્ષા માગી ઘર ચલાવવાનું હતું. વેદાભ્યાસ અને શાસ્ત્રોનો અભ્યાસ ફરજિયાત હતો. રાજાઓને ગમતા સમાજસુધારાના નિયમોનું લોકોમાં આચરણ થાય તે જવાબદારી બ્રાહ્મણોની હતી. બ્રાહ્મણોએ પેઢી દર પેઢી વેદોનો મુખપાઠ કરવાનું કામ સ્વીકારી લીધેલુ. અહીં યાદ રહે કે દુનિયાનું સૌથી પ્રાચીન પુસ્તક ઋગ્વેદ છે અને ઈ.સ પૂર્વે ૧૨૦૦ માં સંસ્કૃતભાષામાં ઋગ્વેદની રચના થઈ પરંતુ તે કઈ લિપિમાં લખવામાં આવ્યો તે વાત વિદ્વાનો સ્પષ્ટ કરી શક્યા નથી પણ ૩૨૦૦ વર્ષ જુના પુસ્તકમાં કોઈ પણ જાતના ફેરફાર કે ઉચ્ચારણની ભૂલો કર્યા વિના મૂળ સ્વરૂપમાં પરંપરા વડે મુખપાઠ કરી સાચવી રાખવાનો યશ બ્રાહ્મણો લઈ જાય છે. આજે પણ વેદોનો મુખપાઠ કરવાની પ્રથા ચાલુ છે. રાજા બ્રાહ્મણો પાસેથી કર વસુલતો નહીં. અન્યોની જેમ બ્રાહ્મણને શિક્ષા-દંડ કરી શકતો નહીં. (સામે પક્ષે બ્રાહ્મણોએ પોતાની ભૂલ કે અપરાધોનું પ્રાયશ્ચિત શાસ્ત્રાજ્ઞા અનુસાર કરવું પડતું) બ્રાહ્મણ અવધ્ય ગણાતો. સામાન્ય હત્યાથી બ્રહ્મહત્યા મોટો અપરાધ લેખાતો જાકે ભ્રૂણહત્યા બ્રહ્મહત્યા સમાન ગણવામાં આવે છે.

વેદની રચના પછી રચાયેલા કેટલાક ગ્રન્થોનો એક વર્ગ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. જેમકે શતપથ બ્રાહ્મણ, કૌષીતકિ બ્રાહ્મણ વગેરે.

બ્રાહ્મણ ધર્મ વૈદિક ધર્મને બ્રાહ્મણ ધર્મથી પણ ઓળખવામાં આવે છે. જે ઈશ્વર-પાપ-પુણ્ય-સ્વર્ગ-નર્ક-પૂનર્જન્મ-આત્મા-મોક્ષ -અવતારવાદમાં શ્રદ્ધા ધરાવે છે. વેદો ઈશ્વરપ્રણીત છે એવું દઢતાપૂર્વક માનવું એ પહેલી શરત છે. વર્ણાશ્રમધર્મ પણ બ્રાહ્મણ ધર્મના પર્યાય સમાન છે.બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શૂદ્ર ચાર વર્ણો છે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ જીવનકાળના ચાર તબક્કા છે. આમાંથી બ્રહ્મચર્યાશ્રમ શાસ્ત્રાભ્યાસ અને સત્કાર્યો માટે લંબાવી શકાય છે. ગૃહસ્થાશ્રમ દરેક વર્ણ માટે ફરજીયાત જેવો છે. વાનપ્રસ્થાશ્રમ નિવૃત્તિકાળ છે. જેમાં સમાજ સેવાના કર્યો અપેક્ષિત છે. સંન્યાસાશ્રમ બ્રાહ્મણો માટે જ છે.

વર્ણાશ્રમધર્મના પાલન વડે મનુષ્યોએ ચાર પુરુષાર્થ સિદ્ધ કરવાના હોય છે. અર્થ, ધર્મ, કામ અને મોક્ષ. બ્રાહ્મણ ધર્મમાં વર્ણવ્યવસ્થા ઉચ્ચ નીચના ભેદવાળી છે. સ્ત્રીઓ જો પુત્રપ્રાપ્તિ કરાવી આપે તો એટલા પુરતી પૂજનીય છે. કારણ કે પુત્રપ્રાપ્તિ વિના મોક્ષ મળતો નથી. સ્વર્ગમાં ય દુઃખી થવાય છે. આ માન્યતા ખૂબ જ દઢ થયેલી છે. સ્વર્ગના સુખો પ્રાપ્ત કરવા માટે યજ્ઞો થતા અને યજ્ઞમાં પશુઓ હોમવામાં આવતા ઘણીવાર મનુષ્યોનો પણ બલિ ચડાવવામાં આવતો.

સિંધુ સભ્યતાના ધ્વંસ બાદ બચી ગયેલા કેટલાક જુથોને યજ્ઞોમાં થતી હિંસા તરફ પ્રબળ વિરોધ હતો. આ લોકો ઈશ્વર અને વેદને ય પ્રતિષ્ઠા આપતા નહોતા. આ લોકો શ્રમણ તરીકે ઓળખાતા. બૃહદારણ્યક ઉપનિષદ (૪-૩-૨૨)માં સૌ પ્રથમ શ્રમણ શબ્દ દેખા દે છે. એટલે સાહિત્યમાં શ્રમણ શબ્દ વપરાયો છે. પાણિનિ શ્રમણ-બ્રાહ્મણને સાપ-નોળિયા સમાન ગણે છે. (ઈ.સ. પૂર્વે ૭૦૦ ની આસપાસ) એટલે કે એકબીજાના પ્રબળ વિરોધી છે. પાર્શ્વનાથના સમયમાં (ઈ.સ પૂર્વે ૮૦૦ સુધીમાં) શ્રમણો જૈન તરીકે ઓળખાવા શરૂ થયા તેમ લાગે છે. જિન

એટલે વિજેતા જેણે તપ દ્વારા ઈન્દ્રયો પર વિજય મેળવ્યો છે તે વિજેતાઓ જિન કહેવાય અને જિનનો સમુદાય તે જૈન.

પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષ બાદ મહાવીર થયા (ઈ.સ પૂર્વે ૫૪૦-૪૬૮ BCE- Before Commen Era) અને બુદ્ધ (ઈ.સ.પૂર્વે ૫૭૦-૪૯૦=૮૦ વર્ષ) પણ શ્રમણ પરંપરા માનનાર થયા. એટલે બુદ્ધે પણ વેદ-વિરોધ અને હિંસાનો વિરોધ કર્યો. શ્રમણ પરંપરામાં મુખ્ય જૈન અને બૌદ્ધ ધર્મો ગણવામાં આવે છે જે બ્રાહ્મણ ધર્મના સ્તંભ સમાન વેદો, યજ્ઞોમાં થતી હિંસા અને ઈશ્વરના સખત વિરોધી છે.

શ્રમણને પ્રાકૃતમાં સમણ પણ કહે છે. 'સમણ' શબ્દ ત્રણ અર્થનો સંકેત કરે છે. શ્રમણ, સમન, શમન. વળી શ્રમણ શબ્દ શ્રમકરવો, પરિશ્રમકરવો સૂચવે છે. આ શ્રમ એટલે તપ ગણવાનું છે. એટલે કે જે વ્યક્તિ પોતાના જ શ્રમ=તપ વડે ઉચ્ચ કોટિ પ્રાપ્ત કરે છે તે. જ્યારે બ્રાહ્મણને ઉચ્ચકોટિ પ્રાપ્ત કરવા જતાં બ્રહ્મ-ઈશ્વરની સહાય મેળવવી પડે છે. જૈન અને બૌદ્ધ શ્રમણ પરંપરા કહેવાય છે છતાં બંને ઘણી રીતે ભિન્ન છે.

જૈનો સિન્ધુસભ્યતાના (ઈ.સ પૂર્વે ૩૫૦૦ના) વસાહતીઓ છે. મહાવીર સ્વામી જૈનોના ૨૪મા તીર્થંકર છે અને બુદ્ધના સમકાલીન છે. પરંતું જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ છે. જે શિવજીમાં ઘણું સામ્ય ધરાવે છે.

જૈન ધર્મ મૂળ સિંધુસભ્યતાના વસાહતીઓનો જ હતો. સિંધુસભ્યતામાં સાંખ્ય દર્શન અને યોગદર્શનનું નીરીશ્વરવાદી તત્વજ્ઞાન વિકસેલું. અહીં તટસ્થ અને આદર્શ જ્ઞાન વિકસવાનું કારણ આજીવિકાના સરળ સાધનો અને પર્યાવરણની સુગમતા ગણી શકાય. અહીં કુટિલતા-ચોરી-સંગ્રહ-યુદ્ધ-માલિકીહક્ક વગેરે દુર્ગુણોનો વિકાસ થતો નથી. પણ પ્રજા કલાપ્રિય અને વિદ્યાવ્યાસંગી હોય છે. જ્યારે કઠિન આજીવિકા વાળા પ્રદેશોમાં મનુષ્ય . સ્વભાવ સ્વાર્થી અને કુટિલ બની જાય છે. (રણમાં ઉગતી કાંટાવાળી વનસ્પતિ જેમ.) આ સહજ છે અને પ્રાકૃતિક છે. મુંબઈ શહેરોનો દાખલો આપણી વાત સમજવા માટે પૂરતો છે. મુંબઈનો શહેર તરીકે વિકાસ થવા માંડ્યો ત્યારે રણ પ્રદેશોમાં વસતી પ્રજાઓએ ખાસ કરી કચ્છ અને મારવાડના લોકોએ મુંબઈ તરફ સરળ આજીવિકા પ્રાપ્ત કરવા મોટા પાયે સ્થળાંતર કર્યું અને એક સમયે મુંબઈનો શ્રીમંતવર્ગ કચ્છી અને મારવાડી લોકો જ હતા. જેનું કારણ ભૌગોલિક રીતે કચ્છ અને મારવાડ રણપ્રદેશો જ છે. ત્યાંના વસાહતીઓમાં કરકસર, સંગ્રહ અને કુટિલતા આપોઆપ વિકસે છે. આથી ઉલટું આસામના વસાહતીઓ પાસે આજિવિકાના સાધનો ખૂબ જ સુલભ હતા. તેથી તેઓને આજના દિવસનું મળી જાય તો આવતી કાલની ચિન્તા નહોતી. એટલે સંગ્રહખોરીનું માનસ જ હતું નહીં. અન્ન પાણીની વિપુલતા હોવાથી કરકસરની પણ જરૂર નહોતી. આથી ચાના બગીચાઓમાં કામ કરનારા મજુરો બહારથી મંગાવવા પડતા. બહારના મજારોની સંખ્યા એક વખતે સ્થાનિક લોકો કરતાં ય વધી જતાં આસામ અશાંત બન્યું તે સૌ કોઈ જાણે છે.

આ વાત સિન્ધુસભ્યતાના સુલભ આજીવિકાવાળા વસાહતીઓ અને સતત સ્થળાન્તર કરી રહેલા. કઠિન આજીવિકાવાળા પ્રદેશોમાં રહેતા આર્યોની અનુસન્ધાને છે.

શ્રમણ પરંપરાના બે ધર્મો મુખ્ય છે; જૈન અને બૌદ્ધ. જૈન ધર્મ વધુ પ્રાચીન છે. જ્યારે બૌદ્ધ ધર્મ બુદ્ધના જન્મ(**BCE** ૫૭૦) પછી વિકસ્યો અને વિશ્વભરમાં ફેલાઈ ગયો. ભારતમાંથી ઈ.સ.૧૨૦૦ની આસપાસ નામશેષ થયો. શ્રમણ એટલે વેદ અને ઈશ્વરને ન માનનાર તે. આપણે જાયું જૈન કરતા શ્રમણ-યતિ મુનિ વગેરે શબ્દ વધુ પ્રાચીન છે. જૈન શબ્દ ઈ.સ પૂર્વે ૮૦૦ ની આજાબાજા પાર્શ્વનાથ નામના જૈનના ૨૩ માં તીર્થંકરના સમયે પ્રચલિત થયો હોવાની ધારણા છે. જૈન ધર્મમાં ૨૪ તીર્થંકર એટલે તારનાર-માર્ગદર્શક, પોતાના ઉપદેશ અને આચરણથી સંસારના જીવોને (અહિંસા અને તપ દ્વારા) સાચે રસ્તે દોરનાર તીર્થંકર કહેવાય છે. પણ તીર્થંકરો ઈશ્વર નથી, સિદ્ધિ પામેલા મનુષ્યો જ છે. ૨૪તીર્થંકરો, વિષ્ણુના ૨૪ અવતારો, બૂદ્ધના ૨૪ સ્વરૂપો--- વગેરે ૨૪ સાથે ત્રણેય ધર્મોને લગાવ થઈ ગયો હોય એમ લાગે છે. જૈનોના ૨૪ તીર્થંકરોમાંથી ચાર ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. સૌ પ્રથમ તીર્થંકર ઋષભદેવ (આદિનાથ). ૨૨માં તીર્થંકર નેમિનાથ, ૨૩માં તીર્થંકર પાર્શ્વનાથ અને ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામી.આ ચારેયની આપણે પશ્વાદ્ ભૂમિકા ઐતિહાસિક રીતે તપાસીશું.

ઋષભદેવંનુ લાંછન વૃષભ છે. વળી તે આદિનાથ પણ કહેવાય છે ઋષભ દેવનું શિવજી સાથે ઘણું સામ્ય છે. શિવજીનું વાહન પણ વૃષભ-પોઠિયો છે. જૈન ધર્મ સાંખ્ય દર્શન પર આધારિત છે. સાંખ્યનું તત્વજ્ઞાન ૨૫

તત્વોમાં સમાઈ જાય છે. अष्टधा प्रकृति। षोडशःविकाराः। पुरुषः। સાંખ્ય જડ અને ચેતન બે જ વસ્તુઓ માને છે. જડ વસ્તુઓમાં ઘસારો-નવરચના-પરિવર્તન બધી વિકૃતિઓ વિકારો થાય છે તે સામાન્ય છે

સ્ત્રીના શરીરમાં જેમ ફેરફારો થાય છે (સ્તન-પ્રજનન શક્તિ) તેવી જ રીતે પ્રકૃતિની વિકૃતિ થાય છે. પરિણામ મળે છે, વિકારી છે, તેથી પ્રકૃતિને યોનિ સ્વરૂપનો સંકેત આપ્યો છે અને ચેતનતત્વ જે અવિકારી અને અપરિણામી છે. જેની ઉપસ્થિતિ માત્ર જરૂરી છે,તેના સંકેત રૂપે પુરુષલિંગનો સંકેત આપ્યો છે એટલે યોનિ-લિંગના પ્રતિકો વિકારી-પરિણામીપણું અને અવિકારી-અપરિણામીપણાના સંકેત છે. જાતિયતા સાથે આ પ્રતિકોને કોઈ લેવા દેવા નથી. સિંધુ સભ્યતાના ઉત્ખનનોમાંથી યોનિ-લિંગના પ્રતિકો મોટી સંખ્યામાં મળી આવ્યા છે, તે સાંખ્ય છે.

યોગના પ્રભાવથી અહિંસક પશુઓ હિંસક પશુઓ સાથે રહે છે. તેવો સંકેત પશુપતિનાથની એક મૃણ્મુદ્રામાં સ્પષ્ટ છે.

સાંખ્ય અને યોગ નો વેદમાં ઉલ્લેખ નથી, વેદો લિંગપુજકોની અવગણના કરે છે. બહુ મોડેથી શિવને વેદના દેવ રૂદ્રમાં ગણ્યા છે. પાછળથી મૃત્યુના દેવ તરીકે સ્થાન આપ્યું છે.

શિવજીમાં બિહામણા દશ્યો-સ્મશાનમાં નિવાસ-શિવજીએ કામદેવને બાળી મુક્વો-શિવજીએ જૈન રાજા ત્રિપુરનો નાશ કરવો-શિવજીને અમૃતને બદલે ઝેર આપવું- શિવજીના ગળામાં રહેલા સર્પના ભક્ષક તરીકે વિષ્ણુનું વાહન ગરૂડ રાખવું-શિવજીનો પ્રસાદ ખાઈ ન શકાય- લિંગ-યોનિ પ્રજનન અને વૃદ્ધિના આનંદમય પ્રતિકો છે. તો ય મૃત્યુના દેવ અને રુદ્ર=ભયંકર....... આ બધું નિષ્પક્ષ આયોજન તો કહી શકાય એવું નથી. આ ઘટનાઓ વેદિકોનો લિંગપૂજા તરફનો છૂપો દ્વેષ પ્રગટ કરે છે. અવેસ્તાના અગ્નિપુજક આર્યોના યમશીદ કે જમશીદ ને ઈન્દ્રપુજક આર્યોને ઋગ્વેદમાં સ્થાન આપવાનું થયું ત્યારે યમ તરીકે મૃત્યુના દેવનું સ્થાન આપ્યું. તે દ્વેષયુક્ત પ્રણાલિ અહીં પુનરાવર્તિત થઈ છે. શિવ જેનો અર્થ કલ્યાણકારી થાય છે. તે રુદ્ર એટલે ભયંકર કેવી રીતે હોઈ શકે! શિવજી સૌ પ્રથમવેદ વિરોધ દક્ષના યજ્ઞના નાશ વખતે પ્રગટ થાય છે. જે શાસ્ત્રોમાં બહુ જાણીતી કથા છે. શિવજીનું વાહન વૃષભ અને ઋષભદેવનું લાંછન વૃષભ સિન્ધુ સભ્યતાની મૃણ્મુદ્રાઓ પર મળી આવે છે. પરંતુ અશ્વ અને રથના ચિન્હો સિન્ધુસભ્યતાના ઉત્ખનનોમાં ક્યાંય મળ્યા નથી. આર્યોના આગમન પહેલાંના સમયમાં અશ્વના હાડપિંજરો પણ ઉત્ખનન દરમ્યાન મળ્યા નથી. આ બધા પુરાવાઓ ઋષભદેવ અને શિવજીનું સામ્ય ગણવા પુરતા છે. શૈવ અને શાક્ત સંપ્રદાયની ઘણી શાખાઓ વેદોને પ્રમાણ તરીકે સ્વીકારતી નથી. સમન્વય પછી આર્ય બનેલ શ્યામવર્ણની શૈવ પ્રજાને જૈનો સાથે લડાવી મારવામાં રૂઢિચૂસ્ત આર્યો સફળ રહ્યા છે. તેનું દૃષ્ટાન્ત શિવજીએ ત્રિપુર નામના જૈન રાજાને મારી નાખ્યો અને ત્રિપુરાન્તક કહેવાયા તે કથા છે.

જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથ કૃષ્ણના ભત્રીજા છે. કૃષ્ણની દ્વારકા હાલની ઓખા પાસે આવેલી દ્વારકાને બદલે કોડીનાર પાસે આવેલી મૂળદ્વારકા ગણી; રાજુલા, પ્રભાસ પાટણ, રૈવતક પર્વત (ગિરનાર)ની વાત આપણે જાણી ચુક્યા છીએ. ગિરનાર પર્વત જૈનધર્મનું જ સ્થળ છે. અંબાજી-મહાકાળી વગેરે તીર્થંકરોની યક્ષિણીરૂપે ગિરનાર પર્વત પર વાસ કરે છે. એક માન્યતા એવી પણ છે કે, જૈનો પોતાના તીર્થસ્થાનો પર્વત ઉપર જ બનાવે છે. અને બ્રાહ્મણ ધર્મ નદી કિનારો પસંદ કરે છે. (તેમ છતાં હિન્દુ સાધુઓ જેને ગુરુ દત્તાત્રેયના પગલાં કહે છે તેને જૈનો ઋષભદેવના પગલાં ગણે છે. આ વિવાદ ઘણા સમયથી ચાલ્યો આવે છે.)

જૈનોના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ઈ.સ.પૂર્વે ૮૯૦-૭૯૦ દરમ્યાન થઈ ગયા. જૈનધર્મમાં પાર્શ્વનાથે કેટલાક પરિવર્તનો સ્વીકાર્યા એમ માનવાને કારણો છે. પ્રાચીન જૈન ધર્મ સંપૂર્ણ સાંખ્યદષ્ટા અને યોગદષ્ટા હતો; કાલ્પનિક કર્મફળની શૃંખલા પણ સ્વીકાર્ય નહોતી. પરંતુ હવે (ઈ.સ. પૂર્વે ૯૦૦ થી ૮૦૦) પુનર્જન્મ, મોક્ષ, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક બધું સ્વીકારી લીધું છે માત્ર ઈશ્વરનો સ્વીકાર કર્યો નથી. પણ આ કર્મફળના સિદ્ધાન્તની એક પણ વાત સ્વીકારો એટલે આપો આપ સાંખ્યનો દ્રોહ થઈ જાય છે અને કાલ્પનિક માયાજાળ લોકોને મુરખ બનાવી પોતાની દિવ્યતા અને ઉચ્ચસ્થાન ટકાવી રાખવામાં તેમ જ રાજ્યાશ્રય મેળવવામાં... બહુ સહાયક નિવડે છે.

જૈનધર્મે વિકસાવેલા સાંપ્રત તત્વજ્ઞાન પર પાર્શ્વનાથના સમયની ઘણી મોટી અસર છે. તેમ કહેવું અસ્થાને નહીં ગણાય. પાર્શ્વનાથે નિર્ગ્રન્થ સંપ્રદાય પણ વિકસાવેલો. બુદ્ધના કાકા બપ્પ શાક્ય પાર્શ્વનાથના અનુયાયી હતા. વળી નિર્ગ્રન્થોના ચાતુર્યામ..... તપસ્વિતા, રુક્ષતા, જાગુપ્સા અને પ્રવિવક્તતાનું પાલન બુદ્ધેપણ કરેલું અને તેનો ઉપદેશ આપેલો. (મજ્જિમનિકાય-બૌદ્ધગ્રન્થ)

પાર્શ્વનાથ મહાવીર પહેલા ૨૫૦ વર્ષે થયેલા ૨૩મા તીર્થંકર હતા, મહાવીર જૈનધર્મના ૨૪મા તીર્થંકર છે. જૈનોની પ્રાચીનતા એટલા માટે સ્પષ્ટ થાય છે કે ઋષભદેવ-નેમિનાથ-પાર્શ્વનાથ કે મહાવીર જૈન ધર્મના સ્થાપક હોય તેવો સંકેત પ્રાપ્ત થતો નથી. મહાવીર બુદ્ધના સમકાલીન હતા. બુદ્ધ BCE -૫૬૯- BCE ૪૮૯ (૮૦વર્ષ) દરમ્યાન થઈ ગયા અને મહાવીર BCE ૫૪૦- BCE૪૬૮ (૭૨વર્ષ) દરમ્યાન. બુદ્ધના સમકાલીન હોવાથી ઘણા જૈન-બૌદ્ધ ને સમાન ગણવાની ભૂલ કરી બેસે છે. વાસ્તવમાં જૈનધર્મ વધુ પ્રાચીન છે અને બંને સ્વતંત્ર અને ભિન્ન વિચારશ્રેણી છે. મહાવીર સ્વામીએ નિર્ગ્રંથ સમ્પ્રદાય અને દિગંબર સંપ્રદાયને પ્રોત્સાહન આપ્યું. મહાવીર સ્વામીના ઈન્દ્રાભૂતિ અથવા ગૌતમ નામના શિષ્યે નિર્ગ્રન્થ નાતપુત્રના જ્ઞાનમય પ્રવચનોનો સંગ્રહ કર્યો. આ જ અરસામાં જૈન શાસ્ત્રો-આગમો લખવાની શરુઆત થઇ. મહાવીર પછી ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં મગધમાં ૧૨ વર્ષનો દુષ્કાળ પડતાં જૈનધર્મની પવિત્રતા સાચવવા ૧૨૦૦૦ ભિક્ષુઓને લઈ ભદ્રબાહુ (વિશાખાચાર્ય) દક્ષિણ ભારત તરફ ગયા અને ત્યાં દિગંબર સંપ્રદાય વિકસાવ્યો. અહીં મગધમાં સ્થુલભદ્ર અને બીજા કેટલાક સાધુઓએ શ્વેતાબંર સંપ્રદાય વિકસાવ્યો.

આમ જૈનધર્મ શ્રમણ પરંપરાઓનો પ્રાચીનતમ ધર્મ છે. જેના મૂળ ઈ.સ.પૂર્વે ૩૫૦૦માં વિકસિત થયેલી સિંધુ સભ્યતા સુધી પહોંચે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ ની આસપાસ થયા હોવા જાઈએ. તેવી રીતે ૨૨માં તીર્થંકર નેમિનાથ ઈ.સ.પૂર્વે ૧૪૦૦ ની આસપાસ.

ગુજરાત સરકાર ઈ.સ.૨૦૦૬માં ધર્માન્તર વિરોધી એક ખરડો પસાર કરવાની હતી તેના અનુસન્ધાને, એક જૈન મુનિ મિત્રાનન્દ સાગરે જૈનો હિન્દુ નથી એવા કેટલાક પુરાવાઓ પ્રસિદ્ધ કરેલા, જેનો સારાંશ નીચે મુજબ છે. સરકારે જૈનધર્મને હિન્દુ ધર્મની એક શાખા માનેલી.

હિન્દુ શબ્દ તો હિન્દુધર્મના કોઈ શાસ્ત્રોમાં નિર્દિષ્ટ નથી, જૈનધર્મ હિન્દુધર્મ કરતા પ્રાચીન છે. ઈશ્વર અને ઈશ્વરના અવતારોમાં જૈનધર્મ માનતો નથી. હિન્દુ દેવ-દેવતાઓ-ઋષિઓ વરદાન અને શાપ આપતા, જૈનોના ધાર્મિક વડા-ભગવાન-તીર્થંકર આવું કરી શકે નહીં, શાપ આપનારનું જૈનત્વ રદ થાય. જૈનો ભગવાનને પ્રસાદ ધરાવી શકે નહીં. જગતની ઉત્પતિ-સ્થિતિ-પ્રલયનું કારણ ઈશ્વર હોય તેવું જૈનધર્મ માની શકે નહીં. દંપતિ સ્વરૂપે દેવ-દેવી ચલાવી શકાય નહીં. ઉપવાસમાં જૈનો ફળાહાર ન કરી શકે. માત્ર ઉકાળેલું પાણી પીને કરી શકાય. હિન્દુઓની જેમ જૈનો મૃત્યુને ભયરૂપ ન ગણી શકે, મૃત્યુનો ભય તીવ્ર-સંતાપ (આર્ત ધ્યાન) ગણવામાં આવે છે. જૈનો ગાયો અને સર્વપશુઓનું હિંસાથી રક્ષણ કરે છે પણ ગાયનું દેવત્વ જેમકે, ગાયના પૂંછડામાં ત્રેત્રીસ કરોડ દેવતાઓનો વાસ સ્વીકારી શકે નહીં. જૈનોને હિન્દુઓની જેમ અવગતે ગયેલા આત્માના મોક્ષ માટે કોઈ વિધિ સ્વીકાર્ય નથી. આ મિથ્યાતત્વ કહેવાય. જૈનો શ્રાદ્ધ કે પિતૃઓમાં માનતા નથી, વળી તેમને પિતૃઓ ક્યારેય નડતા પણ નથી. વેદોના યજ્ઞોમાં થતી હિંસાના વિરોધી છે. વર્ણવ્યવસ્થામાં જૈનો માનતા નથી. શૂદ્રો પણ જૈન સાધુ બની શકે છે. ઉચ્ચનીચના ભેદ નથી. જૈનો રામને ભગવાન ન ગણતા સારા રાજા ગણે છે, જેમને બહુપત્ની(Polygamy) વ્રતધારી પણ માને છે. કૃષ્ણ અર્જુનને યુદ્ધ કરવાનો ઉપદેશ આપે તેવું ધર્મયુદ્ધ પણ જૈનોને અસ્વીકાર્ય છે. જૈનો કંદમૂળ ખાતા નથી-રાત્રિભોજન કરતા નથી. હિન્દુઓની જેમ જૈનો........ अपुत्रस्य गतिर्नास्ति। માં માનતા નથી. આ મિથ્યાતત્વ છે. જૈનો શિવલિંગને અપવિત્ર ગણે છે, રાવણને રાક્ષસ માનતા નથી. એક માથાવાળો માનવ જ ગણે છે. માનવમાત્ર ભૂલને પાત્ર. જૈનો નદીસ્નાન વર્જ્ય ગણે છે. આથી તેમના તીર્થસ્થાનો પર્વત પર છે. જેમકે, શત્રુંજય, ગિરનાર, સમેતશિખર વગેરે. જૈનો ગંગા નદીને પવિત્ર માનતા નથી. હોળી, રક્ષાબંધનના તહેવારો મિથ્યાતત્વ છે. જૈનો મૃત્યુ માટે યમને જવાબદાર નથી ગણતા, ગાયનું પૂંછડુ પકડી સ્વર્ગે જવાની વાત ખોટી છે. પછી ચિત્રગુપ્તના ચોપડા જ ક્યાંથી હોય! જૈનો ઈશ્વરના અવતારોમાં માનતા નથી એકવાર મોક્ષ થાય પછી ફરી અવતાર આવતો નથી. જૈનો ભગવાનની ઈચ્છા, કૃપા, દયા વૃથા ગણે છે. જૈનોમાં સતીપ્રથા, વિધવાપ્રથા નથી, વળી નિઃસંતાન સ્ત્રી-પુરુષો તરફ અણગમો નથી. હિન્દુઓ જૈનોનો પ્રબળ વિરોધ શાસ્ત્રોમાં લખે છે......... हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जैनमन्दिरम्। પાણિનિ શ્રમણ-બ્રાહ્મણને સાપ-નોળિયા જેવા ગણે છે. સાતમ-આઠમના તહેવારોમાં વાસી ખાવાનું પાપ ગણાય. સત્યયુગ-કલિયુગ જેવું નથી, શૂદ્રના કાનમાં વેદનો શબ્દ પડે તો શિક્ષા કરવી એવી હિન્દુઓની માન્યતા છે. જૈનો જ્ઞાનના ઈજારામાં માનતા નથી. પાંડવો એ સ્વર્ગારોહણ નથી કર્યું પણ શત્રુંજય પર મોક્ષ મેળવ્યો છે. અગ્નિ-વાયુ-જળના દેવસ્વરૂપ જૈનોને માન્ય નથી. જૈનો જૈન સાધુના દેહનો

અગ્નિસંસ્કાર કરે છે. હિન્દુઓ સંન્યાસીને અગ્નિદાહ આપતા નથી. વળી મૃત્યુ પછી દેવ થયા, બ્રહ્મલીન થયા, કૈલાસવાસી થયા તેવા શબ્દો જૈનો વાપરી ન શકે. કાળધર્મ પામ્યા કે નિર્વાણ પામ્યા તે શબ્દો વાપરી શકાય. સંતાનપ્રાપ્તિ માટે હિન્દુઓની નિયોગ પદ્ધતિ જૈનો માટે પાપ છે. ચોરાશી લાખના ફેરા બકવાસ છે. પોતાના ધર્મગ્રન્થોમાં જૈનો સંસ્કૃતને બદલે લોકબોલી-પ્રાકૃત-અર્ધમાગધીને પ્રથમ સ્થાન આપે છે.

આમ છતાં જૈનધર્મમાં હિન્દુધર્મ સાથે ઘણું સામ્ય પણ જાવા મળે છે. મંદિરોનું સ્થાપત્ય હિન્દુઓ જેવું જ છે. જૈનો, બૌદ્ધો અને વેદિકો ૐ અને 卐 સ્વસ્તિક સ્વીકારે છે. કેટલાક વેદિક દેવ-દેવીઓ જૈનોએ એક યા બીજા સ્વરુપે સ્વીકારી લીધા છે. જૈનોની અહિંસાની લાગણી મુખ્ય છે. ગોવંશની સુરક્ષા માટે જૈનો પાંજરાપોળ જેવી સંસ્થાઓ ચલાવે છે તે હિન્દુઓની ગોરક્ષા પદ્ધતિ કરતાં ઘણી સરસ છે. જૈનો વિધવા વિવાહની તરફેણ કરતા આવ્યા છે. નિઃસંતાન દંપતિઓ તરફ અણગમો નથી. પુત્ર સંતાનનું ધાર્મિક મહત્ત્વ નથી, પિતૃઓના સ્વર્ગના સુખની ચિન્તા નથી. તે માટે ખોટા વિધિવિધાન નથી. હિન્દુઓ મૃત્યુ પછી પિતૃતર્પણ-શ્રાદ્ધ-ઉત્તરક્રિયા વગેરેમાં ઘનિષ્ઠ રીતે માને છે. જૈનોને મૃત્યુ તરફ અણગમો નથી. એમાં તત્વતઃ સાંખ્યદૃષ્ટિ છે. જૈન શ્રમણો અને શ્રાવકોમાં સંથારાનો રિવાજ ઉલ્લેખનીય છે. શરીરની જરા અવસ્થામાં સ્વેચ્છામૃત્યુ સ્વીકારી લેવું એક ઉત્તમદૃષ્ટિકોણ છે. અને સાંપ્રત સમાજમાં સ્વીકારવા યાગ્ય છે. અસાધ્ય રોગોથી પીડાતા ઘણા વૃદ્ધ સ્ત્રી-પુરુષોએ સ્વેચ્છા મૃત્યુ સ્વીકારી લેવું જાઈએ. જો કે, હોસ્પીટલના મૂડીવાદને આ જરાય અનુકૂળ નથી હોસ્પીટલો તો કોમામાં પડેલી વ્યક્તિને વર્ષો સુધી સાચવી રાખી માનવતાના નામે માર્કેટીંગ કરી લે છે! આવા રોગીના ધનિક સગાવહાલાં પાસેથી મોટી રકમવસુલ કરી વૈજ્ઞાનિક સિદ્ધિઓની મહાનતા ગણાવવામાં આવે છે. સામાન્ય સ્થિતિના લોકોનું Sentimental Brainwash કરવામાં આવે છે. આનો સહેલો ઉકેલ સ્વેચ્છામૃત્યુ જેવો એકેય નથી. વિનોબાજી સંપૂર્ણ સાંખ્ય દૃષ્ટા હતા સામાન્ય જન સમાજની ઈશ્વરની માન્યતાઓમાં દખલ કર્યા સિવાય વૈજ્ઞાનિક સાંખ્ય અને યોગનો ધર્મ સમજાવતા. વિનોબાજીએ સ્વેચ્છામૃત્યુ સ્વાકારેલું તેમાં સાંખ્ય દૃષ્ટિ હતી. વિનોબાજીએ જૈનોના અલગ-અલગ ફિરકાઓનો સમન્વય કરાવી જૈન ધર્મના સર્વસામાન્ય સિદ્ધાન્તોના પુસ્તક समणसुत्त નું સંકલન જૈન વિદ્વાનો પાસે જ કરાવેલું.

હવે આપણે શ્રમણ પરંપરાના બૌદ્ધ ધર્મ વિશે થોડું જાણીશું. બૌદ્ધોને વેદિકો સાથે યજ્ઞમાં થતી હિંસા, ઈશ્વર અને પરલોકવાદ સામે પ્રબળ વિરોધ હતો.

બૌદ્ધ ધર્મ તેના ચાર મૂળ સિદ્ધાન્ત પર ચાલે છે.:

૧. ઈશ્વરને ન માનવા અન્યથા મનુષ્ય પોતે પોતાનો માલિક છે. એ ભાવના નષ્ટ પામશે.

૨. આત્માને નિત્ય ન માનવો, નહીં તો આત્માની શુદ્ધિ અને આત્માની મુક્તિ માટે ગુંજાઈશ નહીં રહે.

૩. કોઈ પણ ગ્રન્થ ને સ્વતઃ પ્રમાણ ન માનવો, અન્યથા બુદ્ધિ અને અનુભવની પ્રામાણિકતા જતી રહેશે.

૪. જીવન-પ્રવાહ આ શરીર સુધી પરિમિત માનવો, નહીં તો જીવન અને તેની વિપરિતતાઓ કાર્યકારણના નિયમોથી ઉત્પન્ન થયેલી માની શકાશે નહીં માત્ર આકસ્મિક ઘટનાઓ જ રહી જાશે.

આ સિદ્ધાન્તો સ્પષ્ટ રીતે વેદનો વિરોધ-ઈશ્વરનો વિરોધ-વર્ણાશ્રમનો વિરોધ-આત્માની અનિત્યતા, શરીરનું ક્ષણભંગુરપણું સૂચવે છે.

તે સિવાય બૌદ્ધધર્મના કેટલાક વિશિષ્ટ લક્ષણોને પરિણામે ભારત સિવાયના દેશોમાં પ્રતિષ્ઠા પામ્યો છે. બૌદ્ધધર્મ સિલોન-મ્યાનમાર પહેલાનું બર્મા-બ્રહ્મદેશ, થાઈલેન્ડ, કંબોડિયા, વિયેટનામ, મલેશિયા, ઈન્ડોનેશિયા, (જાવ-સુમાત્રા-બાલી), શ્રીલંકા ના દેશોમાં પ્રસાર પામ્યો છે. અને ઉત્તરમાં આવેલા દેશો...... તિબેટ, ચીન, કોરીયા, મોંગોલિયા અને જાપાનમાં મહાયાન સંપ્રદાયની પ્રધાનતા છે.

પ્રથમ તો બુદ્ધે બુદ્ધિની પ્રતિષ્ઠા કરી, તેમણે કોઈ વ્યક્તિને શરણે નહીં પણ યુક્તિને (બુદ્ધને) શરણે, ધર્મને શરણે અને પોતાની જાતના શરણે જવાનું લોકોને કહ્યું. તેમણે ધર્મ અને ગુરુને બરાબર ચકાસવાનો લોકોને ઉપદેશ આપ્યો. આના કારણે બુદ્ધિપ્રધાન અને નાસ્તિક લોકોને પણ બૌદ્ધધર્મમાં આશ્વાસન મળે છે. બીજાં બૌદ્ધધર્મે મનુષ્ય-મનુષ્યના ઉચ્ચનીયના ભેદ ભૂંસી નાંખ્યા છે. અને માનવ માત્રને સમાનતા બક્ષી છે. ઉપરાન્ત સ્ત્રી-પુરુષોની સમાનતા આપી, વેદિકોના સ્ત્રી પરના નિયંત્રણો દૂર કરી સ્ત્રીઓને પણ ધર્મ અને આધ્યાત્મિક સાધનાનો અધિકાર આપ્યો. ત્રીજું બુદ્ધે શીલ-સદાચાર ઉપર ખૂબ જ ભાર મુક્યો છે. ચોથું બુદ્ધનો મધ્યમમાર્ગ છે.

તપ કરી શરીર સુકવી નાખવાથી ચિત્ત શાન્ત થતું નથી. કે ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેવાથી પણ ચિત્તની શાન્તિ નથી મળતી. ધ્યાન માર્ગ ચિત્તશાન્તિનો ઉપાય છે વળી....

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुष्खपुण्यापुण्यविषयाणां भावनातश्चितप्रसादनम् ॥१-३३॥ पातञ्जल योगसूत्र॥

સુખી માણસોની મૈત્રી, દુઃખીઓ પર કરૂણા, પુણ્યશાળી-પરોપકારી લોકો જોઈ હર્ષ પામવો અને પાપીઓની ઉપેક્ષા કરવાથી ચિત્તની શાંતિ થાય છે. પાતઞ્જલ યોગસૂત્ર-૧-૩૩.

બુદ્ધના કેટલાક દોષોમાં પલાયનવાદ મુખ્ય છે. સંસાર દુઃખમય છે મોટે ભાગે બધા ભિક્ષુ-ભિક્ષુણિઓ બની જાય, તાર્કિક રીતે આ સાચું નથી. સ્ત્રીઓનું કુદરતી કામ પ્રજનન છે. તેને આ કર્તવ્યમાંથી વંચિત થઈને આધ્યાત્મિક ઊંચાઇઓ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છોડી દેવો જોઈએ. પણ તેમ ન થયું. સ્ત્રીઓને પણ ભિક્ષુણિઓ બનાવવાનું શરૂ થયું. બૌદ્ધોની સૌમ્ય વર્તુણકથી રાજ્યાશ્રય મળ્યો. લોકો બૌદ્ધધર્મ તરફ આકર્ષાયા. સમાજના દરેક સ્તરના લોકોને સાધુ-ભિખ્ખુ તરીકે સ્વીકાર્યા. સમાજ પર બીન ઉત્પાદક વર્ગનો બોજો વધારી દીધો. વાસ્તવમાં બુદ્ધ જેટલા દુઃખથી બધા ગભરાયા નહોતા. તેઓનો હૃદયનો આવેગ ઘટી ગયો ત્યારે કઠોર ધર્માચરણ છોડી દીધું અને પ્રમાદી બની ગયા. બ્રાહ્મણધર્મે ખૂબ પ્રતિક્રિયાઓ આપી. લોકોને અર્થ-ધર્મ-કામ અને મોક્ષના પુરુષાર્થો સમજાવ્યા. કામ-Sex કુદરતી છે-પ્રજનન હેતુ છે. સ્ત્રીની અવગણના ન થઈ શકે અને કામની તૃપ્તિ ન થાય ત્યાં સુધી મોક્ષ પણ ન મળે. માનવજાતને ટકાવી રાખવા સ્ત્રી-પુરુષનો ગૃહસ્થાશ્રમ ટકાવી રાખવા, હિન્દુ મંદિરોની દિવાલો ભોગાસનોથી શણગારી દેવાઈ. ઈ.સ.પૂર્વે પાંચસોમાં શરૂ થયોલો બૌદ્ધ ધર્મ ભારત ઉપરાન્ત વિદેશોમાં છવાઈ ગયો પરંતુ ઈ.સ.૮૦૦-૧૨૦૦ સુધીમાં ભારતમાંથી નામશેષ થઈ ગયો.

બુદ્ધ જેટલો સાંખ્ય અને યોગનો વ્યવહારૂ ઉપયોગ કોઈ કરી શક્યું નથી. બુદ્ધનું ચિન્તન અને વ્યવહાર અસામાન્ય અને તાર્કિક હતા. બધા પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણાતી માનવજાત અન્ય પ્રાણી જગત કરતાં વધારે કલહપરાયણ અને વૈર પ્રતિ વૈર પરાયણ દેખાય છે. તો આના સંતાપનિવારણનો કોઈ સરળ અને વ્યવહારૂ માર્ગ છે કે નહીં? આ મથામણે બુદ્ધને મનુષ્યોના સામુહિક દુઃખનિવારણ ની એટલે કે સામુહિક સુખની શોધ જગતને આપી.જગતના મૂળમાં શું છે? કોણે બનાવ્યું? આત્મા કે ઈશ્વર છે કે નહિ?..... વગેરે બાબતોની બુદ્ધને પરવા નહોતી. આવી વાદ વિવાદ શમે નહીં તેવી ગૂઢ અને અગમ્ય બાબતો વિશે કહી દીધું :કે "હું આવા પ્રશ્નોનું વ્યાકરણ કરતો નથી. હું એવી પ્રશ્નોની છણાવટ કરૂ છું કે જે લોકોના અનુભવમાં આવી શકે અને વૈયક્તિક અને સામાજિક જીવન શુદ્ધિ અને શાંતિમાં નિર્વિવાદપણે ઉપયોગી થઈ શકે.

બુદ્ધ કહે છે. "હું પોતે જ જરા-વ્યાધિ અને શોક સ્વભાવવાળી પરિસ્થિતિમાં બદ્ધ છું. અને છતાં ય એવી જ પરિસ્થિતિવાળા કુટુંબીજનો અને બીજા એવા જ પદાર્થોની પાછળ પડ્યો છું. તે યોગ્ય નથી. હું અજર-અમર-પરમપદની શોધ કરૂં તે જ યોગ્ય છે. આમ વિચારી પરિવારજનોને રડતા મુકી ઘર છોડી પ્રવજ્યા લીધી. પોતાના શાંતિમાર્ગની શોધમાં સાંખ્યદૃષ્ટા બ્રાહ્મણ આળાર કલામ નામના યોગીને મળ્યા. ત્યાંથી આગળ ઉદ્દક રામપુત્ર નામના યોગીને મળ્યા. ધ્યાન અને એકાગ્રતા માટે આ ઉપયોગી હતું પણ સાર્વત્રિક સુખ માટે હજી આગળ વધવું જરૂરી હતું. ત્યાંથી આગળ શ્રમણ તપસ્વીઓ ઉગ્ર તપસ્યા કરતા જોયા. બુદ્ધેપણ ખોરાક ઘટાડી નાખ્યો, શ્વાસોશ્વાસ રોકી સ્થિર બેસી રહેવાનો પણ સખત પ્રયત્ન કર્યો. આવા ઉગ્ર તપ અને હઠયોગની પ્રક્રિયા આચરતાં ખૂબ વેદના અનુભવી છતાં આવા દુષ્કર કર્મથી સાચો માર્ગ મળે એવું ન લાગતા દેહદમન છોડી દેહપોષણ પુરતું અન્ન લેવાનું શરૂ કર્યું. બુદ્ધના નજીકના સાથીઓ બુદ્ધ સાધનાભ્રષ્ટ થયા એમ સમજી છોડી ગયા. હું એકલો પડ્યો, પણ મારી આગળની શોધનો સંકલ્પ ચાલુ રહ્યો. યોગ્ય અને મિતભોજનથી મારામાં શક્તિ આવી અને હું શાંતિ અનુભવવા લાગ્યો.

બુદ્ધે પોતાના અનુભવોથી સૂઝેલી ત્રણ ઉપમાઓ આપી છે જે થોડા શબ્દોમાંય ખૂબ માર્ગદર્શક છે. (૧) પાણીમાં પડેલું ભીનું લાકડું બીજા લાકડા સાથે ઘસવામાં આવે તો તેમાંથી આગ ન નીકળે તેમ મનમાં વાસના ભરી હોય અને ભોગના સાધનોમાં રચ્યાપચ્યા હોય તેઓ ગમે તેટલું હઠયોગનું કષ્ટ વેઠે તો ય મનમાં સાચું જ્ઞાન પ્રગટે નહિ. (૨) પાણીથી દૂર રહેલું પણ ભીનું લાકડું ઘસવાથી અગ્નિ પ્રગટે નહીં તે રીતે ભોગના સાધનોથી દૂર જંગલમાં ય જો વાસના સળવળતી હોય તોય કોઈ તપ સાચું જ્ઞાન ન અપાવી શકે. (૩) પરંતુ જે લાકડું પુરેપુરૂં સૂકૂં

હોય અને જળથી વેગળું હોય તેને અરણિના લાકડાથી ઘસવામાં આવે તો અગ્નિ જરુર પ્રગટે. તેવી જ રીતે ભોગના સાધનોથી દૂર અને વાસનામુક્ત થવાય તો જ સાચો યોગમાર્ગ પ્રાપ્ત થાય, અને સાચું જ્ઞાન મેળવી શકે.

બ્રહ્મ એટલે જીવલોક, તેમાં વિહાર કરવો એટલે સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રેમમૂલક વૃત્તિઓ કેળવી સૌની સાથે સમાનપણું સાધવું. આ વૃત્તિઓને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એમ ચાર ભાગમાં વહેંચવામાં આવી છે. ટુંકમાં જોઇએ તો; 'માતા જેમ ધાવણા છોકરાનું પ્રેમથી(મૈત્રીથી) પાલન કરે છે, તે માંદુ થાય ત્યારે કરુણાથી એની સેવા કરે છે, પછી વિદ્યાભ્યાસમાં પારંગત થયે મુદિત=અંતઃકરણથી થાબડે છે. જ્યારે તે સ્વતંત્રતાપૂર્વક સંસાર શરુ કરે, અથવા પોતાની મરજી વિરુદ્ધ વર્તે ત્યારે તેની ઉપેક્ષા કરે છે; ક્યારેય તેનો દ્વેષ કરતી નથી. અને તેને સહાય કરવા સદાય તત્પર હોય છે. તે જ પ્રમાણે મહાત્માઓ આ ચાર શ્રેષ્ઠ મનોવૃત્તિઓથી પ્રેરિત થઇ, જનસમુહનું કલ્યાણ કરવા તત્પર હોય છે.

ગૂઢ અને અણઉકલ્યા પ્રશ્નોથી દૂર રહેવા માટે બુદ્ધનો માલુંક્યપુત્ર સાથેનો વાર્તાલાપ સૂચક છે. માલુંક્યપુત્રે બુદ્ધને પૂછ્યું કે, "તમે જગતના આદિ, અંત કે મૂળ કારણ વિશે તેમજ નિર્વાણ પછીની સ્થિતિ વિષે કાંઈ કહેતા નથી, તો હું તમારો શિષ્ય રહી નહીં શકું." બુદ્ધે પ્રત્યુત્તરમાં કહ્યું. "જ્યારે મેં તને શિષ્ય બનાવ્યો ત્યારે શું એવું વચન આપેલું કે આ અવ્યાકૃત પ્રશ્નોનો હું જવાબ આપીશ?........ જો આવી કોઇ શરત નહોતી તો તારે શિષ્યપણું છોડવાની જરૂર નથી." હવે સાંભળ કોઈ ઝેરી બાણથી ઘવાયો હોય અને હિતચિંતકો તે બાણ કાઢી આપવા તૈયાર થાય ત્યારે પેલો ઘવાયેલો એમ કહે કે "પહેલા મને એ જણાવો કે બાણ મારનાર કઈ નાતનો છે? ક્યા ગામનો છે? તેનું નામ-ઉંમર શું છે.? બાણ શેમાંથી બન્યું છે?" વગેરે પ્રશ્નોનો જવાબ મળ્યા પછી બાણ કાઢવા દે તો શું તે બચી શકે?...... માલુંક્યપુત્ર કહે, "નહિ" બુદ્ધ કહે, "તો પછી જે ગૂઢ અને અણઉકલ્યા પ્રશ્નો છે એના ઉત્તરોને સંયમિત જીવનશુદ્ધિના પ્રયત્નો સાથે શું સબંધ છે? વિશ્વ શાશ્વત હોય કે અશાશ્વત, નિર્વાણ પછી શું છે વગેરે તું ન જાણે તોય તારી સંયમસાધનામાં કોઈ અડચણ આવવાની નથી. તેથી આવા અકળ પ્રશ્નો ચર્ચામાં સમય અને શક્તિ ન વેડફ."

બુદ્ધેપોતાના કોઈ પણ ઉપદેશ ગમે તેમ શ્રદ્ધાથી ન માની લેવા જે સુંદર શબ્દો કહ્યા છે તેવા શબ્દો દુનિયાના કોઈ ધાર્મિક કે તત્વજ્ઞ પુરુષે કહ્યા નથી. સિવાય કે વેદવ્યાસં કૃષ્ણમુખે ખૂબ જ સંક્ષિપ્તમાં यथेच्छ कुरु। કહી અર્જુનને વિચાર સ્વાતંત્રની પ્રતીતિ કરાવી છે. એજ વાત બુદ્ધેજનસમુદાયને વિસ્તારથી કહી છે. ગીતામાં વેદવ્યાસને સાંખ્ય-યોગને ઈશ્વરવાદમાં ઝબોળવાનું અણગમતું કાર્ય કરવાનું હોઈ। ઈશ્વરની મહાનતા સિદ્ધ કરવા...... संशयात्मा विनश्यति। અને श्रद्धावान लभते। એવો ભય અને લાલચનો પૂર્વગ્રહ અગાઉ ઊભો કરી "यथेच्छ कुरु।" કહ્યું છે. જ્યારે બુદ્ધનું વ્યક્તવ્ય માનવસહજ છે નીરીશ્વરવાદી છે.જનસમાજને ચકાસવા આવાહન આપ્યું છે. બુદ્ધના આ શબ્દો અત્યંત તટસ્થ અને મોટાઈ વગરના, પ્રશંસનીય છે.

બુદ્ધેકહ્યું: "હું જે કાંઈ કહું છું તે પરંપરાગત છે એમજાણીને ખરૂં માનશો નહીં."

"તમારી પૂર્વપરંપરાને અનુસરીને છે એમ જાણીને ખરૂં માનશો નહીં.આવું હશે એમ ધારી ખરું માનશો નહીં

"તર્કસિદ્ધ... એમ જાણીને ખરૂં માનશો નહીં."

"લૌકિક ન્યાય છે એમ જાણીને-ખરૂં માનશો નહીં."

---

* "अलं हि वो कालामा कङ्खितुं अलं विचिकिच्छतुं। कङ्खनीयेव पन वो ठाने विचिकच्छा उत्पन्ना। एथ तुम्हे, कालामा मा अनुस्सवेन, मा परम्पराय, मा इतिकिराय, मा पिटकसम्पदानेन, मा तक्कहेतु, मा नयहेतु, मा आकारपरिवितक्केन, मा दिट्ठिनिज्झानक्खन्तिया, म भब्बरूपताय, मा समणो नो गरूति। यदा तुम्हे, कालामा, अत्तना व जानेय्याथ—"इमे धम्मा अकुसला, इमे धम्मा सावज्जा, इमे धम्मा विञ्ञुग रहिता, इमे धम्मा समत्ता समादिन्ना अहिताय दुक्खाय संवत्तन्ती'ति, अथ तुम्हे कालामा पजहेय्याथ।

"तं किं मञ्ञथ, कालामा, लोभो पुरिसस्स अज्झत्तं उप्पज्जमानो उप्पज्जाति हिताय वा अहिताय वा" ति?.......... "अहिताय, भन्ते"।

"કાલામો! એમાં શંકા યા સંદેહની જરુર નથી, પણ શંકાસ્પદ સ્થાનમાં જ તને સંદેહ થઇ રહ્યો છે. અહીં તમોને મારો પરામર્શ એ છે કે--- 'તમે કોઇની કહી-સાંભળી વાત પર ધ્યાન ન આપો', 'કોઇની પરંપરા છે એટલે પણ નહીં', 'આ ઇતિહાસ છે એટલે વિશ્વાસ ન કરો', અથવા 'આવું ગ્રન્થોમાં લખ્યું છે'—એ વાત પણ ન માનો'. 'તર્ક યા યુક્તિ કે સુન્દર શબ્દાવલિના ભ્રમમાં ન પડો'. 'તમને મતની અનુકુળતા(દૃષ્ટિ-નિધ્યાન-ક્ષાન્તિ) છે' એટલે તેના ચક્કરમાં ન પડો'. 'કોઇની ભવ્યતાથી અંજાઇ જઇ વિચલિત ન થાઓ.' 'આ શ્રમણ કે ગુરુ છે એટલે સાચું જ કહેશે—એવો વિશ્વાસ ન રાખો'. પરંતુ જ્યારે તમને પોતાને સમજાય કે—આ ધર્મ અકુશળ છે, આ ધર્મ સદોષ છે, આ ધર્મોની વિદ્વાનોએ નિન્દા કરી છે'. અથવા આનું ધર્મપાલન કર્યેથી અહિતકર અને દુઃખદ જ નિવડશે'.તો કાલામો એવા ધર્મોને છોડી દ્યો.

"તો હે કાલામો! તમે માનો છો કે—લોભ જ્યારે પ્રાણીના મનમાં પેદા થાય છે, તે હિતકર હશે કે અહિતકર?'......... "અહિતકર ભન્તે!"

અંગુત્તરનિકાય-૧. ત્રિકનિપાત- ૭-મહાવગ્ગ(૧૦)— ૫-કેસમુત્તિસુત્તમ, કલામસુત્તમ (સમ્પાદકઃ દ્વારકાદાસ શાસ્ત્રી) ૨.પંડિત સુખલાલજી 'દર્શન અને ચિન્તન'

"સુંદર લાગે છે માટે ખરૂં માનશો નહીં." "-તમારી શ્રદ્ધાને પોષનારૂં છે-એવું જાણીને ખરૂં માનશો નહીં."
"હું પ્રસિદ્ધ સાધુ છું. પૂજ્ય છું. એવું જાણીને ખરૂં માનશો નહીં."
"પણ તમારી વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે એનો સ્વીકાર કરજો, તેમજ સૌના હિતની વાત છે, એમ લાગે તો જ તેનો સ્વીકાર કરવો." .... *કાલામસૂત્ત

અહીં એટલું યાદ રાખવું જાઈએ કેઃ

"ભક્તિ એટલે તમારા મગજના ચિન્તનના બધાય દ્વાર બંધ કરી દ્યો!"

અને "શ્રદ્ધા એટલે બીજાનું સત્ય ક્યારેય સ્વીકારો જ નહીં!"

એક સમયે વૈદિકો અને પૌરાણિકો બુદ્ધને અવગણવામાં કૃતાર્થતા માનતા હતા તે જ વૈદિકો અને પૌરાણિકોએ

બુદ્ધને વિષ્ણુના એક અવતાર લેખે સ્થાન આપ્યું છે. જે બુદ્ધના મોટા ભારતીય અનુયાયીઓને પોતાની પરંપરામાં સમાવવાનો પ્રયત્ન હોય.......

सदय हृदय दर्शित पशुघातं। केशव धृत बुद्ध शरीर। जय जगदीश हरे।

બુદ્ધના દૃષ્ટિકોણ ખૂબ જ સઘન રીતે નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગપરંપરા ને અનુસરે છે. પાછળથી બૌદ્ધના અનુયાયીઓએ ઘણા ફેરફાર કરી જટિલતા વધારી છે. "વાવે તેવું લણે અને કરે તેવું પામે" એવો કર્મનો સિદ્ધાન્ત સ્વીકારી પુનર્જન્મ સ્વીકારી લીધો અને સાંખ્યનો દ્રોહ કર્યો. બૌદ્ધોને રાજ્યાશ્રયનો મોહ ખૂબ જ હતો. જો કે, તે સમયના ત્રણેય ધર્મો... જૈન-બ્રાહ્મણ-બૌદ્ધને રાજ્યાશ્રય મેળવવાની ગળાકાપ સ્પર્ધા હતી.

અશોકના સમયથી રાજ્યાશ્રયનો સ્વાદ ચાખેલો એટલે રાજ્યાશ્રય મેળવવા કે જાળવી રાખવાના પ્રયત્નોમાં પડી જવાતું અને સારા ધર્મપાલનની વાત બાજુએ રહેતી. વળી તેના હરીફો તરીકે જૈન અને બ્રાહ્મણ ધર્મ પણ રાજ્યાશ્રય શોધતા.મોટા વિહારો અને સંઘારામોની જમીનોના દાન મળતાં એટલે સંઘારામોમાં સુખમય જીવન પસાર કરતા. લોક કલ્યાણ ને બદલે સંઘારામોની ચિન્તા વધી, અધિકારી વર્ગને ખુશ રાખવા સંસ્કૃત-રચનાઓ કરતા. પંડિતાઈ અને વાદવિવાદનો ઘમંડ રહી ગયેલો. લોક કલ્યાણ માટે બહાર ન નીકળતા સંઘારામો ભિક્ષુઓના પાંજરા સમાન બની રહ્યા. મુસ્લિમોના આક્રમણ સમયે પાંજરામાં પુરાયેલા હજારો ભિક્ષુઓનો સંહાર *મુસલમાનો કરી શક્યા. તે વિધિની કરૂણતા છે.

આ બે શ્રમણ-પરંપરાએ બ્રાહ્મણધર્મના સંશોધન સુધારણા કરવાની ઘણી તકો ઉભી કરી. અન્ય નાસ્તિક દર્શનો અથવા વેદવિરોધી દર્શનો પણ અસ્તિત્વમાં આવેલા તેનો આપણે થોડો પરિચય મેળવીશું. આપણો ઈરાદો નીરીશ્વરવાદી અને કર્મફળના સિદ્ધાન્ત વગર માત્ર નિર્મળ સાંખ્ય અને યોગના દૃષ્ટિકોણને કેન્દ્રમાં રાખવાનો છે. દુનિયાના તમામઆગેવાન ધર્મોએ ઈશ્વર-પરલોક-પુનર્જન્મ અને મોક્ષની કાલ્પનિક શૃંખલામાંથી એકાદ કડી તો સ્વીકારી લીધી છે. જ્યુડોઈઝમ-ખ્રિસ્ત-ઈસ્લામ-ત્રણેય સેમેટિક ધર્મ, બ્રાહ્મણ ધર્મ તો ઈશ્વર-પરલોકને માને જ છે, જૈન અને બૌદ્ધ ધર્મ ઈશ્વર નથી સ્વીકારતા પણ કર્મફળની શૃંખલામાં તો છે જ.

ભારતમાં ચાર્વાક દર્શન પણ સાંખ્ય આધારિત તત્વજ્ઞાન છે. યોગ દર્શનનો ઉપયોગ બહુ થોડો કર્યો છે. અને વાદ-વિવાદમાં મુશ્કેલી ન પડે તે માટે સાંખ્યના પંચમહાભૂતો-આકાશ-વાયુ-અગ્નિ-જળ અને પૃથ્વીમાંથી આકાશ તત્વ પડતું મુક્યું છે. આત્મતત્વને પ્રકૃતિજન્ય ગણ્યું છે. પાપ નથી, પુણ્ય નથી, ઈશ્વર નથી, પૂર્વજન્મ-પુનર્જન્મનથી, ઈશ્વર, ઈશ્વરના અવતારો, દૂતો,મસીહાઓ, પયગંબરો, ગુરુઓને પણ ચાર્વાકો માનતા નથી. અર્થ અને કામબે પુરુષાર્થ જ છે. કામતૃપ્તિ અને મૃત્યુ જ મોક્ષ છે. પ્રત્યક્ષ પ્રમાણ એક જ છે.

ચાર્વાક દર્શન સાંખ્ય આધારિત જ છે, પરંતુ વિવાદમાં સ્થાપિત કરવી પડે તેવી કઠિન બાબતો છોડી દીધી છે. ચાર્વાક ને ગમે તેટલો ઉતારી પાડવામાં આવે પણ જગતના સર્વ દર્શનોમાંથી એક માત્ર વાસ્તવિક દર્શન છે. કારણ કે બધા ધર્મોએ લોકો પર ભય અને લાલચ વડે શાસિત કરવા અને મુરખ બનાવવા ખૂબ જ જરૂરી છે. નવાઈની વાત એ છે કે ભારતમાં ચાર્વાકોનો નાશ કરવા જૈન, બ્રાહ્મણ અને બૌદ્ધ ત્રણેય ધર્મોએ એક સંપ કરી પ્રબળ પ્રયત્નો કર્યા હતા જૈનધર્મે અંદરખાને થોડો સહકાર આપ્યો હશે પણ ચાર્વાકોના નાશ પછી તેના સાહિત્યને

---

*ઇ.સ.૧૧૯૩માં બખ્તિયાર ખીલજીએ માત્ર ૨૦૦સૈનિકો વડે ૧૨૦૦૦બૌદ્ધ સાધુઓને સળગાવી મુક્યા, નાલંદાની નવ માળની લાયબ્રેરી જેમાં ૯૦લાખ પાણ્ડુલિપિઓ હતી તે સળગાવી મુકી, જેમાંથી છ મહિનાઓ સુધી ધુંમાડો નીકળતો રહ્યો. હું આને મુસ્લિમ અત્યાચારનું અત્યન્ત ધૃણિત કાર્ય માનું છું.

સાચવવા પુરતો જ. ચાર્વાકની પ્રશંસા ચાણક્યે કરેલી પરિણામે ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ.પૂર્વે૧૯૦૯ સુધી તેનો "અર્થશાસ્ત્ર" નો ગ્રન્થ ભૂગર્ભમાં રહ્યો! વળી ચાર્વાક અને કૌટિલ્ય દણ્ડનીતિનું સમર્થન કરતા. આ વાત લોકપાલના કાયદા જેવી કઠિન હતી. લોકપાલ વડાપ્રધાન સામે કાર્યવાહી કરી શકે. તેમ ચાર્વાકની દણ્ડનીતિ રાજાઓ અને ધાર્મિક નેતાઓને પણ સ્પર્શી જતી. ધાર્મિક નેતાઓને કે શાસકોને દંડ કરાય એને તો ઈશ્વર પરલોકમાં દંડ આપે એટલે સ્વર્ગમાં પથારી ને બદલે જમીન પર સૂવાનું હોયે! ઘણા સમય પછી ધાર્મિકોને રાજાઓને પોતા ગુન્હો કરે તો સજા રૂપે પ્રાયશ્ચિત કરવાનું નક્કી થયેલું. આવડા મોટા મહાન માણસોને કોઈ દંડ કરે તે સારૂં લાગે?! ચાર્વાક દર્શનના કેટલાક દૃષ્ટિકોણ તપાસીએ..... ચાર્વાકો માટે એક બહુ પ્રચલિત ભોગવાદી વિધાન છે. જનો એના વિરોધીઓએ ખૂબ પ્રચાર કર્યો છે. ભારતના ત્રણ ધુરંધર ધર્મો વિરોધી હોય પછી શું વીતે ! એ શ્લોક ખરેખર આમ છે.

यावत् जीवेत् सुखं जीवेत्। न अस्ति मृत्युः अगोचरः। भस्मीभूतस्य देहस्य पुनरागमनम् कुतः॥

જીવો ત્યાં સુધી સુખેથી જીવો, દરેક પ્રાણીનું મૃત્યુ નિશ્ચિત છે. (કોઈને મૃત્યુ અગોચર નથી.) ભસ્મીભૂત થયેલા દેહનું પુનરાગમન ક્યાંથી શક્ય હોય. આને બદલે ऋणं कृत्वा घृतं पिबेत्।એવા શબ્દો બીજા ચરણના नास्ति मृत्युरगोचर।ને બદલે મુકી દીધા છે. અને ચાર્વાકની ઓળખ ભોગવાદી અને ભૌતિકવાદી તરીકે વિકૃત કરી છે. ખરેખર તો ઈશ્વર-પરલોક-પુનર્જન્મને માનનારા જ મુડીવાદી છે. પોતાની કરન્સી નોટો પર પણ "IN GOD WE TRUST" છાપે છે. ચાર્વાકો જ ખરા માનવતા વાદી અને વાસ્તવવાદીઓ છે. જો ચાર્વાક વિચારશ્રેણી ન હોત તો પરલોકવાદીઓના મગજનું ધોવાણ થઈ ગયું હતું. સ્વર્ગ-પાપ-પુણ્ય-મોક્ષ-પરલોક-બ્રહ્મજ્ઞાન-પુત્રપ્રાપ્તિની માયાજાળમાંથી ઈહલોકના સુખ-માટે વિદ્યા-વિજ્ઞાન માટે વિચારવાનો સમય જ નહોતો. ચાર્વાક કે સાંખ્યદૃષ્ટાઓએ અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, શબ્દકોષ, વૈદિક, જ્યોતિષ, જેવી પ્રત્યક્ષ અને જીવન-સ્પર્શી વિદ્યાઓનો વિકાસ કરવામાં પ્રયત્નશીલ રહ્યા છે. આને તમે ભોગવાદ કેવી રીતે કહી શકો.

ત્યાગ-વૈરાગ્ય અને દાનને વધુ પડતું મહત્ત્વ આપી પરલોક સુધારવો એના કરતાં અહીં જ વાસ્તવિક રીતે સુખી જીવન પસાર કરવું ઈચ્છનીય છે. ત્યાગ-દાન-વૈરાગ્ય નો ઢોલ વગાડવવામાં સ્થાપિત હિતો સમાયેલા છે. લોકોને છેતરવાનો સરસ ઉપાય છે. બલિ-વામનની વાર્તા આનું સ્પષ્ટ ઉદાહરણ છે. ઠીંગણા-વામન કદના બ્રાહ્મણને ત્રણ ડગલાં જમીન બલિરાજા પાસે માગી, વિષ્ણુરૂપ-વામને ત્રણ ડગલાંમાં ત્રણેય લોક પડાવી લીધાની વાર્તા છે, આમાં બલિને છેતરવામાં આવ્યો તેમ કોઈ કહેતું નથી અને વામનના ગુણગાન ગાવામાં આવે છે! ભારતીય પ્રાચીન સાહિત્યમાં અનેક વિદ્યાઓના ઊંડા મૂળ નંખાયા છે. જેના વિના વર્તમાન જીવનનો સ્વસ્થ વ્યવહાર ચાલી જ ન શકે આ સિદ્ધિને ચાર્વાક દૃષ્ટિએ આપેલું યોગદાન કહી શકાય.

દુનિયાના બધા ધર્મો ભ્રાન્ત તત્વોને માને છે. જેમાં જ્યુડોઈઝમ-ખ્રિસ્તી-ઈસ્લામ-બ્રાહ્મણ(વૈદિક) ધર્મો આવી જાય છે. જૈન અને બૌદ્ધ ધર્મ ઈશ્વરને નથી માનતા પણ પરલોક-પુનર્જન્મને માને છે પછી ઈશ્વરને માનવા ન માનવાની બાબતમાં કાંઈ ફરક પડતો નથી. ભ્રાન્ત તત્વોની શૃંખલા છે જેમાંની એક કડી ય પુરતી છે. પાપ-પુણ્ય-સ્વર્ગ-નરક-મોક્ષ-પૂર્વજન્મ-પૂનર્જન્મ-ઈશ્વર-અવતાર-ગુરુ-સંત-મહંત-મસીહા પયગંબર...... આ બધું કાલ્પનિક છે. આ જ ભ્રાન્ત તત્વો છે. વાસ્તવિક તત્વો સાંખ્યની દૃષ્ટિએ પચ્ચીસ જ છે. अष्टधा प्रकृति। षोडशः विकाराः। पुरुषः। પ્રકૃતિ આઠ, વિકૃતિ સોળ. અને ચેતન તત્વ પુરુષ. ચાર્વાકોએ સાંખ્યના પંચમહાભૂતોમાંથી આકાશ તત્વનો સ્વીકાર કર્યો નથી અને આત્મતત્વ કે ચેતનતત્વને પ્રકૃતિનો વિકાર ગણ્યો છે. અથવા પ્રકૃતિજન્ય માન્યો છે. સાંખ્યમાં કરેલા ફેરફારથી મૂળ સાંખ્ય દૃષ્ટિમાં ફરક પડતો નથી. પરંતુ વ્યવહારમાં વાદવિવાદમાં સહેલાઈ થાય તેવો ઈરાદો છે. ચાર્વાકોએ પ્રત્યક્ષ પ્રમાણ જ સ્વીકાર્યું છે. અનુમાન પ્રમાણને ક્યાંક થોડેઘણે અંશે સ્વીકાર્યું છે. પણ આગમ પ્રમાણ એટલે કે શાસ્ત્રવચનો કે આપ્તજનો-વિદ્વાનોને પ્રમાણ સ્વીકારવાનું જરાપણ ઉચિત નથી માન્યું કારણ કે આગમ પ્રમાણનો ભ્રાન્ત તત્વો સાબિત કરવા સિવાય બહુ ઉપયોગ નથી. બધા આસ્તિક કે નાસ્તિક, બૌદ્ધ કે જૈન દર્શનો આગમ પ્રમાણ સ્વીકારે છે, સિવાય ચાર્વાક! સહુને ઈશ્વર - પરલોક - પુનર્જન્મ સાબિત કરવા માટે મોટું પ્રમાણ છે. સાંખ્યકારિકામાં પ્રત્યક્ષ પ્રમાણ પણ આઠ જગ્યાએ નબળું પડે છે. તે સૂચવ્યું છે. (આમ તો ચાર્વાકે માત્ર પ્રત્યક્ષ પ્રમાણ સ્વીકારેલું તેની ઉપેક્ષા છે.)

अतिदुरात् सामीप्यात् इन्द्रियघातान् मनोऽनवस्थानात्। सौक्ष्म्यात् व्यवधानाद् अभिभावात् अभिहार च॥ सांख्यकारिका-७

સાંખ્યકારિકામાં પ્રત્યક્ષ પ્રમાણના ય દોષો કહેવાયા છેઃ જેમકે, ખૂબ દૂર હોવાથી ન દેખાય, ખૂબ નજીકમાં હોવાથી ન દેખાય જેમકે આંખને કાજળ, ઈન્દ્રિયનો ઘાત થવાથી, જેમકે બહેરા-આંધળા, મન સ્થિર ન હોવાથી. અતિ સૂક્ષ્મપણાથી પ્રત્યક્ષ ન થાય, આવરણ આવવાથી જેમકે પડદા પાછળ વાદળા આડે સૂર્ય ન દેખાય, અભિભૂત થવાથી એટલે કે સૂર્યના તેજમાં ગ્રહો-નક્ષત્રો દેખાતા નથી તેમ, સમાનવસ્તુમાં ભળી જવાથી જેમકે ઘઉંમાં જવ.

ચાર્વાક દર્શન વાસ્તવિકતાની વધુ નજીક છે. બ્રાહ્મણધર્મના કેટલાક વ્યવહારો પર તીવ્ર કટાક્ષ કરે છે. યજ્ઞનું બલિ પશુ સ્વર્ગમાં જાય તો યજ્ઞ કરાવનાર કેમ નહીં! મરેલા શ્રાદ્ધથી તૃપ્ત ન થાય. જા તેમ હોય તો જીવતા વિદેશ જાય તેનું શ્રાદ્ધ ઘરે નાખે અને વિદેશ જનારનું ત્યાં પેટ ભરાઈ જાવું જાઈએ પણ એવું બનતું નથી. દાન કરવાથી ય સ્વર્ગમાં રહેલા પિતૃઓ ન સંતોષાય, મરણોત્તર કાર્ય આજીવિકાના સાધનો છે. વૈદિકો ભાંડ,ઠગ અને ધૂર્ત છે.

त्रयो वेदस्य कर्त्तारों भण्ड धूर्तनिशाचराः। બીજું ચરણ વેદના અર્થહીન શબ્દોની ટીકા કરે છે.

जर्भरीतुर्फरीत्यादिपण्डितानां वचः स्मृतम्॥ (सर्वदर्शनसङ्ग्रह।)

સંસારમાં સન્માનિત થયેલ રાજા પરમેશ્વર છે. મૃત્યુ જ મોક્ષ છે. વાયુ-અગ્નિ-જળ-પૃથ્વી ચાર જ મહાભૂત છે. આકાશ નથી. દારૂના આથાની જેમ આત્મા-ચૈતન્ય છે. શરીર જ આત્મા છે. જૈનોના દિગમ્બર સાધુ પરનો કટાક્ષ છેઃ શરીરને કષ્ટ આપી તપ કરનારાઓ આ નગ્ન શ્રમણોને, આજીવિકા માટે આ બધું કોણે શીખવ્યું ?

नग्न श्रमणक दुर्बुद्धे कायक्लेशपरायणष्। जीविकार्थेऽपि चारम्भे केन त्वमसि शिक्षितः।

બૌદ્ધો તરફ પણ તીવ્ર કટાક્ષો કરવામાં આવ્યા છે. બુદ્ધ અંગત રીતે વાસ્તવદર્શી છે. અહિંસા અને સંયમિત જીવનના આગ્રહી છે. આત્મા, પરલોક, ઈશ્વર, સૃષ્ટિની રચના વગેરે કાલ્પનિક બાબતો પર ચર્ચા કરી સમય બગાડવા માગતા નથી. પણ પાછળથી બુદ્ધના અનુયાયીઓએ સ્વર્ગ-નર્ક, પુનર્જન્મ, અવતાર, મોક્ષ વગેરે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સ્વીકારી લીધું છે. તેથી બૌદ્ધો પણ ચાર્વાક વિરોધી બન્યા છે.

મહાભારત, રામાયણ, વિષ્ણુપુરાણ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પ્રબોધચન્દ્રોદય, વેણીસંહાર, વગેરે સંસ્કૃત સાહિત્યમાં તેમજ જૈન વિદ્વાન હરિભદ્રસૂરિના ગ્રન્થ "ષડ્દર્શન સમૂચ્ચય" અને માધવાચાર્યના ગ્રન્થ "સર્વદર્શનસંગ્રહ"માં ચાર્વાક દર્શન અથવા લોકાયત મતના ઉલ્લેખો છે. ચાર્વાક દર્શનનો એક સ્વતંત્ર ગ્રન્થ "તત્વોપ્લવસિંહ" જયરાશિ ભટ્ટ દ્વારા રચિત, પ્રાપ્ય છે પણ તે સંપૂર્ણ પણે ચાર્વાક દર્શન નથી અન્ય દર્શનોના તત્વોની અપ્રમાણિકતા પર ભાર મૂક્યો છે.

શ્રમણ-બ્રાહ્મણ એટલે વેદ અને ઈશ્વરમાં ન માનનારા સંપ્રદાય ખાસ કરી જૈન અને બૌદ્ધ. આ સિવાય એક શબ્દજોડી પ્રચલિત છે..... આસ્તિક-નાસ્તિક. અહીં આપણે શાબ્દિક અર્થ લઈએ તો જેને જૈન સંપ્રદાયમાં આસ્થા છે. તે જૈનો માટે આસ્તિક, પણ હિન્દુઓ માટે નાસ્તિક, કારણ કે, જૈનો વેદ અને ઈશ્વરમાં માનતા નથી. શરૂઆતમાં જુના જમાનામાં પણ એક વર્ગ એવો હતો; જે પુનર્જન્મ જેવા ભ્રાન્તતત્વોને માનવા તૈયાર નહોતો. આવા લોકોને પુનર્જન્મમાં આસ્થા રાખનારાઓએ નાસ્તિક કહ્યા અને પુનર્જન્મમાં શ્રદ્ધા રાખનારાઓએ પોતાની જાતને આસ્તિક તરીકે ઓળખાવ્યા. સમય જતાં ઘણા ઈશ્વરને જગતનો કર્તા માનતા જ્યારે કેટલાકો સ્વતંત્ર ઈશ્વર છે જ નહીં અને હોય તો ય સૃષ્ટિના સર્જન સાથે તેને કાંઈ લેવાદેવા નથી. હવે આસ્તિક ઈશ્વરને માનનારા બન્યા અને ઈશ્વરમાં અશ્રદ્ધા રાખનાર નાસ્તિક. એટલે નાસ્તિકની પરિભાષા પુનર્જન્મમાં કે ઈશ્વરમાં ન માનનાર તરીકે લંબાણી વધારે ગુંચવાડો ત્યારે થયો કે કેટલાક નાસ્તિકો ઈશ્વરને ન માનતા પણ પુનર્જન્મને માનતા. (સામાન્ય રીતે શ્રમણો). એટલે પુનર્જન્મવાદીઓ ઈશ્વરને ન માનતા હોવા છતાં પોતાને આસ્તિક કહેવરાવવા લાગ્યા.

વળી એક પ્રશ્ન ઉભો થયો વેદના પ્રામાણ્યનો, કેટલાક પુનર્જન્મ અને ઈશ્વરમાં માનતા હોવા છતાં વેદને માનવા તૈયાર નહોતા, તો કેટલાક વેદ અને પુનર્જન્મમાં માનતા પણ ઈશ્વરમાં નહીં! એટલે મિમાંસકો-(જૈમિની નું પૂર્વ મિમાંસા દર્શન વેદના યજ્ઞોને સમર્થન આપે છે ઈશ્વરને નહીં!) ને ખરેખર નાસ્તિક કહેવા પડે! આનો સરળ ઉકેલ મનુસ્મતિએ આપ્યો અને "નાસ્તિક એટલે વેદનિંદક" એટલી ટુંકી વાખ્યા કરી આપી.

હવે પુનર્જન્મ અને વેદને માનનારા સામા પક્ષને નાસ્તિક કહેવા લાગ્યા. સામાવાળાઓ નવા શબ્દો શોધી કાઢ્યા..... સમ્યક્ દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. હવે જૈનો અને બૌદ્ધો પુનર્જન્મમાં માનતા પણ ઈશ્વરમાં નહીં. એટલે કે, વેદનું પ્રમાણ ન સ્વીકાર્યું. આ માન્યતા જ સાચી છે. ઠીક છે માટે સમ્યક્ દૃષ્ટિ વાળી છે અને વિરોધીઓ જેઓ વેદ અને ઈશ્વર માને છે. તેઓ મિથ્યા દૃષ્ટિ વાળા, ભ્રામક માન્યતાઓ વાળા છે. આમ સંસ્કૃતમાં આસ્તિક-નાસ્તિક અને પ્રાકૃતનો ઉપયોગ કરનાર જૈનો બૌદ્ધોએ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ અને વિરોધી પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ શબ્દો વાપર્યા. (સમાદિટ્ઠિ-મિચ્છદિટ્ઠિ પ્રાકૃત).

આપણે અહિંસા અને વેદવિરોધમાં માનનારા જૈનો-બૌદ્ધો સમાનધર્મા લાગે છતાં બંને વચ્ચે પણ પ્રબળ વિરોધ હતો. એનું કારણ કદાચ રાજ્યાશ્રય મેળવાની સ્પર્ધા હોઈ શકે! આથી જૈનો પોતાના સગાભાઈ જેવા બૌદ્ધ મિત્રોને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા તેવી જ રીતે બૌદ્ધોએ પણ જૈનોને મિથ્યાદૃષ્ટિ કહ્યા. એટલે આસ્તિક, નાસ્તિક, સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ જે સ્વપક્ષ અને વિરોધી પક્ષ માટે વાપરવા સામાન્ય ભાવ ગણાય અહીં તેનાથી ઉલટું થયું છે. શાસ્ત્રકારો અને વ્યાકરણશાસ્ત્રીઓએ વ્યાખ્યાઓ આપી શબ્દોની ભ્રામક્તા વધારી મુકી છે.

શબ્દાર્થની રીતે આસ્તિક-નાસ્તિકમાં તો સ્વીકાર-અસ્વીકારનો ભાવ છે પણ સમ્યક્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ જરા વધુ વજનદાર શબ્દો છે. જેમાં પોતાનું યથાર્થપણું અને સામા પક્ષનું ભ્રાન્તપણું સૂચિત છે! આ ભાવ જરા આકરો અને કડવો પણ છે. માણસજાત પોતાના વિરોધીઓનો નાશ જ કરવા ઈચ્છતી હોય એવી છૂપી પ્રાકૃતિક લાગણી હોય છે અને તે શબ્દરૂપે કડવાશ લઈ આવે તો વાંધાસરખુ ન ગણવું જાઈએ! જૈનોના શ્વેતાંબર અને દિગંબર ફિરકાઓ એક બીજાને જૈનાભાસ (કૃત્રિમ-આભાસી-દેખાવ પુરતો જૈન) અને નિહ્નવ કહેતા. ઈસ્લામમાં ઈસ્લામને ન માનનાર કાફિર કહેવાય છે.

જ્યારે ચાર્વાક બધા જ ભ્રાન્તતત્વો (પાપ-પુણ્ય-સ્વર્ગ-નર્ક-પુનર્જન્મ-પૂર્વજન્મ-ઈશ્વર-અવતાર-ગુરુ)નો વિરોધ કર્યો ત્યારે વૈદિકો-જૈનો અને બૌદ્ધોએ (ત્રણેય શુદ્ધ ધર્મોએ એકસંપ કરી) ચાર્વાકોને બાળી મુક્યા. તેમના સાહિત્યનો નાશ કર્યો.

આ કટુતા જ્યારે ઉગ્ર બને છે ત્યારે સુધારાવાદી સાચી માન્યતાઓ પ્રસરાવવાનું કઠિન બની જાય છે. જેમકે, રાજા રામમોહનરાય સતીપ્રથાનો વિરોધ કર્યો ત્યારે રૂઢિવાદીઓ તેમની હત્યાનું કાવતરૂં કરતાય અચકાયા નહોતા. દયાનન્દ સરસ્વતીએ મૂર્તિપૂજાનો વિરોધ કરી, અસ્પૃશ્યતા, વિધવાવિવાહ આંતરજ્ઞાતિય લગ્નો, વિધર્મી થયેલાનું આર્યમાં પરિવર્તન કરેલું; ધાર્મિક વિધિઓના સહારે ધન પડાવનાર અને દુરાચારો કરનારા ગોંસાઈઓ-પંડાઓનો વિરોધ કરેલો પરિણામે કોઈએ દયાનન્દ સરસ્વતી પર વિષપ્રયોગ કરી અંત આણ્યો!

શંકરાચાર્યની હત્યા પણ બૌદ્ધ તાન્ત્રિકોએ કરી નાખેલી. ઈસ્લામે હિન્દુઓને કાફિર ગણી લાખો કતલ કરી. આ માત્ર સ્વપક્ષ-પરપક્ષના વિરોધનું આખરી ઝનુની સ્વરૂપ છે. મહાત્મા ગાંધી પણ બ્રિટિશ સરકારમાં આસ્થા ન ધરાવતા હોવાથી બ્રિટિશ સરકાર માટે નાસ્તિક અને રાજદ્રોહી ગણાય. કરોડો ભારતીયોને ગુલામીમાંથી મુક્ત કરવા માટે આ અત્યંત આવશ્યક હતું. તો આવા ભિન્ન મત ધરાવનારા માટે ય અહિંસક દૃષ્ટિ કેવી રીતે કેળવવી તે નજર સમક્ષ રાખી મહાત્માજીએ ભારતને સ્વતંત્રતા અપાવી વિશ્વને અહિંસાનો અજોડ પ્રયોગ કરી બતાવ્યો.

કોઈ તમને નાસ્તિક કહે તો સ્વઃમતથી વિરૂદ્ધ હોવાથી તેમ કહે છે, તેમ માની ઉદારતા રાખવી. કેટલાક નિન્દા અને આવેશમાં આવી કહે તો તેનું સંકુચિત માનસ સમજી ધીરજ રાખવી, તે જ સારૂં. કેટલીક વાર વિરોધીઓની વાતમાં સામુહિક માનવહિતની દૃષ્ટિએ કેટલું તથ્ય છે. તે તટસ્થ પણે વિચારવું. છેવટે પાતંજલિ યોગસૂત્રમાં કહે છે તેમ પાપીઓની ઉપેક્ષા કરવાથી ચિત્તની શાન્તિ થાય છે. કોણ જાણે કેમ, માનવજાતને મહાનતાની સ્પર્ધા વિના ગમતું નથી. પોતે-પોતાનો સમાજ, ધર્મ, પરંપરાની મહાનતામાં રચ્યાપચ્યો રહે છે. પોતાની જ મહાનતા સાથે કાંઈ વાંધો નથી પણ બીજાને હલકા અને અજ્ઞાની સમજવાની વૃત્તિ ઘાતક-સ્પર્ધામાં પરિણમે છે. આથી શબ્દો બદલાયા કરે છે. શ્રમણ-બ્રાહ્મણ, આસ્તિક-નાસ્તિક, સમ્યકદૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ, કાફિર-મોમીન, સામ્યવાદ-મૂડીવાદ એમ ચાલ્યા જ કરે છે. આ ઝનુનમાં *સત્ય ખોવાઈ ગયું છે. તે શોધવાનો આપણો પ્રયાસ છે.

---

* મહાભારત સત્યની વ્યાખ્યા કરતા કહે છે કે "સત્ય એ કહેવાય જે છળથી વીંધાયેલુ ન હોય" પણ છળ થી ક્યાં વીંધાયેલું છે તે જાણી ન શકાય ત્યાં સુધી તો સત્ય રહેવાનું! આપણે જેને ભ્રાન્ત તત્વો કહીએ છીએ તે પાપ-પુણ્ય-સ્વર્ગ-નર્ક-પુનર્જન્મ-પૂર્વજન્મ-ઈશ્વર-અવતાર મસીહા-પયગંબર..... આમાંથી વાસ્તવિક રીતે કોઈપણ તત્વ સાબિત કરી શકાય તેવું નથી. માત્ર કાલ્પનિક વાતો છે. કોઈના સ્વર્ગનો દરવાજા ભગવા રંગનો છે કોઈનો લીલો, કેટલાકના સ્વર્ગના દરવાજે પરીઓ ફુલહાર લઈ ઉભી છે! દુનિયાના દરેક ધર્મો એક યા બીજા સ્વરૂપે ભ્રાન્ત તત્વો સ્વીકારે છે. અહીં જ સત્ય છળથી

॥ ॐ नमः शिवाय॥

ઉપસંહાર

આશરે ઈ.સ.પૂર્વે ૮૦૦૦ વર્ષની આસપાસ એવી માનવ પ્રજાતિનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું, જે ભાષા-લિપિ અને ભૂમિતિના જ્ઞાનથી પરિચિત હતું. ભૂમિતિનું જ્ઞાન સ્થાપત્ય રચના માટે જરૂરી હતું તેનો વ્યવહારુ ઉપયોગ, ઓળીંભો(Vertical), સપાટ મેદાન અને ઢાળ માટે લેવલનું જ્ઞાન (Horizontal) અને કાટખુણો (Right Angle), ત્રિકોણ, વર્તૂળ, ચોરસ, પિરામિડ, શંકુ, વજન અને માપના પરિમાણોનું જ્ઞાન હોય તો જ સ્થાપત્ય રચના થઈ શકે. હાલ આપણને જે પ્રાચીન સંસ્કૃતિઓના ઉલ્લેખો અને અવશેષો મળ્યા છે. તે હાલના મનુષ્ય જેટલી વિકસિત માનવ પ્રજાતિ પૃથ્વી પર આશરે દસેક હજાર વર્ષ પહેલા અસ્તિત્વમાં આવી છે. જેમાં સિંધુસભ્યતા, સુમેર સભ્યતા અને મિસરની સભ્યતા મુખ્ય છે. આ સભ્યતાઓની શરૂઆત એક-બીજાનો આધાર લીધા સિવાય સ્વતંત્ર રીતે થઈ છે. આપણે ડાર્વિનનો ઉત્ક્રાન્તિવાદ સ્વીકારતા નથી. કે ભારતમાં બિલાડી પ્રકારના જીવ ઉત્ક્રાન્ત થયા અને અમેરિકા તરફ સ્થળાન્તર થયા! પૃથ્વી પર અનુકુળ ઉષ્ણતામાનળા સંજોગોમાં બિલાડી પ્રકારના જીવ ઉત્પત્તિ થઈ હોય, તો તે દુનિયાના દરેક સ્થળે તે સમયના અરસામાં થવી જાઈએ. માત્ર શરીરનું કદ અને રંગ વગેરે બાબતો પર સ્થાનિક સંજાગોનો પ્રભાવ પડ્યો હશે. સ્થાનિક સંજાગો એટલે ધ્રુવના ઠંડા પ્રદેશો, વિષુવવૃતના જંગલો, પહાડી અને રણના વિસ્તારો ગણી શકાય.

હિમાલયના ડુંગરાલ પ્રદેશોમાં રહેતા જીવોની ઉંચાઈ સપાટ પ્રદેશમાં રહેતા જીવો કરતાં ઓછી હોય છે. જેનું કારણ એ હોઈ શકે કે, ડુંગરાળ રસ્તા પર પડી જવાય તો ઈજા ઓછી થાય. એટલે પહાડી પ્રદેશોમાં મનુષ્ય, બકરા, ઘોડાની ઉંચાઈ, મેદાની પ્રદેશો કરતાં ઓછી ઉંચાઈવાળા હોય છે. લશ્કરી ભરતીમાં પણ ગોરખા લોકોનું ખડતલપણુ ધ્યાનમાં રાખી ઓછી ઊંચાઈ સ્વીકાર્ય છે. આવી જ રીતે ચામડીના રંગ વગેરે બાબતો માટે પણ માની શકાય.

મનુષ્ય કે પ્રાણીઓના Genetic Virtue પર આજીવિકાની પરિસ્થિતિ કારણરૂપ માની શકાય છે. જે જગ્યાએ આજીવિકાના સરળ સાધનો મળી આવે છે, ત્યાં સરળ સ્વભાવના, પરોપકારી વલણવાળા, જ્ઞાનપિપાસુ-કલાપરખુ મનુષ્યોનો પેઢી દર પેઢી વિકાસ થાય છે. જ્યારે વિષમ આજીવિકાના સંજાગોમાં રણમાં ઉગતી કાંટાવાળી વનસ્પતિની જેમ, કુટિલતા, ગુપ્તતા, સંગ્રહવૃત્તિ, લડાયકવૃત્તિનો વિકાસ સહજ રીતે થાય છે. આ કુદરતી રીતે થતા માનવસ્વભાવના પરિણામો છે. કઠિન આજીવિકાવાળા પ્રદેશોમાં રહેતા લોકો સ્વાર્થી, બળિયાના બે ભાગ, માલિકી હક્ક અને સ્થળાંતર-પ્રવૃત્તિમાં ડૂબેલા હોય છે. પરિણામે યુદ્ધ અને સામ્રાજ્યવાદનો જન્મ પરોક્ષ રીતે થઈ જાય છે.

સરળ આજીવિકાના સંજાગોમાં જ્ઞાન અને કલાનો વિકાસ થાય છે, પણ યુદ્ધ અને કુટિલતાની બાબતોમાં નબળા પડે છે. સ્વભાવથી જ તેઓ શાંતિપ્રિય હોઈ યુદ્ધના સંજાગોમાં આખી પ્રજા નાશ પામે એવું પણ બને.

આધુનિક યુગના ઈતિહાસના બે પૃષ્ઠોએ આમૂલ પરિવર્તન વૈશ્વિક સ્તરે કર્યું છે, એક તો ઈ.સ.૧૭૯૬માં એડવર્ડ જેનર નામના બ્રિટિશ વૈજ્ઞાનિકે શોધેલી શીતળા પ્રતિરોધક રસીથી માનવસંખ્યામાં અસહ્ય વધારો થયો. આ જ અરસામાં યુરોપમાં પુનર્રચના અને નવનિર્માણ (રેનેસાં ૧૪ થી ૧૭મી સદી)નો યુગ પુરો થઈ, ૧૮ સદીની શરૂઆત ઔદ્યોગિક ક્રાન્તિથી થઈ. માનવ શ્રમના બદલે યંત્રોનો ઉપયોગ એક નવી સમાજ રચનાને પ્રોત્સાહિત કરી રહ્યો હતો. દરેક જ્ઞાન વિજ્ઞાનની એરણે તપાસવાનું શરૂ થયું ટેકનોલોજીએ (યંત્રોના ઉપયાગે) જ્ઞાન અને માહિતિનું પ્રસારકાર્ય સરળ બનાવ્યું. આજે પણ કહી શકાય એમ છે કે, પૃથ્વીના ભૂતકાળમાં ઈતિહાસની કોઈ પણ ક્ષણે આટલી માનવ-વસ્તી નહોતી! અગાઉના લોકો કરતાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદ વડે ભૌતિક રીતે વધુમાં વધુ માણસો સુખી છે. હજીયે સુખની શોધ ચાલુ છે કારણ કે દુઃખોએ પોતાની મૂળ સ્થિતિ છોડી નથી.

એલવીન ટોફ્લર આને ત્રીજાં મોજું કહે છે. પહેલું મોજું માણસ ખેતી કરતાં શીખ્યો તે યુગ, જેમાં માનવના રખડતા ભટકતા જીવનનો અંત આવ્યો, બીજું મોજું આવ્યું ઔદ્યોગિક ક્રાન્તિનું. છેલ્લાં ત્રણસો વર્ષો દરમ્યાન ગજબનાક પરિવર્તનો દુનિયાએ અનુભવ્યા. વ્યક્તિ, શ્રમ, નાણું, સમાજ, ધર્મ, રાજકારણ, શિક્ષણ, વિજ્ઞાન વગેરે જીવનના તમામ ક્ષેત્રે આમુલ પરિવર્તન આવ્યું. આ ભૌતિકવાદી ઔદ્યોગિક સભ્યતા ઓગણીસમી સદીના અંત સુધીમાં તો ચરમસીમાએ પહોંચી ગઈ પરંતુ વીસમી સદીના પૂર્વાર્ધમાં થયેલા બે વિશ્વયુદ્ધોએ (ઈ.સ.૧૯૧૪ અને ૧૯૪૬) ઘણી પોલ ઉઘાડી પાડી દીધી. અણુશસ્ત્રોની સ્પર્ધા, ઔદ્યોગિકરણનો વિશ્વભરમાં પ્રસાર, અકરાંતીયો ઉપભોકતાવાદ, કેટલીય સજીવસૃષ્ટિનું નિકંદન, જળ-વાયુ-પૃથ્વીનું પ્રદુષણ, અતિવસ્તી અને આતંકવાદની સમસ્યાઓએ ચિંતનશીલ મનુષ્યોને આવી પ્રગતિ અને વિકાસ સામે પુનર્વિચાર કરતા કરી દીધા. ટોફ્લર આને ત્રીજું મોજું કહે છે. ઔદ્યોગિક સંસ્કૃતિના કેન્દ્રમાં રહેલ મૂડી અને નફાના તત્વને દુર કરી વિજ્ઞાન અને ટેકનોલોજીની સહાયથી માનવતા કેન્દ્રમાં રાખવાનો નવો આશાવાદ ઈ.સ.૧૯૫૫થી શરૂ થયો છે. એટલે કે ત્રીજાં મોજું ઉઠી રહ્યું છે! કદાચ આ એક કલ્પના છે કે વાસ્તવિક્તા તે સ્પષ્ટ થતું નથી કારણ કે, બીજા મોજાની માયામાંથી છૂટવું કઠિન તો છે જ! કોમ્પ્યુટર અને ઇન્ટર્નેટની ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિશ્વને કોઇ નવા રસ્તે જ લઇ જાય તેનું અનુમાન કરવું વહેલું છે!

જગત જે રીતે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે તેમાં પાંચ પરિબળો મુખ્ય છે અને અરસપરસ ગાઢ રીતે સંકળાયેલા છે. (૧) અમર્યાદ વસ્તીવધારો (૨) ઉદ્યોગોનો પર્યાવરણ અને માનવતાના ભોગે વિકાસ (૩) જળ-વાયુ-પૃથ્વીનું પ્રદુષણ (૪) ખોરાકનું ઉત્પાદન (૫) ફરી ન મેળવી શકાય તેવી કુદરતી સંપત્તિનો વપરાશ કે વિનાશ!

આ પાંચેય પરિબળોમાંથી એકેય ને છુટું પાડી શકાય તેમનથી કારણ કે, વસ્તી વધે એટલે ખોરાકનું ઉત્પાદન વધારવું પડે. ખોરાકનું ઉત્પાદન વધારવા ટેકનોલોજી, રસાયણો અને જંતુનાશકો વાપરવા પડે. આથી ઔદ્યોગિક વિકાસ સતત ચાલુ રાખવો પડે. જેનાથી પ્રદુષણ ફેલાય અને કુદરતી સંપત્તિઓનો વિનાશ થાય. તેથી વળી મોંઘવારી વધે અને પ્રદુષણ લોકોના સ્વાસ્થ્ય પર વિપરિત અસર કરે. ૨૦૧૯માં આવેલા કોવિડ-૧૯નો વૈશ્વિક પ્રભાવ કેટલાક નવા આયામો લઇ આવેલ છે. એટલે વળી તબીબી અને આરોગ્ય સેવાઓનો વિશિષ્ટ વિકાસ કરવો પડે. આમ વિષચક્ર ચાલુ જ રહે. કેટલાકો એમ માનવા ખાતર માની શકે કે વિજ્ઞાન અને ટેકનોલોજીની સહાય વડે વ્યાજબી માર્ગ કાઢી શકાય, પરંતુ ઘણી વસ્તુ જે બસો વર્ષ પહેલાં શક્ય હતી તે આજે ભયજનક બની રહે તેમ છે. દા.ત. અણુકચરો ઓછો થતો ત્યારે અણુઉર્જા સસ્તી લાગતી હવે અણુકચરાની સમસ્યા માથાના દુઃખાવા સમાન છે. સમુદ્રોમાં થતા પ્રદુષણનું પ્રમાણ ભયજનક સપાટીએ વધ્યું છે. ગ્લોબલ વૉર્મીંગ અને ધ્રુવો પાસે પીગળતી હિમ શિલાઓની વાતો વિષે આપણે માત્ર વિચારો જ કરી શકીએ છીએ. આથી યુદ્ધ નિવારી, સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવવા સિવાયના અન્ય માર્ગો વધુ ગુંચવાડાભર્યા બને તો નવાઈ નથી. આજની અર્થવ્યવસ્થા-ઔદ્યોગિક સંસ્કૃતિ વિશ્વસ્તરે બદલાવવી જરૂરી છે. એક નવી આર્થિક વ્યવસ્થા જેમાં માનવતા કેન્દ્રમાં હોય. અન્ય સજીવ અને નિર્જીવ સૃષ્ટિ તરફ સહાનુભૂતિ હોય.

વિજ્ઞાન અને આધ્યાત્મનો સુખદ સમન્વય સાધી, જડ અને ચેતન સાથે તાલ મિલાવી શકે તેવું એક વિશ્વદર્શન સ્વીકારવું જાઈએ.

માનવસમાજની વૈશ્વિક પરિસ્થિતિ વિષે આપણે જાણવાનો પ્રયત્ન કર્યો, ભારત આમાંથી ક્યાંય બાકી રહી જાય તેવું નથી. અન્ય દેશોની સરખામણીમાં ભારતના ગુલામી માનસનું પ્રતિનિધિત્વ ઉડીને આંખે વળગે છે. એટલે આમાં સામાન્ય પ્રજાનો ક્યાંય વાંક નથી. ઐતિહાસિક રીતે છેલ્લા ૩૨૦૦ વર્ષ દરમ્યાન જે ભારતીય પ્રજાએ માનસિક સંઘર્ષ વેઠ્યો છે. તેવો વિશ્વની કોઈ પ્રજાએ અનુભવ્યો નથી. ૩૨૦૦ વર્ષના કેટલાક તારણો અને કારણો તપાસીએ.

ઈ.સ.પૂર્વે ૬૦૦૦ ની આસપાસ મેહરગઢ (પાકિસ્તાન)માં સંસ્કૃતિનો વિકાસ શરૂ થયો તે કઈ પ્રજા હતી તે ચોક્કસ કહી શકાતું નથી. પણ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા સિન્ધુ સભ્યતાનો વિકાસ ચરમસીમાએ હતો. શ્યામ અને પીળાવર્ણના લોકોએ આ સંસ્કૃતિ વિકસાવી. ગણતન્ત્ર પ્રકારની શાસન પ્રણાલિ (ઈ.સ.પૂર્વે ૬૦૦ સુધી અમલમાં હતી. આંશિક રીતે ઈ.સ.૭૦૦ સુધી),નીરીશ્વરવાદી સાંખ્ય અને યોગનું તત્વજ્ઞાન, નટરાજના ડમરૂમાંથી પ્રગટેલું ભાષા-ધ્વનિ-સંગીતનું જ્ઞાન બહુપતિત્વવાળી સમાજવ્યવસ્થા. આ બધીય વિકસિત સભ્યતાનો સંપૂર્ણ ધ્વંસ ઈ.સ.પૂર્વે ૧૭૦૦ માં થયો હોવાનું વિદ્વાનો ચોક્કસ પણે માને છે. આ જ અરસામાં યુરોપ-ઈરાન તરફથી ગૌરવર્ણ આર્યોનું આગમન થયું. યુદ્ધવિદ્યામાં કુશળ, રથ અને ઘોડાઓનો ઉપયોગ યુદ્ધ માટે કરી જાણનાર, પોતાના વિષમ આબોહવાના રહેઠાણોના સ્થળોએથી સ્થળાંતર (ઈ.સ પૂર્વે ૩૫૦૦ થી ૧૭૦૦) કરતી આવતી હતી. અહીં તે સપ્તસિન્ધુના પ્રદેશોમાં સ્થાયી થઈ. સ્થાનિક પ્રજા સાથે લગભગ ૫૦૦ વર્ષના સંઘર્ષ પછી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ માં સમન્વય સધાયો અને વેદોની રચના થઈ. ઈન્દ્રપૂજક આર્યોના વિસિષ્ઠ જેવા રૂઢિચુસ્ત શાસકોને અનાર્ય-શ્યામવર્ણની પ્રજા તરફ અણગમો હતો. સમન્વય પસંદ નહોતો તેઓ તો જીતાયેલી પ્રજામાંથી સુંદર અને મજબૂત દાસ-સ્ત્રી-પુરુષોની પસંદગી કરી બાકીનાઓની સામુહિક કતલ કરવા જ ઈચ્છતા હતા. પરંતુ વિશ્વામિત્ર જેવા સૂર્યપૂજક માનવતાવાદી આર્યોએ આર્યસંસ્કારો આપી શ્યામવર્ણને ય આર્ય તરીકે સ્થાન આપ્યું જોકે આ ગૌર-શ્યામમિશ્ર આર્યજુથોને સપ્તસિન્ધુથી નર્મદા તરફ ખસી જવું પડ્યું. અહીં શાસકજુથે શ્યામવર્ણની સ્ત્રી સાથે લગ્ન ન કરવા પડે તે માટે બાળલગ્નો શરૂ કર્યા, વર્ણવ્યવસ્થાની ઉંચનીચના ભેદવાળી સમાજ વ્યવસ્થા શરૂ કરી. સ્ત્રીઓ અને શૂદ્રોને વેદ ભણવામાંથી બાકાત રાખ્યા. નીરીશ્વરવાદ તોડી પાડવા સ્વર્ગની કામનાઓવાળા નરમેધ અને અશ્વમેધ યજ્ઞો શરૂ થયા. Polyandry પ્રથા દાબી દેવા સ્ત્રી પર કડક નિયંત્રણો અને ગૃહસ્થાશ્રમના નિયમોની રચના થઈ. ગણતંત્રવાદ ડામી દેવા રાજાશાહી અને સામ્રાજ્યવાદનો વિકાસ કરવામાં આવ્યો. રાજામાં દૈવત્વના આરોપણ થવા લાગ્યા. પ્રજામાં લડાયકવૃત્તિ વિકસે નહીં તે માટે વર્ણવ્યવસ્થામાં જ ક્ષત્રિય સિવાય કોઈને યુદ્ધમાં હિસ્સો લેવાની પરોક્ષ રીતે મનાઈ ગોઠવી દીધી. (આ પ્રક્રિયા આજે પણ વિશ્વમાં કાર્યરત છે. શિક્ષણમાંથી જ લાઠીદાવ-મલ્લકુસ્તી જેવી રમતો ને બદલે ક્રિકેટ. ફુટબોલ જેવી અહિંસક રમતો શીખવાય છે.) રાજાઓ કે શાસકોએ ઘડેલી નીતિનો સમાજમાં અમલ કરાવવા માટે એક બ્રાહ્મણ વર્ગ ઉભો કરવામાં આવ્યો, બ્રાહ્મણના મુખ્ય કર્તવ્ય ભણવું અને ભણાવવું. આજીવિકા સમાજ પાસેથી ભિક્ષાવૃતિ કરી મેળવી લેવાની, શાસકોએ ગોઠવેલા વાર-તહેવાર-આઠ જાતના સંસ્કાર અને વિધિ-વિધાનમાં સમાજને ડૂબેલો રાખવાનો. જે આજ સુધી વત્તે ઓછે અંશે ચાલુ છે. દલિતોના ઉદ્ધારકો બ્રાહ્મણો તરફ ખૂબ અણગમો રાખે છે. એવું માને છે કે શૂદ્ર અને સ્ત્રીઓના નિયંત્રણોના શાસ્ત્રો બ્રાહ્મણોએ ઘડી કાઢ્યા છે! વાસ્તવમાં બ્રાહ્મણ- શાસકોએ ઘડી કાઢેલી નીતિનો સમાજમાં પ્રસાર કરનારા નિઃશુલ્ક વેઠિયા માત્ર છે. હા શાસકો બ્રહ્મદેવ-ભૂદેવ કહી વાહવાહ કરતા. એટલે સમાજ પણ બ્રાહ્મણોને માન આપતો. વીસમી સદીની ગુજરાતી વાર્તાઓમાં "એક દરિદ્ર બ્રાહ્મણ હતો" અનિવાર્ય રીતે જોવા મળશે! ૧૯૪૭ પછી દલિતોદ્ધારની સરકારી નીતિ અમલમાં આવતા બ્રાહ્મણોની આજીવિકા ઝૂંટવાઈ ગઈ. સમાજ ભિક્ષા આપવામાં અને બ્રાહ્મણો ભિક્ષાવૃતિ કરવામાં સંકોચ અનુભવવા માંડ્યા. જે ભણેલા બ્રાહ્મણો હતા તે શિક્ષણના વ્યવસાયમાં જોડાયા. બાકીનાઓને પોસ્ટમેન, હલકારા, ચોકીદાર, રસોયા, પટ્ટાવાળા જેવા કામો શોધી લેવા પડ્યા! સમાજના એક જુથને પેઢી દર પેઢી અપરિગ્રહના નામે સમાજ-સુધારક તરીકે રાખી મુકવું, શાસકોની કુશળતા કે કુટિલતાનું સ્પષ્ટ દર્શન કરાવે છે. આમાં પેઢીઓથી વેદોનો મુખપાઠ કરનારા (વેદોનો અર્થ જાણ્યા સિવાય માત્ર શુદ્ધ ઉચ્ચારણનું વ્યાકરણ શીખી.) બ્રાહ્મણોના કુટુંબો પણ આવી જાય છે! બૌદ્ધોએ ભિક્ષુઓ-ભિક્ષુણિઓના સંઘારામ-વિહારો બનાવી, સમાજમાં બીન ઉત્પાદક બોજારૂપ જાથોની રચના કરેલી. સાંપ્રત ભારતીય સમાજમાં અત્યારે પંચતારક યોગીઓ, શ્રી-શ્રી ઓ, કથાકારો, ગુરુઓ, સ્વામીઓ, માતાજીઓ- યોગ, અધ્યાત્મના જ્ઞાનનો વેપાર MBA(Management of Buisiness Administration) અને MPA

(Management of Public Administrration)ના આધુનિક સિદ્ધાન્તો પ્રમાણે ખૂબ સફળતાથી કરી રહ્યા છે. આ આધ્યાત્મિક અંચળા નીચે પ્રજાનું કેટલું ભલું થાય છે, તે વાત ગૌણ છે. પણ વિદેશમાં રહેતા ભારતીયો અને સ્થાનિક ભારતીયોના અવૈધાનિક ધનનું સારી રીતે સંકલન થઈ શકે છે. અહીં દેશભક્તિ, આચાર સંહિતા, પ્રજા પરોપકાર કે માનવતાના અંચળા નીચે છદ્મવેશી કહેવાતા સાધુપુરુષો માનવતાનો દ્રોહ કરી રહ્યા છે. ખ્રીસ્તીઓ અને મુસ્લિમો વટાળ પ્રવૃતિ અને આતંકવાદને તક આપે છે. દલિતો હજી પોતાના દુઃખ ઓછા કરી શક્યા નથી, ક્યાંક તો બાપે આંબલી ખાધી અને છોકરાના દાંત અંબાઈ ગયા જેવો ઘાટ થયો છે. ૧૯૯૦ માં રશિયા તુટ્યું અને ભારતે વૈશ્વીકરણ સ્વીકાર્યું અને મલ્ટીનેશનલો માટે લાલ જાજમ બિછાવી. મલ્ટીનેશનલોએ શાસકોને મોટી રકમની ટીપ આપી કામ કઢાવી લીધું. કોઈએ વધુ રકમની ટીપ લઈ લીધી તો મીડિયા દ્વારા આખા તંત્રને ભ્રષ્ટાચારી સાબિત કરી શકાયા! અને મહત્તમનફો મેળવવામાં સફળ થયા!

શાસક સભ્યોને લોકશાહી ઢબે ચૂંટાતા પહેલાં જ પ્રજાહિતના ખર્ચમાંથી, પોતા માટે કે પક્ષ માટે મહત્તમ ફંડ કેવી રીતે તારવી શકાય તેવું દૃષ્ટિબિન્દુ કેળવવામાં આવે છે. રાષ્ટ્રપ્રેમ-પ્રજાપ્રેમ એક બાજુએ રહી જાય છે. પ્રજાનું નિર્માલ્યપણું તો ૩૨૦૦ વર્ષથી શાસકોને ભેટ મળેલું જ છે.

ભારતીય સમાજમાં આટલા બધા સાધુ સંતો, સંસ્કૃતિરક્ષકો હોવા છતાં ભ્રૂણ-પરીક્ષણના આધુનિક સાધનોના ઉપયોગ વડે માદા ભ્રૂણ હત્યા મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. ક્યારેક શાસકો પ્રતિબંધ મુક્તા કાયદા અમલમાં મૂકે છે. દુઃખની વાત એ છે કે, ધધુપપૂઓએ* સામાન્ય જનસમાજને પુત્રપ્રાપ્તિથી જ મોક્ષ મળે એવું શીખવ્યું છે. માદા ભ્રૂણ હત્યાથી ક્યું પાપ થાય છે તે ક્યારેય કહ્યું નથી! અને આ વાત Information Technology વાળી એકવીસમી સદીની છે. વિજ્ઞાન અને ધર્મના નામે જ્યાં ગુંચવાડો છે. તે વ્યાકૃત પ્રશ્નોનો છે. આત્મા-પરમાત્મા-જીવાત્મા-પરલોક-પૂનર્જન્મએ ભ્રાન્ત તત્વો છે. બુદ્ધે આવા પ્રશ્નોના ઉત્તરો આપવાની જ ના પાડી દીધેલી. જે જાણવાથી તમારા સંયમિત જીવન પર કોઈ અસર નથી પડતી તે જાણવાની જંજાળમાં પડવાની જરૂર નથી. મનુષ્ય સામાજિક પ્રાણી છે. સૃષ્ટિના અન્ય જીવોની જેમ મનુષ્ય પણ સુખ ઈચ્છે છે તેથી પરસ્પર પરોપકારી વલણ રાખે અને પરપીડનકારી વલણ તજે તો જ સુખી થાય. વિશેષમાં સજીવ - નિર્જીવ સૃષ્ટિ તરફ પણ પરોપકારી વલણ વિકસાવે. આટલો જ વૈજ્ઞાનિક ધર્મ છે. પણ સ્થાપિત હિતો તમને ગુંચવી નાખે છે. આત્મા એક છે કે બે? સ્વર્ગનો દરવાજા કેસરી છે કે લીલો? આવતો જન્મ શેનો મળશે? કૂતરાનો કે ગધેડાનો?! અને અસ્પષ્ટ-સંદિગ્ધ-રહસ્યમય-છલયુક્ત વિસ્તૃત શાસ્ત્રોઅને તત્વજ્ઞાન વડે તમને મૂંજવી નાખવામાં આવે છે. આ જન્મે તો તમે યોગભ્રષ્ટ આત્મા હોવાથી આટલું મેળવી શક્યા, હવે આવતો જન્મ શ્રીમંતોના ઘરે થશે અને તમે સર્વસ્વ મેળવી શકશો.! એટલે વિજ્ઞાન અને ધર્મને બાર ગાઉનું છેટું છે. ધર્મમાં પ્રવાહિતા નથી માત્ર જડ આચારો અને શાસ્ત્રોની પરંપરા સાચવી રાખવાથી ઘેટાં જેવી પ્રજા પર નિયંત્રણ જાળવી શકાય છે. ગરીબો પાસેથી શ્રમદાન અને અમીરો પાસેથી ધનદાન મેળવવાનું હોય છે. મર્મસ્થાનો પંપાળવાના હોય છે. દા.ત. યોગના આઠ અંગમાં બ્રહ્મચર્યનું સ્થાન છે. પણ કેટલાક યોગીઓ યોગ-પ્રાણાયમવડે શરીર-સ્વાસ્થ સારૂં કરાવી વાજીકરણની ઔષધિઓનો વેપાર ચલાવે છે. અહીં યોગના ચીંથરા ઉડી જાય છે. પણ ટી.વી.ચેનલ સતત યોગી-પરંપરા-સંસ્કૃતિના ગુણગાનનો મારો ચલાવે છે. (MBAના અભ્યાસક્રમ મુજબ!)

સાંપ્રતયુગની વિજ્ઞાનની પ્રગતિએ પ્રકૃતિ પર ઘણો કાબુ મેળવી લીધો છે. કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન સાંપ્રતયુગની અનન્ય શોધ છે. દુષ્કાળ, રોગચાળા, ધરતીકંપ, અટકાવવા અગાઉની સદીઓ કરતાં આપણે વધુ સક્ષમ છીએ. આપણે માત્ર ડહાપણના અભાવને કારણે જ અશાન્ત છીએ. એરિક ફ્રોમ જેવા માનસશાસ્ત્રી ''Sane Society'' (શાણોસમાજ) જેવું પુસ્તક લખી વિશ્વ-માનવ-સમાજ શું શાણો છે? એવો વેધક પ્રશ્ન કરે છે. ઔદ્યોગિક સભ્યતા-વિજ્ઞાન-ટેકનોલોજી પણ આધ્યાત્મના ભ્રાન્તતત્વોની જેમ વૈજ્ઞાનિક અંધશ્રદ્ધા ઊભી કરે છે. જે માણસ દ્વારા માણસ પર ગુજારાતા ત્રાસમાંથી મુક્ત થવા દેતી નથી. આજે પણ લડાઈઓ-આતંકવાદ-જુલમ અને ઘૃણાસ્પદ અમાનવીય ક્રૂરતાઓ જોવા મળે છે. ધનલોભી માણસોનું જુથ યેનકેન પ્રકારે ઓછી ચતુર કે લાચાર સામાન્ય પ્રજા પાસેથી સંપતિ ખુંચવી લ્યે છે. સ્ત્રીઓ-બાળકોનું અમાનવીય શ્રમશોષણ કરતાં જરાય અચકાતા નથી. સત્તા માટેનો પ્રેમ પરોક્ષ રીતે જુલ્મી શાસન ઉભું કરે છે. સવાલ એ છે કે માનવ સમાજના સામુહિક સુખની શોધમાં આ બધું આવશ્યક છે? આ બધા અનિષ્ટો અનિવાર્ય છે? હું વૈશ્વિક લોકશાહી શાસકો અને માનવતા ને બદલે માત્ર નફો કેન્દ્રમાં રાખનાર ઔદ્યોગિક સભ્યતાના મૂડી પતિઓને આનો જવાબ દેવા વિનન્તિ કરૂં છું. ગરીબીનો ભય ન હોય

તો ય સંગ્રહવૃત્તિ શા માટે ?! (સ્વીટજર્લૅન્ડની બૅંકો સુધી શા માટે જવું પડે?) સત્તાનો શોખ માનવકલ્યાણના કાર્યો માટે કોઈનેય નુકશાન કર્યા વગર પણ વાપરી શકાય. વરાળ પાસે સત્તા છે-શક્તિ છે, તે યંત્રો ચલાવી શકે અને બોયલર તોડી પણ શકે! આધુનિક સભ્યતા મનુષ્યને પાળેલા કુતરા જેવો ડાહ્યોડમરો, બીનઉપદ્રવી-સભ્ય-શિસ્તબદ્ધ-બીકણ બનાવી મૂકે છે. પછી તેની હિંમત-સાહસિક્તા-કલાપ્રેમકુંઠિત થઈ જાય છે. આના ઉપાયો છે. પણ ઉંદરોની સભામાં બિલાડીથી બચવાના ઉપાય જેવા છે. જેમાં બિલાડીના ગળામાં ઘંટ બાંધવાનો નિર્ણય કરવામાં આવે છે. જેથી બિલાડીના આગમન સાથે ઉંદરો સાવચેત થઈ શકે! પણ ક્યો ઉંદર આ કામકરી શકશે તે જાણી શકાયું નથી! છતાં ઉપાયો કહ્યા વગર રહી શકાતું નથી. સમાન્ય જનસમાજના સુખની હું જે ચિન્તા કરૂં છું તેવું સુખ મેળવવાની જનસમાજની લાગણી જ બુઠ્ઠી થઈ ગઈ છે. અથવા દુઃખને સહન કરવાની શક્તિ અત્યંત વધી ગઈ છે.! કોઈ શાયરે કહ્યું છે તેમ......"<u>દર્દકા હદસે ગુજરના દવા હો જાના</u>"........ જે હોય તે. માણસજાત અને સજીવ સૃષ્ટિ આદિકાળથી સુખી થવા તત્પર છે. સ્વેચ્છાએ કોઈ દુઃખ સ્વીકારતું નથી.

બર્ટ્રાન્ડ રસેલ પ્રજાનું ભાવિ સુખ, પ્રજનન નિયંત્રણ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીની સહાય લેવાનું કહેતા, પરંતુ તેમાં શાસકો અને ધાર્મિક નેતાઓએ સમાન રસ લેવો પડે. <u>વ્યાધિગ્રસ્ત, અશક્ત, અપંગ, ગરીબ અને ગુન્હાખોર સ્ત્રી-પુરુષોની પ્રજનન ક્ષમતા સ્થગિત કરી દેવી જાઈએ.</u>

સમગ્ર વિશ્વમાં કેટલાક અપવાદ બાદ કરતા આધુનિક માનવસમાજને MONOGAMY કે POLYGAMY સમર્થક લગ્નસંસ્થા માન્ય છે. અને કાયદા દ્વારા પણ ઘણે ભાગે MONOGAMY લગ્નસંસ્થાને પ્રોત્સાહિત કરવા પ્રયત્ન થયા છે. આનો છૂપો આશય સ્ત્રીઓ પર પુરુષોનો માલિકી હક્ક ટકાવી રાખવાનો છે. વળી એક પતિ-<u>પત્નીવાળી સમાજ વ્યવસ્થા સંપૂર્ણ, ખામી વગરની અને દોષરહિત છે તેમકહી શકાય તેવી સ્થિતિ છે જ નહીં. એક</u>

* ધર્મ ધૂરંધર પરમ પૂજ્ય = ધાર્મિક નેતાઓના પ્રથમાક્ષરો ધધૂપપૂ

પતિ-પત્ની સાથે જીવનભર ટકી રહેવાનો મૂળ ઉદ્દેશ્ય ૩૦% દંપતિઓમાં શક્ય હશે! જેને આપણે વ્યભિચાર કહીએ છીએ તેનું અસ્તિત્વ સ્ત્રી અને પુરુષ બંનેમાં હોય શકે છે. આ વાત ધ્યાનમાં લઈએ તો આપણી તંદુરસ્ત ટકાવારી હજી નીચે જાય તે સંભવ છે. સ્ત્રીઓની સમાન-અધિકારની કે પુરુષ સમોવડી બનવાની ચળવળો MONOGAMY કે POLYGAMY સમાજમાં સદાય નિરર્થક છે. લાલચુ અને સ્વાર્થી તત્વો આનો લાભ લઈ વધુ દુઃખમય સ્થિતિ સર્જે છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ વિષે આપણે વિગતવાર જાણી ચૂક્યા છીએ!

આના વિકલ્પ તરીકે Polyandry સમાજ વ્યવસ્થા અપનાવવામાં માનવ સર્જીત દુઃખો ઘટવાની ઘણી સંભાવના છે. જેના માટે વધુ વિચારવાનું નિષ્ણાંત માનસ શાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓને સોંપી શકાય. સાંપ્રત વિકસિત દેશો Homosex-Lesbian(સમલિંગી સ્ત્રી-પુરુષો વચ્ચે) લગ્નોને કાયદેસર ગણવાના પ્રયત્નો કરે છે. આધુનિક માનસશાસ્ત્ર અને તબીબીશાસ્ત્ર હસ્તમૈથુનમાં દોષ જાતું નથી. ઈન્ટરનેટ અને આધુનિક દશ્ય-શ્રાવ્ય માધ્યમો PORNOGRAPHY (બિભત્સ દશ્ય-શ્રાવ્ય-લેખ્ય રૂપકો)ને જરૂર કરતાં વધુ મહત્ત્વ આપે છે. પરંતુ આ એક જાતિય વિકૃતિ પોષક તત્વો છે. અકુદરતી છે. હા તેનું છુપું કારણ ઔદ્યોગિક મૂડીવાદીઓ પોતાના કર્મચારીઓને કુટુંબ-રહિત રાખી ઓછા ખર્ચે વધુ SKILLED LABOUR (કુશળ-શ્રમ) મેળવવા પ્રયત્નશીલ હોય! અને જનસમાજને વિકૃત જાતિયવૃત્તિ નિર્દોષ છે તેવું ઠસાવવાના પ્રયત્નો હોય! ઉપરાન્ત જાતિય વિકૃતિઓ પોષવા, ઉપયોગી ઉપકરણોનો મોટો ઉદ્યોગ પણ હોય! આ ઉપકરણોમાં વિકૃત પુસ્તકો-સાધનો-CD/DVD, Website, અને દવાઓ વગેરે ઘણું આવી શકે. સામ્પ્રત યુગમાં જેને ડ્રગ્ઝ કહેવાય છે તેનો વ્યાપાર ખૂબ વિકસ્યો છે. (જે વિદ્વાન અને સંસ્કારી ગણાતા લોકો સંડોવાયેલા છે.) આ ડ્રગ્ઝથી ઘણેભાગે સંભોગ-સમય લંબાવી શકાય અને મતિભ્રમ(Hallucination)નો અકુદરતી આનન્દ માણી શકાય. જેનું નજીકનું પરિણામ અકાળ મૃત્યુ નિશ્ચિત હોય છે.

દુનિયા પર ઔદ્યોગિક સામ્રાજ્ય ચારે તરફ પ્રસરેલું છે, લોકશાહીના નામે મૂડીવાદ પોતાના ધાર્યા કામ કરાવી શકે છે. મલ્ટીનેશનલોનો પ્રભાવ માનવીય શોષણની અવગણના કરી નફા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. નાણું-શેરબજાર-પેટન્ટનો કાયદો, માનવજાતના છૂપા દુશ્મનો હોવા છતાં આખું વિશ્વ આનાથી પ્રભાવિત છે. આશાનું કિરણ માત્ર વિચારોમાં દેખાય છે. બર્ટ્રાન્ડ રસેલ, એરિક ફ્રોમ, ફ્રિટઝોફ કાપ્રા વગેરે વિદ્વાનોએ આ દિશામાં ખૂબજ માર્ગદર્શક ચિન્તન કરેલું છે. સવાલ માત્ર બિલાડીના ગળે કયો ઉંદર ઘંટ બાધી શકશે ! એવો નિરાશાવાદ જ છે.

આ ભૌતિકવાદી યંત્રોદ્યોગી અર્થવ્યવસ્થા માનવસમાજના કલ્યાણ માટે કોઈ પણ સ્થળે વિઘાતક છે. મુઠ્ઠીભર મુડીપતિઓના સ્વાર્થ, લોભ અને વધુ ને વધુ મેળવવાની ઈચ્છાપૂર્તિ માટે આમ ચલાવી લેવાય છે. વળી કોઈ પણ પ્રકારની શાસનપ્રણાલિ (રાજાશાહી-સામ્યવાદ-સમાજવાદ કે લોકશાહી) ને આ અર્થવ્યવસ્થા સાનુકૂળ બનાવી શકે છે. તેથી આપણને ખાત્રી થઈ ચુકી છે કે બહુજન સમાજની સ્થિતિ અત્યંત વિકટ છે. પાપ અને ભ્રષ્ટાચારની ગર્તામાં લઈ જતાં પરિબળો પણ સ્પષ્ટ છે. નૈતિક શિથિલતા, અકરાંતિયો ઉપભોકતાવાદ, નિરંકુશ મિજાજ, સ્વકેન્દ્રી અને હઠાગ્રહી વ્યક્તિવાદ, હિંસા, જીવન ત્થા પ્રાકૃતિક સંપતિ પ્રત્યે અનાદર, જાતિય વૃત્તિઓની વિકૃત્તિઓને પોષણ, વિજ્ઞાપન દ્વારા ભ્રષ્ટ થતી ભાષા, ધર્મનું વ્યાપારીકરણ, વૈજ્ઞાનિક અંધશ્રદ્ધાનો પ્રસાર, જાતજાતના વશીકરણોથી વાસ્તવિકતા પર પરદો, બ્રેઈનવોશીંગના પ્રયોગો, જાહેરજીવનમાં માણસોની ખરીદી અને દોરીસંસાર, અપ્રામાણિકતા અને દંભ, બૌદ્ધિક સત્યનિષ્ઠાનો અભાવ, મૈત્રી-સગપણ-વફાદારીના સામાજિક તત્વોનો દ્રોહ, આ બધા સુખી સમાજ માટે બીનજરૂરી પરિબળોનો વિકાસ છેલ્લા ૩૦૦ વર્ષો દરમ્યાન અવિરત થયો છે તે નકારી શકાય નહીં. આવા વખતે ઈશ્વર અને ધર્મ નિઃસહાય થયા હોય તેવું ન લાગે? મોઝીઝનો ચમત્કારી ઈશ્વર કે મગરની પકડમાંથી હાથીને છોડાવનાર વિષ્ણુ છુપાઈ ગયા હોય તેવું નથી લાગતું! ન્યાય અને કરૂણા વરસાવનાર ઈશ્વર ક્યાંય નથી, પરલોકમાં સુખ મળશે તેવી આશા ય નકામી છે. आत्मना आत्मानम् उद्धरेत्। ગીતા-અ-૬-૫. પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો રહેશે. તેથી આજના ભૌતિકવાદી જગતમાં સ્થાનિક કક્ષાએ જરૂર પૂરતાં ઉત્પાદનો મેળવી, ઈશ્વર કે પરલોકના સહાય વિના, સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવવાના પ્રયોગો થાય તેવી શ્રદ્ધા રાખીએ. પરોપકારી વલણ, પરપીડનનો અભાવ, સજીવ અને નિર્જીવસૃષ્ટિ પ્રત્યે સહાનુભૂતિ, (પર્યાવરણ અને Ecology દુષિત ન કરવા.) વિકસાવીએ તો સામુહિક સુખ માટે, અસ્પષ્ટ, સંદિગ્ધ, રહસ્યમય, કપટી અને વિસ્તૃત ઉપદેશો કે શાસ્ત્રોની જરૂર પડશે નહીં. પરંતુ લોકો આ સ્વીકારશે? જો જવાબ "હા" હશે તો આપણે છેતરાતા હોવાનો ભાસ થશે અને જો જવાબ "ના" હશે તો નિરાશા!

इति श्रेयम् भूयात्। ભવસુખ. શિલુ

==

પરિશિષ્ટ - ૧ લું. સિન્ધુ સભ્યતાની સમકાલીન સભ્યતાઓ અને ઘટના ક્રમ

આપણે પ્રથમ પ્રકરણમાં જ પૃથ્વીની ઉત્પત્તિથી સાંપ્રત માનવસભ્યતાના વિકાસ સુધી કેટલીક કાળગણનાઓ નોંધી છે. તેમ છતાં કેટલીક સ્થાનિક-વૈશ્વિક ઘટનાઓના કાળક્રમ તૂલનાત્મક દૃષ્ટિએ ઉપયોગી થાય તેવા હોવાથી અહીં નોંધ્યા છે.

પૃથ્વીની ઉત્પતિ આશરે ૪.૫ અબજ (૪૫૦૦૦૦૦૦૦૦.) વર્ષ પહેલાં થઈ ત્યારે ધૂળ-વાયુના વાદળાં સ્વરૂપે અત્યંત ઉંચા ઉષ્ણતામાને થયેલી. તેનું ઘની કરણ થતાં ૭૦૦૦ કરોડ વર્ષ લાગ્યા. તે વખતે પૃથ્વી પોતાની ધરી પર ઝડપથી ફરતી અને ૧૫ કલાકના દિવસ-રાત થતા.

૨.૫ અબજ વર્ષ પહેલાં એક કોષી જીવ પ્રગટ્યા.

૪૯ કરોડ વર્ષ પહેલાં માછલી-કરચલા જેવા જીવો ઉત્પન્ન થયા.

૪૧.૭ કરોડ વર્ષ પહેલાં ઉભયજીવી અને કીટકો.

૩૨.૩ કરોડ વર્ષ પહેલાં સરિસૃપનું અસ્તિત્વ પ્રગટ થયું.

૨૪.૮ કરોડ વર્ષ પહેલાં ડીનોસોર અને સ્તનધારી જીવો.

૨૦.૬ કરોડ વર્ષ પહેલાં પક્ષીઓ.

૧૪.૪ કરોડ વર્ષ પહેલાં Primates અને ફુલઝાડો દેખાયા.

૫.૪૮ કરોડ વર્ષ થી ૫૩ લાખ વર્ષો પહેલાંના સમય દરમ્યાન ઘાસ ચરતા, માંસાહારી સ્તનધારી જીવો વિચરવા લાગ્યા.

૧૮ લાખ વર્ષોથી દસ હજાર વર્ષો પહેલાના સમય દરમ્યાન માનવ સમાન અવયવો વાળા પ્રાણીઓનું અસ્તિત્વ નોંધાયું.

૧૦ હજાર થી ૮૦૦૦ વર્ષો પહેલાં હાલના માનવ જેવા સ્વરૂપના બુદ્ધિશાળી જીવો પથ્થર અને અગ્નિનો ઉપયોગ કરતા થયા. અને ટોળામાં રહેવા લાગ્યા.

૬૦૦૦ વર્ષ પહેલાં હાલના માનવ જેવી બુદ્ધિશાળી માનવજાત પ્રગટી જેને ભાષા-લિપિ-ગણિત-ભૂમિતિનું જ્ઞાન થયું. જે આજદિન સુધી પૃથ્વી પર ઉત્પન્ન થયેલી જાતિઓ કરતાં વિશિષ્ટ હતું. હવે મનુષ્ય પાસે વિચાર વહન અને વિચાર સંગ્રહની ક્ષમતા આવી જે માનવ વિચારોને દૂરના સ્થળે અને ભવિષ્યની પેઢી માટે ખૂબ ઉપયોગી થઈ. અને માનવ સંસ્કૃત બન્યો.

ભારતીય ઉપખંડમાં ઈસ પૂર્વે ૩૫૦૦ ની આસપાસ સિન્ધુ સભ્યતાનો વિકાસ થયો. અને ઉત્તમપ્રકારની વિદ્યાઓ કેળવી. જેમાં સ્થાપત્ય, કલા, શાસનપ્રણાલિ, સમાજરચના, નગરરચના, નો વિકાસ થયો.

સિંધુ સભ્યતાની સમકાલીન સભ્યતા મેસોપોટેમિયાના પ્રદેશ (યુફ્રેટિશ અને તાઈગ્રીસ નદીઓ વચ્ચે હાલ પશ્ચિમ એશિયામાં ઈરાક તરીકે ઓળખાતો પ્રદેશ) માં વિકસી. આ ફળદ્રુપ Fertile Crescentના પ્રદેશમાં સુમેર સંસ્કૃતિના પાયા પર અક્કડ, બેબિલોન, એસીરિયન અને ખાલ્ડિયન પ્રજાએ સભ્યતા વિકસાવી ઈ.સ.પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલા અહીં માનવ સભ્યતાનો વિકાસ શરૂ થઈ ગયેલો.

ઈ.સ.પૂર્વે ૩૬૦૦ પછી રાજકીય ઈતિહાસ શરૂ થાય છે. અવશેષોના અભ્યાસના આધારે ઉર, નિપ્પર, લાગાશ વગેરે નગર રાજ્યોની માહિતિ મળી છે. ક્યુનિફોર્મ લિપિ વડે માટીની તકતીઓ તે સમયના કલા વૈભવ, સ્થાપત્ય, કાયદો, બેન્કીંગ, સાહિત્ય વગેરે સભ્યતાની ઊંચાઈના સંકેતો આપે છે. ગુલામી પ્રથા અને સામ્રાજ્યવાદી યુદ્ધની પણ અહીં ઝાંખી થાય છે.

બેબિલોનિયન સંસ્કૃતિ એલમાઈટ અને એમોરાઈટ નામની સેમેટિક જાતિઓએ ઈ.સ.પૂર્વે ૨૨૨૫ મેસોપોટેમિયાની દક્ષિણે અને ઉત્તરમાં સ્થિર થઈ. ઈ.સ.પૂર્વે ૨૧૨૩ દરમ્યાન હમ્મુરાબી નામના પ્રતાપી રાજાએ સુમેર અને અક્કડને હરાવી બેબિલોનિયા નામઆપ્યું. હમ્મુરાબી કુશળ વહીવટકર્તા હતો. જાના રીત રિવાજા, રૂઢિઓને વ્યવસ્થિત કરી ૨૮૫ જેટલા કાયદાઓનું સંકલન કર્યું જે આઠ ફુટ ઉંચા શિલાખંડમાં સૂર્યદેવ પાસેથી કાયદાની ભેટ મેળવતા હમ્મુરાબી..... એવું દૃશ્ય કોતરેલું મળે છે. જા કે, કાયદા "આંખને બદલે આંખ અને દાંતને બદલે દાંત" જેવી પ્રાકૃત દશામાં હતા. છતાં માનવ સભ્યતાને નૈતિકતા અને ન્યાય માટે કરેલા પ્રયત્નોમાં સૌ પ્રથમછે.

સુમેર, બેબિલોન પછી તાઈગ્રીસ નદીના કિનારે આવેલા અસુર નામના શહેરમાં વસતી પ્રજાએ એસિરીયન સંસ્કૃતિ વિકસાવી. ઈ.સ. પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૬૦૬.

અસુરબનીપાલ (ઈ.સ.પૂ.૬૬૮ થી ઈ.સ.પૂ.૬૨૬) નામના રાજાએ બાવીસ હજાર માટીની મુદ્રાઓ પર ભવ્ય પુસ્તકાલય બનાવેલું. આ સભ્યતામાં અસુર નામના યુદ્ધના દેવ તેમજ પ્રેમની દેવી ઈસ્ટાર અને બીજા ૬૦ જેટલા દેવોની પૂજા થતી.

સેમેટિક જાતિની ખાલ્ડિયન પ્રજાએ ઈ.સ પૂર્વે ૬૧૨માં એસીરિયનોને હરાવી સામ્રાજ્ય હસ્તગત કર્યું, જે ઈ.સ પૂર્વે ૫૩૮ સુધી રહ્યું. વૈદક અને જ્યોતિષવિદ્યામાં વિકાસ થયો. જે દિવસે તેઓ સૂર્યદેવની પૂજા કરતા તે SUNDAY અને ચંદ્રની પૂજા કરતા તે દિવસને MONDAY તરીકે ઓળખાયા. પ્રેમની દેવી ઈષ્ટ અને દેવ મારદુકના ગ્રીસ નામો વિનસ અને જ્યુપિટર અસ્તિત્વમાં આવ્યા.

ભૂમધ્ય સમુદ્રના કિનારા પર લેબનોન પર્વતો અને સમુદ્ર વચ્ચે આવેલી સાંકડી પટ્ટીમાં ઈ.સ.પૂર્વે ૨૮૦૦માં ફિનિશ્યનો આવી રહ્યા આ લોકો કોણ હતા તેના પૂર્વજા કોણ હતા તે સ્પષ્ટ થતું નથી. શ્રી ક.મા.મુનશી આ લોકોને પ્યુનિક-પણિઓ નામના આર્ય-વિરોધી જાથ તરીકે ઓળખાવે છે. વેદમાં પણિઓના ઉલ્લેખો છે. આ પ્રજા વેપાર-વહાણવટું-ધાતુવિદ્યામાં નિષ્ણાન્ત હતા. ઈજિપ્તના પતન પછી તેમણે ગ્રીસ, માલ્ટા, સાઈપ્રસ, સિસીલી ટાપુઓ, ઉત્તર આફ્રિકાના કિનારે કાર્થેજ વગેરે સ્થળોએ ઈ.સ.પૂર્વે ૮૧૪ ની આસપાસ ફિનિશ્યનોની મહત્ત્વની વસાહતો હતી. વ્યાપારી પ્રજા હોવાથી હિસાબ-કિતાબ રાખવા લેખન કલા વિકસાવેલી. મિસરની હિરોગ્લિફ લિપિ અને સુમેરિયન કિલાક્ષરો ની લિપિમાંથી સંકલન કરી ૨૨ મૂળાક્ષરો વાળી વર્ણમાળા શોધી કાઢનાર ફિનિશ્યનો સૌ પ્રથમહતા. ગ્રીક લોકો તેમની પાસેથી આ મૂળાક્ષરો શીખ્યા અને આ લિપિ જે, અલિફ-બે, આલ્ફા-બીટા, એ-બી થી શરૂ થાય છે તે વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ. હાલની રોમન વર્ણમાળા-એબીસીડીના ૨૬ અક્ષરો પાછળથી આ બાવીસ અક્ષરોમાંથી જ વિકસિત થયા છે. જગતને ધ્રુવના તારાનો પરિચય ફિનિશ્યનોએ કરાવેલો છે. જે તેઓને

વહાણવટામાં દિશાસૂચન માટે ઉપયોગી હતો. તે વખતે હોકાયંત્રની શોધ થઈ નહોતી. ફિનિશ્યન પ્રજાનું સંખ્યાબળ ઓછું હોવા છતાં અન્ય સંસ્કૃતિની માનવ ઉપયોગી વિદ્યાઓનું સંકલન કરી જગત સમક્ષ મુક્યું છે અને પ્રાચીન ઈતિહાસમાં ફિનિશ્યનોનું નામ અમર કર્યું છે.

હાલ યહુદી-Jews તરીકે ઓળખાતી સેમેટિક પ્રજાનું મૂળ નામ હિબ્રુ- Hebrew છે. આ લોકો અરબસ્તાનના રણમાં ભટકતી ગોપ-જાતિ જેવું ટોળામાં જીવન જીવતા. આમાંથી એક જાથ પેલેસ્ટાઈન અને એક જાથ ઈજિપ્તમાં જઈ વસ્યું. ઈજિપ્તના રાજા-ફેરોહ યહુદીઓ પર અમાનુષી ત્રાસ ગુજારતા. યહુદીઓ ઈ.સ.પૂર્વે ૧૩૦૦ માં હજરત મુસા કે પયગંબર મોઝીઝના પ્રયત્નોથી, ઈજિપ્તના રાજા-ફેરોહની ગુલામીમાંથી મુક્ત થઈ પેલેસ્ટાઈનમાં વસવાટ કર્યો. એ વખતે પેલેસ્ટાઈનમાં વસતી એમોરાઈટ, ફિલિસ્ટાઈન, કેનાનાઈટ, હિટ્ટાઈટ વગેરે જાતિઓ સાથે સંઘર્ષમાં આવવું પડ્યું. કેનાનાઈટ સાથેના સંઘર્ષના ફળસ્વરૂપ આ લોકો પાસેથી હિબ્રુઓ ખેતી-વેપાર-ઉદ્યોગ-લેખનકળા વગેરે શીખી ભટકતું જીવન છોડી સ્થિર થયા. યહુદીઓમાં ઈ.સ.પૂર્વે ૧૧૦૦ સુધી ધર્મગુરુઓનું શાસન હતું. બહારના આક્રમણો ખાળવા સોલ નામના નેતાએ યહુદી પ્રજા એકત્ર કરી રાજાશાહી સ્થાપી. સોલ પછી ડેવિડ અને પછી સોલોમેન ગાદીએ આવ્યો (ઈ.સ.પૂર્વે ૯૭૧ થી ઈ.સ.પૂ.૯૩૩) જેરૂસલેમ સમૃદ્ધ કર્યું. યહોવાહ નું ભવ્ય મંદિર બંધાવ્યું. જેમા ફિનિશ્યન સ્થાપત્યકારોની સહાય મેળવી. સોલોમનના મૃત્યુ પછી આંતરકલહ થતાં ઈઝરાયેલ અને જુડાહ જાદા પડ્યા. ઈ.સ.પૂ. ૫૮૬ માં ખાલ્ડિયાના રાજાએ યહુદીઓને હરાવ્યા જેરૂસલેમનો ધ્વંસ કર્યો. ઈ.સ.પૂર્વે ૪૦૦ માં સિકંદરે રાજ્ય કર્યું. ત્યારબાદ સિરિયાના રાજવી અને રોમન સમ્રાટો આવ્યા. રોમન શાસન નીચે યહુદીઓએ બળવો કર્યો. રોમનોએ જબરજસ્ત કતલે-આમ ચલાવી. યહુદીઓ વિરવિખેર થઈ ગયા. જર્મનીમાં હિટલરે યહુદીઓ પર અત્યાચારો કર્યાનું ઈતિહાસ કહે છે. બીજા વિશ્વયુદ્ધ પછી ઈ.સ.૧૯૪૯ માં પેલેસ્ટાઈનના વિસ્તારમાં ઈઝરોયેલમાં યહુદી રાજ્ય સ્થપાયું. યહુદી-આરબનો સંઘર્ષ આજે ય જાણીતો છે.

યહુદીઓએ દુનિયાને "જુનો કરાર" અને "તાલમુદ" જેવા ધાર્મિક અને ઐતિહાસિક ગ્રન્થો આપ્યા. એકેશ્વરવાદ અને વિશ્વબંધુત્વ ની ભાવના ઉપસાવી. ઈ.સ ની પહેલી સદીમાં ખ્રિસ્તી ધર્મ સ્થપાયો. ગ્રીસ, અને રોમન સભ્યતાએ ખ્રિસ્તી ધર્મને આવકાર્યો "જાનો કરાર" ખ્રિસ્તીઓના બાઈબલનો પૂર્વભાગ બન્યો.

ઈ.સ.પૂર્વે ૨૫૦૦ માં મધ્ય એશિયા માઈનોરના ઉત્તરભાગમાં ઈન્ડો-યુરોપિયન પ્રજાની એક સંસ્કારી અને શક્તિશાળી શાખા જે હિટ્ટાઈટ તરીકે ઓળખાઈ. અને ઈ.સ.પૂર્વે ૭૧૭ સુધી શાસન ચલાવ્યું. બેબિલોન પર ચડાઈ કરી હમ્મુરાબીના વંશજાને હરાવ્યા, મિસરના ફેરોહ સાથે સબંધો બાંધ્યા. ઈ.સ ૧૯૧૭ માં હિટ્ટાઈટ સામ્રાજ્યના સ્થળેથી તુર્કસ્તાનના બોગાઝ કુઈ નામના સ્થળેથી ખોદકામ કરતાં ઈન્દ્ર, વરૂણ, મિત્ર જેવા વેદિક આર્યોના દેવોના નામવાળો શિલાલેખ મળી આવ્યો છે. હિટ્ટાઈટોએ પ્રથમવાર લોખંડની શોધ કરી, ઈ.સ.પૂર્વે ૧૨૦૦ દરમ્યાન લોખંડના હથિયારોનો ઉપયોગ કર્યો.

હવે આપણે ઈજિપ્તના ઈતિહાસનો આછેરો પરિચય મેળવીશું..... માનવસભ્યતાની સૌ પ્રથમ અને મહાન સ્થાપત્ય અને સંપત્તિ ધરાવનાર, લગભગ ૩૧૦૦ વર્ષ સુધી ટકી રહેનાર (ઈ.સ. પૂર્વે ૩૪૦૦ થી ઈ.સ. પૂર્વે ૩૨૨ સુધી ૩૦૭૮ વર્ષ) સભ્યતાને પ્રથમસ્થાન આપવામાં જરાય વાંધાસરખુ નથી.

ઈ.સ. પૂર્વે ૩૪૦૦ માં દક્ષિણ ઈજિપ્તના રાજા મેનિસે ઉત્તર ઈજિપ્ત જીતી લઈ શાસન સ્થાપ્યું. ઈજીપ્તના રાજકીય ઈતિહાસમાં મેનિસ થી લઈ ૩૧ રાજવંશ થઈ ગયા. ઈ.સ.પૂર્વે ૧૧મી સદીમાં ઈજીપ્ત નબળું પડવા લાગ્યું. ધર્મગુરુઓ અને શાસકો વચ્ચે સત્તાની હરિફાઈએ દેશમાં અંધાધૂંધી ફેલાઈ. ઈજિપ્ત બહાર પણ કેટલીક શક્તિશાળી સત્તાઓ વિકસી. ઈ.સ.પૂર્વે ૯૪૦ પછી વિદેશી આક્રમણો વારંવાર થવા લાગ્યા અને ઈ.સ.પૂર્વે ૩૦ માં ઈજિપ્ત રોમન સામ્રાજ્યનું અંગ બન્યું. સ્વતંત્રતા નાશ પામી, છેક ઈ.સ. ૧૯૨૨ ની ૧૪ મી માર્ચ ફરીથી સ્વતંત્ર થયું.

ઈ.સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૨૫૦૦ (૩ થી ૬ વંશનો સમય) દરમિયાન દુનિયાની અજાયબી સમાન પિરામિડોની રચના થઈ. જેમાં નીચેના ઓરડાઓમાં રાજાઓના મૃતદેહોમાં મસાલા ભરી કપડામાં વીંટાળી સાચવી રખાતા. જેને મમી કહેવામાં આવે છે. રાજાઓ સાથે તેના દાસ દાસીઓના મમી પણ રાખવામાં આવતા. રાજાઓ ફેરો તરીકે ઓળખાતા. એકબાજા રાજ પરિવારો, અમલદારો અને બીજી બાજા ગરીબો અને ગુલામો હતા.

ફેરો યહુદીઓ પાસે ગુલામી કરાવતા જેમાંથી હજરત મુસાએ (મોઝીઝ) મુક્તિ અપાવેલી. (આશરે ઈ.સ. પૂર્વે ૧૫૦૦)

ઈ.સ.પૂર્વે ૨૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૫૮૦ દરમ્યાન મજબૂત કેન્દ્રીય સરકારના અભાવે શક્તિશાળી સામંતો પોતાના સ્વતંત્ર રાજ્યો સ્થાપવા માંડ્યા. પણ મધ્યસ્થ સત્તા નબળી પડવાથી વિદેશી આક્રમણો વધ્યા. આ સ્થિતિ અગિયારમાં વંશની સ્થાપના સુધી રહી.

ઈ.સ.પૂર્વે ૧૫૦૦ માં હિકસોસ નામની લડાયક (આર્ય) પ્રજાએ ઈજિપ્ત પર આક્રમણ કરી જીતી લીધું, આખરે અહમોસ નામના રાજકુમારે હિકસોસ પ્રજાની સામે મુક્તિ મોરચો માંડી સીરિયા પલેસ્ટાઈન બહાર તગડી મૂક્યા. (ઈ.સ.પૂર્વે ૧૫૮૦). ઈજીપ્તવાસીઓ તેમની પાસેથી ઘોડા અને રથનો ઉપયોગ શીખ્યા હતા. આ વાત એટલા માટે ધ્યાન આપવા જેવી છે કે, ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર થયેલા આર્યોનું જ એક જાથ હિકસોસ તરીકે ઓળખાયું. હિકસોસ આખા જુથનું નામ નથી લાગતું. તે આર્યજાથના નેતાનું ઈજિપ્ત ઉચ્ચારણોમાં રૂપાન્તર થયું હોય તેમ લાગે છે. શ્રીમુનશી હિકસોસને ઇક્ષ્વાકુ વંશના આર્યો માને છે. ઘોડા અને રથ આર્યોનો સ્પષ્ટ સંકેત છે.

ઈ.સ.પૂર્વે ૧૫૮૦ થી ઈ.સ.પૂર્વે ૧૧૫૦ અઢાર થી વીસ રાજવંશ સુધીનો સમય ગાળો ઈજિપ્તનો સુવર્ણ યુગ છે.

અખનેટન નામનો ફેરોહ જગતનો મહાન સુધારક અને એકેશ્વરવાદી હતો. જેણે અસંખ્ય દેવદેવીઓની પૂજા બંધ કરાવી એક જ દેવની પૂજા દાખલ કરી, પરંતુ અખનેટન ના મૃત્યુબાદ પુનઃદેવ-દેવીઓની પૂજા ચાલુ થઈ ગઈ. સ્થાપત્ય, કલા અને વિજ્ઞાન ક્ષેત્રે ઇજિપ્તે અદ્દભૂત વિકાસ સાધ્યો. ૩૬૫ દિવસ અને ૧૨ મહિનાના વર્ષવાળુ પંચાગ, દશાંશ પદ્ધતિ, ગણિત, ભૂમિતિ,ખગોળ, વૈદક, રસાયણ વગેરે અનેક વિષયોમાં અજાડ સિદ્ધિઓ પ્રાપ્ત કરી. લેખનકલાનો અદ્દભૂત વિકાસ જાવા મળે છે.

પ્રારંભમાં ચિત્રલિપિ અને આખરે ૨૪ મૂળાક્ષરોવાળી HeiroGlyph હિરોગ્લિફ લિપિની શોધ અણમોલ છે. બરૂના કિત્તા, કલમ, શાહી અને પેપર-કાગળ (Papyrus) નામના છોડમાંથી કાગળ બનતો એટલે આજે ય પેપર કહેવાય છે તેની શોધ કરી. સૌ પ્રથમ સરકારી નિશાળ સ્થાપવાનો મિસરવાસીઓનો પ્રયત્ન હતો.

સિન્ધુ સભ્યતાના લોકો પડોશી સભ્યતાથી સંપૂર્ણ પરિચિત હતા. સુમેરિયા અને અન્ય સ્થળેથી સિંધુ સભ્યતા સાથેના વેપારના સંકેતો મળી આવ્યા છે.પરંતુ દુઃખની વાત એ છે કે સિન્ધુસભ્યતાની લિપિ કે ચિત્રલિપિના અન્ય લિપિમાંથી રૂપાન્તરો મળ્યા નથી. અને તે લિપિ વિદ્વાનોના અથાગ પ્રયત્નો પછી ય ઉકેલાઈ નથી.

અન્ય સભ્યતાઓમાં દેવ-દેવીઓની પૂજા અને મંદિર પ્રકારના સ્થાનો મળે છે પણ સિન્ધુ સભ્યતામાં આવા કોઈ સંકેત મળ્યા નથી.

સિંધુ સભ્યતા પહેલાંની એક સંસ્કૃતિ પાકિસ્તાનના મહેરગઢ નામના સ્થળે મળી આવેલ છે. તે સિવાય બધા ઉત્ખનનો પાકિસ્તાન - ભારતમાં આવેલા છે. જેમાં પાકિસ્તાનમાં આવેલા મૂંએ જા દડો અને હરપ્પા. સૌ પ્રથમ પંજાબના મોણ્ટગમિરી જીલ્લાના હડપ્પા ગામનો ઉલ્લેખ ઈ.સ. ૧૮૨૬માં ચાર્લ્સ મૈશને કરેલો. જનરલ કનીંગહામે ઈ.સ ૧૮૫૩ અને ૧૮૭૩માં આ ટીંબાનું સર્વેક્ષણ કરી આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા ના ઉપક્રમે ૧૯૨૧ માં રીપોર્ટ પ્રગટ કર્યો. તેવી જ રીતે સર જાન માર્શલે ૧૯૨૨ થી ૧૯૩૦ સુધી મુંએ જા દરો નામના સ્થળે ઉત્ખનન કરાવી રીપોર્ટ છાપ્યા, અને ભારતીય ઈતિહાસની પરંપરામાં નવું પ્રકરણ ઉમેર્યું.

સિન્ધુ સભ્યતા ઈ.સ.પૂર્વે ૩૫૦૦માં ચરમસીમાએ હતી. જેનો ઈ.સ.પૂર્વે ૧૭૦૦ માં સપૂર્ણ ધ્વંસ થયો. આ જ સમયે આર્યોનું જાથ આ સપ્તસિંધુના પ્રદેશોમાં આવી લાગ્યું. આર્યો ગૌરવર્ણ અને યુદ્ધકુશળ હતા, ઘોડા અને રથનો ઉપયોગ કરી જાણતા. જ્યારે સિંધુ સભ્યતાની પ્રજા જેનો નિષાદ, દ્રવિડ, કિરાત, પણિઓ તરીકે વેદોમાં ઉલ્લેખ થયો છે. આ લોકોને આર્યોએ પરાસ્ત કરી અન્ય સ્થળોએ ભગાડી મુક્યા. દા.ત. કિરાતો (મોંગોલિયન રેસની જાતિ) હિમાલયની પહાડીઓમાં તિબેટથી નેપાલ, સિક્કિમ, ભૂતાન અને આસામ-નાગાલેન્ડ સુધી ખસી ગયા. આ પીતવર્ણ પ્રજા હતી. શ્યામવર્ણની નિષાદ-દ્રવિડ વગેરે પ્રજા મધ્ય-પૂર્વ-ભારત અને દક્ષિણભારત સુધી ખસી ગઈ. બાકીની અનાર્ય પ્રજાએ આર્યો સાથે સમન્વય સ્વીકારી લીધો. તેમ છતાં રૂઢિચુસ્તોની અકોણાઈથી, સપ્તસિન્ધુના પ્રદેશોમાંથી નર્મદા તટ સુધી ખસી જવું પડ્યું. આ ઘટના ઈ.સ પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ પૂર્વે ૧૨૦૦ દરમ્યાન થઈ હોવાના અનુમાન છે.

ઈ.સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાં આર્ય લોકો ઉત્તર ધ્રુવ પાસેના પ્રદેશોમાં રહેતા તેવું અનુમાન શ્રીબાલગંગાધર-તિલકે વેદોની કેટલીક ઋચાઓ અને ખગોળની સ્થિતિ ઉપરથી કર્યું છે. અવેસ્તામાં પણ અગાઉ બે મહિનાનો દિવસ થતો, તેવો ઉલ્લેખ છે. આર્યોએ ઉત્તર ધ્રુવના ઠંડા પ્રદેશોની આજીવિકાની વિષમ પરિસ્થિતિ હોવાથી દક્ષિણ-પૂર્વમાં સ્થળાંતર શરૂ કરેલું, આર્યોનો ગૌરવર્ણ, લડાયક વૃત્તિ, રથ અને ઘોડાનો ઉપયોગ પણ યુરોપ-વસવાટ હોવાનો પુરાવો છે. ઈન્ડો-યુરોપિયન સમુહની ભાષાઓ ઉત્તર ધ્રુવ નજીકના યુરોપ ખંડના દેશોમાં આજે પણ બોલાય છે. જેમાં સેન્ટુમ અને કેન્ટુમભાષા જુથો મુખ્ય છે.

ઈ.સ.પૂર્વે ૧૫૦૦ની આસપાસ આર્યોના એક જુથે ઈજીપ્ત જીતી લીધેલું અને ૫૦વર્ષ રાજ્ય કરેલું. તે આર્ય નેતા હિકસોસ અથવા આખા જુથનું નામ હિકસોસ હતું.

તુર્કિના બોગાઝકુઇ નામના સ્થળેથી મળેલી મૃણ્મુદ્રા પર હિટ્ટાઈટ અને મિટન્ની સામ્રાજ્યના રાજાઓ (સુપ્પીલુલ્યુમસ-હિટ્ટાઈટ અને શટ્ટીવાઝ-મિટન્નીના હુરીયન રાજ્ય) વચ્ચે ઈ.સ.પૂર્વે ૧૪૦૦માં થયેલા એક સંધિ કરારમાં... વૈદિક દેવો મિત્ર-ઈન્દ્ર- વરુણ-નાસત્યૌના ઉલ્લેખ મળી આવ્યા છે. આ મુદ્રા સ્થાનિક જુની અસીરીયન ભાષામાં (Cuniform) ક્યુનિફોર્મ લિપિમાં છે. જે સમય સપ્તસિન્ધુમાં આર્ય-અનાર્ય સમન્વય (સંસ્કૃત અને ઋગ્વેદની રચનાનો સમય ઇ.સ.પૂર્વે ૧૨૦૦) અગાઉ ૨૦૦વર્ષ પહેલાનો છે, એટલે જ્યારે આર્યો અને અવેસ્તનો ક્યુનિફોર્મ અને હેરોગ્લિફ લિપિથી પરિચિત હતા. આ બંને લિપિનું સંકલન કરી ફોનેશિયનોએ (ઈ.સ.પૂર્વે ૧૧૦૦ ની આસપાસ) ૨૨ ધ્વનિસંકેતોવાળી એક વર્ણમાળા બનાવેલી જેમાં ઘણી સરળતા હતી.(ચિત્રલિપિના હજારો ચિન્હો-અક્ષરોમાંથી મુક્તિ મળી.) આ આલ્ફાબેટ પ્રકારની Abjd લિપિ છે જ્યારે સંસ્કૃત ભાષા બારાક્ષરીવાળી Abugida પ્રકારની છે; તેમાં પૂર્ણતા મેળવવા સ્વરાંકન પધ્ધતિનો પ્રયોગ કરી ઋગ્વેદની વેદિક-સંસ્કૃત ભાષા માટે વાપરવામાં આવી હોવાના ઘણા સંજોગો દેખાય છે.

આ જ ફોનેશિયન લિપિ પરથી સેમેટિક ભાષાઓ, ઇન્ડો-ઈરાનિયન અને ઇન્ડો-યુરોપિયન ભાષા-જુથોને અનુકૂળ લિપિઓની રચના કાળક્રમે થઈ. લગભગ ઇ.સ.પૂર્વે ૮૦૦માં ફોનેશિયન લિપિના ૨૨ ધ્વન્યાત્મક અક્ષરોમાંથી ૪૬-વર્ણવાળી બ્રાહ્મી લિપિ વિકસી હોવાનું વિદ્વાનો માને છે. આ જ કૂળની આર્મેનિયન અને ખરોષ્ઠી લિપિ પણ બની છે. બ્રાહ્મી લિપિએ ૨૨ ધ્વનિઓ લીધી અને પાણિનિએ Abugida પ્રકારની વર્ણમાળામાં ફેરવી મઠારી(ઈ.સ. પૂર્વે ૭૦૦) સંસ્કૃત ભાષા માટે ઉપયોગ કર્યો હોવાનું અનુમાન કરી શકાય. આ સમયગાળાના અન્ય શાસ્ત્રો હોવા છતાં મુખપાઠ કરી યાદ રાખવાનો પ્રયત્ન વેદો સિવાય થયો લાગતો નથી.

હાલ સંસ્કૃત ભાષા માટે દેવનાગરી લિપિ વાપરવામાં આવે છે તે ઈ.સ.૮૦૦માં દેખા દે છે. વળી દેવનાગરી બ્રાહ્મી લિપિ પરથી ઉતરી આવી છે તે બ્રાહ્મી લિપિ ઈ.સ.પૂર્વે ૮૦૦ પહેલાં જોવા મળતી નથી. સમ્રાટ અશોકના શિલાલેખોમાં બ્રાહ્મી, ખરોષ્ઠી, ગ્રીક અને આર્મેનિયન લિપિનો પ્રયોગ થયો છે. તે ઈ.સ.પૂર્વે ૨૭૦ થી ૨૩૧ સુધીનો સમય ગણાય.

સિન્ધુસભ્યતાની લિપિ (ઇ.સ.પૂર્વે ૩૫૦૦) ઉકેલી શકાઈ નથી પણ તે દ્રવિડ ભાષા-લિપિની નજીક હોવાનું અનુમાન થાય છે. સિન્ધુ-સભ્યતાના લોકો સુમેરિયનો અને ઇજીપ્શિયનો સાથે પરિચય ધરવતા છતાં ભાષા લિપિ સ્વતંત્ર રીતે વિકસાવેલા હોવાનું દેખાય છે. સિંધુસભ્યતા પાસે ઘોડા જ હતા જ નહીં. ઉત્ખનનની મુદ્રાઓમાં વૃષભના ચિન્હ જાવા મળે છે.

તેહરી ગઢવાલ રાજ્યના ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રીયુત ગંગાપ્રસાદજીએ ઈ.સ.૧૯૦૯ માં પોતાના પુસ્તક ''The Fountainhead of Religion'' માં વૈદિક ધર્મથી વિશ્વના મુખ્ય ધર્મો પ્રભાવિત છે. જેમાં જરથોસ્તી ધર્મ, યહુદી ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસાઈ ધર્મ અને ઈસ્લામધર્મ પર વેદિક પ્રભાવ છે. આના પુરાવા માટે કેટલીક વાર્તાઓ, મરણોત્તર રિવાજો. ભાષાના ઉચ્ચારણો વગેરે રજુ કર્યા છે. તે દર્શનીય છે. આપણે એટલું કહી શકીએ કે આર્યો ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર કરી (ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન) ઇજીપ્ત, ઈરાન, એશિયા માઈનોરના દેશો અને યુરોપના દેશોમાં ફેલાઈ ગયેલા અથવા ત્યાંના સ્થાનિક લોકોને ય પોતાની શૈલીથી પ્રભાવિત કરેલા તેવું ઐતિહાસિક અર્થઘટન કરવામાં વાંધા સરખુ જણાતું નથી. આ પ્રક્રિયા, આર્યો ઈશ્વર-પરલોક-પુનર્જન્મમાં માનનારી પ્રજા હોઈ શકે છે. સામ્રાજ્યવાદી યુદ્ધખોર માનસ પણ સ્પષ્ટ છે. સામાજિક રીતરિવાજોમાં નજીકના સંબંધો ધરાવતી સ્ત્રીઓ સાથે દાંપત્યજીવન ગાળવાનો કોઈ છોછ નથી. આ બધી જ વાતો સિંધુ સભ્યતાની પ્રજાના વલણો વિરુદ્ધ જાય છે અને આર્ય-અનાર્ય સંઘર્ષનું કારણ બને છે.

અનાર્યો, આર્યોને આપણે તેઓના સન્માન્ય દેવોના આધારે જુથમાં વહેંચીશુ તો ઘણી વાતો સ્પષ્ટ થશે. દ્યૌ અને પૃથિવી આર્યોના જુનામાં જુના દેવ હતા. (ઋગ્વેદ-૨-૨૭-૨) દ્યૌ એટલે આકાશ, પર્જન્ય મૂળ વર્ષા અને



અનાર્ય પીતવર્ણ કિરાત જાતિ ક્યારે ય દાસ તરીકે રહી નથી. તે નોંધનીય છે. આસામના મૂળવતની-કિરાતોએ ચાના બગીચામાં મજારી કરવાનું ન સ્વીકાર્યું અને બીજા પ્રદેશોમાંથી મજારો બોલાવવા પડ્યા જે આસામ આંદોલનનું કારણ બન્યા.

ઝંઝાવાતના દેવ છે. (ઋ-૫-૮૩) પાછળથી દ્યૌના લક્ષણો ઈન્દ્રમાં આરોપિત થયા, દ્યૌ અને પૃથિવીએ ત્રણ સુંદર દેવોને જન્મ આપ્યો. મિત્ર-વરૂણ અને અર્યમા. વૈદિક આર્યોમાં ઈન્દ્રપૂજાનો આરંભ થયો તે પહેલા વરૂણનું તેમજ અગ્નિનું સ્થાન હતું. મિત્ર એટલે સૂર્ય પણ પૂજનીય દેવ હતો. એક તર્ક એવો કરી શકાય કે, ઉત્તર ધ્રુવના બર્ફીલા પ્રદેશોમાં પાણી(વરુણ) બહુ કિંમતી વસ્તુ ગણાય, અગ્નિ જીવન માટે હુંફ મેળવવા અગત્યની વસ્તુ છે જ! જેમ-જેમ દક્ષિણ તરફ આવતા ગયા તેમ નિયમિત સૂર્ય-પ્રકાશ મળતો ગયો જે મિત્ર સમાન-દેવસમાન બની રહ્યો. આમ આકાશ, પૃથ્વી, વરુણ, અગ્નિ, સૂર્ય ને મનુષ્યોના દેવોનું સ્થાન મળ્યું હોવાનું માની શકાય.

આર્યો તેમના સ્થળાંતર પ્રવાસ દરમિયાન (ઈ.સ. પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ પૂર્વે ૧૭૦૦) વિવિધ પ્રજાના સંપર્કમાં આવેલા અને આર્યોમાં પણ વિવિધવિચારશ્રેણી વાળા જુથો કે આરાધ્ય દેવોની વિવિધતા સમયાંતરે જોવા મળે છે. હાલ આ પ્રજાઓ ઇન્ડો-ઈરાનિયન, ઇન્ડો-યુરોપિયન, ઇન્ડો-આર્યન અને સેમેટીક ભાષાઓનો ઉપયોગ કરે છે.આ પ્રજાઓના કેટલાક ઉલ્લેખો વેદોમાં, મહાભારત, રામાયણ અને પુરાણોમાં મળે છે. જેમાંથી અસુર, નાગ, પણિ, સુમેરિયન, અક્કાડિયન, હિટ્ટાઈટ, મિટન્ની, ઇજિપ્શિયન, ફોનેશિયન, દાસ, કિરાત, દ્રવિડ, જ્યુડો, અવેસ્તન... વગેરે. આર્યોમાં પણ આરાધ્ય દેવોના આધારે વિવિધતા રહેતી.આશ્ચર્યની વાત છે. વળી દરેક પ્રજાના સન્માન્ય દૃષ્ટિકોણ હાલના મૂડીવાદ, ગણતંત્ર, સામ્યવાદ, માનવતાવાદ, સામ્રાજ્યવાદ, નીરીશ્વરવાદ, Monogamy-Polygamy કે Polyandry, જેવા વૈવિધ્યપૂર્ણ અને વિવાદાસ્પદ હતા. માત્ર પૂર્વના ધર્મોનો અભ્યાસ ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા The Sacred Books of the EASTના ૫૦ વોલ્યુમમાં કરવામાં આવ્યો છે.

આજિવિકાની કઠોર પરિસ્થિતિ સ્થળાંતરની પ્રેરણા આપે છે, સ્થળાંતર લડાયકવૃત્તિ વિકસાવે છે, રણમાં ઉગતી કાંટાળી વનસ્પતિ જેમ કૂટિલતાનો વિકાસ થઈ ચુક્યો હોય છે; જે નવા પ્રદેશમાં ઉભી થતી સંકરતા વડે પ્રસાર પામે છે. ફરી આજિવિકાની સરળ પરિસ્થિતિમાં કૂટિલતા Genetic Virtue બની ગઇ હોઇ ફેરફાર થતા નથી, પરંતુ કઠોર પરિસ્થિતિના સંજોગો બદલાતા રહે છે.

ભારતીય ઉપંખડમાં સિન્ધુ સભ્યતાના પ્રદેશો પર કાબુ મેળવતા પહેલા આર્યોએ ઈરાનમાં સ્થળાંતર કરેલું. અને સ્થાયી પણ થયેલા ઈ.સ. પૂર્વે ૧૮૦૦ પહેલાં આર્યો વરૂણ પૂજકો હશે અહીં આવ્યા પછી અથર્વણ આર્યો

અગ્નિપૂજક અને સૂર્યપૂજકો બન્યા. કેટલાક જુથોએ ઈન્દ્રની પૂજા સ્વીકારી. અગ્નિપૂજક આર્યો ઈન્દ્રને અસુર ગણતા સૂર્યપૂજકો થોડા તટસ્થ અથર્વણો હશે તેમ માની શકાય. આમ ઈરાનમાંથી અગ્નિપૂજક અથર્વણોથી બે જુથો ઈન્દ્રપૂજક વેદિક આર્યો અને અગ્નિ-સૂર્ય પૂજક અથર્વણો સપ્તસિન્ધુના પ્રદેશો તરફ સ્થળાંતર થયા અને ઈ.સ. પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ સુધી અનાર્યો સાથે સંઘર્ષમાં ઉતર્યા. આર્ય-અનાર્ય સમન્વય દરમ્યાન ઈન્દ્રપૂજક વસિષ્ઠ અને સુદાસના નેતૃત્વ નીચેના આર્યો અને સૂર્યપૂજક અથર્વણોના નેતા વિશ્વામિત્ર વચ્ચે દાશરાજ્ઞ યુદ્ધ થયું. (જે વિશ્વામિત્રે જીતાયેલા અનાર્યોની સામુહિક કતલને બદલે આર્યમાં રૂપાન્તર કરવાના મુદ્દે થયેલું) યુદ્ધમાં હારી જતાં ઈ.સ.પૂર્વે ૧૪૦૦-૧૩૦૦ દરમ્યાન અથર્વણ આર્યો અને આર્યમાં પરિવર્તિત કરેલા શ્યામવર્ણ આર્યો સપ્તસિંધુમાંથી નર્મદાના ઉત્તર કિનારા સુધી ખસી ગયા.

કોડીનાર પાસે આવેલા મૂળદ્વારકાના ગણતંત્રના અનાર્ય નેતા શ્યામવર્ણ શ્રીકૃષ્ણે (જૈનોના બાવીસમાં તીર્થંકર નેમિનાથ જે શ્રીકૃષ્ણના ભત્રીજા હતા.) ઈ.સ પૂર્વે ૧૪૦૦ માં સપ્તસિન્ધુ નજીક અંશુમતી નદીને કિનારે ઈન્દ્ર સાથે ભીષણ યુદ્ધ કર્યું. પીછેહઠ કરવી પડી, પણ જનસમાજમાંથી ઈન્દ્રની પૂજા કાયમ માટે બંધ કરાવી, ગોવર્ધનધારી કૃષ્ણનું પ્રતિક વરસાદરૂપી ઈન્દ્રથી લોકોને રક્ષણ આપવાનું વચન આપે છે. તેવો સંકેત છે. વેદમાં હવે ઈન્દ્રને બદલે વિષ્ણુને લેવામાં આવ્યા. વિષ્ણુના અવતાર તરીકે કૃષ્ણને સ્વીકાર્યા. શાસ્ત્રો અને પુરાણોમાં કૃષ્ણના ચરિત્રને ભક્તિભાવ વડે દીપાવ્યું છે, તે શ્રદ્ધાની વાત છે પણ ઐતિહાસિક રીતે ઈન્દ્ર અને કૃષ્ણના યુદ્ધને અવગણી ન શકાય અને એ સમય ઈ.સ.પૂર્વે ૧૪૦૦ ની આસપાસ મૂકી શકાય.

તેવી રીતે અનાર્ય શ્યામવર્ણ દેવ શિવજીનો દક્ષના યજ્ઞનો વિરોધ ઈ.સ.પૂર્વે ૧૫૦૦ ની આજુબાજુ મુકી શકાય. અને દાશરાજ્ઞ યુદ્ધના સમય (આશરે ઈ.સ.પૂર્વે ૧૩૦૦)સુધી લંબાવી શકાય.

અહીં સુધીનો ઘટનાક્રમ વિગતવાર લખવો પડ્યો, ઘણી વાતોનું પૂનરાવર્તન પણ થયું, તે આર્યોના સપ્તસિન્ધુમાં આગમન પહેલાંની સ્થિતિ અને સમકાલીન સભ્યતા પર આર્ય-અનાર્ય પ્રભાવ અંગે વધુ સ્પષ્ટતા થાય એટલા પુરતો હતો.

હવે આર્ય અનાર્યના દૃષ્ટિકોણ-ગમા-અણગમાની વાત જાણી શાસ્ત્રોની રચના દ્વારા સ્ત્રી, શૂદ્ર, વર્ણાશ્રણધર્મ, Polyandry, નીરીશ્વરવાદ, યજ્ઞોની હિંસાના વિરોધની ટુંકી નોંધ કરીશું.

ઇ.સ.પૂર્વે ૧૨૦૦ ની આસપાસ ઋગ્વેદની રચના થઈ. જેમાં વર્ણાશ્રમધર્મનો સંકેત આપતું પુરુષ સૂક્ત પ્રસિદ્ધ છે. ઋગ્વેદ દુનિયાનું સૌથી પ્રાચીન પુસ્તક છે. ઋગ્વેદ ઉપરાન્ત સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ છે. ઈ.સ.પૂર્વે ૧૨૦૦-ઈ.સ.પૂર્વે ૮૦૦ સુધી વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ગૃહસૂત્ર, ઉપનિષદની રચનાઓ થઈ, જેમાં વર્ણાશ્રમના નિયમો, સ્ત્રીઓ અને શૂદ્રોએ પાળવાના નિયમો, યજ્ઞની વિધિઓ, પુત્રપ્રાપ્તિ અને સ્વર્ગના સુખો મેળવવાની વિધિઓ-યજ્ઞો, અશ્વમેધ અને નરમેધની વિધિઓના વર્ણન છે. ઉપનિષદો બ્રહ્મ અને ઈશ્વરની વાતો કરે છે. આવડા મોટા વૈદિક સાહિત્યમાં ગાયત્રી મન્ત્ર સિવાય ક્યાંય માનવતાસભર જ્ઞાન હોય તેવું જણાતું નથી.

મહાભારતનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ૧૦૦૦થી ઈ.સ.પૂર્વે ૪૦૦ સુધી મુકી શકાય. મહાભારત એક વાર્તા જ છે, જેમાં માનવસ્વભાવની વિવિધ પ્રતિક્રિયાઓનું વર્ણન છે. મહાભારતનું યુદ્ધ ક્યારે થયું તેના કોઈ ઐતિહાસિક પુરાવા નથી. વળી વેદવ્યાસજી પોતે જ મહાભારતની રચનાને કાવ્ય કહે છે. રામાયણ, મહાભારતની પ્રતિક્રિયા રૂપે લખાયું છે. મહાભારતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે Polyandry-ગણતંત્રની તરફેણ કરી છે. જ્યારે રામાયણ માત્ર એક-પતિ-પત્ની વાળા સમાજની રચના ઉપર ભાર મુકે છે. જેની રચના ઈ.સ.પૂર્વે ૮૦૦ થી ઈ.સ.પૂર્વે ૨૦૦ દરમ્યાન થઈ હોવાનું સંભવિત છે. રામાયણ પણ એક કાલ્પનિક કથા છે.

ઈ.સ.પૂર્વે ૪૦૦ થી ઈ.સ.૬૦૦ સુધીમાં શ્રૌતગ્રન્થો, સ્મૃતિઓ, કલ્પસૂત્રો અને પુરાણોની રચના થઈ છે. ઈ.સ.પૂર્વે ૭૦૦ દરમ્યાન પાણિનિએ વૈદિક સંસ્કૃતને આધુનિક સ્વરૂપ આપ્યું. અને વૈદિક સાહિત્ય સિવાય તમામ સાહિત્યમાં પાણિનિય સંસ્કૃતનો પ્રયોગ થયો છે. જે દુનિયાની સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિક ભાષા છે. સંસ્કૃત ભાષા માટે દેવનાગરી લિપિનો ઉપયોગ કરવામાં આવે છે. દેવનાગરી લિપિ, નાગરી અને બાળબોધથી પણ ઓળખાય છે. આધુનિક હિન્દી, મરાઠી, રાજસ્થાની, નેપાળી ભાષાઓ દેવનાગરી લિપિનો ઉપયોગ કરે છે. થોડા ફેરફાર સાથે ગુજરાતી લિપિ દેવનાગરી લિપિની એકદમ નજીક છે.

ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદી દુનિયાભરમાં દાર્શનિકોની સદી છે. ઈ.સ.પૂર્વે ૮૦૦૦ થી ઈ.સ.પૂર્વ ૫૦૦ દરમ્યાન વિષમ આજીવિકાના પર્યાવરણમાં ઉછરેલી માનવસભ્યતાએ સુખની શોધમાં સતત સરળ આજીવિકાના પ્રદેશો

તરફ સ્થળાંતર કર્યે રાખ્યું છે. તેવા સંજાગોમાં સ્થાનિક અને સ્થળાંતરિત પ્રજાઓની સંકરતાએ એક નવી પ્રજાનું અવતરણ કરાવ્યું છે. દા.ત. પહાડી વિસ્તારમાં રહેતી પ્રજાએ સ્થળાંતર કરી રણપ્રદેશમાં આશ્રય લીધો હોય અને ત્યાં રોટી-બેટીનો વ્યવહાર ચાલુ કર્યો હોય, તો બંને પ્રજાના લક્ષણોવાળી એક વિશિષ્ટ પ્રજા જરૂર ઉત્પન્ન થાય અને માનવસ્વભાવની વિવિધતાનું કારણ બને. એટલે ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદી સુધીમાં ૭૫૦૦ વર્ષ દરમ્યાન સ્થળાંતર અને સંકરતાને કારણે માનવસ્વભાવમાં જે સદ્‌ગુણો અને દુર્ગુણોનો વિકાસ સંપૂર્ણ પણે થઈ ચૂક્યો હોવો જાઈએ. ગીતા-અ-૧૬માં આને આસુરીસંપતિ અને દૈવી સંપતિ કહે છે. દૈવી સંપતિના ૨૬ ગુણો છે અને આસુરી સંપતિના છ ગુણો. જે માનવસ્વભાવની વિવિધતાના અને પરોપકારી અને પરપીડનવૃત્તિના સંકેતો છે. અભય, સત્વસંશુદ્ધિ, જ્ઞાન-યોગમાં સ્થિરતા, દાન, ઈન્દ્રયોનું દમન, યજ્ઞ(સૃષ્ટિનું ઋણ ચૂકવવા કરાતો શ્રમ), સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, કોઈની નિન્દા ન કરવી, સર્વે ભૂતો સજીવ-નિર્જીવ સૃષ્ટિ પ્રત્યે દયા, લાલચુ ન થવું, કોમળતા-નમ્રતા, લજ્જા, વ્યર્થ ચેષ્ટાનો અભાવ Over-Smart ન થવું (ચંચળતાનો ત્યાગ), તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ, નાતિમાનતા (Hypocrasy-અતિમાનની અપેક્ષા ન રાખવી.) આ દૈવીસંપત્તિવાળા પુરુષના લક્ષણો છે. આસુરી સંપત્તિના માત્ર છ જ લક્ષણ છે. આસુરી સ્વભાવના માણસો પ્રવૃતિ-કર્તવ્યકર્મ અને નિવૃતિ-અકર્તવ્યકર્મ જાણતા નથી, અપવિત્રતા-મનની અને શરીરની, આચારહીનતા, અસત્ય, નિર્લજ અને ભોગવાદી વલણ ધરાવનારા લોકો સર્વેનું અહિત કરનારા, ક્રૂરતાનું આચરણ કરનારા જગતનો નાશ નોતરે છે. આ છ આસુરી સંપત્તિના લક્ષણો વિષમ આજીવિકાના પર્યાવરણમાં ઉછરેલી પ્રજામાં વિકસિત થયા હોય છે. અને હવે તે સંક્રમિત થઈ પ્રસાર પામ્યા હોય છે. એટલે પરપીડન-વૃત્તિનું નિયંત્રણ કરી સામુહિક સુખ શોધવું તે તત્વજ્ઞો અને દાર્શનિકોનો વ્યાયામછે.

જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ છે. જેમાં શિવજી સાથે ઘણી એકરૂપતા છે. ઋષભદેવનો અને શિવજીનો સમય ઈ.સ.પૂર્વે ૩૫૦૦ પહેલા સ્થિર થયો હોય તેમ માની શકાય અને તે ય માનાર્હ સાંખ્ય-યોગદ્રષ્ટા તરીકે, દક્ષના યજ્ઞનો શિવજીનો વિરોધ ઈ.સ.પૂર્વે ૧૫૦૦ થી ૧૩૦૦ દરમ્યાન પ્રતીકાત્મક રીતે આલેખાયો હોવાનું માનવું પડે.

જૈનો સિંધુસભ્યતાની આદિ પ્રજા છે. સદાય નીરીશ્વરવાદી વેદ-વિરોધી સાંખ્યદ્રષ્ટાઓ છે. ઈ.સ.પૂર્વે ૧૪૦૦ ની આસપાસ શ્રીકૃષ્ણના સમકાલીન અને શ્રીકૃષ્ણના ભત્રીજા, નેમિનાથ નામના જૈનોના ૨૨મા તીર્થંકર ઐતિહાસિક છે. જૈનોના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ ઈ.સ.પૂર્વે ૮૭૭ થી ૭૭૭ દરમ્યાન થઈ ગયા. પાર્શ્વનાથે વૈદિકો સાથે ઘર્ષણ ટાળવા કે જૈનધર્મની દિવ્યતા સ્થાપવા આંશિક રીતે ભ્રાન્ત તત્વોમાંથી અવતારવાદ-પુનર્જન્મ અને પરલોકનો સ્વીકાર કરી લીધો હોવાનું જણાય છે. પાર્શ્વનાથ મહાવીર અને બુદ્ધના પુરોગામી છે. પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે મહાવીર સ્વામી ૨૪મા તીર્થંકર બને છે. મહાવીર સ્વામીનો સમય ઈ.સ.પૂર્વે ૫૪૦ થી ઈ.સ.પૂર્વે ૪૬૮ માનવામાં આવે છે. જ્યારે બુદ્ધ ઈ.સ.પૂર્વે ૫૬૯ થી ઈ.સ.પૂર્વે ૪૮૯ દરમ્યાન બૌદ્ધ ધર્મની સ્થાપના કરે છે. બૌદ્ધ ધર્મ નીરીશ્વરવાદી અવૈદિક અને અહિંસામાં માનનારો છે. જૈનધર્મ કરતાં તદ્દન જુદો ધર્મ છે. બંને ધર્મોનો મુખ્ય આધાર અહિંસા સાંખ્ય અને યોગ જ છે.

બૌદ્ધ ધર્મ ભારતમાં ઈ.સ.પૂર્વે ૬૦૦ થી ઈ.સ.૮૦૦ સુધી રહ્યો.

ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદીના અંતમાં મગધ-અવંતિ-કૌશામ્બી અને કોશલમાં પ્રભાવશાળી રાજવંશો ઈતિહાસકારો નોંધે છે. મગધના રાજા બિમ્બિસારના પુત્ર અજાતશત્રુએ મગધની મહાનતા સ્થાપી. તેનું ઈ.સ.પૂર્વે ૪૭૫માં મૃત્યુ થયું. અજાતશત્રુના ઉત્તરાધિકારી ઉદયીએ પાટલિપુત્રમાં નવી રાજધાની સ્થાપી. અગાઉ રાજગીર મગધની રાજધાની હતી. ઉદયી અને તેના ત્રણ ઉત્તરાધિકારીઓ પિતૃઘાતી હતા આથી પ્રજાએ તેના મંત્રી શિશુનાગને રાજ્ય સોંપ્યુ. તેના પુત્ર કાલાશોકને મારી મહાપદ્મનન્દ મગધની ગાદી પર આવ્યો. ચાણક્યની સહાયથી ચંદ્રગુપ્ત મૌર્ય મગધનો રાજા બન્યો (ઈ.સ.પૂર્વે ૩૨૨).

તે પહેલાં ઈ.સ.પૂર્વે ૩૨૭ માં હિન્દુકુશ પર્વતો પાર કરી સિકન્દર ભારત તરફ આગળ વધ્યો. ઈ.સ.પૂર્વે ૩૨૩માં બિયાસ નદીના કિનારેથી સૈનિક-વિદ્રોહના કારણે કે મગધના નન્દના વિશાલ સામ્રાજ્યના ભયથી પાછો ફર્યો. ઈ.સ.પૂર્વે ૩૨૩માં ઈરાનમાં મહાન સિકંદર મૃત્યુ પામ્યો. સિકન્દરના આક્રમણનું મહત્ત્વ એટલા માટે છે કે તેના પહેલાંની ઐતિહાસિક ઘટનાઓનો તિથિ-ક્રમ બતાવવાનું કોઈ સાધન આપણી પાસે નથી. બુદ્ધના નિર્વાણની તારીખ પણ ઈતિહાસકારો સ્પષ્ટપણે બતાવી શકતા નથી. કેટલાકો ઈ.સ.પૂર્વે ૪૮૭ તો કેટલાક ૪૮૯ દર્શાવે છે.

મહાન સમ્રાટ અશોકનો સમય ઈ.સ.પૂર્વે ૨૭૩ થી ઈ.સ.પૂર્વે ૨૩૨ માનવામાં આવે છે. અશોક તેના પિતા બિંદુસાર પછી ઈ.સ.પૂર્વે ૨૬૯માં મગધની ગાદીએ બેઠો. ઈ.સ.પૂર્વે ૨૬૧માં કલિંગના રાજ્ય પર આક્રમણ થયું. એક લાખ માણસો માર્યા ગયા અને દોઢ લાખ ઘાયલ થયેલા. યુદ્ધની વિનાશકતાથી તેને આઘાત થયો. હવે પછી યુદ્ધ ન કરવાના શપથ લીધા. પશ્ચાતાપ રૂપે બૌદ્ધધર્મનો અનુયાયી બન્યો. લોકોપયોગી કાર્યો કરી ઈતિહાસમાં અમર બન્યો. અશોકના મૃત્યુ પછી ૫૦ વર્ષોમાં બીજા સાત રાજાઓ થયા, મૌર્યવંશના છેલ્લા રાજા બૃહદ્રથને મારી સેનાપતિ પુષ્યમિત્રે શુંગ વંશની સ્થાપના કરીઃ પુષ્યમિત્રે બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય આપ્યો અને અને બૌદ્ધધર્મને બીજા રાજ્યાશ્રયો શોધવાની ફરજ પડી, નજીકના દેશોમાં સ્થળાંતરને પ્રોત્સાહન મળ્યું. પુષ્યમિત્રે ૩૬ વર્ષ રાજ્ય કર્યું. (ઈ.સ.પૂર્વે ૧૮૫-૧૪૯)

હવે ગુપ્તયુગનો સમય આવે છે. ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ૪૬૮ ભારતમાં ગુપ્તયુગને સુવર્ણયુગ ગણવામાં આવે છે. ગુપ્તવંશના મૂળ પુરુષ શ્રીગુપ્તે મગધમાં શાસન સ્થાપ્યું. પછી તેનો પુત્ર ઘટોત્કચ ગાદીએ આવ્યો અને તેનો પુત્ર ચંદ્રગુપ્ત-૧ તો ઈ.સ.૩૨૦માં મગધની ગાદીએ આવ્યો. પછી તેના વંશમાં સમ્રાટ સમુદ્રગુપ્ત (ઈ.સ.૩૩૫-૩૮૦), ચંદ્રગુપ્ત-૨-જો-વિક્રમાદિત્ય (ઈ.સ.૩૮૦ થી ૪૧૪), સ્કંદગુપ્ત વગેરે પરાક્રમી રાજાઓ થયા. ગુપ્ત શાસનકાળ દરમ્યાન કલા, સાહિત્ય, સ્થાપત્ય, આયુર્વેદ, જ્યોતિષનો સર્વાંગીણ વિકાસ થયો. મહાન નાટ્યકાર કવિ કાલિદાસ વિક્રમાદિત્યના સમયમાં થયેલા. ચરક અને સુશ્રુતના ગ્રન્થોનું સરળ સંકલન વાગભટે પોતાના 'અષ્ટાંગ 'હૃદય' નામના આયુર્વેદ ગ્રન્થમાં કર્યું. અમરકોષ, મુદ્રારાક્ષસ, મૃચ્છકટિક, નાટકો, હિતોપદેશ, પંચતંત્ર વગેરે ગ્રન્થોની રચના થઈ. આર્યભટ્ટ, બ્રહ્મભટ્ટ, વરાહમિહિર જેવા વિદ્વાનોએ ગણિત, ખગોળ, રસાયણ વિદ્યાનો અમૂલ્ય વારસો દુનિયાને આપ્યો.

અજન્તાના કલામંડપોની રચના ઈ.સ. ૪૦૦ થી ૬૦૫ના અરસામાં થઈ. ગુપ્તયુગ દરમ્યાન બૌદ્ધ, જૈન, શૈવ, વૈષ્ણવ સર્વ ધર્મ સંપ્રદાયોને પ્રોત્સાહન મળેલું. ગુપ્તવંશના પતન બાદ ભારતમાં ફરી અરાજકતા અને અવ્યવસ્થા સામાન્ય બની ગઈ હતી. ઈ.સ.૬૦૬ થી ૬૪૭ દરમ્યાન કનોજના રાજવી હર્ષવર્ધને ભારત પર સુદૃઢ શાસન કર્યું અને ભારતનો છેલ્લો સમ્રાટ બની રહ્યો. તેના મૃત્યુ પછી ભારતની રાજકીય એકતા છિન્ન-ભિન્ન થઈ ગઈ.

ઈ.સ. પૂર્વે ૧૨૦ની આસપાસ અથવા ઈસવીસનની શરૂઆતમાં ઉત્તર-પશ્ચિમી પ્રાન્તો બૈક્ટ્રિયાના યુનાની-ગ્રીક શાસક યવન દિમેત્રિયસે લઈ લીધેલું. પાર્થિયન શક, કુષાણ અને હુણ લોકોએ ભારત પર સમયાંતરે રાજ્ય કર્યું.

ભારતમાં કેટલાક વિદેશી પ્રવાસીઓ આવેલા અને તેઓએ ભારતની સભ્યતાની નોંધ કરેલી તે ઉલ્લેખનીય છે. મેગેસ્થિનસ(ઈટાલિ) ઈ.પૂ. ૩૦૦ ની આસપાસ આવેલો ચંદ્રગુપ્ત મૌર્યની રાજધાની પાટલીપુત્ર અને ચંદ્રગુપ્તની રાજ્યવ્યવસ્થાનું સુંદર વર્ણન કરેલું છે. ભારતના અન્ય નગરોમાં પણ તે ફરેલો.

ફાહિયાન નામનો ચીની યાત્રી ઈ.સ.૪૦૫ થી ૪૧૪ દરમ્યાન આવેલો, અને બૌદ્ધ ધર્મની દીક્ષા લીધેલી. બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરેલો અને પુસ્તકોની હસ્તપ્રતો મેળવેલી.

હ્યુ-એન-શ્વાંગ ઈ.સ.૬૩૦-૬૪૪ દરમ્યાન આવેલો તેણે પણ બૌદ્ધધર્મનો અભ્યાસ કર્યો. રાજા હર્ષવર્ધને રાજ્યાશ્રય આપેલો, તેણે વલ્લભીની મુલાકાત પણ લીધેલી. (સૌરાષ્ટ્રમાં વલ્લભીપુર-મૈત્રક કાળ) ભારતના રાજાઓ અને બૌદ્ધ ધર્મગુરુઓમાં તે ઘણો લોકપ્રિય થયેલો.

ઈ.સ.૬૭૧-૬૯૫ દરમ્યાન ઈત્સિંગ નામનો ચીની યાત્રી આવેલો બોધિવૃક્ષ, લુમ્બિનીયન, બનારસ, સારનાથ, નાલંદા વગેરે સ્થળોએ બૌદ્ધધર્મનો અભ્યાસ કરેલ હતો.

અલ્બેરૂની ઈ.સ.૧૦૧૦માં મહમંદ ગીઝનીએ સોમનાથ પર ચડાઈ કરી ત્યારે સાથે આવેલો મુસ્લિમ પ્રવાસી, હતો. તેણે લખેલા પુસ્તક ''અલ્બેરૂની કા ભારત'' તે સમયના ભારતીય સમાજની ઝાંખી કરાવે છે.

સુદૂર પૂર્વના દેશોમાં બૌદ્ધ, શૈવ અને વૈષ્ણવ ધર્મનો પ્રસાર થયેલો. જેમાં બ્રહ્મદેશ (બર્મા-મ્યાનમાર), થાઈલેન્ડ, કંબોડિયા, ચમ્પા, વિયેટનામ, ચીન, કોરિયા, જાપાન, તિબેટ, ઈન્ડોનેશિયા, જાવા, સુમાત્રા, બાલી, વગેરે પ્રદેશોએ ભારતીય સંસ્કૃતિ અપનાવેલી. અફઘાનિસ્તાન, તિબેટ, શ્રીલંકામાં પણ બૌદ્ધ ધર્મ ફેલાયેલો. જાવામાં બોરોબુદૂર નામનું ઈ.સ. ૭૫૦ થી ૮૫૦ દરમ્યાન નવ માળનું અદ્ભુત બૌદ્ધ સ્થાપત્ય આવેલું છે. કંબોડિયાના અંગકોરવાટમાં વિશ્વનું સૌથી મોટું હિન્દુ મન્દિર આવેલું છે. જે ઈ.સ. ૧૧૦૦-૧૨૦૦ ની રચના માનવામાં આવે છે.

ભારતમાં અને વિશ્વમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની તેનું સમયાંકન અહીં નોંધ્યું છે. જે વિષમ આજીવિકાના સાધનો સાથે ઉછરેલી પ્રજા ધર્મ અને સામાજિક સુરક્ષાના બદલામાં, સામાન્યજનો પર કુટિલ-ક્રૂર આચરણો કરે છે. જેમાં ધર્મની મુખ્ય ખામી ભ્રાન્ત તત્વો (ઈશ્વર-પરલોક-પુનર્જન્મવગેરે)નો પૂર્ણ કે આંશિક સ્વીકાર છે. મૂડીવાદીઓ માટે તો આ ગમતી વાત છે. ભ્રાન્ત તત્વો માલિકી હક્ક અને સંગ્રહખોરી પોષે છે. દુઃખી ગરીબો આવતા જન્મે સુખ મેળવશે આ વખતે તો ઈશ્વરની મરજી ગણી જીવનભર મૂઠ્ઠીભર મૂડીવાદીઓનું પાળેલા પશુ જેમ દાસત્વ કર્યા કરશે.

સમ્રાટ હર્ષવર્ધન ભારતનો છેલ્લો હિન્દુ રાજા માનવામાં આવે છે. ઈ.સ. ૬૨૦માં પુલકેશી બીજાના હાથે હાર પામ્યો. ઈ.સ. ૬૪૧ થી ૬૪૩ હર્ષનો એલચી ચીની દરબારમાં અને ચીની એલચી ભારતમાં. પ્રયોગ અને કનોજમાં હર્ષ બૌદ્ધ સંગિતિ આમંત્રે છે. મુસ્લિમોના આક્રમણ કાબુલ પર આરંભાય છે.

ઈ.સ. ૬૨૨ હિજરી સંવતનો આરંભ.

ઈ.સ. ૭૧૧-૭૩૮ મુસ્લિમોનું સિંધ-રાજસ્થાન-ગુજરાત પર આક્રમણ અને સિંધમાં શાસન. સિંધનો સૂબો વલ્લભીપુરનો નાશ કરી પરત ફરે છે. ત્યાં મૈત્રકકાળનો અંત આવે છે.

ઈ.સ. ૭૮૮-૮૨૦ શંકરાચાર્યનો પ્રભાવ, બૌદ્ધધર્મનો દેશવટો.

ઈ.સ. ૧૦૦૦-૧૦૨૬ મહમદ ગઝનીના આક્રમણ, સોમનાથ પર ચડાઈ.

ઈ.સ. ૧૧૬૨-૧૨૨૭ મોંગોલિયાના જંગીસખાનનો દુનિયા પર અત્યાચાર.

ઈ.સ. ૧૧૭૪ શાહબૂદ્દીન ઘોરી ગઝનીનું ભારત પર આક્રમણ.

ઈ.સ. ૧૦૯૫ થી ૧૨૯૧ દરમ્યાન જેરૂસલામ માટે મુસ્લિમો અને ખ્રિસ્તીઓનું યુદ્ધ.

ઈ.સ. ૧૧૯૧ પૃથ્વીરાજના હાથે ઘોરીનો પરાજ્ય-બીજે વર્ષે પૃથ્વીરાજનો પરાજય.

ઈ.સ.૧૧૯૩ બખ્તિયાર ખિલજીના હાથે નાલંદાનો વિનાશ.

ઈ.સ. ૧૨૦૬-૧૦ કુત્બુદ્દીન ઐબક-ગુલામવંશ દિલ્હીની ગાદીએ.

ઈ.સ. ૧૩૨૫ દિલ્હીમાં મોહમ્મદ બીન તુઘલક. ઈ.સ. ૧૩૨૭ દિલ્હીથી દોલતબાદ

ઈ.સ.૧૩૯૮ તૈમૂરલંગનું આક્રમણ. જંગીસખાનનો વંશજ ૧૦૦ વર્ષ પછી.

યુરોપમાં ઈ.સ.૧૪૦૦ થી ૧૬૦૦ રેનેસાં અને રીફોર્મેશન, (પુનર્જાગૃતિ અને ધર્મસુધારણાનો યુગ) પેટ્રાર્કથી માઈકલ એન્જલો ઈ.સ૧૩૦૪ થી ૧૫૬૪. ધર્મસુધારણા માટે ઈરેસમસ-લ્યુથર-કાલ્વિન મુખ્ય છે. ઈરેસમસે બાઈબલનો નવોકરાર તથા સંતોના વચનોને ગ્રીક અને લેટિન ભાષામાં છાપીને દર્શાવ્યું કે ખ્રિસ્તી ધર્મના વડાઓનો ધર્મ ઈશુ અને બાઈબલ વિષે કેવા ગપગોળા ચલાવતા! <u>ઈરેસમસે પોપ સામે નવો ધર્મ નહોતો ઉભો કરવો પણ ખરેખર જે બાઈબલમાં ઉપદેશ-આચાર છે તેનું પાલન કરી લોકોને છેતરવાનું ટાળે.</u> તો લોકો સામે તે સમયે કેવો ધર્મ હતો? પરલોકમાં નરકનો ભય-જીવતા આગમાં શેકાવાનો કે ગરમતેલની કડાઈમાં તળાવાનો ભય! ધાર્મિકતાનો આધાર હતો. ઈશુ તો ક્યાંય ખોવાઈ ગયેલો! ધનવાન સ્ત્રીઓને ‘‘પાપમુક્તિ’’ના પ્રમાણપત્રો આપવા વ્યભિચાર થતો.

લ્યુથરે બાઈબલનું જર્મન ભાષામાં રૂપાન્તર કરેલું. નવો પ્રોટેસ્ટંટ ધર્મ સ્થાપ્યો. ‘‘માફીપત્ર’’ નો જોરદાર વિરોધ કર્યો ચોરી-છેતરપીંડી, વિશ્વાસઘાત, અત્યાચાર..... બધા પાપની માફી માટે મોટી રકમો હતી. મૃત્યુ પછી આ મોટી રકમનું માફીપત્ર કબરમાં મુકાતુ અને તે પરલોકમાં થતી સજાથી બચાવતું!

ઈ.સ ૧૪૯૨માં કોલંબસે અમેરિકા શોધ્યું.

ઈ.સ ૧૪૯૮માં વાસ્કો ડી ગામાનું ભારતમાં કાલીકટ બંદરે આગમન.

ઈ.સ ૧૫૦૫ થી ૧૯૬૧ ફિરંગીઓનું શાસન ૧૫૧૦માં ગોવા જીત્યું.

ઈ.સ ૧૫૨૬ થી ઈ.સ ૧૮૦૩ દિલ્હીની ગાદી પર મોગલવંશ.

ઈ.સ ૧૬૨૦ ફિરંગીઓએ બ્રાઝિલમાં, સ્પેનિશો મેક્સિકો અને પેરૂમાં, ફ્રેન્ચોએ કેનેડામાં, એમ યુરોપિયન પ્રજાએ અમેરિકામાં વસાહતો સ્થાપી.

ઈ.સ. ૧૬૧૫ -ટોમસ રો (બ્રિટન)ની જહાંગીર સાથે મુલાકાત. સુરતમાં અંગ્રેજી કોઠી.

ઈ.સ. ૧૬૭૪ થી ૧૮૧૮ મરાઠા યુગ.

ઈ.સ. ૧૭૫૭ પ્લાસીનું યુદ્ધ ક્લાઈવનો બંગાલ વિજય.

ઈ.સ. ૧૭૫૭ થી ઈ.સ. ૧૮૫૮ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન.
ઈ.સ. ૧૭૮૫ અમેરિકા બ્રિટનથી સ્વતંત્ર થયું.
ઈ.સ. ૧૮૫૮ થી ૧૯૪૭ અંગ્રેજોની હકુમત પૂરા ભારત પર.
ઈ.સ. ૧૮૦૦ થી ૧૯૬૪ સિંધુ સભ્યતાની શોધ અને ઉત્ખનનો.
ઈ.સ. ૧૭૬૦ - બ્રિટનમાં ઔદ્યૌગિક ક્રાન્તિ.
ઈ.સ. ૧૭૯૬ એડવર્ડ જેનર - શીતળાની રસી શોધી. જે વસ્તીવધારાનું કારણ બની.
ઈ.સ ૧૮૦૨ માં જ્યોર્જ ફ્રેડ્રિક ગોટફ્રેન્ડ નામના જર્મન વિદ્વાને સુમેરિયાની ક્યુનિફોર્મ = કિલાક્ષરો વાળી લિપિ ઉકેલી.
ઈ.સ. ૧૮૧૦ રોઝેટા સ્ટોન થી ઓળખાતી કાળા બેઝાલ્ટ પથ્થરની પાટ ઈ.સ. ૧૭૯૯ માં ઈજિપ્તમાં નેપોલિયને મોકલેલી એક શોધક ટુકડીને મળી. જેના પર ગ્રીક, ડિમોટિક અને હાયરોગ્લિફ (પિરામિડની લિપિ) ત્રણેય લિપિના ફકરા કોતરેલા તે ફ્રાન્સના શામ્પો-લ્યાં નામના વિદ્વાને ઉકેલ્યા.
ઈ.સ. ૧૮૨૮ લોર્ડ વિલિયમબેન્ટિક હિન્દના ગવર્નર જનરલ થયા અને ઈ.સ. ૧૮૨૯ માં રાજા રામમોહનરાયની રજુઆત સાંભળી મહામહેનતે, કડક હાથે સતીપ્રથા બંધ કરાવી.
ઈ.સ. ૧૮૩૭ માં જેમ્સ પ્રિન્સેપ નામના વિદ્વાને બ્રાહ્મી લિપિ ઉકેલી.
ઈ.સ. ૧૮૫૩ ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરે વિધવા વિવાહનો કાયદો પસાર કરાવ્યો.
ઈ.સ. ૧૮૯૧ લગ્નમાં સંમતિવયનો કાયદો પસાર થાય તે પહેલાં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરનું મૃત્યુ થયું.
ઈ.સ. ૧૮૧૮ કાર્લ માર્કસ સામ્યવાદનો ઉદ્દય.
ઈ.સ. ૧૯૧૭ રશિયામાં સામ્યવાદ.
ઈ.સ.૧૯૨૨માં સિંધુ-સભ્યતાના અવશેષો પ્રાપ્ત થયા.
ઈ.સ.૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું.
ઈ.સ. ૧૯૯૦ રશિયામાં સામ્યવાદનો હ્રાસ અને વિભાજન.
ઈ.સ. ૨૦૧૧ - તારીખ ૩૧-૧૦-૨૦૧૧ ના રોજ વિશ્વની વસ્તી સાત અબજ થઈ, જે ઈ.સ. ૧૦૦૦માં ૨૭.૫ કરોડ હતી.

આ ઘટનાક્રમ વિશ્વમાં દરેક સ્થળે સમાન માનવસ્વભાવના ક્રૂર-અમાનવીય વલણોનું પ્રતિબિંબ પાડે છે. જે મોટાભાગે ધર્મ અને મૂડીવાદની આગવી ઉપજ જેવા છે.

પરિશિષ્ટ - ૨ જું. સંસ્કૃત વર્ણમાળા

અહીં આપણે દુનિયાની સર્વશ્રેષ્ઠ, વૈજ્ઞાનિક ભાષાની વર્ણમાળાનો પરિચય મેળવીશું અને પછી તે શા માટે સર્વશ્રેષ્ઠ છે. તે આપોઆપ સ્પષ્ટ થઈ જશે.

સંસ્કૃત વર્ણમાળાનો અભ્યાસ સંપૂર્ણ પણે વૈજ્ઞાનિક છે. અને તે સમજવા માટે વિદ્વતાભરી યુનિવર્સિટીની ડીગ્રીઓની જરૂર નથી. છતાં અત્યાર સુધી જે વિદ્વાનોની અનામત હતી તેવી વાત કહેવાની છે. માનવ શરીરમાં ખોરાક કેમ પચે છે તે જાણવા માટે ડોક્ટર નથી થવું પડતું. પાંચમા ધોરણનો બાળક પણ તે સારી રીતે જાણે છે અને ક્યારેય નિશાળે ન ગયા હોય તેવા વૃદ્ધ પણ! તેવી જ રીતે આપણે માનવશરીરના ધ્વનિ ઉત્પાદક અંગો નો ઉપયોગ આપણી વાણી માટે, લખાણ માટે કઈ રીતે અને ક્યા ક્રમે થાય છે. તેની વાત કરીશું.

સંસ્કૃત ભાષાની વર્ણમાળા યોગ-સમાધિ લગાવી તત્વતઃ રચના થઈ છે, ક્યાંય અપૂર્ણતા દેખાતી નથી. તે સમજવા માટે ઓષ્ઠસ્થાનીય વર્ણના ઉચ્ચારણ જાઈએ તો **प फ ब भ म व उ** આ સાત વર્ણમાંથી પહેલા પાંચ બે

હોઠ ભેગા થાય ત્યારે જ બોલી શકાય છે. જ્યારે व उ બોલાય ત્યારે હોઠ બીડવાનો પ્રયત્ન થાય છે. પણ પુરા બીડાતા નથી. હવે આ સાત વર્ણ સિવાય હોઠ બીડી બોલી શકાય તેવું ઉચ્ચારણ માનવ ઉત્પાદક અંગોમાંથી મેળવી શકાતું નથી. તેવી જ રીતે આખી વર્ણમાળા સંપૂર્ણ શાસ્ત્રીય છે.

ઈ.સ. પૂર્વે ૭૦૦ની આસપાસ પાણિનિએ યોગ દ્વારા સમાધિસ્થ થઈ આ વર્ણમાળાની રચના કરી છે. મહેશ્વર શિવના ડમરૂમાંથી નીકળેલા શબ્દ-સમુહો-ચૌદ માહેશ્વર સૂત્રોમાં સમાયેલી વર્ણમાળાનો ઉપયોગ કરી, સંપૂર્ણ વ્યાકરણ શાસ્ત્રનું પ્રવચન ૪૦૦૦ સૂત્રોમાં, આઠ અધ્યાયોમાં **पाणिनि अष्टाध्यायी** । નામના ગ્રન્થમાં કર્યું છે.

આ ગ્રન્થની રચના પછી સો વર્ષે વરરુચિ અને કાત્યાયન નામના વિદ્વાનોએ અનુચિત આલોચના કરી હતી. પરંતુ પતઞ્જલિ નામના વિદ્વાને **पातञ्जल महाभाष्य** । ની રચના કરી ફરી પાણિનિ સૂત્રોની મહાનતા સિદ્ધ કરેલી.

ધ્વનિઓના બે મુખ્ય ભેદ છે. સ્વર અને વ્યંજન. સ્વર બોલતી વખતે મુખદ્વાર ઓછુ વત્તુ ખુલ્લું રહે છે. બીલકુલ બંધ કે સંકોચાતું નથી કે અંદરથી નીકળતી હવા ઘૂમરાતી નથી. એટલે કે, સ્વરના ઉચ્ચારણ વખતે જીભ અને હોઠનું નજીવું હલન ચલન થાય છે અને મોઢું ખુલ્લું રહે છે. સ્વરના ઉચ્ચારણો ત્રણ પ્રકારે થાય છે. હસ્વ, દીર્ઘ અને પ્લુત. હસ્વ કરતાં દીર્ઘ ઉચ્ચારણોમાં બમણો સમય લાગે છે. અને પ્લુત ઉચ્ચારણમાં હસ્વ કરતાં ત્રણ ગણો સમય.

વ્યંજનના ઉચ્ચારણ વખતે મુખદ્વાર અચાનક ખુલે છે, અથવા સંકોચાય છે. હવા ઘુમાઈને બહાર આવે, હવાને ઘુમરાવવાના પ્રયત્નોમાં જીભનું હલનચલન અને સ્પર્શ શક્ય બને છે. હોઠનું પણ તેમ થાય છે. વળી સ્વરની સહાય વિના વ્યંજન બોલી શકાતા નથી. લિપિમાં સ્વરના મિશ્રણ વગરનો વ્યંજન દર્શાવતી વખતે નીચે નિશાની કરવામાં આવે છે, જેમકે क् આને ખોડો વ્યંજન કહેવાય છે એટલે કે આ વ્યંજનમાં સ્વર अ મિશ્રિત થયો નથી.

કોષ્ટક નં ૧ સ્વર-પરિચય

संस्कृत	वर्णमाळा	स्वर परिचय		संकलनः-	भवसुख शिलु
स्वरः	ह्रस्व-एकमात्रिक	अ इ उ ऋ ऌ			
स्वरः	दीर्घ-द्विमात्रिक	आ ई ऊ ॠ			
स्वरः	मिश्रित	अ+इ=ए	आ+ई=ऐ	अ+उ=ओ	अ+ऊ=औ
स्थान	ह्रस्व दीर्घ	ह्रस्व दीर्घ	ह्रस्व	दीर्घ	प्लुत
कण्ठस्थान	अ आ		अ	आ	३अ
कण्ठ-तालु		ए ऐ	इ	ई	३ इ
तालुस्थान	इ ई		उ	ऊ	३उ
मुर्धास्थान	ऋ ॠ		ऋ	ॠ	३ ऋ
दन्तस्थान	ऌ ०		ऌ	०	३ ऌ
ओष्ठस्थान	उ ऊ		०	ए	३ ए
कण्ठ-ओष्ठ		ओ औ	०	ऐ	३ ऐ
			०	ओ	३ ओ
			०	औ	३ औ

કોષ્ટક નં ૨. સંસ્કૃત વર્ણમાળા

संस्कृत	वर्णमाळा।		व्यञ्जन	परिचय।			संकलनः-	भवसुख	शिलु
आभ्यन्तर प्रयत्न				स्पृष्टम्		ईषत्स्पृष्टम्	ईषद्विवृतम्		
बाह्य प्रयत्न	विवारः	विवारः	संवारः	संवारः	संवारः नादः	संवारः नादः	विवारः श्वासः		
बाह्य प्रयत्न	श्वासः	श्वासः	नादः	नादः	अनुनासिकः	अन्तस्थः	ऊष्माक्षरः		नादः
बाह्य प्रयत्न	अघोषः	अघोषः	घोषः	घोषः	घोषः	घोषः	अघोषः		घोषः
बाह्य प्रयत्न	अल्पप्राणः	महाप्राणः	अल्पप्राणः	महाप्राणः	अल्पप्राणः	अल्पप्राणः	महाप्राणः	विसर्जनीय	महाप्राणः
कण्ठस्थान	क	ख	ग	घ	ङ			जिह्वामूलीय	ह
तालुस्थान	च	छ	ज	झ	ञ	य	श	)(क वर्ग	ळ
मुर्धास्थान	ट	ठ	ड	ढ	ण	र	ष		
दन्तस्थान	त	थ	द	ध	न	ल	स	:	मिश्र वर्ण
ओष्ठस्थान	प	फ	ब	भ	म			उपध्मानीय	क्ष=क्+ष
दन्त औष्ठ						व		)(प वर्ग	ज्ञ=ज्+ञ

કોષ્ટક નં ૩.બારાક્ષરી

बाराक्षरी											
क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्
अ	आ	इ	ई	उ	ऊ	ए	ऐ	ओ	औ	अं	अः
	ा	ि	ी	ु	ू	े	ै	ो	ौ	ं	:
क	का	कि	की	कु	कू	के	कै	को	कौ	कं	कः

કોષ્ટક નં ૪.અયોગવાહરૂપ

अयोगवाहरूप	
: विसर्जनीय	ఀ ह्रस्व-गुं
)(जिह्वामूलीय	ꣳदीर्घ-गूं
)(उपध्मानीय	ँअनुनासिक
ं अनुस्वार	ळ

અયોગવાહરૂપો(કોષ્ટક નં ૪.) જે વ્યઞ્જન હોવા છતાં પ્રથમાક્ષરો તરીકે વાપરી શકાતા નથી. અર્ધસ્વર કે ઉષ્માક્ષર પણ નથી. આ વ્યઞ્જનોને પાણિનિએ અયોગવાહરૂપ કે યમ કહ્યા છે.

સાથેની આકૃતિમાં આપણે માનવમસ્તકના આડા છેદ માં ધ્વનિ ઉત્પાદક અંગોનું હલનચલન અને શ્વાસોચ્છવાસની ક્રિયા સાથેનું સંકલન કેમ થાય છે. તે તપાસીશું. ઉદરપટલ અને ફેફસાં ધ્વનિ ઉત્પાદનમાં સહાયક અંગો છે. મુખ્યત્વે આપણે સ્વરપેટી કંઠ, તાળવું, જીભ, દાંત, ઓષ્ઠ અને નાક વિષે વિચાર કરીશું. આ

ध्वनि उत्पादक मानव अवयवो।



१. होठ २. दांत ३. दांतनुं मुळ ४. कठोर ताळवुं ५. नरम ताळवुं ६. पडजीभ ७. नाकनी नळी ८. नाकनो खाली भाग ९. गळानुं छिद्र

१०. जीभनुं टेरवुं ११. जीभनो वच्चेनो भाग १२. जीभनो पाछळनो भाग १३. जीभनुं मुळ १४. अन्ननळी १५. श्वासनळी १६. स्वरयंत्र

ઉપરાંત કાન જરૂરી છે. ભાષાની જારદાર રજાઆત વખતે કેટલીક સહાયક ચેષ્ટાઓ પણ થાય છે. જેમાં હાથ ઉછાળવા, ખંભા ઉછાળવા, આંખો મીંચકારવી, આંખો પહોળી કરવી, ભવાં ચડાવી દેવા, હકાર કે નકાર માટે ડોકું ધુંણાવવું. દિશા બતાવવા - ચૂપ રહેવા કે ધમકી આપવા તર્જની આંગળી બતાવવી વગેરે ચેષ્ટાઓ મુખ્ય છે, પણ તે ભાષા નથી. વળી અંધકારમાં ચેષ્ટાઓ જાઈ શકાય નહીં એટલે વિચાર-વહન ન થઈ શકે, એટલે ભાષાની રજાઆત માટે સહાયક ચેષ્ટાઓ કહી શકાય, ભાષાના ઉચ્ચારણો માટે નહીં.

સંસ્કૃત વર્ણમાળા કંઠ, તાળવું, મુર્ધા (તાળવું અને દાંત વચ્ચેનું સ્થાન) દાંત અને હોઠનો ક્રમ, ગળાના અંદર ભાગે સ્વરપેટી પાસેથી મુખની બહાર હોઠ સુધીનો ક્રમછે. સંસ્કૃત વર્ણમાળાના ધ્વનિ પણ અત્યંત વિચારણા કરી, શરીરની કુદરતી રચના સાથે તાલ મિલાવી ગોઠવવામાં આવ્યા છે. અને વર્ણના ઉચ્ચારણ માટે સહાયક અંગોનું સ્થાન, ગુંજન, નાકનો ઉપયોગ, શ્વાસનો ઉપયોગ, મુખ અને હોઠના હલનચલન વગેરે દરેક બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં ૧ સ્વર-પરિચય અને કોષ્ટક નં ૨. વ્યઞ્જન પરિચય દરેક વર્ણની માહિતિ સ્પષ્ટ રીતે આપે છે. દા.ત. આપણે ऐ ઐ વર્ણ લઈએ (કોષ્ટક નં ૧) તો તે મિશ્રિત સ્વર છે. દીર્ઘ आ અને દીર્ઘ ई ના મિશ્રણથી થયો છે. આથી ऐ દીર્ઘ મિશ્રિત સ્વર છે તેનું ઉચ્ચારણ સ્થાન आ કણ્ઠ અને તાલુ ई છે.

<u>સ્વરના ઉચ્ચારણ વખતે મુખ ખૂલ્લું જ રહે છે.</u>

તેવી રીતે કોષ્ટક નં ૨ માં વ્યઞ્જનોમાંથી આપણે व ની માહિતિ મેળવીએ તો व નું ઉચ્ચારણ સ્થાન દન્ત અને ઓષ્ઠ છે. व પૂરો સ્વર કે પુરો વ્યંજન નથી તેથી તે અન્તસ્થ કે અર્ધસ્વર લેખાય છે. (ય, ર, લ, વ અર્ધસ્વરો છે.) व ઘોષ અલ્પપ્રાણ છે. તેમજ ઈષત્સ્પૃષ્ટ આભ્યન્તર પ્રયત્ન છે. બાહ્ય પ્રયત્ન સંવાર-નાદ છે. આ બધા પારિભાષિક શબ્દોનો આપણે પરિચય મેળવીશું.

કણ્ઠ સ્થાનઃ સ્વરો **अ** અને **आ** અને વ્યઞ્જન **क ख ग घ ङ** । : વિસર્ગ અને **ह** ના ઉચ્ચારણો કણ્ઠમાંથી નીકળે છે.

अकुहविसर्जनीयाः कण्ठ्याः।

તાલુ સ્થાનઃ **इचुयशास्तालव्याः। च छ ज झ ञ** અને **य श ळ इ ई** ધ્વનિના ઉત્પાદનમાં તાળવું મદદરૂપ થાય છે.

મુર્ધા સ્થાનઃ તાળવા અને દાંતની વચ્ચેનો દાંતના મૂળ આગળ કઠણ તાળવાનો ભાગ **मूर्धा-मूर्द्धा-मूर्धन्य** કહેવાય છે.

ऋटुरषा मुर्धन्याः। એટલે કે, **ऋ ॠ टठडढण-रष** અને (ળ)ના ઉચ્ચારણ સ્થાન છે.

દંત સ્થાનઃ **लृतुलसादन्त्याः। तथदधन-लसलृ**નું સ્થાન દાંત છે. દાંતને જીભ અવશ્ય સ્પર્શે ત્યારે આ વર્ણોનું ઉચ્ચારણ થાય છે.

व નું ઉચ્ચારણ દાંત અને હોઠ થી થાય છે. પૂરેપરા હોઠ બીડાતા નથી. દાંતને પૂરેપૂરી જીભ સ્પર્શતી નથી છતાં જીભ-હોઠની હલચલ થાય છે. **व** અર્ધસ્વર (અંતસ્થ) છે. પૂરો વ્યઞ્જન કે પૂરો સ્વર નથી.

ઓષ્ઠ સ્થાનઃ **उपध्मानीया ओष्ठ्याः। प फ ब भ म व उ ऊ** ના ઉચ્ચારણ વખતે બે હોઠ ભેગા થાય છે.

एदैतोकण्ठ तालव्यौः। ए અને **ऐ** કણ્ઠ અને તાલુ સ્થાન પરથી બોલાય છે. આનું કારણ **ए** અને **ऐ** બે સ્વરોના મિશ્રણનું ફળ છે. **अ + इ = ए** અને **आ + ई = ऐ** અહીં **अ-आ** નું કણ્ઠ સ્થાન છે. **इ-ई** નું ઉચ્ચારણ તાલુ સ્થાન છે. તેવી રીતે **ओ-औ** નું સ્થાન કણ્ઠ અને ઓષ્ઠ છે.

અયોગવાહરૂપો(કોષ્ટક નં ૪.) જે વ્યઞ્જન હોવા છતાં પ્રથમાક્ષરો તરીકે વાપરી શકાતા નથી. અર્ધસ્વર કે ઉષ્માક્ષર પણ નથી. આ વ્યઞ્જનોને પાણિનિએ અયોગવાહરૂપ કહ્યા છે.

यमाश्च नासिक्य जिह्वामूलीया एकेषाम्। ळ સિવાયના યમ (અનુસ્વાર) ꣳ હ્રસ્વ **ग्वँ**. ꣴ દીર્ઘ **ग्वँ**.

ઉચ્ચાર પૂર્ણ ગું કરતા **ग्वँ** કે **ज्ञो** જેવું ઉચ્ચારણ વૈદિક સંસ્કૃતમાં થાય છે. (જુઓ પુરુષ સૂક્ત-યજાર્વેદ-અધ્યાય-૩૧ મો. **पुरुष एवेद**ꣴ । અને **छन्दा**ꣳ**सि जज्ञिरे।** ઉચ્ચારઃ પુરુખ એવેદ ગોં, છન્દા ગોંસિ જજ્ઞિરે. (વૈદિક સંસ્કૃતમાં ખાસ કરી યજુર્વેદમાં, ય નું ઉચ્ચારણ જ અને ષ નું ઉચ્ચારણ ખ થાય છે.) એટલે યમનું ઉચ્ચારણ સ્થાન નાસિકા અને જીહ્વામૂળ છે. **ळ** અયોગવાહરૂપ અથવા યમ કહેવાય છે. જેનું ઉચ્ચારણ સ્થાન મુર્ધાસ્થાન છે. જ્યાંથી ટ વર્ગના ઉચ્ચારણો થાય છે. **ळ** શબ્દની શરૂઆતમાં વાપરી શકાતો નથી. વળી તે વ્યઞ્જન હોવાં છતાં અર્ધસ્વર કે ઉષ્માક્ષરમાં પણ નથી આવતો. તેમજ વિસર્ગ કે અનુસ્વાર પણ નહીં. આ બધા ઉચ્ચારણોને પાણિનિએ અયોગવાહરૂપ કહ્યા છે. **ळ** ખરેખર દ્રવિડ ઉચ્ચારણ છે. ઋગ્વેદના પ્રથમ મંત્રમાં જ વાપરવામાં આવ્યો છે.

अग्निमीळे पुरोहितम् । આ સંસ્કૃત ભાષાની રચના સમયે દ્રવિડ ભાષાઓનો પ્રભાવ સૂચવે છે. અહીં એવો સંકેત છે કે, અમે અમારા વર્ણોના ઉચ્ચારણો **ळ** સુધી વિકસાવ્યા છે. દ્રવિડેના પ્રદેશ-ભાષાના નામોમાં **ळ** ખાસ વાપરવામાં આવ્યો છે. **केरळ । मळयाळम । तमिळ । तेळुगु ।** સૌરાષ્ટ્રની પ્રાચીન પ્રજા-પ્રદેશનામોમાં વપરાયેલો **ळ** પણ દ્રવિડ સભ્યતાનો સંકેત કરે છે. **कोळी । चुंवाळ । पाञ्चाळ ।**

પંચાળની નજીક હાલાર પ્રદેશની પ્રજા. **ळ**નું ઉચ્ચારણ કરી શકતી નથી **ळ** ને બદલે **र ड ल** નો પ્રયોગ કરે છે. સંસ્કૃત વર્ણમાળામાં ***ळ**નું સ્થાન મૂર્ધન્ય ઉચ્ચારણો સાથે છે. પાણિનીય સંસ્કૃત વૈદિક સંસ્કૃત કરતાં આધુનિક

છે. વધારે વ્યવસ્થિત વ્યાકરણ છે. પાણિનિએ અયોગવાહ રૂપોમાંથી, ळ અને ꣳ હ્રસ્વ ગું, ꣴ દીર્ઘ ગૂં ના પ્રયોગ ટાળ્યા છે. વૈદિક સ્વરાંકન શબ્દોમાં વર્ણને લઘુ-ગુરુ દર્શાવવા ઉપર ઉભી લીટી અને નીચે આડી લીટી વેદની ઋચાઓમાં જોવા મળે છે, તે પણ દૂર થઈ છે. તેથી ગીતાજીમાં **कर्मफळ** । ને બદલે **कर्मफल** । જોવા મળે છે. ઋગ્વેદમાં **ट ठ ड ढ** નો ઉપયોગ થયો નથી.

અનુસ્વાર અને અનુનાસિક વ્યંજનો: અનુસ્વાર એટલે અનુનાસિક ઉચ્ચારણવાળા વર્ણ ઉપર મુકાતું બિન્દુ જેમકે અંક, પંચ, ઘંટ, તંત, કંપ, સંયમ, અંશ, કંસ, સિંહ. અહીં આપણે ક, ચ, ટ, ત, પ, ય, શ, સ, હ વર્ણો અનુનાસિક ઉચ્ચારણ થી જોડાયા છે અને દરેક વર્ણના અનુનાસિક ધ્વનિના સ્થાન પણ જે તે વ્યંજનના ઉચ્ચારણ સ્થાન પ્રમાણે હોય છે. એટલે કે ક વર્ગ **क-ख-ग-घ**ના ચારેય વર્ણ માટે અનુનાસિક ઉચ્ચારણ ङ (અંગ-ઉચ્ચારણ જાણવા પુરતું છે.) થાય છે.

તેવી જ રીતે ચ, ટ, ત, પ વર્ગના આગળના ચાર વર્ણો માટે અનુક્રમે ઞ, ણ, ન અને મ અનુનાસિક વ્યંજનો છે. અંતસ્થ (યરલવ) અને ઉષ્માક્ષર (શષસ) અને હ ના અનુનાસિક પણ કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણેના ઉચ્ચારણ સ્થાનના જ હોય છે પણ તેના માટે ં અનુસ્વાર જ મૂકાય છે. અનુસ્વારને સન્ધિ સ્વરૂપમાં દર્શાવવા માટે પાણિનિ સૂત્ર છે.

अनुस्वारस्य ययि परसवर्णः ।૮-૪-૫૮। અનુસ્વાર પછી **श ष स ह** । સિવાયના કોઈ પણ વ્યંજન હોય તો અનુસ્વારનો પરસવર્ણ જે તે વર્ગનો પાંચમો વર્ણ થઈ જાય છે. જેમકે **अंक=अङ्क। पंच=पञ्च। घंट=घण्ट। तंत=तन्त। कंप =कम्प। सिंह=सिंघ।**

શ,ષ,સ,હ અનુનાસિક સાથે જોડવાના થાય ત્યારે માત્ર અનુસ્વાર મુકવામાં આવે છે. હવે જ્યારે રોમન લિપિમાં લખવાનું થાય ત્યારે થોડી મુંઝવણ થતી હોય તેવું લાગે છે. રોમન લિપિમાં m અને n સિવાય અનુનાસિક વર્ણ નથી. વળી m ઓષ્ઠસ્થાનીય અનુનાસિક છે. સિંહ શબ્દને રોમન લિપિમાં simh લખવામાં આવે છે. ખરેખર હ તો **कण्ठस्थान** માંથી નીકળે છે. તેનો અનુનાસિક ङ છે. તો singh જેવું ટ્રાન્સલીટરેશન થવું જાઈએ. પણ simh તેમાં ઉચ્ચારણ દોષ આવે છે. સિમ્હ થઈ જાય છે. (આ દોષ સંસ્કૃતમાં નથી પણ અસલમાં સિંહનું સમાન ઉચ્ચારણ રોમન લિપિમાં થાય તેની વ્યથા છે) એવી રીતે અંગ્રેજી શબ્દ Bank બોલીએ ત્યારે આપો આપ ङનો ધ્વનિ આવી જાય છે. **बेङ्क** = Bangk પણ આપણે તેમ લખતા નથી **बेन्क** = Bank લખીએ છીએ. તેમાં જરા દોષ જણાય છે. આ સંસ્કૃત વર્ણમાળાની પૂર્ણતા સૂચવવા નોંધ્યું છે. જેમાં વાસ્તવિક ધ્વનિ સાથે લિપિ અને ભાષા જોડાયેલા છે. અંગ્રેજી ટ્રાન્સલીટરેશન વખતે ઓષ્ઠસ્થાનીય ધ્વનિ સિવાય m વાપરવો નહી. જેમ કે, Pump Lymph.

શ,ષ,સ,હ જ્યારે અનુનાસિક સાથે જાડાય ત્યારે તેના ઉચ્ચારણ સ્થાનનો જ સંકેત અનુસ્વારમાં હોય છે. જે ટ્રાન્સલીટરેશન વખતે ઉપયોગી થાય છે. જેમકે, કંસ = કન્સ = Kans, સંસ્કૃત=Sanskrit ધ્વનિની વધુ નજીક છે; પણ આપણે Samskrit લખીએ છીએ. જો કે એક નિયમ પદાન્તે મ્ નો અનુસ્વાર ં લખવાનું કહે છે.

અનુનાસિક વર્ણમાં નાકનો ઉપયોગ થાય છે. તે ચકાસવા નાક આંગળીઓથી દાબી બંધ કરી, ત થ દ ધ ન ઉચ્ચારણ કરવાથી, ત-થ-દ-ધ ના ધ્વનિ બરાબર આવશે પણ 'ન' ગુંગળાઈ જાશે.

વિસર્ગ (ः) ---- આપણે વિસર્ગના ઉચ્ચારણ વિષે થોડું જાણવાનો પ્રયત્ન કરીએ તો વિસર્ગની આગળ હંમેશા સ્વર હોય છે તે સ્વરનો સહચારી છે પણ સ્વર નથી. વિસર્ગના ઉચ્ચારણ માટે બાહ્ય પ્રયત્નમાં શ્વાસ જરા પ્રયત્ન

---

*બીજી એક ળ ની વિશેષતા છે કે, બાળપણમાં ળ નો ધ્વનિ બાળક સાંભળે તે માટે હજી પચાસ વર્ષ પહેલા સ્ત્રીઓ હાલરડાં ગાતી ત્યારે ळो- ळो, हाँ-हाँला એવો શબ્દ પ્રયોગ કરતી, તે સૂચક છે. મોટી ઉંમરે ळ બોલવામાં તકલીફ પડે છે. એ-બી, આલ્ફા-બીટા કે અલિફ-બે થી શરૂ થતી વર્ણમાળામાં ळ નું સ્થાન ક્યાંય નથી. કારણકે, ળ થી શરુ થતો શબ્દ ન હોવાથી તેનું ચિત્ર મળી શક્યું નહીં, પણ આથી તેઓ ળ ના ધ્વનિથી પરિચિત ન હતા તેમ કહી શકાય નહીં.

પૂર્વક ઊંડેથી છોડવામાં આવે છે ત્યારે છાતીમાંથી થડકાવાળો ઉચ્ચાર "અસ્ કે અહ્" ની વચ્ચે થાય છે. વિસર્ગ અને હ બંને મહાપ્રાણ ઉચ્ચારણો છે. પણ હ બોલવામાં પ્રયત્નપૂર્વક જોર કરીને શ્વાસ છોડવો પડતો નથી. અંતઃકરણ, દુઃખ, દુઃસાહસ, દુઃશાસન, પુનઃ, નિઃસંતાન વગેરે શબ્દોથી વિસર્ગનો ઉચ્ચાર માણી શકાય છે.

વિસર્ગ સંધિનું પ્રકરણ જાતાં વિસર્ગનો **र् श ष स ओ** માં રૂપાન્તર થાય છે. તેથી તેનો ધ્વનિ **श् ष् स्** ની વધુ નજીક હોવાનું માની શકાય છે. (**हरि: + अवदत्।= हरिरवदत्। बाल: + चलति। =बालश्चलति। नि: + क्रान्त:।= निष्क्रान्त:। आवि + कृतम्।= आविष्कृतम्।**

गजा:+तिष्ठन्ति।= गजास्तिष्ठन्ति। भा: + कर।= भास्कर। क:+अयम्।= कोऽयम्।

बाल: + असि।= बालोऽसि। (अ સૂચક ऽ અવગ્રહ - Apostrophe સંધિ વખતે જ વપરાય છે.)

મુખ્ય પચ્ચીસ વ્યંજનોમાં મહાપ્રાણ ઉચ્ચારણોમાં.......**सस्थानेन द्वितिया । ख-च-ठ-थ-फ ।** પાંચેય વર્ગમાં બીજા સ્થાન પર છે તે **सकार** ની સમાન મહાપ્રાણ પ્રયત્નથી બોલવા જાઈએ. **क + := क: → ख।** જ્યારે **हकारेण चतुर्था:।** એટલે વર્ગોના ચોથા વર્ણ **घ झ ढ ध भ** ત્રીજા વર્ણો **ग ज ड द ब** માં **हकार** ઉમેરી મહાપ્રાણ ઉચ્ચારણ થાય છે. **ग + ह = घ** તેમ પાણિનિએ મહાપ્રાણ ઉચ્ચારણોના ભેદ નોંધ્યા છે.

जिह्वामूलीय)(क वर्ग અને **उपध्मानीय)(प वर्ग** અર્ધવિસર્ગની સ્થિતિ છે.

સંયુક્તાક્ષરઃ

क्ष વર્ણ બે વર્ણોનો સંયુક્તાક્ષર છે. જેમાં **क** સાથે મૂર્ધન્ય **ष** જાડાયેલો છે. જેમાં **क् +ष=क्ष।**

ज्ञ આ પણ સંયુક્તાક્ષર છે.જેમાં **ज्** ની સાથે **ञ** (**ज्+ञ=ज्ञ**) જોડાયો છે પણ એનું શુદ્ધ ઉચ્ચારણ **ऋ ॠ ऌ** ના ઉચ્ચારણો જેમ નાશ પામ્યું છે. જેમકે **ज्ञान** શબ્દનું ઉચ્ચારણ ગુજરાતીમાં ગ્નાન, હિન્દીમાં ગ્યાન અને મરાઠીમાં દ્નાન કરવામાં આવે છે. વાસ્તવમાં જ્ઞાન થવું જાઈએ. **ज्ञा-जानाति** એવા ધાતુરૂપમાં સહેલાઈ ખાતર **જ્** ને બદલે પૂર્ણ **જ** વાપરી ञ ના સ્થાને **न** મૂક્યો છે તેવી જ રીતે **यज्ञ**ની ક્રિયાને **यजन** કરવું એમ વપરાય છે. **ज्ञा-जानाति** મૂળ **ज्ञा** શબ્દ તોખારી ભાષામાં કના અંગ્રેજી ભાષામાં Know= નો સ્વરૂપે છે તોખારીમાં દેખાયેલો ક્નો માંથી ક અંગ્રેજીમાં શાંત પડી જાય છે. તે દર્શનીય છે. **क्ष-ज्ञ** નો સામાન્ય રીતે સંસ્કૃત વર્ણમાળામાં સમાવેશ નથી.**क्ष** શબ્દકોષમાં પણ **क** વર્ણ ઉપરના શબ્દસંગ્રહમાં મૂકાય છે અને **ज्ञ** **ज** વર્ણ પરના શબ્દસંગ્રહમાં મૂકાય છે.

હવે વર્ણોચ્ચાર સમયે જે પ્રયત્નો થાય છે. તે પાણિનિના વ્યાકરણમાં નોંધ લેવાઈ છે. **यत्न**ના બે પ્રકાર છે. **आभ्यन्तर** અંદરનો અને **बाह्य** બહારનો. વર્ણના ઉચ્ચારણ સમયે પ્રથમ મુખની અંદરના અવયવો સ્વરપેટી-ફેફસાં-જીભ વગેરેનો પ્રયત્ન થાય છે. તે **आभ्यन्तर प्रयत्न।** કહેવાય છે. બીજા પ્રયત્ન વર્ણ નો ઉચ્ચાર બહાર પ્રગટ થાય ત્યારે તે **बाह्य प्रयत्न।**કહેવાય છે.

आभ्यन्तर प्रयत्न। પાંચ પ્રકારના થાય છે. **स्पृष्ट-ईषत्स्पृष्ट- ईषद्विवृत-विवृतम्-संवृत.** સ્પર્શ વ્યગ્જનોમાં ક થી મ ના ઉચ્ચારણ **स्पृष्ट** છે. જેમાં જીભની સ્થિરતા કે સ્પર્શ યથા સ્થાને થાય છે. **ईषत्स्पृष्ट** માં **य र ल व** અર્ધસ્વરના

ઉચ્ચારણ થાય છે. જેમાં જીભનો થોડો ઉપયોગ થાય છે. **श ष स** ના ઉચ્ચારણોમાં કંઠ-ગળું થોડું ખુલ્લું રહે છે તેથી **ईषद्विवृत** કહેવાય છે. સ્વરોના ઉચ્ચારણ વખતે ગળું ખુલ્લું રહે છે. હોઠ પણ ખુલ્લા રહે છે તે વિવૃત કહેવાય છે. **ह्रस्व अ** ના પ્રયોગમાં કણ્ઠ-મુખ **संवृत** કહેવાય છે.

बाह्य प्रयत्न ના અગિયાર પ્રકાર છે. **१-विवार:।२-संवार:। ३-श्वास:। ४-नाद:।५-घोष:। ६-अघोष:। ७ - अल्पप्राण:। ८-महाप्राण:। ९-उदात्त। १०-अनुदात्त। ११- स्वरित।** આ અગિયારના ત્રણ વર્ગ છે. પહેલામાં વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ અને અઘોષ નો વર્ગ છે. બીજામાં અલ્પપ્રાણ-મહાપ્રાણ છે. ત્રીજા સ્વરોનો વર્ગ છે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. **विवार:। विवार विवारयति विकासयति मुखमिति।** વર્ણના ઉચ્ચાર વખતે મુખ ખૂલે તે વિવાર. અને મુખ સંકોચાય તો **संवार:।**

કેટલાક વર્ણોના ઉચ્ચારણમાં શ્વાસ ચાલે તે **श्वास:।**

કેટલાક ઉચ્ચારણમાં ગૂંજન થાય તે **घोष:।** અને ગૂંજ-રહિત ઉચ્ચારણવાળા વર્ણ **अघोष:।**
(કાનમાં આંગળી નાખી ક-ચ-ટ-ત-પ બોલો જે અઘોષ છે. અને ગ-જ-ડ-દ-બ બોલો આ ઘોષ વર્ણો છે એટલે ગૂંજ સંભળાશે.)

अल्पप्राण:। વર્ણ ઉચ્ચારણમાં પ્રાણવાયુના થોડો ઉપયોગ થાય તે અને જેમાં પ્રાણવાયુનો અધિક ઉપયોગ થાય ઊંડેથી ઉચ્ચારણ થાય તે **महाप्राण:।**

પાણિનિએ ૩૯૭૮ સૂત્રોમાં સમ્પૂર્ણ વ્યાકરણ શાસ્ત્રની રચના કરી છે। જેનો સંપૂર્ણ આધાર ભગવાન શંકરની કૃપાથી પાણિનિ મુનિને મળેલા ચૌદ માહેશ્વર સૂત્રો છે. સંક્ષિપ્તમાં શાસ્ત્રની રચના કરવા માટે પ્રત્યાહાર મુખ્ય છે. ચૌદ માહેશ્વર સૂત્રોમાંથી આશરે ૪૨ પ્રત્યાહારનો પ્રયોગ ''પાણિનિ અષ્ટાધ્યાયી'' માં થયો છે. જેનો થોડો પરિચય મેળવીએ.

માહેશ્વર સૂત્રોઃ **१ अइउण्। २ ऋऌक्। ३ एओङ्। ४ ऐऔच्। ५ हयवरट्। ६ लण्। ७ ञमङणनम्। ८ झभञ्। ९ घढधष्। १० जबगडदश्।११ खफछठथचटतव्। १२ कपय्। १३ शषसर्। १४ हल्।**

આ ચૌદ સૂત્રોના છેલ્લા ખોડા વર્ણ **ण् क् ङ् च् ट् ण् म् ञ् ष् श् व् य् र् ल्** ।ને ઈત્સંજ્ઞા કહેવાય છે. પ્રત્યાહારમાં આ ઈત્સંજ્ઞાનો ઉપયોગ કરવાનો નથી. માત્ર પ્રત્યાહાર સિદ્ધ કરવાના સંકેત છે.

હવે પહેલા સૂત્રમાંથી **अण्** દર્શાવવાથી **अइउ** નો બોધ થાય છે. **अक्** પહેલું બીજું સૂત્ર સાથે લઈએ, ઈત્સંજ્ઞાનો લોપ થયા પછી **अ इ उ ऋ ऌ** નો બોધ થાય છે માત્ર **अक्** કહેવાથી. **अक: सवर्णे दीर्घ:।**

એવી રીતે ૧લા થી ૧૪મા સૂત્ર સુધી સાથે લેવાથી. **अल्** પ્રત્યાહાર બને છે, જેમાં લગભગ બધા સ્વર-વ્યંજનના વર્ણ આવી જાય છે. **अ इ उ - ऋ ऌ - ए ओ - ऐ औ - ह य व र - ल - ञ म ङ ण न - झ भ् - घ ढ ध - ज ब ग ड द - ख फ छ ठ थ च ट त - क प - श ष स - ह** જેનો સૂત્રમાં ઉપયોગ થયો છે. **अलोऽन्तयस्य।** આવા ૪૨ પ્રત્યાહાર જુદાજુદા વર્ણસમુહ દર્શાવે છે. અને સૂત્રમાં માત્ર બે જ વર્ણનો ઉપયોગ કરવાનો થાય છે આથી દરેક સૂત્રો સંક્ષિપ્ત બન્યા છે. અર્ધી માત્રા ઘટે તોય વૈયાકરણીને પુત્રજન્મ જેટલો આનન્દ થાય છે. **अर्धमात्रालाघवेन पुत्रोत्सव मन्यते वैयाकरणा:।**

હવે સૂત્ર એટલેઃ **संज्ञा च परिभाषा च विधिर्नियम एव च। अतिदेशोऽधिकारश्च षडविधं सूत्रलक्षणम् ॥**
સંજ્ઞા, પરિભાષા, વિધિ, નિયમ, અતિદેશ અને અધિકાર એમ છ લક્ષણોવાળું સૂત્ર કહેવાય છે. વળી......

अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतो मुखम्। अस्तोभमनवद्यं च सूत्र सूत्रविदो विदु:॥
અલ્પાક્ષરવાળું, અસંદિગ્ધ, સારરૂપ, સર્વગ્રાહી, અવિરામ, દોષરહિત વાકય સૂત્ર કહેવાય તેમ સૂત્રના જાણકારો કહે છે.

પાણિનિએ પોતાનું વ્યાકરણ અત્યન્ત સંક્ષેપમાં લખ્યું છે જેનું કારણ કંઠસ્થ કરવામાં અનુકૂળતા રહે. સમસ્ત શબ્દજાળને સંક્ષિપ્ત સ્વરૂપ આપવા પાણિનિએ છ સાધનો સ્વીકાર્યાં છે. જેમાં (૧) પ્રત્યાહાર - માહેશ્વર સૂત્ર (૨) અનુબન્ધ (૩) ગણપાઠ (૪) સંજ્ઞાઓ (૫) અનુવૃતિ (૬) અસિદ્ધ. જે બધું વિદ્વત્ ગ્રાહ્ય છે. સામાન્ય રીતે સંસ્કૃત ભાષા શીખનારે શબ્દરૂપ - ધાતુરૂપ સન્ધિ - સમાસ - કૃદન્ત નો અભ્યાસ કરવો પડે છે. સંસ્કૃતનું મોટાભાગનું સાહિત્ય પદ્યમાં કવિતા સ્વરૂપમાં અને ગેય હોઈ છન્દ -અલંકારનો પરિચય જરૂરી છે.

ઉષ્માક્ષરોનું ઉચ્ચારણઃ **श ष स** ઉષ્માક્ષર કહેવાય છે.જેનું વિવરણ। **ईषद्विवृतम्** અને **विवार:। श्वास:। अघोष:। महाप्राण:।** આથી જાણી શકાય છે કે, ઉષ્માક્ષરોના ઉચ્ચારણ વખતે ગળું થોડું ખુલ્લું રહે, મુખ ખુલ્લું રહે, શ્વાસ ચાલે, ગુંજ-રહિત અવાજ નીકળે, પ્રાણવાયુની જરૂર પડે એટલે ઉંડાણમાંથી અવાજ નીકળે. ઉપરાન્ત **श** તાલવ્ય ઉચ્ચારણ છે, ચ વર્ગ સાથે, **ष** મૂર્ધન્ય ઉચ્ચારણ છે ટ વર્ગ સાથે અને **स** નું ત વર્ગ સાથે દંતસ્થાનથી ઉચ્ચારણ થાય છે. **श** સામાન્ય રીતે તાલવ્ય વર્ણોનું પ્રતિનિધિત્વ કરે છે। સન્ધિ સમયે અન્ય સ્થાનના વર્ણો સાથે પણ જાડાય છે. વિસર્ગ-સન્ધિમાં વિસર્ગનું યથાપ્રસંગ **श-ष-स-र-ओ** માં રૂપાન્તર થાય છે. ત્યાં ધ્વનિ-સ્થાનનું ખૂબ ચોકસાઈ પૂર્વક ધ્યાન રાખવામાં આવ્યું છે. **हरि:+ चन्द्र=हरिश्चन्द्र ।** અહીં **ष** કે **स** નો પ્રયોગ દોષિત ગણાય.

તેવી રીતે મૂર્ધન્ય વર્ણોની આગળ **ष** જ મુકાય. જેમકે। **अष्ट कष्ट कृष्ण श्रेष्ठ** અન્ય સ્થાનના વર્ણો સાથે પણ સન્ધિ નિયમો પ્રમાણે **ष** જાડાય છે. જેમકે, **निष्काम दुष्काळ ।** **स** ત વર્ગના વર્ણોની આગળ આવે, અન્ય **श ष** ના પ્રયોગ દોષયુક્ત છે. **अस्त स्थान सूर्यास्त तटस्थ** અન્ય વર્ણો સાથે પણ **स** વપરાય છે.

સંયુકતાક્ષરોઃ વર્ણમાળામાં કેટલાક ચિન્હોનો સમાવેશ થયો નથી. તે સંયુકતાક્ષરોના વિશિષ્ટ સ્વરૂપ છે। જેમાં ક્ષ-જ્ઞ મુખ્ય છે.

ૐ-ઓમ સંસ્કૃત ભાષામાં અનિવાર્યપણે (**प्रणव: ईश्वरस्य वाचक:।**) ઈશ્વરના સ્વરુપમાં લખાય છે. ૐ હિન્દુ-જૈન-બૌદ્ધ ધર્મમાં પણ વપરાય છે. આ શ્રમણ ધર્મો નીરીશ્વર વાદી હોવાથી ૐ ને ઈશ્વરવાચક ન પણ માને અહીં ૐ એક નાનો પ્રાણાયમ છે.

ૐ પ્રાણાયમનું લઘુ-રૂપ છે. કારણ કે ૐ **= अ +उ +म्** છે, જેથી **अ** ના ઉચ્ચાર સમયે રેચક, **उ**ના ઉચ્ચાર સમયે પૂરક, અને **म्** ના ઉચ્ચાર સમયે કુંભક. (પ્રાણ છોડવો-રેચક. પૂરક-પ્રાણ લેવો. કુંભક-પ્રાણ રોકી રાખવો.) આમ આપોઆપ પ્રાણાયમ થઈ જાય છે. 卐 સ્વસ્તિક એક મંગળચિહ્ન છે. **श्री** લક્ષ્મી પણ મંગળસૂચક સંયુક્તાક્ષર છે

હવે આપણે સંસ્કૃત વ્યાકરણનો પ્રાથમિક પરિચય મેળવીશું.

ભાષાનો આધાર શબ્દ છે અને શબ્દનો આધાર વાક્ય. સંસ્કૃત વાક્ય રચનામાં શબ્દો ગમે તેટલા આડાઅવળા મૂકવાથી પણ અર્થ સમાન રહે છે.

दमयंति नल: परिणिनाय।

परिणिनाय दमयंति नल:।

परिणिनाय नल: दमयंति ।=નળે દમયંતી સાથે વિવાહ કર્યા.

આ સંસ્કૃતની ખાસ વિશેષતા છે. આવો ક્રમ હિન્દી, ગુજરાતી કે અંગ્રેજી જેવી અવિકારી ભાષાઓ માટે શક્ય નથી. ગુજરાતી-હિન્દીમાં કર્તા-કર્મ-ક્રિયાપદનો ક્રમછે. અંગ્રજીમાં કર્તા અને કર્મ વચ્ચે ક્રિયાપદ મૂકવાનું હોય છે.

સંસ્કૃતમાં ત્રણ લિંગ એટલે કે જાતિ છે. **पुँल्लिङ्ग-स्त्रीलिङ्ग-नपुंसकलिङ्ग।** જ્ઞાનની પૂર્ણતા માટે પાણિનિએ લિઙાનુશાસન નામનુ પ્રકરણ રચ્યું છે.

સંસ્કૃતમાં એકવચન-દ્વિવચન-બહુવચન છે. કેટલીક વસ્તુઓ બે ની સંખ્યામાં નિશ્ચિત જ હોય છે. જેમકે, બે આંખ, બે હાથ, સૂર્ય-ચન્દ્ર સંસ્કૃતમાં કેટલાક શબ્દો બહુવચનમાં જ વપરાય છે....... **दार** (પત્ની) **अक्षत** (અતૂટ ચોખા) **वर्षा-सिक्ता-अप्सरस्-प्रजा-प्रकृति**..... વગેરે.

સર્વનામશબ્દઃ વાતચીત કરનાર એક વ્યક્તિ હોય છે. બીજા જેની સાથે વાતચીત થતી હોય અને ત્રીજો ચેતન-અચેતન તે કહેવાય છે. જેના વિષે વાત થતી હોય. સંસ્કૃતમાં બોલવાવાળો ઉત્તમપુરુષ, જેની વિષે વાત થાય છે તે મધ્યમપુરુષ અને જેના વિષયમાં વાત થતી હોય તે પ્રથમપુરુષ કહેવાય છે. વળી તે એકવચન - દ્વિવચન - બહુવચનમાં હોય છે

	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમપુરુષ	**अहम्**	**आवाम्**	**वयम्**
	હું	અમે બે	અમે(બધાં)
મધ્યમપુરુષ	**त्वम्**	**युवाम्**	**युयम्**
	તું	તમે બે	તમે(બધાં)
પ્રથમપુરુષ			
पु	**स:**	**तौ**	**ते**
स्त्री	**सा**	**ते**	**ता:**
नपुं	**तत्**	**ते**	**तानि**
	તે	તેઓ બે	તેઓ(બધાં)

નોંધ: અંગ્રેજીમાં સમાન ધ્વનિ જુઓ.वयम्=WE, युयम्=YOU, ते=THEY, अहम्=I, स:=HE, सा=SHE.

ક્રિયાઃ સંસ્કૃતમાં ક્રિયાની જાતિ નથી. જેમકે બાળક વાંચતો હતો; બાલિકા વાંચતી હતી. ગુજરાતી હિન્દીમાં આમ છે. પણ સંસ્કૃતમાં **बाल: अपठत्।** કે **बालिका अपठत्।** ક્રિયા વિના વાક્ય સંપૂર્ણ નથી થતું. સંસ્કૃતમાં ૨૦૦૦ ધાતુપદ (ક્રિયાના મૂળશબ્દ) છે તે ૧૦ ગણોમાં વહેંચાયેલા છે.
વળી સંસ્કૃત ભાષામાં ૧૦ લકાર છે એટલે કે ૧૦ પ્રકારના ક્રિયાસૂચક તથા કાળસૂચક રૂપો છે.

लेट् લકારનો પ્રયોગ માત્ર વૈદિક સંસ્કૃતમાં જ થતો હોઈ લૌકિક સંસ્કૃતમાં છોડી દીધો છે.

ધાતુરૂપના પદો **परस्मैपद-आत्मनेपद** કે **उभयपद** હોય છે. પરસ્મૈપદ એટલે જે ક્રિયાનું ફળ બીજા માટે છે.જેમ કે, **स: पचति।** તે રાંધે છે. રાંધવાની ક્રિયાનું ફળ બીજા માટે છે.પોતા માટે નહીં જ્યારે **आत्मनेपद** માં ક્રિયાનું ફળ પોતા માટે હોય છે.

१	**वर्तमानकाल**	**लट्**	Present Tense.	**देव: पठति ।** દેવ ભણે છે
२	**अनद्यतन भूतकाल**	**लङ्**	Past Imperfact Tense.	કાળસૂચક ભૂત ભવિષ્ય વર્તમાન

३	सामान्य भूतकाल	लुङ्	Aorist.	
४	परोक्ष भूतकाल	लिट्	Past Perfact Tense.	
५	सामान्य भविष्य	लृट्	Simple Future Tense.	
६	अनद्यतन भविष्य	लुट्	First Future Tense.	
७	आज्ञा	लोट्	Imperative Mood.	ક્રિયાસૂચક આજ્ઞા-અનુજ્ઞા-વિધાન
८	विधिलिङ्	विधिलिङ्	Potential	આશીર્વાદ-ક્રિયાતિપત્તિ
९	आशीलिङ्	आशीलिङ्	Benedictive	
१०	क्रियातिपत्ति	लृङ्	Conditional	

વિભક્તિઓની સમજઃ રમેશ લાડુ ખાય છે. રામે રાવણને માર્યો. અહીં રમેશ ખાવાવાળો છે અને રામ મારવાવાળા છે. ખાવું અને મારવું બંને ક્રિયાઓ છે. ક્રિયાઓ કરનાર રમેશ અને રામ છે. ક્રિયા કરનારને કર્તા કહેવાય છે. વળી પહેલા વાક્યમાં ખાવાનો વિષય લાડુ છે અને બીજા વાક્યમાં મારવાનો વિષય રાવણ છે. એટલે લાડુ અને રાવણ માટે જ કર્તાઓએ ક્રિયા કરી આથી જે ચીજ માટે કર્તા ક્રિયા કરે છે. તેને કર્મ કહેવાય. સામાન્ય રીતે વાક્યના ક્રિયાપદને કોણ પૂછવાથી કર્તા મળે છે. અને શું પૂછવાથી કર્મ મળે છે. જેમકે, પહેલા વાક્યમાં કોણ લાડુ ખાય છે? 'રમેશ' તો કર્તા રમેશ છે. શું ખાય છે? 'લાડુ' તો લાડુ કર્મ છે.

હવે...... 'રાજાએ પોતાના હાથો વડે બ્રાહ્મણોને દાન દીધું' આ વાકયમાં દાન-ક્રિયાની પૂર્તિ હાથો વડે થઈ આથી હાથ કરણ (સાધન) છે. દાનની ક્રિયા બ્રાહ્મણો માટે થઈ આથી બ્રાહ્મણ સંપ્રદાન થયું....... 'આંબાના વૃક્ષો પરથી જમીન પર ફળ પડ્યા.' આ વાક્યમાં વૃક્ષોથી ફળ જાદા પડ્યા માટે વૃક્ષ અપાદાન થયું. વૃક્ષ આંબાનું છે. એટલે આંબાને વૃક્ષ સાથે સમ્બન્ધ છે. માટે આંબા માટે સમ્બન્ધ થયું. ફળ જમીન ઉપર પડ્યા તેથી જમીન અધિકરણ થયું....... 'હે રામ! તું ક્યાં છો?' અહીં હે રામ સમ્બોધન થયું.

હવે આપણે अकारान्त पुंल्लिङ्ग राम શબ્દ નું બધી વિભક્તિ અને વચનમાં શબ્દરૂપો જોઈશું.

अकारान्त पुँल्लिङ्ग राम શબ્દ

વિભક્તિના પ્રત્યય	વિભક્તિ		એકવચન		દ્વિવચન		બહુવચન	
ક્રિયા માટે એ અથવા પ્રત્યય વિના	कर्ता	प्रथमा	रामः	રામ	रामौ	બે રામો	रामाः	ઘણા રામો
ને	कर्म	द्वितिया	रामम्	રામને	रामौ	બે રામને	रामान्	ઘણા રામોને
થી-થકી-વડે	करण	तृतिया	रामेण	રામથી રામ વડે	रामाभ्याम्	બે રામોથી બે રામો વડે	रामैः	ઘણા રામોથી ઘણા રામો વડે
ને માટે	सम्प्रदान	चतुर्थी	रामाय	રામના માટે	रामाभ्याम्	બે રામ માટે	रामेभ्यः	ઘણા રામોના માટે
થી-જાદું પડવું	अपादान	पञ्चमी	रामात्	રામથી	रामाभ्याम्	બે રામથી	रामेभ्यः	ઘણા રામો થી
નો-ની-નું- ના	सम्बन्ध	षष्ठी	रामस्य	રામનું	रामयोः	બે રામોનું	रामाणाम्	ઘણા રામોનું
માં-ઉપર	अधिकरण	सप्तमी	रामे	રામમાં રામ ઉપર	रामयोः	બે રામોમાં બે રામો ઉપર	रामेषु	ઘણા રામોમાં ઘણા રામો ઉપર
હે	सम्बोधन		हे राम	હે રામ	हे रामौ	હે બે રામો	हे रामाः	હે ઘણા રામો

સંસ્કૃત ભાષાનું વ્યાકરણ ખૂબ જ સમૃદ્ધ છે તાર્કિક રીતે ગોઠવેલું છે. પાણિનિના પુરોગામી યાસ્ક મુનિએ (લગભગ ઈ.સ.પૂર્વે ૮૦૦માં) પોતાના વ્યાકરણના ગ્રન્થ **निरुक्त** માં શબ્દોનું ચાર રીતે વિભાજન કરેલું જેમાં

નામ(શબ્દ **सुबन्त**) આખ્યાત (ક્રિયા- **तिङ्गन्त**) ઉપસર્ગ (૧૧ ઉપસર્ગ છે આહાર-વિહાર-પ્રહાર વગેરે) અને નિપાત. શબ્દોનો અથાહ ભંડાર વિવિધ વ્યાકરણની વિધિઓથી બને છે દા.ત. ધાતુપાઠની પ્રથમ ધાતુ **भू भवति** થવું, હોવું. ના ૧૦ લકારના રૂપો થાય છે દરેક રૂપમાં ત્રણ પુરુષ-ત્રણવચન હોવાથી નવ પદ બને છે. આ પરસ્મૈપદ પુરતા ૧૦ લકારોના ૯૦ રૂપ થયા તેવી જ રીતે આત્મનેપદ ના ૯૦ રૂપ કર્મવાચ્ય અને ભાવવાચ્ય ના ૯૦-૯૦ રૂપ એમ ચાલ્યા કરશે, પછી ૧૧ ઉપસર્ગ લગાડી એટલા ધાતુરૂપ બનશે. એક ગણતરી પ્રમાણે માત્ર ભૂ ધાતુમાંથી બધી પ્રક્રિયાઓ લગાડીએ, તો આશરે ૧૨૦૯૬૦ શબ્દ બને છે. આવી ૨૦૦૦ ધાતુઓ છે.

સંસ્કૃત ભાષાની રચનાનો સમય ઈ.સ પૂર્વે ૧૨૦૦ ની આસપાસ સિન્ધુસભ્યતાના અનાર્યો અને આર્યોના સમન્વય કાળ દરમ્યાન, માની શકાય. જેમાં વૈજ્ઞાનિક-વર્ણમાળા-વ્યાકરણ અને દ્રવિડ-મુણ્ડા-ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન જાથની ભાષાઓનું શબ્દભંડોળ Well Processed -સંસ્કૃત બનાવવામાં આવ્યું. સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં વપરાયેલ **माहेश्वर सूत्र** પાણિનિએ શિવજી પાસેથી મેળવી સમ્પૂર્ણ વ્યાકરણ શાસ્ત્રનું પ્રવચન કર્યું તે પાણિનિને નમસ્કાર.

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात्। कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनिये नमः॥

અહીં શિવજીનો સંદર્ભ અનાર્ય વિદ્યાઓના સંકેત રૂપે છે. ઋગ્વેદની પ્રથમઋચામાં વપરાયેલો **ळ** દ્રવિડ પ્રભાવ સૂચવે છે. (**अग्निमीळे पुरोहितम्।**)

દુનિયામાં પ્રચલિત અન્ય વર્ણમાળાઓ એ-બી, આલ્ફા-બીટા કે અલિફ-બે થી શરૂ થાય છે. જ્યારે સંસ્કૃત વર્ણમાળાના ઉચ્ચારણો માનવ ધ્વનિ ઉત્પાદક અંગો સાથે સંકલન રાખી સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે બનાવવામાં આવ્યા છે. આર્યો પાસે **ख ठ थ** ના ઉચ્ચારણો નહોતા. સંસ્કૃતમાં સંખ્યાઓના ઉચ્ચારણોની (**एक विंशति-पञ्च विंशति-** અંગ્રજીમાં Twenty-one , Twentyfive) પાશ્ચાત્ય ભાષાઓ જેવી વ્યવસ્થા છે. વીસ + એક = એકવીસ. દ્રવિડ ભાષાઓમાં આ પ્રમાણે નથી. વળી માતા શબ્દ Moder-Mother ની જેમ ઉચ્ચારણ થાય છે. જ્યારે **अम्बा अम्मा** જેવા ઉચ્ચારણો કરે છે. આ સંસ્કૃત ભાષામાં ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન જાથની ભાષાઓનું પ્રભૂત્વ દર્શાવે છે.

સંસ્કૃત ભાષા માટે વપરાતી લિપિ દેવનાગરી છે. દેવનાગરી લિપિએ સૌ પ્રથમ આઠમી સદીમાં રાજા દન્તિવર્મનના દાનપત્રોમાં દેખા દીધી. આ દાનપત્રો મહારાષ્ટ્ર-કર્ણાટક ની સીમા નજીક બેલગાંવ થી ૪૦ કી.મી. દૂર સમનગઢના પહાડી કિલ્લામાંથી મળ્યા. તે સમયે આ લિપિ નન્દીનાગરી નામથી ઓળખાતી. (નન્દીનગર બેંગલોરથી ૬૩ કી.મી દૂર છે.) પણ જ્યારથી દેવભાષા માટે ઉપયોગ થવા લાગ્યો, ત્યારથી દેવનાગરી તરીકે ઓળખાય છે. દેવનાગરી લિપિની કેટલીક વિશેષતાઓ જાણવા જેવી છે.

૧. પૂર્ણતાની નજીક છે. જેમ બોલાય, તેમ લખાય છે. અને જે લખાય તે વાંચી શકાય છે. દુનિયાની કોઈ લિપિ પાસે આ ક્ષમતા નથી. રોમન લિપિમાં But લખો તો બટ વંચાય છે. કનોવ- Know લખો તો નો વંચાય છે. ઉર્દુમાં,બે + કાફ મેળવીને લખો તો. બુક-બક-બિક ત્રણેય વંચાય છે.

૨. એક જ ધ્વનિ એક જ ચિહ્નઃ ભારતીય લિપિ સિવાય આ જાવા મળતું નથી. રોમન લિપિમાં A નું ઉચ્ચારણ અ-આ-એ-ઐ થાય છે. C નું સ, ક, O નું ઓ-ઉ-આ વગેરે.

૩. ચિન્હ અનેક ધ્વનિ એકઃ ઉર્દુમાં સ ના ધ્વનિ માટે ત્રણ ચિન્હ છે. સીન-સ્વાદ-સે તથા ત ની ધ્વનિ માટે બે, તો-તે. રોમનમાં સ માટે ચાર, C, S, SS, (Disscuss) અને Sc (Science). તથા ક માટે પાંચ, C (cut), K(kite), CH (chemist), CK (stock) અને Q (Quite) દેવનાગરીમાં આવી અસ્પષ્ટતા નથી. એક ધ્વનિ એક વર્ણ.

૪. વર્ણોના નામ પ્રમાણે જ ઉચ્ચારઃ વર્ણનું નામક ધ્વનિ પણ ક જ્યારે રોમનમાં વર્ણનું નામ બી- B, એસ S, જી G, પણ ધ્વનિ બ.સ.ઝ.ગ. ઉર્દુમાં વર્ણનું નામ, અલિફ, કાફ, સ્વાદ, ધ્વનિ અ-ક-સ.

૫. વર્ણને મૂક (Silent) નથી બનાવાતોઃ રોમનમાં કેટલાક વર્ણ વપરાય છે પણ તે ઉચ્ચારણમાં કામ લાગતા નથી. જેમકે, Knee-Know ની-નો માં K શાન્ત છે. તેવી રીતે Psychology સાયકોલોજી માં P, Calm કામમાં L વગેરે....

૬. વૈજ્ઞાનિક લિપિઃ દેવનાગરી અને ભારતની બધી લિપિઓ સ્વર-વ્યંજનના મિશ્રણથી અનેક ધ્વનિ ઉપજાવી શકે છે. દા.ત. 'ર' માં બારાક્ષરી સ્વર સમુહ મેળવવાથી બાર ધ્વનિ નીકળે છે. કોઈ પણ વ્યંજન સાથે સહેલાઈથી ર ની મેળવણી થાય છે. જેમકે શ્રી,કૃષ્ણ,ક્રમ,પ્રથમ,કર્મ અહીં ર ના ત્રણ ચિન્હો ઉમેરાયા છે. 'ર' ના લગભગ ૪૦ જેટલા ધ્વનિ સ્વર-વ્યંજનના મિશ્રણથી થઈ શકે છે. વળી ખૂબ સહેલાઈથી લખી શકાય છે.

૭. અન્ય ભાષા ને વ્યક્ત કરવાની ક્ષમતા દેવનાગરી લિપિમાં અજાડ છે અને એટલી જ ચોક્કસ. જેમકે રોમન લિપિમાં "કમળ" લખવાનું થાય તો KAMALA લખવું પડે જે વાંચતી વખતે કમલ, કમાલ, કામલ, કામાલા એમ ઘણા ઉચ્ચારણ થઈ શકે, પણ English શબ્દ સમાન સ્પષ્ટ ધ્વનિ સાથે નાગરી લિપિ કે ભારતીય લિપિઓમાં લખી શકાશે. (ઈંગ્લીશ) આધુનિક યુગમાં રોમન લિપિના મુદ્રણ કરતા દેવનાગરીનું ત્રણ થર વાળું (પૃથુ. વિદર્ભ) છાપકામ થોડું અઘરૂં લાગે. અન્ય ચાઈનીઝ, જાપાનીઝ લિપિઓની સરખામણીમાં સહેલું !

એક ગુજરાતી રૂઢિપ્રયોગ ભણવામાં ઢ જેવો છે તે ઢ વર્ણની આકૃતિ જેવી બ્રાહ્મી લિપિમાં (ઈ.સ પૂર્વે ૮૦૦) હતી તેમાંથી દેવનાગરી લિપિનો વિકાસ થયો ત્યાં સુધીમાં ઢ ની આકૃતિમાં કાંઈ ફરક પડ્યો નથી. તેવો અર્થ સમાયેલો છે.

સંસ્કૃત ભાષા દેવભાષા છે. અને તે દેવનાગરી લિપિમાં લખાય છે..જે વિશ્વભરમાં અજાડ છે. સર્વશ્રેષ્ઠ છે. અને વિશ્વભરના વિદ્વાનોએ આ સ્વીકાર્યું છે.

इति श्रेयम् भूयात् । ભવસુખ-શિલુ.

Brahmi script, on Ashoka's Rummindei Minor Pillar Edict 250 BCE

बु धे शा क्य मु नि બ્રાહ્મી લિપિ માં લખાયેલું છે.

પરિશિષ્ટ - ૩ જું. સંદર્ભ સાહિત્ય.

અગાઉ મેં એક પુસ્તક " પરમ તેજે....." લખેલું અને ૨૦૦૫ માં પ્રકાશિત કરેલું. તે વખતે વર્ણાશ્રમ અને સેશ્વરવાદી–સાંખ્યદર્શન સ્વીકારેલું. એટલે ઈશ્વર અને વર્ણાશ્રમધર્મ ની તરફેણ કરેલી. ત્યારબાદ આર્યસમાજના મહાન પંડિત આચાર્ય ઉદયવીર શાસ્ત્રી રચિત માત્ર સાંખ્ય ના ચાર ગ્રન્થો જાવામાં આવ્યા. "સાંખ્યદર્શન ભાષ્ય", "સાંખ્યદર્શન કા ઈતિહાસ", "સાંખ્ય સિદ્ધાંત" અને "પ્રાચીન સાંખ્ય સંદર્ભ". જેમાં એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલો કે સાંખ્ય વેદાનુકૂલ છે. સાંખ્ય ઈશ્વરવાદી છે. ખરેખર આચાર્યે એક ભગીરથ પ્રયત્ન કરેલો છે. અનેક અનુસન્ધાન વિવિધ શાસ્ત્રોગ્રન્થો અને ભાષ્યોમાંથી મેળવ્યા છે. જૈનધર્મમાંથી પણ જૈનાચાર્યોના અનુસન્ધાન મેળવ્યા છે. પણ દુઃખની વાત છે કે ઋગ્વેદમાંથી ક્યાંય સાંખ્ય સંદર્ભ મળતો નથી.

કેટલાક અનુસન્ધાનો જ સાંખ્યને નિરીશ્વરવાદી પ્રણાલિ સ્વીકાર માટે રસ્તા ચીંધે છે. વળી જૈનદર્શન અને બૌદ્ધ દર્શન નિરીશ્વરવાદી સાંખ્યદર્શન અને યોગદર્શનના આધારે ઊભા છે.

માનનીય કનૈયાલાલ મુનશીએ વેદોના આધારે સુન્દર નવલકથાઓ લખી છે. "લોપામુદ્રા" માં મુનશીજીએ નવલકથાકાર તરીકે થોડી કલ્પનાઓ ઉમેરી છે છતાં ઐતિહાસિક તત્વને વફાદાર રહ્યા છે. આર્ય-અનાર્ય સંઘર્ષ અને સમન્વય, વસિષ્ઠ-વિશ્વામિત્રનું દાશરાજ્ઞ યુદ્ધ, જીતાયેલા અનાર્યોની સામુહિક હત્યાને બદલે દ્વિજ-ફરી જન્મ આપી (ગાયત્રી મન્ત્ર સાથે યજ્ઞોપવિત આપી.) આર્ય બનાવવાનો માનવતાભર્યો વિશ્વામિત્રનો અભિગમ દાદ માંગી લે તેવો છે. સામે પક્ષે વર્ણાશ્રમધર્મના કડક નિયમો અને સ્ત્રી-શૂદ્રોનો વેદાભ્યાસ અટકાવી વસિષ્ઠે પણ વળતો પ્રહાર કર્યો છે.

આટલું જાણ્યા પછી ઘણા કોયડા સહેલા બની જાય છે. સાંખ્ય અને યોગના તત્વજ્ઞાનમાં ઈશ્વરનો ક્યાંય સમાવેશ થઈ શકે તેવું છે જ નહીં. સાંખ્ય અને યોગના તત્વોમાંથી ઈશ્વર-પરલોક-પુનર્જન્મ છોડી દઈએ, સૂક્ષ્મશરીર નો બોજા ઉતારી નાખીએ તો ય મૂળ તત્વજ્ઞાન પર કોઈ ખરાબ અસર પડતી નથી.

આથી "પરમ તેજે... સિન્ધુ થી હિન્દુ" લખવાની પ્રેરણા મળી. અને ખરેખર સાંખ્ય અને યોગના ઈતિહાસને ધ્યાનમાં રાખીને જ લખાયું. રાહુલ સાંકૃત્યાયન નામના બૌદ્ધ વિદ્વાને પણ વેદના ઐતિહાસિક તત્વો લઈ "દિવોદાસ" નામના નાનકડા ગ્રન્થની રચના કરી છે. તેઓ પૂર્વાશ્રમમાં આર્યસમાજી હતા જ્ઞાનની શોધમાં ખૂબ ફર્યા. તિબેટના બૌદ્ધ સાહિત્યનો જબરજસ્ત અભ્યાસ કર્યો અને બૌદ્ધ ધર્મ સ્વીકારેલો.

મેક્સમ્યુલરે ઋગ્વેદનું અંગ્રેજી ભાષાન્તર કરેલું. ભારતમાં બ્રિટિશ શાસન આવાતા ઘણા બ્રિટિશ વિદ્વનોએ સંસ્કૃત સાહિત્યમાં ઉંડો રસ લીધો, સંસ્કૃતના ગ્રન્થોનું અંગ્રજીમાં ભાષાન્તર થયું. વિશ્વ ભારતીય તત્વજ્ઞાન-જ્ઞાનથી પરિચિત થયું. સાંપ્રત યુગમાં કોમ્પ્યુટર-ઈન્ટરનેટની સેવાઓએ ઘણો સહયોગ આપ્યો. પ્રોજેક્ટ ગુટનબર્ગ નામની વેબસાઈટે લગભગ ૧૦૦૦૦ થી વધારે પુસ્તકોનું Digital રૂપાન્તર કર્યું. દુનિયાને Free માં t E-Books ની ભેટ આપી. તેવી જ રીતે અમેરિકામાં મહેશ યોગી દ્વારા સ્થાપિત Mahrshi university of Management ની વેબસાઈટે સંસ્કૃતભાષામાં દેવનાગરી લિપિમાં ઈ-ર્રૂમ્ા મુકી છે. જેમાં વેદ, આયુર્વેદ, મહાભારત, રામાયણ, દર્શનશાસ્ત્રો, જ્યોતિષ, સ્થાપત્ય ના ગ્રન્થો ((E-Book સ્વરૂપે PDFફાઈલમાં મુકી.) દુનિયાને સુલભ બનાવ્યા છે. આ ઉપરાન્ત Sacred-Text ની વેબસાઈટે દુનિયાના તમામ ધર્મોના પુસ્તકો મુક્યા છે. જેમાં અંગ્રેજીમાં બાઈબલ હોવા ઉપરાન્ત હિબ્રુ ભાષામાં પણ ખરૂં. તેવી જ રીતે કુરાન અરબીમાં અને ઈંગ્લીશમાં, વેદ સંસ્કૃત અને ઈંગ્લીશમાં, મહાભારત - રામાયાણ ઉપનિષદો અને ઓક્સફોર્ડ યુનિવર્સિટિના Sacred Book of Eastના પચાસેય વોલ્યુમ વેબસાઈટ પર સુલભ! હજી બે વેબસાઈટWikipaedia અને Internet Archieveનું નામ લીધા વગર અધુરૂં લાગશે. આ વેબસાઈટ Encyclopaedic Material વિવિધ ભાષાઓમાં વાચકોને સંપાદન કરવા દઈ બનાવવામાં આવી છે. જેમાં ઈતિહાસ-કલા-તત્વજ્ઞાન-વિજ્ઞાન દરેક વિષયની વિગતો, દુનિયાભરના પુસ્તકો વિષે જાણી શકાય છે. Internet Archieve ઉપર દુનિયાની તમામ લાયબ્રેરિઓમાંથી પસંદ કરેલા સંસ્કૃત, ઈંગ્લીશ, હિન્દી,ગુજરાતી પુસ્તકો સહજ પ્રાપ્ય છે.

Digital librery of India એ ભારતીય અને વિદેશી ભાષાઓમાં અસંખ્ય પુસ્તકો વેબસાઈટ પર મૂક્યા છે. ઘણું કરી જેના કોપિરાઈટ પૂરા થઈ ગયા હોય તેવા ૬૦વર્ષ પહેલાં પ્રકાશિત થયેલા પુસ્તકો, અથવા જેણે કોપિરાઈટનો દાવો જતો કર્યો હોય તેવા પુસ્તકો ઇન્ટરનેટ પર સહજ પ્રાપ્ય છે.

Sanskrita Documents ની એક ખૂબ સરસ વેબસાઈટે સંસ્કૃત પુસ્તકોની વિશાળ શ્રેણી વિવિધ Format માં મૂકેલી છે.

જૈન લાયબ્રેરી ની વેબસાઈટે Jainism ના પુસ્તકો ઉપરાન્ત બૌદ્ધ અને હિન્દુ ધર્મના આશરે ૪૦૦૦ પુસ્તકો ગુજરાતી-હિન્દી-અંગ્રેજી- સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં મુક્યા છે, જેની ૮ ડીવીડી પણ મળે છે. વિવિધ પ્રકારના શબ્દકોષની વ્યવસ્થા અનેરી છે.

પોતે જૈન હોવા છતાં તટસ્થ તત્વજ્ઞાનની હંમેશા તરફેણ કરનાર પ્રજ્ઞાચક્ષુ માનનીય પંડિતશ્રી સુખલાલજીના દાર્શનિક વિચારો ઘણી જગ્યાએ માર્ગદર્શક બન્યા છે.

Ten Commandments, Benhur અને The Message નામના ત્રણ અંગ્રેજી મુવીના હિન્દીરૂપાંતરથી જ્યુડોઈઝમ, ખ્રિસ્ત અને ઈસ્લામધર્મની ઐતિહાસિક બાબતો જાણવા મળી છે.

ઐતિહાસિક બાબતોની ખરાઈ, સરદાર પટેલ યુનિવર્સિટીના વિશ્વકોષ સમાન "જ્ઞાન ગંગોત્રી" માળાના પુસ્તકોનો આશ્રય મેળવ્યો છે.

જીવવિજ્ઞાન - માનસ શાસ્ત્ર - ઈતિહાસ - કાયદો અને તત્વજ્ઞાનના તજજ્ઞ મિત્રોએ કેટલાક અનુસન્ધાન પુરા પાડ્યા છે. જેનું મૌલિક સંકલન આપની સમક્ષ "સિન્ધુ-હિન્દુ અને સિન્ધુ સભ્યતા..... એક અલગ દ્રષ્ટિકોણ." સ્વરૂપે આપની સમક્ષ પ્રસ્તુત છે.

===

પરિશિષ્ટઃ ૪ થું. નકશા અને ચિત્રો.

નકશો-૧



નકશો-૧

સિન્ધુ સભ્યતાના અવશેષોની સૈ પ્રથમ જાણ, હાલ પાકિસ્તાનમાં પંજાબના મોણ્ટગોમેરી જીલ્લાના હડપ્પા ગામે ઈ.સ. ૧૮૨૬ માં ચાર્લ્સ મેસ્સને કરી. ત્યાર બાદ અન્ય સ્થળોએ પણ આવા જ પ્રકારના અવશેષો મળ્યા. જેમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત,(સૈરાષ્ટ્ર - કચ્છ) વગેરે સ્થળોએ પ્રાચીન અવશેષો મળ્યા.

સિંધઃ કોટદીજી - મુંએ જો દરો (મરેલાંનો ઢોરો એવા અર્થમાં - સિન્ધી-કચ્છી બોલીમાં)થી ૪૦કી.મી. પૂર્વે ઘૂર્યે-૧૯૩૫, રાખાલદાસ બેનરજી - ૧૯૨૨, જોન માર્શલ-દયારામ સાહની - ૧૯૩૦, ચન્હુ દડો - નનીગોપાલ મજુમદાર ૧૯૩૧, વગેરે આકર્યોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ (ઉત્ખનનના વર્ષ નોંધ્યા છે.) સંશોધનો કરી એક નમૂનેદાર પ્રાચીન સભ્યતા પ્રકાશમાં લાવ્યા.

પંજાબઃ હડપ્પા જીલ્લો મોણ્ટગોમેરી (ઉત્ખનનના વર્ષ ૧૮૨૬ થી ૧૯૩૪) જોનમાર્શલ, માધોસ્વરૂપ વત્સ વગેરે.

હરિયાણાઃ રોપડ -૧૯૫૩ - ૫૬ બાડા, સંઘોલ, રાખીગઢી, બણાવલી, મિત્તાથલ.

રાજસ્થાનઃ કાલીબંગન
ઉત્તરપ્રદેશઃ આલમગીરપુર ૧૯૫૮
ગુજરાતઃ
અમદાવાદ જિલ્લોઃ લોથલ-તા.ધંધુકા (ગામ-સરગવાડા એસ.આર.રાવ -૧૯૫૪ થી ૬૩)
સુરત જિલ્લોઃ માલવણ, (૧૯૬૭-૧૯૭૦ જે.પી. જોષી ASI સાયરસ ગઝદર **Cambridge Uni.**)
કચ્છઃ ગુંતલી તા.દેશલપર ૧૯૭૦ - ૭૨ ડો. કે. વી.સુંદરરાજન, પાબુમઠ તા.રાપર (૧૯૭૭ - ૮૧)

શ્રી ચિત્તલવાલા. નેત્રા, તા.નખત્રાણા. નાની રાયણ, તા.માંડવી, (માંડવીથી ૫ કી.મી.) શિકારપુર, તા.ભચાઉ ૧૯૮૮–૧૯૯૦. શ્રી વર્મા - શ્રી રાવલ - શ્રી ચૈધરી. ધોળાવીરા, તા. રાપર-ખડીર ૧૯૬૦માં શોધાઈ, ભારતીય ઉપખંડની પાંચમી મોટી હડપ્પીય વસાહત, ૧૯૭૨ થી ૧૯૯૩ સુધી ઉત્ખનન ચાલુ; શ્રીજગતપતિ જોષી,૧૯૯૦–૯૩. શ્રી બિસ્ટ. સુરકોટડા, તા. રાપર આડેસરથી ૧૨ કી.મી. ૧૯૬૪-૧૯૬૮, જાની કુરન, રણની કાંધી, કાળો ડુંગર ખાવડા નજીક, ભારત-પાકિસ્તાન સરહદ નજીકનું ગામ-કુરનમાં ધોળાવીરા અને બીજા સ્થળો કરતાંય મોટી વસાહત છે. ૬-૧-૨૦૦૪થી આગળ શ્રીબિસ્ટ અને બીજા
અધિકારીઓના માર્ગદર્શન નીચે ઉત્ખનન કરવામાં આવેલું.

સૌરાષ્ટ્રઃ
રાજકોટ જિલ્લોઃ કુન્તાસી, તા.મોરબી,(ડક્કન કોલેજ પૂના અને ગુજરાત રાજ્ય ૧૯૮૭-૯૦)
ગોલા ઢોળા, તા.માળિયા - મિયાણા, રોજડી (શ્રી નાથગઢ) તા. ગોંડલ.
સુરેન્દ્રનગર જિલ્લોઃ રંગપુર તા. લીંબડી (૧૯૩૫થી૧૯૫૬ એમ.એસ.વત્સ,ઘૂર્યે,) વાગડના ટીંબા.તા.લીંબડી. નગવાડા.
ભાવનગર જિલ્લોઃ પાદરી તા.તળાજા,ચિરોડા - ઓરીયો ટીંબો તા.ગઢડા, બાબરકોટ – પાળિયાદ – ગઢડીયા - સરવા
તા.બોટાદમાં અવશેષો મળી આવે છે. આ વિસ્તારમાં એમ.એસ. યુનિવર્સિટિ દ્વારા ઉત્ખનન કરવામાં આવેલું.
જુનાગઢ જિલ્લોઃ પ્રભાસ, નાગેશ્વર,તરઘડા.
જામનગર જિલ્લોઃ દ્વારકા (૧૯૬૨-૮૦), લાખાબાવળ(૧૯૫૫-૫૬).

નકશો-૨ આર્યોનું સ્થળાંતર

આર્યોનું સ્થળાંતરઃ

ઉત્તર ધ્રુવના પ્રદેશો આર્યોનું મૂળ રહેઠાણ હોવાનું લોકમાન્ય તિલકે, વેદોમાં આપેલ ખગોલીય સ્થિતિઓના આધારે નક્કી કરેલું. અવેસ્તામાં આર્યો જ્યાં બે માસની રાત્રિ થતી ત્યાથી અહીં આવેલા છે, તેવો નિર્દેશ છે.(ધ્રુવ પ્રદેશોમાં છ માસની રાત્રિઓ થાય છે) ભાષાઓ મુખ્ય પુરાવો છે. ઈન્ડો ઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન જુથની ભાષાઓ જ્યાં બોલાય છે તે આર્યોનું મૂળ વતન માનવામાં આવે છે.અથવા તો સ્થળાંતર દરમ્યાન આવા સ્થળે લાંબો સમય વસવાટ કર્યા પછી આગળ વધ્યા હોય. ઈજિપ્ત, બેબિલોન, ઈરાક,અરબસ્તાન, ઈરાન, ઈઝરાયેલ, ભારતનો ઉત્તર - પશ્ચિમ ભાગ, આર્યોથી પ્રભાવિત હોવાનું જણાય છે.આમાં મિસર અને સુમેરની પ્રાચીન સભ્યતાઓ પણ આવી જાય છે. મિસર અને સુમેર સભ્યતા (હાલના સેમેટિક ધર્મોના પૂર્વજો) ઈશ્વર-દેવ-પરલોક-પુનર્જન્મમાં માનતા હોઈ આર્યોને વધારે સંઘર્ષ્ામાં ઉતરવું પડયું નથી. પરંતુ સિન્ધુ સભ્યતાના મૂળ વસાહતીઓ સાથે નિરીશ્વરવાદ, ગણતંત્ર,બહુપતિત્વ પ્રથા સાથે હજી પણ સંઘર્ષ ચાલુ હોવાનું માની શકાય.

ઈ.સ. પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૭૦૦ દરમ્યાન ઉત્તરધ્રુવની આસપાસના પ્રદેશોમાંથી સમગ્ર યુરોપ એશિયાના પ્રદેશોમાં લાંબો સમય રોકાણ કરતાં કરતાં ઈજિપ્ત ઈરાન અને સિન્ધુ નદીની આસપાસ સપ્તસિન્ધુના પ્રદેશો સુધી સ્થળાંતર કર્યું છે. જે પ્રદેશોમાં ઈન્ડોયુરોપિયન અને ઈન્ડોઈરાનીયન ભાષા બોલાય છે. નકશામાં ૧૮૦૦ વર્ષની કાલ્પનિક સ્થળાંતરની રેખાઓ દોરી છે. છેલ્લું સ્થળાંતર ઈ.સ.૭૬૬માં ઈરાનમાંથી પારસીઓ આવ્યા.

ચિત્ર પરિચયઃ

૧.મોહેં જો દરોનો ટીંબો. ૨.મોહેં જો દરો - વિશાળ સ્નાનાગાર. ૩.સર જોન માર્શલ ઈ.સ. ૧૯૩૧ માં ઉત્ખનન વખતે મેળવેલી સ્થિતિ-મોહેં જો દરો. ૪.સ્નાનાગાર અને ગટર-મોહેં જો દરો. ૫.કૂવો-મોહેં જો દરો. ૬.પુરૂષની મૂર્તિ. ૭.વસ્ત્રહીન સ્ત્રી, ચૂડલીઓ પહેરી છે-મોહેં જો દરો. ૮.સુવર્ણ અને ઘેરા લાલ રંગના અકીકના આભૂષણો. ૯.મસ્તકના શૃંગાર સાથે સ્ત્રી. ૧૦.વૃષભની મૃણ્મુદ્રા. ૧૧.પશુપતિનાથ કે યોગેશ્વર. ૧૨.એક મૃણ્મુદ્રા જેના પર એક વેદની ઋચાનું અર્થઘટન ભ્રામક રીતે થયું છે. જુઓ **7. RV-1-164-20** ૧૩-૧૩ એ, ૧૩બી, લિંગ અને યોનિ. ૧૪.સતી થવા માટે લઈ જવાતી સ્ત્રીનું એક પ્રાચીન ચિત્ર. ૧૫.વિવિધ લિપિમાં ૐ.

Pictures & Photographs of Indu's Civilization.

1



2



3

4

5

6

6.a

7

8

9

10

11

12

13



13 A

13B

CEREMONY OF BURNING A HINDU WIDOW WITH THE BODY OF HER LATE HUSBAND.

14

1

2

3

4



5

6

7

ॐ

8

1.Om-Devnagari. 2.Granth. 3.Jain. 4.Bengali- Asami. 5. SHIKISM 6.Oriya. 7.Tamil-Telugu. 8.Tibetan.

પરિશિષ્ટઃ ૫ મું -વેદ મંત્રોનું અનુસંધાનઃ
"જ્ઞાન"

1. RV-3-62-10 तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥३.६२.१०॥

2. YV-30-2 तत्सवितुर्वरेण्यम्भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयत्॥30-2॥

3.YVS-36-3 भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम्भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयत्॥

1.RV-3-62-10 2. YV-30-2 3. YVS-36-3

તે સૂર્યદેવનું ધ્યાન ધરીએ જે અમારી બુદ્ધિને (માનવતાસભર- પરોપકારી-સન્માર્ગમાં) પ્રેરણા આપે. એક સરસ અંગ્રેજી ભાષાન્તર છે.

We meditate on glory of creator, who is worthy to worship, who is source of knowledge, who is bright light, may illuminate our intellect.

ગાયત્રી મંત્ર વિશ્વામિત્ર ઋષિની રચના છે. તે ૨૪ અક્ષારો વાળા ગાયત્રી છન્દમાં રચાયો છે. ઋગ્વેદ - યજુર્વેદ - બ્રાહ્મણ - આરણ્યક - ઉપનિષદ - સ્મૃતિ લગભગ ઘણા ગ્રંથોમાં માન સભર ઉલ્લેખ છે. ખાસ કરી યજ્ઞોપવિત (ઉપનયન - દ્વિજ) આપતી વખતે અવશ્ય બોલાય છે.

સૂર્ય શ્યામ-ગૌર કે બીજા કોઈ ભેદભાવ રાખ્યા વિના સૌને સરખા પ્રકાશિત કરે છે તેમ, શ્યામવર્ણ અનાર્યોના સામુહિક નાશને બદલે યજ્ઞોપવિત આપી આર્યસંસ્કારમાં નવો જન્મ આપી દ્વિજ બનાવીએ. આવી પ્રેરણા વિશ્વના મિત્ર એવા વિશ્વામિત્રે સૂર્ય પાસેથી મેળવી છે.

ગાયત્રી મન્ત્ર આગળ ॐ ઈશ્વર વાચક છે. भू:।भूव:।स्व:।ત્રણ વ્યાહૃતિઓ છે. વ્યાહૃતિ એટલે મહાન ઉચ્ચારણ ગણાય છે, જે ઉપરના સાત લોક છે તે વ્યાહૃતિ છે. નીચેના સાત લોક પાતાળ છે. ઉપરના ત્રણેય લોકમાં આ મંત્ર વ્યાપ્ત રહે તેવો સંકેત છે. સાતેય વ્યાહ્રતિ આમ છેઃ-

ॐ भू:। ॐ भूव:। ॐ स्व:। ॐ मह:। ॐ जन:। ॐ तप:। ॐ सत्यम्।

આ તૈત્તરીય આરણ્યક-૧૦-૨૭-૧ માં આવેલો મંત્ર છે. સાત પાતાળ આમ છે. અતલ, વિતલ, સુતલ, રસાતાલ, તલાતલ, મહાતાલ, પાતાલ અને છેલ્લે નરક છે. આ સાતેય વ્યાહૃતિ (ઉચ્ચલોકનું ઉચ્ચારણ) પ્રાણાયમ વખતે બોલવાનો નિયમ આર્યસમાજમાં છે.

4.RV-7-59-12

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ॥७.५९.१२॥

5.YV-3-60

त्र्यम्बकँयजामहे सुगन्धिम्पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।

त्र्यम्बकं यजामहे सुगन्धिं पतिवेदनम् । उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ॥ 60॥

4. RV-7-59-12 અને 5. YV-3-60

અમે સુગન્ધિયુકત, પોષણ વધારનાર, ત્ર્યમ્બકનું યજન કરીએ, જે અમને કાકડીના ડીંટાની જેમ, (કાકડી-વેલાની સાથે ડીંટાથી જોડાયેલી હોય છે તે આપોઆપ છૂટી પડી જાય છે.) મૃત્યુના બન્ધનમાંથી મુકિત આપો, પણ અમૃતથી નહીં.

આ મંત્ર યજુર્વેદમાં પણ છે. પરંતુ ભાવાર્થ સમાન છે. મૃત્યુ માંથી મુકત થઈ અમૃત તરફ જવાની પ્રાર્થના વેદો-ઉપનિષદોમાં ઘણી જગ્યાએ આવે છે. ॐ असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय। मृत्योर्मा अमृतं गमय। બૃહદારણ્યક ઉપનિષદ ૧-૩-૨૮ આવા જ ભાવ વાળો મંત્ર અથર્વવેદમાં પણ છે.(નીચે)

6. AV-14-01-17

अर्यमणं यजामहे सुबन्धुं पतिवेदनम् । उर्वारुकमिव बन्धनात्प्रेतो मुञ्चामि नामुतः ॥१४.१.१७॥ अथर्ववेद॥

હે સુબન્ધુ! પતિને જ્ઞાન આપનાર, શ્રેષ્ઠોનું માન કરનાર તારૂં યજન કરીએ છીએ, કાકડી જેમ વેલાના બન્ધનમાંથી છૂટી પડી જાય છે તેમ, વર-વધુને વિયોગ-પાશથી છોડાવ, પ્રેમપાશથી નહીં.

7. RV-1-164-20 द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परि षस्वजाते ।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति ॥१.१६४.२०॥

એક વૃક્ષ પર લગભગ એક જેવા બે પક્ષાઓ જીવાત્મા અને પરમાત્મા બેઠાં છે. તેમાંનું એક પક્ષા આ વૃક્ષના ફળોનો ભોગ કરી રહ્યું છે. જયારે બીજુ તેનો ભોગ નહીં પણ નિરીક્ષણ કરી રહ્યું છે.

આ મન્ત્ર શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ છે અને સિંધુ સભ્યતાની એક મુદ્રા સાથે જોડવામાં આવે છે પરંતુ તે મુદ્રામાં પક્ષીને બદલે શીંગડા અને કાનવાળી (Mirror Image) આકૃતિ અને પીપળ વૃક્ષ છે. (જુઓ આકૃતિઃ૧૨)

8. RV-10-90-1 to 16 પુરુષ સૂકત

(ઋ.મ,૧૦-અનુ.૭-સૂકત-૯૦)

ऋषिः नारायणः छन्दः अनुष्टुप् 1-15 त्रिष्टुप् 16 देवता पुरुषः

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥१॥

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् । उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥२॥

एतावानस्य महिमातो ज्यायाँश्च पूरुषः । पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥३॥

त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोऽस्येहाभवत्पुनः । ततो विष्वङ्व्यक्रामत्साशनानशने अभि ॥४॥

तस्माद्विराळजायत विराजो अधि पूरुषः । स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥५॥

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः ॥६॥

तं यज्ञं बर्हिषि प्रौक्षन्पुरुषं जातमग्रतः । तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥७॥

तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतं पृषदाज्यम् । पशून्ताँश्चक्रे वायव्यानारण्यान्ग्राम्याश्च ये ॥८॥

तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे । छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ॥९॥

तस्मादश्वा अजायन्त ये के चोभयादतः । गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः ॥१०॥

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् । मुखं किमस्य कौ बाहू का ऊरू पादा उच्येते ॥११॥

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥१२॥

चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत । मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत ॥१३॥

नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाँ अकल्पयन् ॥१४॥

सप्तास्यासन्परिधयस्त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना अबध्नन्पुरुषं पशुम् ॥१५॥

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् । ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥१६॥

પુરુષ સૂક્ત

8. RV-10-90-1 to 16

ઋગ્વેદમાં આ બહુ મહત્વનું સૂક્ત છે. અહીં વિશ્વરૂપી વિરાટ પુરુષની કલ્પના કરવામાં આવી છે. વિરાટ પુરુષના મુખ માંથી બ્રાહ્મણ અને પગ માંથી શૂદ્ર ઉત્પન્ન થયા છે. ચાર વેદો છે. વગેરે ઘણી બાબતોનો ઉલ્લેખ છે. વળી યજ્ઞ-યાગની વિધિઓ, કથા-પારાયણની શરૂઆતમાં અવશ્ય બોલાય છે. ઋગ્વેદમાં ૧૦ માં મણ્ડલમાં ૯૦ મું સૂક્ત છે. ૧૬ મંત્રો છે. આ જ સોળ મન્ત્રો યજુર્વેદના ૩૧ મા અધ્યાયમાં છે અહીં છ મંત્રો વધારે છે.

વિરાટ પુરુષ હજાર મસ્તક વાળો, હજાર આંખ વાળો, હજાર પગ વાળો, ભૂમિ અને વિશ્વમાં પ્રસરેલો દશ આંગળીઓથી શોભે છે. ૧.

વિરાટ પુરુષ જ સર્વસ્વ છે. જે ઉત્પન્ન થયું છે અને ભવિષ્યમાં થશે તેનું કારણ છે, અમૃત તત્વનો સ્વામી છે. તેમજ અન્નથી વિકસતા જીવોનો પણ.૨.

આ સંસારના સામર્થ્યથી અને વિશ્વના ભૂતો - પદાર્થોથી ય વિશાળ પુરુષના ત્રણ ચરણ પ્રકાશે છે. ૩.

ત્રણ ચરણ વાળો પુરુષ ઉપર અને અહીં સર્વત્ર જાણી શકાય છે. તેનું એક ચરણ આ જગતરૂપ છે. જે ભોજન લેનારા અને ભોજન ન લેનારાઓમાં (જડ - ચેતનમાં) વ્યાપ્ત છે.૪.

તેનામાંથી આ વિરાટ વિશ્વ ઉત્પન્ન થયું છે, તે વિરાટનો અધિષ્ઠાતા છે. સર્વવ્યાપક અને મહાન પુરુષે ભૂમિ અને શરીરો પ્રગટ કર્યા.૫.

જે યજ્ઞમાં પુરુષ દ્વારા વિદ્વાનો અને દેવો પ્રગટયા. તેમાં વસંત ઘી સમાન રહી. ગ્રીષ્મ ઈંધન સમાન અને શરદ ઋતુ હવિ - પ્રસાદ સમાન રહી.૬.

તે યજ્ઞમાં સર્વ પ્રથમ પ્રગટેલા પુરુષોને હ્રદયમાં યજ્ઞમાં દિક્ષિત થયેલાંની જેમ અભિષેક કરીએ. દેવો (વિદ્વાનો), સાધકો, ઋષિગણ બધા તેનું યજન કરે.૭.

સર્વે જગતની આહુતિ લેનાર યજ્ઞ-પુરુષે, પુષ્ટિદાયક-તૃપ્તિદાયક પદાર્થોના સર્જનારે, અરણ્યવાસી, વાયુમાં ઉડનારા, ગ્રામ્યવાસી પશુઓ સજર્યા છે.૮.

સર્વ જગતની આહુતિ લેનાર પુરુષે ઋચાઓ, સામગાન, છન્દ, યજુર્વેદનું સર્જન કર્યુ. ૯.

(અહીં ઋગ્વેદ-સામવેદ-છન્દ એટલે અથર્વવેદ, અને યજુર્વેદનો સંકેત છે.) તેણે અશ્વો અને જડબાવાળા પશુઓ,ગાયો અને બકરીઓ સર્જી.૧૦.

જે પુરુષનું વિશેષ રૂપથી વર્ણન કર્યુ તેના મુખ-બાહુ-જાંઘ- બે પગો શું કહેવાયા ? ૧૧.

બ્રાહ્મણ વિરાટ પુરુષના મુખમાં રહ્યા, ક્ષત્રિયો-રાજાઓ બે હાથ બન્યા. વૈશ્યો જાંઘ માંથી અને શૂદ્રો ચરણમાંથી ઉત્પન્ન થયા.૧૨.

વિરાટ પુરુષના મનમાંથી ચન્દ્ર ઉત્પન્ન થયો.બે આંખમાંથી સૂર્ય, મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ, પ્રાણમાંથી વાયુ જન્મ્યા.૧૩.

વિરાટ પુરુષની નાભિ માંથી અંતરિક્ષ, શિરમાંથી વિશાળ આકાશ, પાદો માંથી ભૂમિ, કર્ણોમાંથી દિશાઓ ઉપજી. એમ બધા લોકની કલ્પના કરવામાં આવી.૧૪.

જે યજ્ઞોમાં રોકાયેલા દેવો-વિદ્વાનોએ સાત-પરિઘ અને ૨૧-સમિધા સર્જી વિરાટ પુરુષને પશુ તરીકે બાંધ્યો.૧૫.

યજ્ઞથી યજ્ઞ સર્જી તેઓ ધર્મોમાં પ્રથમ રહ્યા. તે મહિમાવાળાઓને સેવતા દેવો - વિદ્વાનો કહે છે.૧૬.

પુરુષસૂકતમાં ઋગ્વેદ કરતાં યજુર્વેદમાં આ છ મંત્રો વધારે છે.

9.YV-A-31-17 TO 22

अ॒द्भ्यः सम्भृ॑तः पृथि॒व्यै रसा॑च्च वि॒श्वक॑र्मणः॒ सम॑वर्त्त॒ताग्रे॑ ।

तस्य॒ त्वष्टा॑ वि॒दध॑द्रू॒पमे॑ति॒ तन्मर्त्य॑स्य देव॒त्वमा॒जान॒मग्रे॑॥ यजुर्वेद-31.17॥

वेदा॒हमे॒तम्पुरु॑षम्म॒हान्त॑मादि॒त्यव॑र्णं॒ तम॑सः प॒रस्ता॑त् ।

तमे॒व वि॑दि॒त्वाति॑ मृ॒त्युमे॑ति॒ नान्यः पन्था॑ विद्य॒तेऽय॑नाय॥ यजुर्वेद-31.18॥

प्र॒जाप॑तिश्चरति॒ गर्भे॑ऽअ॒न्तरजा॑यमानो बहु॒धा वि जा॑यते ।

तस्य॒ योनि॒म्परि॑ पश्यन्ति॒ धीरा॒स्तस्मि॑न्ह तस्थु॒र्भुव॑नानि॒ विश्वा॑॥ यजुर्वेद-31.19॥

यो दे॒वेभ्य॑ऽआ॒तप॑ति॒ यो दे॒वाना॑म्पु॒रोहि॑तः ।

पूर्वो॒ यो दे॒वेभ्यो॑ जा॒तो नमो॑ रु॒चाय॒ ब्राह्म॑ये॥ यजुर्वेद-31.20॥

रु॒चम्ब्रा॒ह्मञ्ज॒नय॑न्तो दे॒वाऽअग्रे॒ तद॑ब्रुवन् ।

यस्त्वै॒वम्ब्रा॑ह्म॒णो वि॒द्यात्तस्य॑ दे॒वा अ॑स॒न्वशे॑॥ यजुर्वेद-31.21॥

श्रीश्च॑ ते ल॒क्ष्मीश्च॒ पत्न्या॑वहोरा॒त्रे पा॒र्श्वे नक्ष॑त्राणि रू॒पम॒श्विनौ॒ व्यात्त॑म् ।

इ॒ष्णन्नि॑षाणा॒मुम्म॑ऽइषाण सर्वलो॒कम्म॑ इषाण॥ यजुर्वेद-31.22॥

9. YV-31-17 to 22

જે જળ,પૃથ્વી, અને વિશ્વકર્મા-સૂર્યથી પુષ્ટ થયેલા, રસથી પહેલા આ જગત ઉત્પન્ન થયું છે. તે તેના સ્વરૂપનું વિધાન કરતા આગળ મનુષ્યના કર્મ અને વિદ્વતા પ્રાપ્ત થાય છે. ૧૭.

હે! પુરુષ! હું આ મહાન આ સૂર્યના તેજોમય પ્રકાશ સ્વરૂપ, અથવા અન્ધકારથી તદ્દન જુદા એવા પુરુષને જાણું છું. તેને જાણીને મૃત્યુ ઓળંગવાનું છે. આ સિવાય અન્ય માર્ગની ઉપસ્થિતિ જ નથી. ૧૮.

હે! મનુષ્યો! અજન્મા પ્રજાપતિ, જન્મ-મૃત્યુમાં વિચરનાર, ઘણા પ્રકારે જન્મે છે. તેની યોનિમાં વિશ્વના સઘળા લોક સ્થિર થયાં છે. ૧૯.

જે દેવો બીજાના હિતો માટે તપ્ત થયેલા છે. જે દેવો સૈ પ્રથમ જન્મ્યા છે. તેની રૂચિ માટે બ્રહ્મ માટે નમસ્કાર કરીએ. ૨૦.

રૂચિકારક, બ્રહ્મના ઉપાસક, આપને સંપૂર્ણ કરતા, દેવો પહેલાં તે (બ્રહ્મ) કહે છે. જે બ્રાહ્મણ તેમ જ વિદ્યાથી વિદ્વાનોના વશમાં રહો. ૨૧.

હે! ઈશ્વર, આપની શોભા, ઐશ્વર્ય (શ્રી અને લક્ષ્મી) જેવી બે પત્ની સમાન દિવસ-રાતની પહેલાં સૂર્ય-ચંદ્ર ફેલાયેલા મુખ જેવા નક્ષત્રોના રૂપવાળા છે. આપ મારા પરોક્ષ સુખ માટે ચાહના કરો. મને સર્વલોકમાં સુખમાં રાખો. ૨૨.

નાસદીય સૂકત

129 म.10, अनु.11

ऋषिः परमेष्ठी प्रजापतिः छन्दः त्रिष्टुप् देवता भाववृत्तम्

नास॑दासी॒न्नो सदा॑सीत्त॒दानीं॒ नासी॒द्रजो॒ नो व्यो॑मा प॒रो यत् ।
किमाव॑रीवः॒ कुह॒ कस्य॒ शर्म॒न्नम्भः॒ किमा॑सी॒द्गह॑नं गभी॒रम् ॥१०.१२९.१॥
न मृ॒त्युरा॑सीद॒मृतं॒ न तर्हि॒ न रात्र्या॒ अह्न॑ आसीत्प्रके॒तः ।
आनी॑दवा॒तं स्व॒धया॒ तदेकं॒ तस्मा॑द्धा॒न्यन्न प॒रः किं च॒नास॑ ॥१०.१२९.२॥
तम॑ आसी॒त्तम॑सा गू॒ळ्हमग्रे॑ऽप्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम् ।
तु॒च्छ्येना॒भ्वपि॑हितं॒ यदासी॒त्तप॑स॒स्तन्म॑हि॒नाजा॑य॒तैक॑म् ॥१०.१२९.३॥
काम॒स्तदग्रे॒ सम॑वर्त॒ताधि॒ मन॑सो॒ रेतः॑ प्रथ॒मं यदासी॑त् ।
स॒तो बन्धु॒मस॑ति॒ निर॑विन्दन्हृ॒दि प्र॒तीष्या॑ क॒वयो॑ मनी॒षा ॥१०.१२९.४॥
ति॒र॒श्चीनो॒ वित॑तो र॒श्मिरे॑षाम॒धः स्वि॑दा॒सी३दु॒परि॑ स्विदासी३त् ।
रे॒तो॒धा आ॑सन्महि॒मान॑ आसन्त्स्व॒धा अ॒वस्ता॒त्प्रय॑तिः प॒रस्ता॑त् ॥१०.१२९.५॥
को अ॒द्धा वे॑द॒ क इ॒ह प्र वो॑च॒त्कुत॒ आजा॑ता॒ कुत॑ इ॒यं विसृ॑ष्टिः ।
अ॒र्वाग्दे॒वा अ॒स्य वि॒सर्ज॑ने॒नाथा॒ को वे॑द॒ यत॑ आब॒भूव॑ ॥१०.१२९.६॥
इ॒यं विसृ॑ष्टि॒र्यत॑ आब॒भूव॒ यदि॑ वा द॒धे यदि॑ वा॒ न ।
यो अ॒स्याध्य॑क्षः पर॒मे व्यो॑म॒न्त्सो अ॒ङ्ग वे॑द॒ यदि॑ वा॒ न वेद॑ ॥ १०.१२९.७॥

નાસદીય સૂકત

સૂકત-૧૨૯ના ઋષિ પરમેષ્ઠી પ્રજાપતિ છે. ત્રિષ્ટુપ્ છન્દમાં રચના છે. સૂકત-૧૩૦ના ઋષિ યજ્ઞ પ્રજાપતિ છે. ૧લી ઋચાઓનો છંદ જગતી છે. ૨ થી ૭ ઋચા ત્રિષ્ટુપ્ છન્દમાં છે.

નાસદીય સૂકતઃ સત્ય પણ નહોતું તો અસત્ય કયાંથી હોય? રજ રચિત સૃષ્ટિ નહોતી, આકાશ પણ નહોતું. ત્યારે કોણ કોને આધારે રહ્યુ હતું. અગાધ અને ગંભીર જળનું અસ્તિત્વ કયાં હતું ? ૧.

મૃત્યુ પણ નહોતું અમૃત પણ નહોતું. દિવસ અને રાત અજ્ઞાત હતા. શ્વાસ માટે વાયુ નહોતો તો પછી ત્યાં શું વિદ્યમાન હતું ? ૨.

બધું અજ્ઞાત અંધકારથી ઘેરાયેલું હતું. બધું જ અવ્યકત અને સઘળું પ્રવાહી હતું જે કાંઈ હતું તે ચારે બાજુથી આચ્છાદિત હતું. તેમાં તપના પ્રભાવે એક અવિનાશી તત્વનું અસ્તિત્વ હતું, બીજા કશાનું અસ્તિત્વ નહોતું.૩.

સૈ પ્રથમ પરમ તત્વના મનમાં ઈચ્છા શકિત પ્રગટી ત્યાર બાદ ઉત્પત્તિનું કારણ બીજ પ્રગટયું. મેધાવી જ્ઞાનીઓએ પોતાની વિવેક બુદ્ધિ દ્વારા હ્રદયમાં વિચારી અવ્યકત સૃષ્ટિની અભિવ્યકિત નિર્ધારિત કરી. ૪.

આ રીતે બીજને ધારણ કરનાર પ્રકાશ ઉપર અને નીચે ફેલાયો. પોતાના મહિમાથી એ પરમ પ્રકાશે જળને પ્રેરિત કર્યુ. સ્વધાભોગ્ય અને પ્રયતિના સ્થાને નિશ્ચિત થયા. (શ્વસન અને ચયાપચયની ક્રિયાઓ નિશ્ચિત થઈ.) ૫.

કોણ જાણે છે અને કોણ એ કહી શકે છે કે, આ સૃષ્ટિ કયાંથી અને કઈ રીતે ઉત્પન્ન થઈ કારણ કે જ્ઞાનીઓ પણ સૃષ્ટિના સર્જન પછી થયા. ૬.

આ સૃષ્ટિ ક્યાંથી આવી? સર્જક કોણ? એ માત્ર પરમેશ્વર જાણે અને કદાચ પરમ વ્યોમમાં વસનાર પરમેશ્વર પણ નહીં જાણતા હોય ૭.

નાસદીય સૂક્ત.૨

130 (म.10, अनु.11)

ऋषिः यज्ञः प्राजापत्यः छन्दः जगती 1, त्रिष्टुप् 2-7 देवता भाववृत्तम्

यो यज्ञो विश्वतस्तन्तुभिस्तत एकशतं देवकर्मेभिरायतः ।

इमे वयन्ति पितरो य आययुः प्र वयाप वयेत्यासते तते ॥१०.१३०.१॥

पुमाँ एनं तनुत उत्कृणत्ति पुमान्वि तत्ने अधि नाके अस्मिन् ।

इमे मयूखा उप सेदुरू सदः सामानि चक्रुस्तसराण्योतवे ॥ १०.१३०.२॥

कासीत्प्रमा प्रतिमा किं निदानमाज्यं किमासीत्परिधिः क आसीत् ।

छन्दः किमासीत्प्रउगं किमुक्थं यद्देवा देवमयजन्त विश्वे ॥१०.१३०.३॥

अग्नेर्गायत्र्यभवत्सयुग्वोष्णिहया सविता सं बभूव ।

अनुष्टुभा सोम उक्थैर्महस्वान्बृहस्पतेर्बृहती वाचमावत् ॥१०.१३०.४॥

विराण्मित्रावरुणयोरभिश्रीरिन्द्रस्य त्रिष्टुबिह भागो अह्नः ।

विश्वान्देवाञ्जगत्या विवेश तेन चाक्लृप्र ऋषयो मनुष्याः ॥१०.१३०.५॥

चाक्लृप्रे तेन ऋषयो मनुष्या यज्ञे जाते पितरो नः पुराणे ।

पश्यन्मन्ये मनसा चक्षसा तान्य इमं यज्ञमयजन्त पूर्वे ॥१०.१३०.६॥

सहस्तोमाः सहछन्दस आवृतः सहप्रमा ऋषयः सप्त दैव्याः ।

पूर्वेषां पन्थामनुदृश्य धीरा अन्वालेभिरे रथ्यो३ न रश्मीन् ॥१०.१३०.७॥

૨. નાસદીય સૂક્ત – ૧૩૦

જે યજ્ઞ ચારે તરફથી લંબાવ્યો છે. એક સો એક દેવક માંથી વધાર્યો છે. અહીં આવેલા પિતૃઓ યજ્ઞને અહીં આમ વણો-તેમ વણો (વસ્ત્રની જેમ) કહે છે. ૧.

પુરૂષ જ આ યજ્ઞ વિસ્તારે છે અને સમાપ્ત કરે છે. તે સ્વર્ગ સુધી વિસ્તારે છે. આ કિરણો (મયુખ) ઉચ્ચ સ્થાનની નજીક પહોંચે છે. વસ્ત્ર વણવા સામગાન ત્રાંસા તન્તુ બનાવે છે. ૨.

આ યજ્ઞનું પ્રમાણ ક્યાં છે? તેની પ્રતિમા- આકૃતિ ક્યાં છે? નિદાન-કારણ ક્યાં છે? પરિઘ-સીમા ક્યાં છે? છન્દ અને મન્ત્રો ક્યાં છે ? જે યજ્ઞ દેવોએ વિશ્વમાં કરેલો. ૩.

ગાયત્રી છન્દ અગ્નિનો સાથી બન્યો. સૂર્ય ઉષ્ણ બન્યો. અનુષ્ટુપ મન્ત્ર બન્યો. બૃહસ્પતિએ વાણીથી મહાનતા મેળવી. ૪.

મિત્ર-વરૂણના આશ્રયે વિરાટ સ્થિર થયું ઈન્દ્ર પાસે ત્રિષ્ટુપ અને દિવસનો ભાગ,વિશ્વના બધા દેવો પાસે જગતી આશ્રિત થઈ આનાથી મનુષ્યોમાં ઋષિઓ પ્રભાવશાળી થયા. ૫.

પ્રાચીન યજ્ઞ જાણવાથી ઋષિઓ-મનુષ્યો-પિતૃઓ સામર્થ્યવાન થયા. પહેલાં જે યજ્ઞો કરતા તે મનની આંખોથી દર્શન કરતા. ૬.

સૂકતો-સ્તોત્રો સહિત, છન્દો સહિત, જ્ઞાન સહિત, સાત દિવ્ય ઋષિઓનું આવરણ બન્યું. ધીર ઋષિઓએ પૂર્વજોનો માર્ગ અવલોકી યજ્ઞો કર્યા. ૭.

મેકસમ્યુલર-મેકડોનેલ આ સૂકતનું મહત્વ મનુષ્યના તત્વજ્ઞાનની પ્રાથમિક ભૂમિકા જેવું ગણે છે. પરંતુ સિન્ધુ-સભ્યતાના લોકોએ તો આજ દિન સુધી સક્ષમ ગણાય તેવું તત્વજ્ઞાન-આધ્યાત્મ બધું ય સાંખ્ય અને યોગ સ્વરૂપે અમલમાં મૂકી દીધેલું.

દાશરાજ્ઞ યુદ્ધ.

12 RV-7-18- 01 TO 25

ऋषिः वसिष्ठः मैत्रावरुणिः छन्दः त्रिष्टुप् देवता इन्द्रः **1-21**, सुदाः पैजवनः **22-25**

त्वे ह यत्पितरश्चिन्न इन्द्र विश्वा वामा जरितारो असन्वन् ।

त्वे गावः सुदुघास्त्वे ह्यश्वास्त्वं वसु देवयते वनिष्ठः ॥७.१८.१॥

राजेव हि जनिभिः क्षेष्येवाव द्युभिरभि विदुष्कविः सन् ।

पिशा गिरो मघवन्गोभिरश्वैस्त्वायतः शिशीहि राये अस्मान् ॥७.१८.२॥

इमा उ त्वा पस्पृधानासो अत्र मन्द्रा गिरो देवयन्तीरुप स्थुः ।

अर्वाची ते पथ्या राय एतु स्याम ते सुमताविन्द्र शर्मन् ॥७.१८.३॥

धेनुं न त्वा सूयवसे दुदुक्षन्नुप ब्रह्माणि ससृजे वसिष्ठः ।

त्वामिन्मे गोपतिं विश्व आहा न इन्द्रः सुमतिं गन्त्वच्छ ॥७.१८.४॥

अर्णांसि चित्पप्रथाना सुदास इन्द्रो गाधान्यकृणोत्सुपारा ।

शर्धन्तं शिम्युमुचथस्य नव्यः शापं सिन्धूनामकृणोदशस्तीः ॥७.१८.५॥

पुरोळा इत्तुर्वशो यक्षुरासीद्राये मत्स्यासो निशिता अपीव ।

श्रुष्टिं चक्रुर्भृगवो द्रुह्यवश्च सखा सखायमतरद्विषूचोः ॥७.१८.६॥

आ पक्थासो भलानसो भनन्तालिनासो विषाणिनः शिवासः ।

आ योऽनयत्सधमा आर्यस्य गव्या तृत्सुभ्यो अजगन्युधा नॄन् ॥७.१८.७॥

दुराध्यो३ अदितिं स्रेवयन्तोऽचेतसो वि जगृभ्रे परुष्णीम् ।

मह्नाविव्यक्पृथिवीं पत्यमानः पशुष्कविरशयच्चायमानः ॥७.१८.८॥

ईयुरर्थं न न्यर्थं परुष्णीमाशुश्चनेदभिपित्वं जगाम ।

सुदास इन्द्रः सुतुकाँ अमित्रानरन्धयन्मानुषे वध्रिवाचः ॥७.१८.९॥

ईयुर्गावो न यवसादगोपा यथाकृतमभि मित्रं चितासः ।

पृश्निगावः पृश्निनिप्रेषितासः श्रुष्टिं चक्रुर्नियुतो रन्तयश्च ॥७.१८.१०॥

एकं च यो विंशतिं च श्रवस्या वैकर्णयोर्जनान्राजा न्यस्तः ।

दुस्मो न सद्मन्नि शिशाति बर्हिः शूरः सर्गमकृणोदिन्द्र एषाम् ॥७.१८.११॥

अध श्रुतं कवषं वृद्धमप्स्वनु द्रुह्युं नि वृणग्वज्रबाहुः ।

वृणाना अत्र सख्याय सख्यं त्वायन्तो ये अमदन्ननु त्वा ॥७.१८.१२॥

वि सद्यो विश्वा दृंहितान्येषामिन्द्रः पुरः सहसा सप्त दर्दः ।

व्यानवस्य तृत्सवे गयं भाग्जेष्म पूरुं विदथे मृध्रवाचम् ॥७.१८.१३॥

नि गव्यवोऽनवो द्रुह्यवश्च षष्टिः शता सुषुपुः षट् सहस्रा ।

षष्टिर्वीरासो अधि षड्दुवोयु विश्वेदिन्द्रस्य वीर्या कृतानि ॥७.१८.१४॥

દાશરાજ્ઞ યુદ્ધઃ

હે ઈન્દ્ર! તારી પ્રશંસા કરનાર અમાર પિતૃઓએ જીતેલી બધી સંપતિનો માલિક તું જ છે. તારી પવિત્ર પ્રેરરણાથી ગાયો ઉત્તમ દૂધ આપે અને અશ્વો વિજેતા બનાવે. ૧.

પત્નીઓ વચ્ચે રહેતા રાજા જેવો શોભતો ઈન્દ્ર અમને સહાય રૂપ થા. અમને તારા દાસ બનાવ, સંપતિ આપ, અમારી પ્રાર્થનાઓ સાંભળ, ગાયો અને અશ્વોથી સુશોભિત કર. ૨.

હે ઈન્દ્ર! અમારી પવિત્ર - આનંદિત પ્રાર્થનાઓ વડે તારી પાસે પહોંચ્યા છીએ. અમને રહેંણાક અને સંપતિ આપ. ૩.

હે પશુઓના દેવ ઈન્દ્ર! વસિષ્ઠે ગાયોના દૂધ માટે પ્રાર્થનાઓ કરી છે. તે સ્વીકાર. ૪.

હે ઈન્દ્ર! પાણીના પૂરથી ઘેરાયેલા રસ્તા, તું સુદાસને પાર થવા માટે છીછરા બનાવી દે. તે અમારો પ્રશંસાપાત્ર છે. મારા કવિએ ક્રોધિત નદીને શાંત કરવા પ્રાર્થનાઓ બનાવી છે. ૫.

તૂર્વસુ અને પુરોડાહ ભૂખી માછલીઓ જેમ સંપતિ લૂંટવા તત્પર છે. દ્રહ્યુઓ અને ભૃગુઓ મિત્રને મિત્ર બચાવે તે પહેલાં તેનો નાશ કરી સુદાસને બચાવ. ૬.

હવ્યોના પાચક, કલ્યાણી, મંગલકારી લોકો ઈન્દ્રની સ્તૂતિ કરે છે. સોમપાનથી મત્ત થઈ ઈન્દ્ર આર્યની ગાયો મેળવે છે અને ગાયો હરી જનારાને મારી નાખે છે. ૭.

દુષ્ટ માનસ અને મન્દમતિ શત્રુઓએ પરુષ્ણી નદીને ખોદી કિનારા તોડી નાખ્યા હતા. ઈન્દ્ર કૃપાથી સુદાસ વિશ્વવ્યાપી થઈ ગયો હતો. ચયમાનના પુત્રને પાળેલા પશુની જેમ મારી નાખ્યો. ૮.

ઈન્દ્રે પરુષ્ણી નદીનાં પાણી બરાબર વાળ્યા-કિનારા સરખા કર્યા. સુદાસ પોતાના અશ્વો લઈ ગયો. સુદાસના શત્રુઓને ઈન્દ્રે વશ કર્યા ૯.

જેમ ચરવાહો વિના ગાયો છૂટી પડી જાય છે. તેમ માતા દ્વારા મોકલેલા મરૂતો, મિત્ર ઈન્દ્ર તરફ અશ્વો સાથે ગયા. ૧૦.

રાજા સુદાસે બંને પ્રદેશો માંથી એકવીસ મનુષ્યોનો વધ કરી કીર્તી મેળવી. જેમ યજ્ઞશાળામાં યુવકો કુશ કાપે છે તેમ ઈન્દ્રે સુદાસની સહાયતા માટે મરુતો મોકલ્યા. ૧૧.

આ સિવાય ઈન્દ્રે શ્રૂત-કવષ-વૃદ્ધ અને દ્રુહ્યુઓને પાણીમાં ડુબાડી દીધા. આ સમયે જે લોકોએ ઈન્દ્રની સ્તુતિ કરી તેને મિત્રો ગણવામાં આવ્યા. ૧૨.

પોતાની શકિતથી ઈન્દ્રે શ્રૂત - દ્રુહ્યુઓ વગેરેન નગરો અને સાત સુરક્ષા વિદીર્ણ કરી નાખી. અનુના પુત્રનું ઘર તૃત્સુઓને આપી દીધું. હે ઈન્દ્ર! અમે દૂર્વચનીઓને જીતીએ તેવી કૃપા કરો. ૧૩.

અનુ દ્રુહ્યુની ગાયોને ચાહવાવાળા ૬૬૦૬૬ સમ્બન્ધીઓને સુદાસ માટે મારી નાખ્યા જે ઈન્દ્રની શૂરવીરતા સૂચક છે. ૧૪.

इन्द्रेणैते तृत्सवो वेविषाणा आपो न सृष्टा अधवन्त नीचीः ।

दु॒र्मि॒त्रासः॑ प्रकल॒विन्मिमा॑ना ज॒हुर्विश्वा॑नि॒ भोज॑ना सु॒दासे॑ ॥७.१८.१५॥

अ॒र्धं वी॒रस्य॑ शृत॒पाम॑नि॒न्द्रं परा॒ शर्ध॑न्तं नुनुदे अ॒भि क्षाम् ।

इन्द्रो॑ म॒न्युं म॑न्यु॒म्यो॑ मिमाय भे॒जे प॒थो व॑र्त॒निं पत्य॑मानः ॥७.१८.१६॥

आ॒ध्रेण॑ चि॒त्तद्वेकं॑ चकार सिं॒ह्यं॑ चि॒त्पेत्वे॑ना जघान ।

अव॑ स्र॒क्तीर्वे॒श्या॑वृश्च॒दिन्द्रः॒ प्राय॑च्छ॒द्विश्वा॒ भोज॑ना सु॒दासे॑ ॥७.१८.१७॥

शश्व॑न्तो॒ हि शत्र॑वो रार॒धुष्टे॑ भे॒दस्य॑ चि॒च्छर्ध॑तो विन्द॒ रन्धि॑म् ।

मर्ताँ॒ एनः॑ स्तुव॒तो यः कृ॒णोति॑ ति॒ग्मं तस्मि॒न्नि ज॑हि॒ वज्र॑मिन्द्र ॥७.१८.१८॥

आव॒दिन्द्रं॑ य॒मुना॑ तृत्स॑वश्च॒ प्रात्र॑ भे॒दं स॒र्वता॑ता मुषायत् ।

अ॒जास॑श्च॒ शिग्र॑वो॒ यक्ष॑वश्च ब॒लिं शी॒र्षाणि॑ जभ्रु॒रश्व्या॑नि ॥७.१८.१९॥

न त॑ इन्द्र सु॒मत॑यो॒ न रायः॑ सं॒चक्षे॒ पूर्वा॑ उ॒षसो॒ न नूत्नाः॑ ।

देव॑कं चिन्मान्यमा॒नं ज॑घ॒न्थाव॒ त्मना॑ बृह॒तः शम्ब॑रं भेत् ॥७.१८.२०॥

प्र ये गृ॒हाद॑मम॒दुस्त्वाया॑ परा॒श॒रः श॒तया॑तु॒र्वसि॑ष्ठः ।

न ते॑ भो॒जस्य॑ स॒ख्यं मृ॑ष॒न्ताधा॑ सू॒रिभ्यः॑ सु॒दिना॒ व्यु॑च्छान् ॥७.१८.२१॥

द्वे नप्तु॑र्दे॒ववा॑तः श॒ते गोर्द्वा रथा॑ व॒धूम॑न्ता सु॒दासः॑ ।

अर्ह॑न्नग्ने पैजव॒नस्य॒ दानं॒ होते॑व॒ सद्म॒ पर्ये॑मि॒ रेभ॑न् ॥७.१८.२२॥

च॒त्वारो॑ मा पैजव॒नस्य॒ दानाः॒ स्मद्दि॑ष्टयः कृश॒निनो॑ नि॒रेके॑ ।

ऋ॒ज्रासो॑ मा पृथिवि॒ष्ठाः सु॒दास॑स्तो॒कं तो॒काय॒ श्रव॑से वहन्ति ॥७.१८.२३॥

यस्य॒ श्रवो॒ रोद॑सी अ॒न्तरु॒र्वी शी॒र्ष्णेशी॑र्ष्णे विब॒भाजा॑ वि॒भक्ता॑ ।

स॒प्तेदिन्द्रं॒ न स्र॒वतो॑ गृणन्ति॒ नि यु॑ध्याम॒धिम॑शिशा॒दभी॑के ॥७.१८.२४॥

इ॒मं न॑रो मरुतः सश्च॒तानु॒ दिवो॑दासं॒ न पि॒तरं॑ सु॒दासः॑ ।

अ॒वि॒ष्टना॑ पैजव॒नस्य॒ केतं॑ दू॒णाशं॑ क्ष॒त्रम॒जरं॑ दुवो॒यु ॥७.१८.२५॥

દુષ્ટ મિત્રો વાળા અનાર્ય તૃત્સુઓ ઈન્દ્ર સાથે લડાઈમાં ઉતરતા,નીચે વહેતા પાણીની જેમ ભાગ્યા તોય મુશ્કેલ થતાં સઘળી ભોગ્ય વસ્તુ સુદાસને આપી દીધી હતી. ૧૫.

શૂરવીર સુદાસના હિંસકો, ઈન્દ્રને માનનારા અનિન્દ્રો, હવ્યદાતા અને ઉત્સાહી મનુષ્યોને ઈન્દ્રે ધરાશાયી કર્યા. ઈન્દ્રે ક્રોધીઓને ક્રોધ તોડી નાખ્યો અને સુદાસના શત્રુઓને ભગાડી મૂકયા. ૧૬.

ઈન્દ્રે તે સમયે દરિદ્ર સુદાસ પાસે સિંહને સાંગ દ્વારા મરાવ્યો હતો. સોયથી સ્તંભના ખૂણા કાપી સઘળું ધન સુદાસને આપ્યું. ૧૭.

હે ઈન્દ્ર! તારા અધિકાંશ શત્રુઓ વશમાં આવી ગયા છે. મનસ્વી ભેદ (અનાર્ય રાજા) ને વશમાં કર, જે તારી સ્તુતિ કરે છે, તેનું ભેદ અહિત કરે છે. એના વિરોધમાં શૂરવીર યોદ્ધાઓ મોકલ અને વજ્રથી મારી નાખ. ૧૮.

તે યુદ્ધમાં ઈન્દ્રે ભેદનો વધ કર્યો. યમુનાને ઈન્દ્રે સંતુષ્ટ કરી. તૃત્સુઓને સંતુષ્ટ કર્યા. અજ-શિગ્રુ-યક્ષુ નામના (અનાર્ય સમુહોએ) જનપદોએ ઈન્દ્રને અશ્વોના શિરનો ઉપહાર કર્યો. ૧૯.

હે ઈન્દ્ર! તારી કૃપાથી મળેલું ધન ઉષાની જેમ વર્ણન કરવા યોગ્ય નથી. હમણા પણ તારી અપાર કૃપા છે તે મન્યમાનના પુત્ર દેવકનો વધ કર્યો. મોટા પથ્થરથી શમ્બરનો (અનાર્ય રાજા-ભેદનો પિતા) વધ કર્યો. ૨૦.

હે ઈન્દ્ર! અનેક રાક્ષસો જેના વધની ઈચ્છા કરે છે, તે પરાશર-વસિષ્ઠ વગેરે ઋષિઓ તારૂં સ્મરણ કરતા પોતાના ઘર તરફ જતા, તારી સ્તુતિ કરી હતી. તેઓ તારૂં સખ્ય ભૂલ્યા નથી અને તું વચનપાલન ભૂલ્યો નથી. આથી એના દિવસો સુંદર જાય છે. ૨૧

દેવોમાં શ્રેષ્ઠ ઈન્દ્ર અને દેવવાન રાજાનો પૈત્ર, અને પિજવનનો પુત્ર રાજા સુદાસની ૨૦૦ ગાયો અને બે રથો મેં ઈન્દ્રની સ્તુતિ કરી મેળવ્યા છે. જેમ હોતા યજ્ઞશાળામાં જાય છે તેમ હું પણ. ૨૨.

પિજવન પુત્ર સુદાસ રાજા શ્રાદ્ધા - દાન - સુવર્ણ અલંકારોથી સંપન્ન, ખરાબ સમયે પણ સરળગામી ચાર અશ્વો વડે પુત્રની જેમ પાલનીય વસિષ્ઠના પુત્ર માટે અન્ન વહે છે. ૨૩.

જે સુદાસનો યશ આકાશ-પૃથ્વી વચ્ચે રહેલો છે અને જે શ્રેષ્ઠ વ્યકિતઓને ધનદાન કરે છે. તેની સ્તુતિ સાતેય લોક ઈન્દ્રની જેમ કરે છે. નદીઓએ યુદ્ધમાં યુધ્યામધિ નામના શત્રુનો નાશ કર્યો હતો. ૨૪.

નેતા મરૂતો, આ સુદાસ રાજાના પિતા દિવોદાસ અથવા પિજવનની જેમ સુદાસની પણ સેવા કરો, સુદાસના ઘરની રક્ષા કરો સુદાસનું બળ અવિનાશી રહે. ૨૫.

દસ્યુ-આર્ય સંઘર્ષ.

13. RV-1-101-1

प्र मन्दिने पितुमदर्चता वचो यः कृष्णगर्भा निरहन्नृजिश्वना ।
अवस्यवो वृषणं वज्रदक्षिणं मरुत्वन्तं सख्याय हवामहे ॥ 1 ॥

હવે જે શ્રેષ્ઠ આહાર પામેલા ઋજશ્વિનો કાળા ગર્ભવાળી સ્ત્રીઓને નિરંતર હણે. પુરુષો વજની ભેટ મેળવી સૈની રક્ષા ઈચ્છે તેને સભાપતિ-મિત્ર તરીકે સ્વીકારીએ.

14 RV-1-103-3

स जातूभर्मा श्रद्दधान ओजः पुरो विभिन्दन्नचरद्वि दासीः ।
विद्वान्वज्रिन्दस्यवे हेतिमस्यार्यं सहो वर्धया द्युम्नमिन्द्र ॥ 3 ॥

વજ્રથી સજજ થઈ પોતાની શકિતમાં શ્રદ્ધા રાખતો તે દાસોના કિલ્લા તોડી પાડવા ઘૂમ્યો. હે વજ્રિન! બરાબર જોઈને તારૂં શસ્ત્ર દસ્યુ તરફ નાખ. હે ઈન્દ્ર, આર્યોની શકિત અને કિર્તી માં તું વૃદ્ધિ કર.

15 RV-1-117-21

यवं वृकेणाश्विना वपन्तेषं दुहन्ता मनुषाय दस्रा ।
अभि दस्युं बकुरेणा धमन्तोरु ज्योतिश्चक्रथुरार्याय ॥ 21 ॥

યવ સમાન છિન્ન - ભિન્ન કરનાર, શસ્ત્રો વડે સુખી સેનાધીશો, અન્ન પુરૂં પાડનાર મનુષ્યો માટે (આર્યો માટે) સૂર્યની અગ્નિથી પ્રગટતી જ્યોતિની જેમ દસ્યુઓને દૂર કરો. હે અશ્વિનો! તમારા ભેરીનાદથી તમે દસ્યુઓનો વિનાશ કર્યો છે. અને દૂર વિસ્તરતી જ્યોતિ આર્યો ને સોંપી છે.

16 RV-1-117-7

युवं नरा स्तुवते कृष्णियाय विष्णाप्वं ददथुर्विश्वकाय ।
घोषायै चित्पितृषदे दुरोणे पतिं जूर्यन्त्या अश्विनावदत्तम् ॥ 7 ॥

કક્ષાવાન ઋષિની દિકરી ઘોષા યુવાનીમાં રોગથી પીડાતી, અશ્વિનિકુમારોની ચિકિત્સાથી વૃદ્ધાવસ્થામાં નિરોગી થતાં, ઘોષાએ કામતૃપ્તિ માટે લગ્ન કરેલું.

17. RV-1-33-4

वधीर्हि दस्युं धनिनं घनेनँ एकश्चरन्नुपशाकेभिरिन्द्र ।
धनोरधि विषुणक्ते व्यायन्नयज्वानः सनकाः प्रेतिमीयुः ॥ 4 ॥

ઈન્દ્ર! તેં ધનવાન દસ્યુને મારી નાખ્યો આવા અધર્મી યજ્ઞ ન કરનારાઓને સામર્થ્યથી હણી નાખો.

18 RV-1-51-5

त्वं मायाभिरप मायिनोऽधमः स्वधाभिर्ये अधि शुप्तावजुह्वत ।
त्वं पिप्रोर्नृमणः प्रारुजः पुरः प्र ऋजिश्वानं दस्युहत्येष्वाविथ ॥ 5 ॥

હે આપ ન્યાયી-જ્ઞાની-ગુણવાન હોઈ, માયા વડે માયાવી-ચોર દસ્યુઓની હત્યા કરી છિન્ન-ભિન્ન કરો.

19 RV-1-51-9

अनुव्रताय रन्धयन्नपव्रतानाभूभिरिन्द्रः श्नथयन्ननाभुवः ।
वृद्धस्य चिद्वर्धतो द्यामिनक्षतः स्तवानो वम्रो वि जघान संदिहः ॥ 9 ॥

ઈન્દ્ર અવ્રતીઓને વ્રત આચરનારાઓને સોંપી દે છે. અને સશક્ત દ્વારા અશક્તોનો વિનાશ કરે છે. ઉત્તમકર્મી ઈન્દ્ર, વ્રતધારીઓને અપવ્રતી-શિથિલ-પાપી-અધર્મી-ધર્મી સંદેહીનો વિનાશ કરવા સોંપી દે છે.

20 RV-7-6-3

न्यक्रतून्ग्रथिनो मृध्रवाचः पणीँरश्रद्धाँ अवृधाँ अयज्ञान् ।
प्रप्र तान्दस्यूँरग्निर्विवाय पूर्वश्चकारापराँ अयज्यून् ॥ 3 ॥

દસ્યુઓ અવિશ્વસનીય, મૂર્ખ, લોભી, અશુદ્ધવાણીવાળા, શ્રદ્ધા વિનાના, યજ્ઞ વિનાના, પૂજા વિનાના છે, અગ્નિ એમને દૂર ને દૂર નસાડી પોતે પૂર્વમાં છે અને દેવ વિહોણાને પશ્ચિમમાં કાઢે છે.

21 RV-2-14-6

अध्वर्यवो यः शतं शम्बरस्य पुरो बिभेदाश्मनेव पूर्वीः ।
यो वर्चिनः शतमिन्द्रः सहस्रमपावपद्भरता सोममस्मै ॥ 6 ॥

હે યુદ્ધ રૂપી યજ્ઞના અધ્વર્યુઓ જે ઈન્દ્ર શમ્બરના સો નગરોને પથ્થરના ઢગલામાં ફેરવી નાખે છે. જે ક્રોધથી પ્રદીપ્ત થઈ પૂર્વની સો અને હજાર પ્રજાઓનો ધ્વંસ કરે છે તેવા સેનાધ્યક્ષના ઐશ્વર્યનો સ્વીકાર કરો.

22 RV-10-69-6

समज्र्या पर्वत्या३ वसूनि दासा वृत्राण्यार्या जिगेथ ।
शूरइव धृष्णुश्च्यवनो जनानां त्वमग्ने पृतनायूँरभि ष्याः ॥ 6 ॥

હે! દેવ તે બધી સંપતિ જીતી છે. જમીન પરની અને પર્વત પરની અને દાસ તેમજ આર્ય-શત્રુઓને જીતી લીધા છે.

23 RV-3-34-9

ससानात्याँ उत सूर्यं ससानेन्द्रः ससान पुरुभोजसं गाम् ।
हिरण्ययमुत भोगं ससान हत्वी दस्यून्प्रार्यं वर्णमावत् ॥ 9 ॥

ઉત્તમ ઘોડો અને સૂર્ય સમાન વીરોને અલગ પાડો, નગર ભોજન કરાવનારાઓને અલગ કરો. ભૂમિ-સુવર્ણ અને ભોગોના વિભાગ કરો. દસ્યુઓનો નાશ કરી આર્યવર્ણની રક્ષા કરો.

24 RV-4-30-13

उत शुष्णस्य धृष्णुया प्र मृक्षो अभि वेदनम् । पुरो यदस्य संपिणक् ॥ 13 ॥

હે દેવ! તેં દસ્યુરાજ શુષ્ણને શૈર્યથી પકડયો અને જ્યારે તે એના કિલ્લાઓ તોડી નાખ્યા ત્યારે તેણે એકઠી કરેલી સંપતિ તે લઈ લીધી.

25 RV-4-30-15

उत दासस्य वर्चिनः सहस्राणि शतावधीः । अधि पञ्च प्रधीँरिव ॥ 15 ॥

વર્ચિન દસ્યુ રાજા હતો. ઈન્દ્રે એના એક લાખ સૈનિકોનો નાશ કર્યો.

26 RV-4-5-5

अभ्रातरो न योषणो व्यन्तः पतिरिपो न जनयो दुरेवाः ।
पापासः सन्तो अनृता असत्या इदं पदमजनता गभीरम् ॥ 5 ॥

ભાઈઓ વગરના સ્ત્રી પુરુષો, દુષ્ટવ્યસની, જુઠા, મિથ્યાચારી, અધર્મીરૂ ને પ્રાપ્ત થયેલી સ્ત્રોઓ પોતાની ભૂમિકાવાળું ગંભીર સ્થાન સ્વીકારે ત્યારે તે તાડન માટે યોગ્ય છે.

(અહીં Polyandry અનાર્ય સમાજ તરફ અણગમો છે. બહુપતિત્વ પ્રથામાં ભાઈઓ નથી કહેવાતા, પણ સહોદરો કહેવાય છે. જેમાં એક માના બે સંતાનોના બે પિતા હોય છે. (એક કે બહુપત્નીત્વ પ્રથાવાળા સમાજમાં એક પિતાના પુત્રો ભાઈઓ કહેવાય છે. મા અલગ હોઈ શકે છતાં. આ Polyandry સમાજમાં સ્ત્રીઓ પતિની ભૂમિકા સ્વીકારે તે નકારવું. એમ કહે છે.)

27 RV-5-30-7

वि षू मृधो॑ ज॒नुषा॒ दान॒मिन्व॒न्नह॒न्गवा॑ मघव॒न्त्संच॑का॒नः ।
अत्रा॑ दा॒सस्य॒ नमु॑चेः॒ शिरो॒ यद॒वर्त॑यो॒ मन॑वे गा॒तुमि॒च्छन् ॥ 7 ॥

હે મહાન રાજવી આપ જન્મથી જ દાન મેળવો છો. સૂર્ય કિરણો વડે થતાં મેઘના નાશની જેમ સંગ્રામો જીતો અને બુદ્ધિશાળીની જેમ વ્યવહારમાં નમુચિ દાસનો શિરચ્છેદ કરી ઉત્તમ રીતે દસ્યુ રાજાનો નાશ કરો.

28 RV-5-30-9

स्त्रियो॒ हि दा॒स आयु॑धानि च॒क्रे किं मा॑ करन्नब॒ला अ॑स्य॒ सेनाः॑ ।
अ॒न्तर्ह्यख्य॑दु॒भे अ॑स्य॒ धेने॒ अथोप॒ प्रैद्यु॒धये॒ दस्यु॒मिन्द्रः॑ ॥ 9 ॥

દાસોની સ્ત્રીઓ પણ આયુધો વાપરે છે આ દાસોની અબળા સેના ઈન્દ્રને શું કરશે? નિશ્ચિત પણે ઈન્દ્ર યુદ્ધમાં નાશ કરશે.

29 RV-6-22-10

आ सं॒यत॑मिन्द्र णः स्व॒स्तिं श॑त्रु॒तूर्या॑य बृह॒तीमसृ॑ध्राम् ।
यया॑ दा॒सान्यार्या॑णि वृ॒त्रा करो॑ वज्रिन्त्सु॒तुका॒ नाहु॑षाणि ॥ 10 ॥

હે! ઈન્દ્ર અમને સંપત્તિ આપ, મહાન નિશ્ચલ અને હિંસાથી અસ્પૃષ્ટ, જેથી અમે દુશ્મનોને વશ કરીએ, એના વડે તું કર્મહીણા દાસોને કર્મયુકત બનાવે છે. વેરીઓને સમરમાં નરમ કરી દે છે.

30 RV-6-25-2

आ॒भिः स्पृधो॑ मिथ॒तीररि॑षण्यन्न॒मित्र॑स्य व्यथया म॒न्युमि॑न्द्र ।
आ॒भिर्विश्वा॑ अभि॒युजो॒ विषू॑ची॒रार्या॑य॒ विशोऽव॑ तारी॒र्दासीः॑ ॥ 2 ॥

હે દેવ, આ મન્ત્રોથી જે દુશ્મનોનો સમુહ અમારી સાથે લડે છે તેને હરાવ. અક્ષત રહીને વેરીઓના ક્રોધને રોધ, અમારી પ્રાર્થના વડે અમારા દુશ્મનોને દરેક દિશામાં નસાડી મૂક. દાસોની જાતિઓને આર્યોના તાબે કર.

31 RV-6-26-5

त्वं तदु॒क्थमि॑न्द्र ब॒र्हणा॑ कः॒ प्र यच्छ॒ता स॒हस्रा॑ शूर॒ दर्षि॑ ।
अव॑ गि॒रेर्दासं॒ शम्ब॑रं ह॒न्प्रावो॒ दिवो॑दासं चि॒त्राभि॑रू॒ती ॥ 5 ॥

હે ઈન્દ્ર! હે શૂરવીર, સેંકડો હજારો દસ્યુઓનો નાશ કરનાર હવે શમ્બર દસ્યુરાજને પર્વતમાંથી ખેંચી કાઢી અને એનો સંહાર કર અને દિવોદાસને સહાય કર.

32 RV-6-33-3

त्वं ताँ इ॑न्द्रो॒भयाँ॑ अ॒मित्रा॒न्दासा॑ वृ॒त्राण्यार्या॑ च शूर ।
वधी॒र्वने॑व॒ सुधि॑तेभि॒रत्कै॒रा पृ॒त्सु द॑र्षि नृ॒णां नृ॑तम ॥ 3 ॥

હે ઈન્દ્ર વિરોધી અમિત્રોની બંને જાતિ આર્ય અને દાસ તેને તે મારી કાઢી છે. જેમ બરાબર તાકેલી વીજળીથી તું જંગલો વિનાશે છે. તે પ્રમાણે હે વીર નાયક! યુદ્ધમાં તેઓને તે ચીરી નાખ્યા છે.

33 RV-6-60-6

हतो वृत्राण्यार्या हतो दासानि सत्पती । हतो विश्वा अप द्विषः ॥ 6 ॥

તે દેવો અમારા વેરીઓનો વિનાશ કરે છે વીરોના ઈશ જેવા તે અમારા દાસ વૈરીઓનો વિનાશ કરે છે અને અમારા આર્ય દુશ્મનોને નસાડી મૂકે છે.

34 RV-8-17-14

समित्तमघमश्नवद्दुःशंसं मर्त्यं रिपुम् । यो अस्मत्रा दुर्हणावाँ उप द्वयुः ॥ 14 ॥

ઈન્દ્ર સુદૃઢ થાય, અમને શારીરિક બળ મળે, અનેક પુરીઓને તોડવાવાળા ઈન્દ્ર ઋષિઓના મિત્ર બને.

35 RV-10-125-5

अहमेव स्वयमिदं वदामि जुष्टं देवेभिरुत मानुषेभिः ।
यं कामये तंतमुग्रं कृणोमि तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ॥ 5 ॥

હું પોતે એને કહું છું કે જે દેવો મનુષ્યોથી સેવિત છે તેને હું ચાહું છું .તેને ઉગ્ર બનાવું છું. ઋષિઓ તેને સદ્‌બુદ્ધિ આપે.

36 RV-10-22-8

अकर्मा दस्युरभि नो अमन्तुरन्यव्रतो अमानुषः । त्वं तस्यामित्रहन् वधर्दासस्य दम्भय ॥ 8 ॥

અમારી આસપાસ દસ્યુ છે. જે કર્મ કાંડ વગરના, અકકલ વગરના, અમાનુષી, પરવ્રતોના પાળનારા છે.

37 RV-10-49-3

अहमत्कं कवये शिश्नथं हथैरहं कुत्समावमाभिरूतिभिः ।
अहं शुष्णस्य श्नथिता वधर्यमं न यो रर आर्यं नाम दस्यवे ॥ 3 ॥

કુત્સની રક્ષા કરી શુષ્ણને શિથિલ કરૂં છું અને આર્ય અને દસ્યુ સમાન યોદ્ધા હોવા છતાં ઈન્દ્રે દસ્યુઓને આર્ય નામ ન આપ્યું.

કૃષ્ણ-ઈન્દ્ર સંઘર્ષ.

38 RV-8-96-13 & 14

अव द्रप्सो अंशुमतीमतिष्ठदियानः कृष्णो दशभिः सहस्रैः ।
आवत्तमिन्द्रः शच्या धमन्तमप स्नेहितीर्नृमणा अधत्त ॥ 13 ॥
द्रप्समपश्यं विषुणे चरन्तमुपह्वरे नद्यो अंशुमत्याः ।
नभो न कृष्णमवतस्थिवांसमिष्यामि वो वृषणो युध्यताजौ ॥ 14 ॥

શીઘ્રગામી કૃષ્ણ દશહજારની સેના સાથે અંશુમતી નદીના કિનારે આવ્યો. સંધિ કરવા ઈન્દ્રે વાત ચલાવી બીજી બાજુ પોતાની સેનાને તેણે કહ્યુ કે, “હું આકાશ સમા તેજસ્વી કૃષ્ણને જંગલમાં છૂપાઈ રહેલો જોઉં છું હવે તમે યુદ્ધ કરો.” આમ છતાં ઈન્દ્ર ફાવ્યો નહીં અને બૃહસ્પતિની સહાયથી વિજયી થયો.

લિંગપુજા અને આર્યો.

39 RV-7-21-5

न यातव इन्द्र जूजुवुर्नो न वन्दना शविष्ठ वेद्याभिः ।
स शर्धदर्यो विषुणस्य जन्तोर्मा शिश्नदेवा अपि गुर्ऋतं नः ॥ 5 ॥

હે ઈન્દ્ર! અમને ભૂત-પ્રેતોએ એમની યુકિતથી નસાડયા નથી. હે અમારા ખરા મહાન દેવ! તું આ વેરીઓના સમૂહને વશ કર, આ લિંગપૂજકોને અમારા સ્થાનો પાસે ન આવવા દે.

40 RV-10-99-3

स वाजं यातापदुष्पदा यन्त्स्वर्षाता परि षदत्सनिष्यन् ।
अनर्वा यच्छतदुरस्य वेदो घ्नञ्छिश्नदेवाँ अभि वर्पसा भूत् ॥ 3 ॥

ઈન્દ્ર પુજ્ય પંથે સમરમાં (સમરાંગણમાં) જાય છે. વિજય પ્રાપ્ત કરવાની સંપૂર્ણ શ્રદ્ધાથી. સ્વર્ગનો પ્રકાશ મેળવવા મથે છે અને લુચ્ચાઈથી સો દરવાજા વાળા ગઢોની સમૃદ્ધિ લૂંટે છે. અણરોધાયેલો તે લિંગપૂજકોને સંહારે છે.

વેદ અને ચાર્વાક.

41 RV-10-106-6

सृण्येव जर्भरी तुर्फरीतू नैतोशेव तुर्फरी पर्फरीका ।
उदन्यजेव जेमना मदेरू ता मे जराय्वजरं मरायु ॥ 6 ॥

હે સુમાર્ગી, પોતાના જનોનું (જર્ભરી) ભરણ - પોષણ કરનાર, વિરોધીઓનો નાશ કરનાર (તુર્ફરી) દુષ્ટ-દમન, જનતાનું પોષણ કરનાર (પર્ફરીકા) સમુદ્રના મોતી સમાન, વિજયી મને અજર અમર બનાવી વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી દૂર રાખો. (આ ભાષાન્તર કલ્પનાતીત છે. ચાર્વા કે આ મન્ત્ર વેદોને અર્થહીન દેખાડવા લીધો છે.)

સામાજીક જીવન અને.......

42 RV-1-18-1

सोमानं स्वरणं कृणुहि ब्रह्मणस्पते । कक्षीवन्तं य औशिजः ॥ 1 ॥

ઐાશીજ-કક્ષાવાન્ (કામી દાસીના પુત્ર) ને યજ્ઞભાગી બનાવવાની પ્રાર્થના છે.

43 RV-6-55-4

पूषणं न्व१जाश्वमुप स्तोषाम वाजिनम् । स्वसुर्यो जार उच्यते ॥ 4 ॥

પુષા નામના દેવ પોતાની બહેન ઉષાના ઉપપતિ બનેલા. આ યમ- યમી ભાઈ-બહેનનો સંવાદ છે.

44 RV-10-10-11

किं भ्रातासद्यदनाथं भवाति किमु स्वसा यन्निर्ऋतिर्निगच्छात् ।
काममूता बह्वे३तद्रपामि तन्वा मे तन्व१ं सं पिपृग्धि ॥ 11 ॥

શું તું મારો ભાઈ છો? હું તારી બહેન છું. તું બીજા પુરુષ પાસે જવા શા માટે કહે છે. હું જે તારી પત્ની છું. મારા દેહ સાથે સંગત કર.

45 RV-10-10-7

यमस्य मा यम्यं१ काम आगन्त्समाने योनौ सहशेय्याय ।
जायेव पत्ये तन्वं रिरिच्यां वि चिद्वहेव रथ्येव चक्रा ॥ 7 ॥

વિવાહમાં પરિણમેલી તારી કામના મને યમીને એક સ્થાનમાં સહશયન માટે થઈ છે. હું તારી સાથે પત્ની જેમ વર્તુ, આપણે બંને રથના પૈડા જેમ ગૃહસ્થી વહન કરીએ.

46 RV-10-61-6

मध्या यत्कर्त्वमभवदभीके कामं कृण्वाने पितरि युवत्याम् ।
मनानग्रेतो जहतुर्वियन्ता सानौ निषिक्तं सुकृतस्य योनौ ॥ 6 ॥

પિતા સાથે પુત્રી રમણ કરી પુત્ર જન્મ આપે તેવો પ્રયત્ન કરવો. આના માટે જ ગૃહસ્થાશ્રમ છે. ઓછામાં ઓછો એક પુત્ર તો હોવો જ જોઈએ.

47 RV-10-61-7

पिता यत्स्वां दुहितरमधिष्कन् क्ष्मया रेतः संजग्मानो नि षिञ्चत् ।
स्वाध्योऽजनयन् ब्रह्म देवा वास्तोष्पतिं व्रतपां निरतक्षन् ॥ 7 ॥

ગૃહસ્થને પુત્રી થાય તો તે પુત્રી અને ગૃહસ્વામીથી ઉત્તરાધિકારી પુત્ર મેળવવો. પુત્રી ભાગીને જે રૂપ ધારણ કરે તેવું જ રૂપ લઈ પ્રજાપતિ પોતાની દુહિતા ઉષા સાથે સંગત કરે છે.

48 RV-10-62-10

उत दासा परिविषे स्मद्दिष्टी गोपरीणसा । यदुस्तुर्वश्च मामहे ॥ 10 ॥

આર્યોની પાંચ જાતિઃ (અનુ-દ્રુહ્યુ-યદુ-તુર્વસુ-પુરૂ) પાંચમાંથી યદુ અને તુર્વસુ જાતિ એક વેળા એવા ભ્રષ્ટ થઈ ગયેલા કે તેમને દાસ કહ્યા છે.

વર્ણવ્યવસ્થા અને શૂદ્રો.

49 RV-10-90-12

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥ 12 ॥

વિરાટ પુરુષના મુખમાં બ્રાહ્મણો રહ્યા, રાજાઓ (ક્ષાત્રિયો) બે હાથ બન્યા. વૈશ્ય વિરાટ પુરુષની જાંઘ છે, અને શૂદ્રો વિરાટ પુરુષના ચરણ માંથી જન્મ્યા.

50 AV-03-05-06

ये राजानो राजकृतः सूता ग्रामण्यश्च ये ।
उपस्तीन्पर्ण मह्यं त्वं सर्वान्कृण्वभितो जनान् ॥७॥

કૈવર્ત વિષે ઋષિઃ આ બધા લોકો હે પર્ણ તું મારી સાથે રાખ અને તેમને મારી આસપાસ ઉભા રહેવાનું કહે. (સ્મૃતિઓમાં કૈવર્તને અંત્યજ ગણયા છે પણ પહેલાં આવું ન હોતું.)

51 AV-04-20-04

तां मे सहस्राक्षो देवो दक्षिणे हस्त आ दधत् ।
तयाहं सर्वं पश्यामि यश्च शूद्र उतार्यः ॥४॥

સહસ્રાક્ષ આ વનસ્પતિ મારા જમણા હાથમાં મુકશે જેનાથી હું દરેકને જોઈ શકીશ. શૂદ્રને તેમજ આર્યને.

52 AV-04-20-08

उदग्रभं परिपाणाद्यातुधानं किमीदिनम् ।
तेनाहं सर्वं पश्याम्युत शूद्रमुतार्यम् ॥८॥

જેનાથી હું દરેકને જોઈ શકીશ. શૂદ્રને તેમજ આર્યને.

53 AV-05-22-06

तक्मन्व्याल वि गद व्यङ्ग भूरि यावय ।
दासीं निष्टक्वरीमिच्छ तां वज्रेण समर्पय ॥६॥

(શૂદ્રા સ્ત્રીથી કંટાળીને.) હે તાવ! સર્પ! હે અંગ વગરના! બોલી નાખ અમારાથી દૂર જઈને રહે. તે નફ્ફટ દાસીને શોધી કાઢ અને તારા વજ્રથી તેનો વિનાશ કર.

54 AV-05-22-07

तक्मन्मूजवतो गच्छ बल्हिकान्वा परस्तराम् ।
शूद्रामिच्छ प्रफर्व्यं तां तक्मन्वीव धूनुहि ॥७॥

આર્ય શૂદ્રાઓનો સંબંધ સામાન્ય હતો અહીં તક્મન્ જ્વર કે તાવના અર્થમાં છે.) હે તક્મન્ તું મૂજવનોમાં ચાલીજા. નહીં તો તેનાથી દૂર બલ્હિકોમાં, ત્યાં જઈ સ્વચ્છંદી શૂદ્રા છોકરીને શોધી થરથર કંપાવ.

55 AV-19-32-08

प्रियं मा दर्भ कृणु ब्रह्मराजन्याभ्याम्शूद्राय चार्याय च ।

यस्मै च कामयामहे सर्वस्मै च विपश्यते ॥ अथर्ववेद॥ १९.३२.८॥

હે દર્ભ મને બ્રાહ્મણને અને રાજન્યને પ્રિય બનાવ. દરેક મનુષ્ય જે અમને ચાહે તેને પ્રિય બનાવ, દરેક મનુષ્ય જેને જોવાને આંખ હોય તેને હું પ્રિય થાઉં એવું કર.

56 AV-19-62-01

प्रियं मा कृणु देवेषु प्रियं राजसु मा कृणु ।
प्रियं सर्वस्य पश्यत उत शूद्र उतार्ये ॥१॥

હે પરમેશ્વર મને ચારે ય વર્ણોમાં પ્રિય બનાવ.

57 VAJSN SNHITA-14-30

नवदशभिरस्तुवत

शूद्रार्यावसृज्येतामहोरात्रेऽअधिपत्नीऽआस्तामेकविꣳ शत्यास्तुवतैकशफाः पशवोऽसृज्यन्त वरुणो

धिपतिरासीत्त्रयोविꣳशत्यास्तुवत क्षुद्राः पशवोऽसृज्यन्त पूषाधिपतिरासीत्पञ्चविꣳशत्यास्तुवतारण्याः पशवोऽसृज्यन्त

वायुरधिपतिरासीत्सप्तविꣳशत्यास्तुवत द्यावापृथिवी व्यैतांवसवो

रुद्राऽआदित्याऽअनुव्यायँस्तऽएवाधिपतय आसन्नवविꣳशत्यास्तुवत॥ यजुर्वेद॥ 14.30॥

શૂદ્ર અને આર્યો તે બંને રાતદિવસની માફક પરસ્પર સમ્બન્ધી મનાયા. હે મનુષ્યો જેણે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર બધાય વર્ણો સર્જ્યા છે. જેણે સ્થૂળ-સૂક્ષમ જીવોની રક્ષાના સાધનો રચ્યા છે. જેની સૃષ્ટિમાં વિદ્વાન-અવિદ્વાન (ઓછી-ન્યુન અને પૂર્ણ વિદ્યાવાળા) મનુષ્યો રચ્યાં છે. તેની તમે બધા ઉપાસના કરો.

58 VAJSN SNHITA-18-48

रुचंनो धेहि ब्राह्मणेषु रुचꣳ राजसु नस्कृधि ।
रुचंविश्येषु शूद्रेषु मयि धेहि रुचा रुचम् ४८

બ્રાહ્મણ, ક્ષાત્રિય, વૈશ્ય અને શૂદ્રો ચારેયની તે કીર્તિ ગાય છે.

59 VAJSN SNHITA-20-17

यद्ग्रामे यदरण्ये यत्सभायाँयदिन्द्रिये । यच्छूद्रे यदर्ये यदेनश्चकृमा वयँयदेकस्याधि धर्मणि

तस्यावयजनमसि॥ यजुर्वेद॥ 20.17॥

જે કોઈ ગામમાં, અરણ્યમાં, સભામાં, શૂદ્ર કે આર્ય બે માંથી, એકની સામે પણ પાપ કર્યું હોય તો વૈદિક ઋષિ તેની શુદ્ધિ ઈચ્છે છે.

60 VAJSN SNHITA-23-30

यर्द्धरिणो यवमत्ति न पुष्टम्पशु मन्यते ।
शूद्रा यदर्यजारा न पोषाय धनायति ३०

જ્યારે પશુ યવ ખાય છે ત્યારે ખેડૂત ખુશી નથી થતો કે પશુ પુષ્ટ થાય છે. તેમ જ્યારે શૂદ્રાઓ આર્યો સાથે સમ્બન્ધ રાખે છે ત્યારે શૂદ્રો ખુશ નથી થતા કે એમની આખી જાતિ પોષાય છે અને તેઓ પણ ઘણા ધનવાન થાય છે.

61 VAJSN SNHITA-26-02

यथेमाँवाचंङ्कल्याणीमावदानि जनेभ्यः ।
ब्रह्मराजन्याभ्याँ शूद्राय चार्याय च स्वाय चारणाय च ।
प्रियो देवानान्दक्षिणायै दातुरिह भूयासमयम्मे कामः समृध्यतामुप
मादो नमतु २

ચારેય વર્ણને આશીર્વાદ આપે છે.

62 VAJSN SNHITA-30-22

अथैतानष्टौ विरूपानालभतेतिदीर्घञ्चातिह्रस्वञ्चातिस्थूलञ्चातिकृशञ्चातिशुक्लञ्चातिकृष्णञ्चातिकुल्वञ्चातिलोमशञ्च ।

अशूद्राऽअब्राह्मणास्ते प्राजापत्याः । मागधः पुँश्चली कितवः क्लीबो शूद्राऽअब्राह्मणास्ते

प्राजापत्याः ॥ यजुर्वेद ॥ 30.22 ॥

અતિ દીર્ઘ, અતિ હ્રસ્વ, અતિ સ્થૂળ, અતિ કૃશ, અતિ શુકલ, અતિ કૃષ્ણ, અતિ કુલ્વ (લોમરહિત) અને અતિ લોમશ (ખૂબ વાળવાળા) આઠ વિરૂપો મળે છે. તે પછી અશૂદ્રા, અબ્રાહ્મણા, નિન્દિતા, વ્યભિચારીણી, જુગારી, વ્યંઢળ, ને દૂર વસવાટ આપવો જોઈએ. પ્રજાનું પાલન કરનારાઓને રાજાની સમીપ વસાવવા,

(ત્રીસમાં અધ્યાયના મંત્રો નર્તકો-નટો- ચાણ્ડાલ-ટાલિયો-પિંગળા-વિણા અને શંખ વગાડનારા-જુગારી-ખાટકી-ભિખારી-દુષ્ટ પુત્રો ...... ને દૂર વસવાટ આપવા જણાવે છે.)

63 VAJSN SNHITA-30-05

ब्रह्मणे ब्राह्मणङ्क्षत्राय राजन्यम्मरुद्भ्यो वैश्यन्तपसे शूद्रन्तमसे तस्करन्नारकाय वीरहणम्पाप्मने

क्लीबमाक्रयायाऽअयोगूङ्कामाय पुँश्चलूमतिक्रुष्टाय मागधम् ॥ यजुर्वेद ॥ 30.5 ॥

64 VAJSN SNHITA-30-06

नृत्ताय सूतङ्गीताय शैलूषन्धर्माय सभाचरन्नरिष्ठायै भीमलन्नर्माय रेभ हसाय कारिमानन्दाय स्त्रीषुखम्प्रमदे

कुमारीपुत्रम्मेधायै रथकारन्धैर्याय तक्षाणम् ॥ यजुर्वेद ॥ 30.6 ॥

65 VAJSN SNHITA-30-16

सरेभ्यो धैवरमुपस्थावराभ्यो दाशँ वैशन्ताभ्यो बैन्दन्नड्वलाभ्यः शौष्कलम्पाराय मार्गारमवराय

कैवर्तन्तीतीर्थेभ्यऽआन्दँविषमेभ्यो मैनाल स्वनेभ्यः पर्णकङ्गुहाभ्यः किरातः सानुभ्यो जम्भकम्पर्वतेभ्यः

किम्पूरुषम् ॥ यजुर्वेद ॥ 30.16 ॥

63. VAJSN SNHITA -30-5.   64. VAJSN SNHITA -30-6.   65. VAJSN SNHITA -30-16

ઋગ્વેદ સમયમાં ચાણ્ડાલ નથી. સ્મૃતિઓમાં તે પતિત જાતિ છે. વાજસનેયી સંહિતા પ્રથમવાર ચાણ્ડાલનો ઉલ્લેખ કરે છે. અહીં નરમેધમાં કયા દેવને કઈ જાતિનો બલિ આપવો તે કહે છે.

66. BRIHDARNYK UP-4-3-22

बृहदारण्यकोपनिषत् मन्त्र २२[IV.iii.22]

अत्र पिताऽपिता भवति माताऽमाता लोका अलोका देवा अदेवा वेदा अवेदा

अत्र स्तेनोऽस्तेनो भवति भ्रूणहाऽभ्रूणहा चाण्डालोऽचण्डालः

पौल्कसोऽपौल्कसो श्रमणोऽश्रमण स्तापसोऽतापसोऽनन्वागतं

पुण्येनानन्वागतं पापेन अश्रमणस्तापससतापससनन्वागतस्पुण्येन

अनन्वागतस्पापेन तीर्णो हि तदा सर्वाञ्छोकान्हृदयस्य भवति ॥ २२॥

જેણે પરમ આનંદ પ્રાપ્ત કર્યો હોય તે પિતાને, અપિતા ...... વેદને અવેદ ...... ચાણ્ડાલને અચાણ્ડાલ, પૈલ્કસ (ભંગીનો પુત્ર) અને અપૈલ્કસ વચ્ચે ભેદ રહેતો નથી.

સતી અને વિધવાના અવશેષો.

67. RV-10-18-7

इमा नारीरविधवाः सुपत्नीराञ्जनेन सर्पिषा सं विशन्तु ।

अनश्रवोऽनमीवाः सुरत्ना आ रोहन्तम् जनयो योनिमग्रे ॥१०.१८.७॥

અવિધવા અને શોભન પતિવાળી સ્ત્રીઓ અંજન કરી ઘરે જાય. અશ્રુ-શૂન્ય, માનસ-રોગ-રહિત, શોભન ધનવાળી સ્ત્રીઓ બધાથી આગળ રહે.

68. RV-10-18-8

उदीर्ष्व नार्यभि जीवलोकं गतासुमेतमुप शेष एहि ।

हस्तग्राभस्य दिधिषोस्तवेदं पत्युर्जनित्वमभि सं बभूथ ॥१०.१८.८॥

મૃત વ્યકિતની પત્ની, પુત્ર વગેરેના ઘરનો વિચાર કરી, અહીંથી ઉઠે, આ તારો પતિ મરેલો પડયો છે. તેની પાસે તું સૂઈ જા. કેમકે પાણિ ગ્રહણ અને ગર્ભધારણ કરાવનાર પતિ સાથે તે સ્ત્રી-કર્તવ્ય નિભાવ્યું છે તેં એના મૃત્યુ વિષે વિચારી લીધું છે. હવે ઘરે પાછી ફર.



पाप।

* "संसारमें पाप कुछ भी नहीं है।वह केवल मनुष्य के द्रष्टिकोण की विषमता का दुसरा नाम है। प्रत्येक व्यक्ति एक विशेष प्रकारकी मन:प्रवृति लेकर उत्पन्न होता है- प्रत्येक व्यक्ति इस संसारके रंगमंच पर एक अभिनय करने आता है। अपनी मन:प्रवृतिसे प्रेरित होकर अपने पाठको वह दुहराता है- यही मनुष्यका जीवन है। जो कुछ मनुष्य करता है। वह उसके स्वभाव के अनुकूल होता है।और स्वभाव प्राकृतिक है। मनुष्य अपना स्वामी नहीं है। वह परिस्थितिओंका दास है-विवश है। वह कर्ता नहीं है केवल साधन है। फिर पुण्य और पाप कैसा?

मनुष्यमें ममत्व प्रधान है। प्रत्येक मनुष्य सुख चाहता है। केवल व्यक्तियों के सुखके केन्द्र भिन्न होते है। कुछ सुख को धनमें देखते है। कुछ सुख को मदिरामें देखते है। कुछ सुख को व्यभिचारमें देखते है। कुछ त्यागमें देखते है- पर सुख प्रत्येक व्यक्ति चाहता है। कोइ भी व्यक्ति संसारमें अपनी इच्छानुसार वह काम न करेगा जिसमें दु:ख मिले- यही मनुष्यकी मन:प्रवृत्ति है और उसके दृष्टिकोणकी विषमता है।"

"संसारमें इसी लिये पापकी एक परिभाषा नहीं हो सकी- और न हो सकती है। हम न पाप करते है और न पुण्य करते है। हम केवल वह करते है जो हमें करना पडता है- यह मेरा मत है तुम लोग इसे सहमत हो या न हो मैं तुम्हें बाध्य नहीं करता और न कर सकता हुं ।"............. रत्नाम्बर॥

* From Hindi Novel "CHITRLEKHA" by Shree BhagavatiCharan Varma.

My Symphony.

To be content with small means; to seek elegance rather than luxury and refinement rather than fashion; to be worthy not respectable and wealthy not rich; to study hard, think quietly, talk gently, act frankly; to listen to stars and birds, to babes and sages with open heart; to bear all cheerfully, do all bravely; await occasion, hurry never;-in a word, to let the spiritual unbidden and unconscious come up through the common;- this is to be my symphony.

--William Henry Channing.

મારું જીવનસંગીત.

થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું, વૈભવને બદલે સૌન્દર્ય અને ફેશનને બદલે વિશુદ્ધતા પસંદ કરવી, યોગ્યતા કેળવવી,માનનીય થવાની ઝંખના છોડવી, ધનવાન નહીં પણ (જ્ઞાન)સમૃદ્ધ થવું, અભ્યાસ તલસ્પર્શી કરવો, સ્વસ્થતાથી વિચારવું, મધુરતાથી વાત કરવી, છળરહિત વર્તવું, તારાઓ-પક્ષીઓ-બાળકો-સંતો ને ખુલ્લા દિલે સાંભળવા, સઘળું આનંદથી સહી લેવું, મર્દાનગીથી કાર્યો કરવાં, તકની રાહ જોવી, ઊતાવળ ન કરવી.... ટુંકમાં સામાન્ય સ્થિતિમાં પણ, અણકહી-અમુર્ત ઉચ્ચ ભાવનાઓ પ્રગટ થવા દેવી................ આ જ મારું જીવનસંગીત છે.

-વિલિયમ હેન્રિ ચેનીંગ

॥ ॐ ॥

अविद्या का नाश और विद्या की वृद्धि करनी चाहिये। -स्वामी दयानन्द सरस्वती

વૈજ્ઞાનિક માનવ ધર્મ એટલે ?

ઈશ્વર, પરલોક, પુનર્જન્મ, અવતાર, મોક્ષ, બધા ભ્રાન્ત તત્વો જ છે, કાલ્પનિક છે. જે છોડી દેવાથી કાંઈ ગુમાવવાનું નથી. શ્રીમંતોનું ધન અને દરિદ્રોનો શ્રમ પડાવવાનો ઉદ્યોગ છે જે મૂડીવાદ, સામ્રાજ્યવાદ, રાજાશાહીને ખૂબ જ અનુકૂળ છે. સામાન્ય પ્રજાને અસ્પષ્ટ, સંદિગ્ધ, રહસ્યમય, છલયુક્ત અને વિસ્તૃત શાસ્ત્રો-ઉપદેશોમાં ભરમાવી, સ્વર્ગની લાલચ અને નરકના ભયથી પરપીડન અટકાવવાના ઓઠાં નીચે, નિયંત્રણમાં રાખવાનો મનોવૈજ્ઞાનિક પ્રયોગ જગતના બધા ધર્મોએ સ્વીકારેલો છે. તો હવે....... વૈજ્ઞાનિક માનવ ધર્મ એટલે ?

अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयम्। परोपकार: पुण्याय पापाय परपीडनम्॥

અઢારે ય પુરાણોમાં વ્યાસજીના બે જ વચનો છે, પુણ્ય માટે પરોપકાર, પાપ માટે પરપીડન.

सर्वभूतहितरता:। गीता-५-२५। १२-४।

સર્વે સજીવ નિર્જિવ સૃષ્ટિના હિતમાં રત રહેવું. (ઈકોલોજીમાં વિક્ષેપ ન પાડવો, પર્યાવરણ દુષિત ન કરવું.)

मैत्रीकरुणामुदितोपेक्षणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम्॥ १-३३ ॥पातञ्जल योगसूत्र॥

સુખી મનુષ્યોની મૈત્રી, દુઃખી મનુષ્યો પ્રત્યે કરુણા, પુણ્યશાળી મનુષ્યો જોઇ હર્ષ, પાપી મનુષ્યો પ્રત્યે ઉપેક્ષા રાખવાથી ચિત્તની શાંતિ રહે છે.

પણ આમ કરવામાં વાંધો ક્યાં પડે છે?

The whole problem with the world is that fools and fanatics are always so certain of themselves, but wiser people so full of doubts. -Bertrand Russell

વિશ્વની મોટી સમસ્યા એ છે કે, અજ્ઞાનીઓ અને અતિઉત્સાહી લોકોનો આત્મવિશ્વાસ ડગતો નથી અને વિદ્વાનોના સંશયો ખુટતા નથી.

I would never die for my beliefs because I might be wrong… Bertrand Russell

आयु: कर्म च वित्तं च विद्या निधनमेव च। पञ्चैतानि हि सृज्यन्ते गर्भस्थस्यैव देहिनः॥ ચાણક્ય નીતિ ૪.૧

આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુ ગર્ભમાં જ નક્કી થઈ જાય છે.

दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता। अभ्यासेन न लभ्यन्ते चत्वार: सहजा गुणा:॥ ચાણક્ય નીતિ- ૧૧.૧

દાન કરવાની વૃતિ, મધુર ભાષણ, ધીરત્વ (શૌર્ય, સ્થિતપ્રજ્ઞતા) પાણ્ડિત્ય (ઉચિત-અનુચિતનું જ્ઞાન) એ સ્વાભાવિક ગુણો છે. અભ્યાસથી પ્રાપ્ત થતા નથી. આથી ઉલટું કંજૂસાઈ, કટુવાણી, કાયરપણું, ચંચળતા અને મૂર્ખતા અભ્યાસથી દૂર કરી શકાતાં નથી.

इति श्रेयम् भूयात्। भवसुख शिलु।

'સિન્ધુ-હિન્દુ અને સિન્ધુ સભ્યતા. એક અલગ દૃષ્ટિકોણ......' સંકલન અને રચના..... ભવસુખ શિલુ.
પ્રકાશકઃ સાહિત્ય સંગમ.ગોપીપુરા સુરત. પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૪
(ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષક વર્ષ-૨૦૧૪માં... સંશોધન-ભાષા-વ્યાકરણ વિભાગમાં પ્રથમ સ્થાને પુરસ્કૃત કરવામાં આવ્યું.)

દ્વિતિય આવૃત્તિઃ પુનર્ગઠનઃ ૨૦૨૨ પ્રકાશક : સવિતા પબ્લીકેશન્સ વતીઃ ભવસુખ ડી. શિલુ.
ભવસુખ ડી. શિલુ. ૬૩-બી.પંચવટી સોસાયટી, ' સવિતા' બેડેશ્વર રોડ, બ્રાહ્મણ બોર્ડીંગ પાસે, જામનગર -૩૬૧૦૦૧.
BHAVSUKH. D. SHILU. 63-B,Panchvati Society, "SAVITA" Bedesvar road, JAMNAGAR-.361002.
Cell:+919426257296. E-mail: bdshilu@gmail.com
मूल्य: रु.३००
9 788192 514819